૨૦૪ વર્ષ

દૈનિક

# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 258 ■ વિક્રમ સંવત ૨૦૮૨

કાર્તિક સુદ-૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 1 November 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૧ નવેમ્બર ૨૦૨૫ (૧૬ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


વીકએન્ડ પૂર્તિ ૯ ૧૦ ૧૧ ૧૨

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## ભારત-અમેરિકા સંબંધોમાં નવા યુગના મંડાણઃ સંરક્ષણ કરાર થયા


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 11,277/-
PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


નવી દિલ્હીઃ ભારત અને અમેરિકાએ મલેશિયાની રાજધાની ક્વાલા લમ્પુરમાં ૧૦ વર્ષના નવા સંરક્ષણ ફ્રેમવર્ક કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર પર સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને અમેરિકાના સંરક્ષણ સચિવ પીટ હેગસેથે હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર બંને સૈન્ય વચ્ચે ટેકનિકલ અને વ્યૂહાત્મક સહયોગને વધુ ગાઢ બનાવશે. ભારતને મહત્ત્વપૂર્ણ સંરક્ષણ ટેકનોલોજીની ઍક્સેસ પ્રદાન કરશે અને નવા સંરક્ષણ ઉદ્યોગના વિકાસને પ્રોત્સાહન આપશે.

આ બેઠકના થોડા દિવસો પહેલા વિદેશ પ્રધાન એસ. જયશંકર અને અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયોએ પણ વ્યાપક ચર્ચા કરી હતી. તેઓએ દ્વિપક્ષી સંબંધો, પ્રાદેશિક મુદ્દાઓ અને વૈશ્વિક પડકારો પર ચર્ચા કરી હતી. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે આ કરારને બંને દેશો વચ્ચે વધતા વ્યૂહાત્મક તાલમેલનો સંકેત ગણાવ્યો હતો.

આ કરાર એવા સમયે થયો છે જ્યારે બંન્ને દેશો એ સંબંધોને સુધારવાનો પ્રયાસ કરી રહ્યા છે જે અમેરિકા દ્વારા ભારતીય ચીજવસ્તુઓ પર ૫૦ ટકા ટૅરિફ લગાવ્યા બાદ ખરાબ થઈ ગયા છે. હેગસેથ સાથે વાતચીત બાદ રાજનાથ સિંહે કહ્યું હતું કે અમે યુએસ-ઈન્ડિયા મેજર ડિફેન્સ પાર્ટનરશિપ માટે ૧૦ વર્ષના 'ફ્રેમવર્ક' પર હસ્તાક્ષર કર્યા છે. આ અમારી પહેલાથી જ મજબૂત સંરક્ષણ ભાગીદારીમાં એક નવા યુગની શરૂઆત કરશે સંરક્ષણ પ્રધાને કહ્યું હતું કે આ કરાર ભારત-અમેરિકા સંરક્ષણ સંબંધોના સમગ્ર સ્પેક્ટ્રમમાં નીતિ દિશા પ્રદાન કરશે. તે આપણા વધતા વ્યૂહાત્મક તાલમેલનો સંકેત છે અને ભાગીદારીના નવા દાયકાની શરૂઆત કરશે.

રાજનાથ સિંહે કહ્યું હતું કે સંરક્ષણ આપણા દ્વિપક્ષી સંબંધોના મુખ્ય સ્તંભ રહેશે. આપણી ભાગીદારી એક મુક્ત, સ્વતંત્ર અને નિયમો આધારિત ઇન્ડો-પેસિફિક

(જુઓ પાનું ૨) ▸▸




## બિહારમાં એક કરોડ યુવાનને રોજગારી અને મફત શિક્ષણ આપવાનું એનડીએનું વચન

પટણાઃ એનડીએએ બિહાર વિધાનસભાની ચૂંટણી માટેનો ઢંઢેરો શુક્રવારે બહાર પાડ્યો હતો, જેમાં એક કરોડ યુવાનોને રોજગારી આપવાનું, એક કરોડ મહિલાને 'લખપતિ દીદી' બનાવવાનું, બાળમંદિરથી અનુસ્નાતક થવા સુધી મફત શિક્ષણનું, ચાર શહેરમાં મેટ્રો ટ્રેન સેવાનું, રાજ્યમાં સાત આંતરરાષ્ટ્રીય વિમાનમથક, દસ ઔદ્યોગિક વસાહતના નિર્માણનું, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને માસિક રૂપિયા ૨,૦૦૦ આપવાનું, વિશ્વ-કક્ષાના મેડિસિટીના નિર્માણનું, દરેક જિલ્લામાં એક મેડિકલ કૉલેજ શરૂ કરવાનું, પચાસ લાખથી વધુ પાકા ઘર બાંધવાનું અને રૂપિયા પાંચ લાખ સુધીની નિઃશુલ્ક તબીબી સેવા પૂરી પાડવાનું વચન અપાયું હતું.

બિહારની શાસક યુતિ એનડીએએ બહાર પાડેલા ૬૯ પાનાંના ચૂંટણીઢંઢેરામાં દેવી સીતાના જન્મસ્થળ મનાતા સીતામઢી જિલ્લામાંના 'પુનૌરા ધામ જાનકી મંદિર'નું

(જુઓ પાનું ૨) ▸▸

## સરદાર અખંડ કાશ્મીર ઇચ્છતા હતા પણ નહેરુ આડા આવ્યાઃ મોદી

▸ 'દેશમાંથી ઘૂસણખોરોને હાંકી કાઢવાનું પ્રણ લો'

▸ 'ગેરકાયદે વસાહતીઓ દેશની એકતા અને અખંડતા સામે જોખમી'

એકતાનગર (ગુજરાત)ઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે જણાવ્યું હતું કે દેશમાંના ગેરકાયદે વિદેશી 'ઘૂસણખોરો' (વસાહતીઓ) રાષ્ટ્રની એકતા અને અખંડતા સામે મોટું જોખમ છે. તેઓ દેશમાં 'વસતિને લગતી અસમતુલા' ઊભી કરે છે અને દેશનાં સ્રોતો વાપરે છે. આપણે સૌએ વિદેશી ઘૂસણખોરોને દેશમાંથી હાંકી કાઢવાનું પ્રણ લેવું જોઇએ. સરદાર વલ્લભભાઇ પટેલ આખા કાશ્મીરનું ભારતમાં વિલીનીકરણ ઇચ્છતા હતા, પરંતુ જવાહરલાલ

(જુઓ પાનું ૨) ▸▸



કેવડિયામાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (એજન્સી)

## ગુજરાતમાં માવઠાનું તાંડવઃ હજી ત્રણ દિવસ મુસીબત

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૩ જિલ્લાના ૨૧૪ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. આ દરમિયાન સરેરાશ ૧૨.૯૮ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને પાંચ તાલુકામાં સૌથી વધારે વરસાદ નોંધાયો હતો. મહુવા તાલુકામાં ૩.૧૯ ઇંચ, તળાજા તાલુકામાં ૩.૦૩ ઇંચ, હાંસોટ તાલુકામાં ૨.૮૩ ઇંચ, દહેગામ તાલુકામાં ૨.૮૦ ઇંચ અને ક્વાંટમાં ૨.૪૪ ઇંચ વરસાદ નોંધયો હતો. ગુજરાતમાં કમોસમી વરસાદનું તાંડવ હજુ ચાલુ

(જુઓ પાનું ૨) ▸▸


ઘાટકોપર પૂર્વ નું એક લેંડમાર્ક એડ્રેસ
ધ મેન્શન (THE MANSION) by DNK
◆ ગ્રાઉંડ + ૩ પોડિયમ + ૧૦ રેસિડેન્શિયલ ફ્લોર
◆ ૩ અને ૪ BHK પ્રીમિયમ અપાર્ટમેંટ્સ
◆ દરેક ફ્લેટ ૩-સાઇડ ઓપન
◆ વોકિંગ અને જોગિંગ ટ્રેક
◆ ફિટનેસ સેંટર અને સોસાયટી ઓફિસ
◆ વાહન માટે ટુ-વે રેમ્પ
◆ એક્સક્લુસિવ લેન્ડસ્કેપ્ડ એમેનિટી પોડિયમ
◆ ડબલ હાઇટ એન્ટ્રન્સ લોબી
◆ ૧૦'૧૦" (૩.૩૦મી) ફ્લોર ટુ ફ્લોર હાઇટ
◆ દરેક લિવિંગ રૂમમાં બાલ્કની
◆ ડેડીકેટેડ યોગા અને મેડીટેશન ઝોન
◆ બાળકો માટે પ્લે એરિયા
◆ ૧૦૦% સરફેસ કાર પાર્કિંગ
◆ ૩ હાઇ-સ્પીડ મોડર્ન લિફ્ટ
3 BHK : 939 | 1011 | 1141 | 1244 sq. ft.
4 BHK : 1343 | 1428 | 2399 | 2583 sq. ft.
DNK
DNK Developers
Come Home to Quality
સાઇટ એડ્રેસ:
પ્લોટ નં: ૧૫, ખોખાણી લેન, ઓફ ૬૦ ફીટ રોડ, ઘાટકોપર ઈસ્ટ, મુંબઈ ૪૦૦ ૦૭૭
DNK Developers: 9821238408
For site visit, call : 9819848956







## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારતની મર્દાનીઓએ રંગ રાખ્યોઃ ઓસ્ટ્રેલિયાને રગદોળ્યું, હવે આફ્રિકાનો વારો

**ભારતની** પુરૂષોની ક્રિકેટ ટીમે ઓસ્ટ્રેલિયા સામેની વન ડે સિરીઝમાં સાવ બકવાસ દેખાવ કરીને ક્રિકેટ ચાહકોને નિરાશ કરી દીધા ત્યારે આપણી દીકરીઓએ લાજ રાખીને ભારતમાં રમાઈ રહેલા વુમન્સ વન-ડે વર્લ્ડ કપની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. ભારતનો ફાઈનલ પ્રવેશ એ રીતે યાદગાર છે કે, ભારતની મહિલા ક્રિકેટ ટીમે સેમિ ફાઈનલમાં સાત વખતની ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાની મહિલા ક્રિકેટ ટીમને હરાવી છે.

આ જીત એ રીતે પણ યાદગાર રહી કે ભારતની દીકરીઓએ વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી મોટો ચેઝ કરીને જીત મેળવી છે. ગુરુવારે મુંબઈના ડીવાય પાટીલ સ્ટેડિયમમાં રમાયેલી સેમિ ફાઈનલમાં ૩૩૯ રનનો પહાડ જેવો ટાર્ગેટ ભારતીય ટીમે ૪૮.૩ ઓવરમાં પાંચ વિકેટે ચેઝ કરીને ઈતિહાસ રચી દીધો. લીગ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારત સામે ૩૩૧ રન ચેઝ કર્યા હતા તેનો સેમિફાઈનલમાં બદલો લીધો તેમાં આ જીત યાદગાર બની ગઈ છે. ઓસ્ટ્રેલિયાએ ૩૩૧ રન ચેઝ કરીને વર્લ્ડ કપમાં સૌથી મોટા ચેઝનો રેકોર્ડ પોતાના નામે કર્યો તેના દિવસોમાં જ ભારતે ઓસ્ટ્રેલિયા સામે ૩૩૯ રન ચેઝ કરીને ઈંટનો જવાબ પથ્થરથી આપી દીધો.

ઓસ્ટ્રેલિયાની ટીમે આપણને ૩૩૯ રનનો ટાર્ગેટ આપેલો ત્યારે જ મોટા ભાગના ક્રિકેટ ચાહકોએ આશા છોડી દીધેલ. વિશ્વ ક્રિકેટમાં સૌથી બળૂકી મનાતી ઓસ્ટ્રેલિયન ટીમ સામે આપણે ૩૦૦ રન પણ નહીં કરી શકીએ ને ભૂંડી રીતે હારીશું એવું લાગતું હતું પણ આપણી દીકરીઓ જીવ પર આવીને લડી અને ટીમ ઈન્ડિયાએ વર્લ્ડ કપના ઇતિહાસનો હાઇએસ્ટ ટાર્ગેટ ચેઝ કરી નાખ્યો.

ભારતની જીત ટીમ સ્પિરિટની જીત છે પણ રન ચેઝમાં સૌથી મહત્ત્વની ભૂમિકા જેમિમા રોડ્રિગ્ઝે ભજવી. ભારતીય ટીમે ૫૯ રન પર બે વિકેટ ગુમાવી દીધેલી ત્યારે ભારત નહીં જીતે એવું લાગતું હતું પણ જેમિમા રોડ્રિગ્ઝે મોરચો સંભાળ્યો અને માત્ર એક છેડો સાચવ્યો જ નહીં પણ આક્રમક બેટિંગ પણ કરીને અવિસ્મરણિય જીત અપાવી.

જેમિમા ૧૩૪ બોલમાં ૧૪ ચોગ્ગામાં ૧૨૭ રન બનાવીને અણનમ રહી તેના પરથી જ તેણે કેવી સેન્સિબલ બેટિંગ કરી હશે તેનો અંદાજ આવી જાય. મોટા શોટ મારવાના બદલે જેમિમાએ સિંગલ, ડબલ લઈને સ્કોર બોર્ડને ફરતું રાખ્યું. આપણી કેપ્ટન હરમનપ્રીત કૌરે પણ યાદગાર ઈનિંગ રમીને ૮૭ બોલમાં ૮૯ રન ફટકાર્યા.

જેમિમા નસીબની પણ બળુકી સાબિત થઈ કેમ કે તેની યાદગાર ઈનિંગમાં બે વાર તેનો કેચ ડ્રોપ થયો હતો. ભારતીય ઈનિંગની ૩૩મી ઓવરમાં જેમિમા રોડ્રિગ્ઝનો પહેલો કેચ છૂટ્યો હતો. જેમિમાએ અલાના કિંગની ઓવરના ત્રીજા બોલે સ્વીપ શોટ મારવાનો પ્રયત્ન કર્યો પણ બોલ વિકેટની પાસે જ ઉછળી ગયો. વિકેટકીપર એલિસા હીલી બોલની નીચે આવી ગયેલી પણ કેચ પકડી ના શકી તેથી જેમિમા બચી ગયેલી.

એલિસા હીલી ઘાંઘી ના થઈ હોત તો સરળતાથી કેચ પકડી શકી હોત પણ જેમિમાના નસીબે સાથ આપ્યો તેમાં કેચ છૂટી ગયો. એ વખતે જેમિમા ૮૨ રનના સ્કોરે હતી. ૪૪મી ઓવરમાં ભારતીય બેટર જેમિમા રોડ્રિગ્ઝનો કેચ ફરી છૂટ્યો અને જેમિમાને જીવતદાન મળ્યું. એનાબેલ સધરલેન્ડની ઓવરના બીજા બોલે તાહલિયા મેક્ગ્રાએ જેમિમાનો કેચ છોડી દેતાં જેમિમા બચી ગઈ. આ પહેલાં ૩૫મી ઓવરમાં જેમિમાહ રોડ્રિગ્ઝને અલાના કિંગની ઓવરના ચોથા બોલે એલબીડબલ્યુની અપીલમાં પણ આઉટ થવાથી બચી ગઈ હતી. થર્ડ અંપાયરે શંકાનો લાભ જેમિમાને આપ્યો હતો.

ઓસ્ટ્રેલિયાએ જેમિમાને જીવતદાન ના આપ્યાં હોત તો સ્થિતિ અલગ હોત તેમાં શંકા નથી પણ આ બધું પાર્ટ એન્ડ પાર્સલ ઓફ ગેઈમ છે. જીતવા માટે સારી બેટિંગ અને સારી બોલિંગની સાથે સારી ફિલ્ડિંગ પણ કરવી જરૂરી છે. કેચીઝ વિન મેચીઝ એવું કહેવાય જ છે એ જોતાં ઓસ્ટ્રેલિયન છોકરીઓએ તેમની ભૂલોની કિંમત ચૂકવી ને જેમિમાએ તેને મળેલી તકોનો ભરપૂર લાભ ઉઠાવ્યો.

જેમિમા અને હરમીનપ્રિતની સાથે બીજી ત્રણ દીકરીના યોગદાનનો ઉલ્લેખ કરવો પણ જરૂરી છે. જેમિમાએ ૧૪ કેપ્ટન હરમનપ્રીત કૌર સાથે ૧૬૭ રનની ભાગીદારી કરી હતી. બંનેએ ટીમના સ્કોરને ૨૨૬ રને પહોંચાડ્યો ત્યારે ૩૬મી ઓવર ચાલતી હતી. ભારતે જીત માટે ૮૮ બોલમાં ૧૧૩ રન કરવાના હતા તેથી જીત સરળ જરાય નહોતી. જામેલી જોડી તૂટી તેથી ઓસ્ટ્રેલિયન ટીમ પણ જોશમાં આવી ગયેલી.

ઓસ્ટ્રેલિયા પાસે સારી બોલર્સ છે ને દબાણમાં ભારતીય ટીમનું પતન થાય એવો ખતરો હતો જ પણ દીપ્તિ શર્મા, રિચા ઘોષ અને અમનજોત કૌરે તોફાની બેટિંગ કરીને ઓસ્ટ્રેલિયાને ચિત્ત કરી દીધું. ભારતને જીત માટે જરૂરી ૧૧૩ રનમાંથી ૬૫ રન આ ત્રણેયે કર્યા પણ બોલ ૪૧ જ લીધા તેથી જેમિમા પર દબાણ ના રહ્યું.

દીપ્તિ શર્માએ ૧૭ બોલમાં ૩ બાઉન્ડ્રી સાથે ૨૪ અને રિચા ઘોષે ૧૬ બોલમાં બે ચોગ્ગા ને બે સિક્સર સાથે ૨૬ રન ઝીંકીને ઓસ્ટ્રેલિયનોની હવા કાઢી નાખી. બાકી હતું એ અમનજોત કૌરે આઠ બોલમાં બે ચોગ્ગા સાથે ૧૫ રન કરીને પૂરું કરી નાખ્યું. દીપ્તિ, રિચા અને અમનજોતની ઈનિંગ્સ સ્કોરની રીતે બહુ મોટી નથી પણ ભારતની જીતમાં નિર્ણાયક છે. જેમિમાએ સાવ ઓછા બોલમાં દીપ્તિ શર્મા સાથે ૩૮, રિચા ઘોષ સાથે ૪૬ અને અમનજોત કૌર સાથે અણનમ ૩૧ રનની ભાગીદારીઓ કરીને ભારતની જીત પાકી કરી નાખી.

ભારતની જીતમાં રેણુકા સિંહ અને શ્રી ચારણીએ બોલિંગમાં ભજવેલી ભૂમિકાનો ઉલ્લેખ પણ જરૂરી છે. ઓસ્ટ્રેલિયાની ફોબ લિચફિલ્ડે ૯૩ બોલમાં ૧૧૭ રનની તોફાની ઈનિંગ રમીને ભારતીય ટીમનાં છોતરાં કાઢી નાખેલાં. રેણુકા સિંહે લિચફિલ્ડના ઝંઝાવાત સામે ઝીંક ઝીલીને આઠ ઓવરમાં માત્ર ૩૯ રન આપ્યા. શ્રી ચારણીએ પણ ૧૦ ઓવરમાં ૪૯ રન જ આપ્યા અને ઓસ્ટ્રેલિયન મિડલ ઓર્ડરની બે વિકેટો ઝડપીને બેટિંગને ધીમી કરી નાખી. બાકી ઓસ્ટ્રેલિયા રમતાં રમતાં ૩૭૫ રન કરી જશે એવું લાગતું હતું.

હવે ફાઈનલમાં ભારતની ટક્કર દક્ષિણ આફ્રિકા સામે છે. બે નવેમ્બર, ૨૦૨૫ ને રવિવારે રમાનારી ફાઈનલમાં ભારતની ટીમ પૂરા જોશ સાથે ઉતરશે તેમાં શંકા નથી પણ સામે આફ્રિકાની ટીમ પણ જોશમાં છે. ભારત અને સાઉથ આફ્રિકાની છેલ્લી પાંચ મેચમાંથી ભારત ૪ મેચ જીત્યું છે પણ આ વર્લ્ડ કપમાં આફ્રિકાએ ભારતને હરાવેલું તેથી આફ્રિકન છોકરીઓને પણ કમ આંકી શકાય તેમ નથી.

ભારતીય ટીમ ત્રીજી વખત વુમન્સ વન-ડે વર્લ્ડ કપના ફાઈનલમાં પહોંચી છે. આ પહેલાં ૨૦૧૭ અને ૨૦૦૫માં ભારતની ટીમ ફાઈનલમાં હારી ગઈ હતી પણ આ વખતે એવું ના થાય એવી આશા છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર હેમંતઋતુ, શનિવાર, તા. ૧-૧૧-૨૦૨૫,
પ્રબોધિની સ્માર્ત એકાદશી (બિલિપત્ર)

- ભારતીય દિનાંક ૧૦, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક સુદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ વદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૯મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૧મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર શતભિષા સાંજે ક. ૧૮-૨૦ સુધી, પછી પૂર્વાભાદ્રપદા
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભમાં (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૮-૦૬, રાત્રે ક. ૨૦-૫૩
- ઓટઃ બપોરે ક. ૧૪-૪૨ મધ્યરાત્રિ પછી ક. ૦૨-૪૪ (તા. ૨)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, કાર્તિક શુક્લ - દસમી. પ્રબોધિની સ્માર્ત એકાદશી (બિલિપત્ર), ભીષ્મ પંચક પ્રતારંભ, હરિયાણા પંજાબ દ્નિ, પંચક, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૦-૨૭
- શુભાશુભ દ્નિશુદ્ધિઃ શુભ દિવસ,
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, પુરુસુક્ત, શ્રીસુક્ત અભિષેક, શનિ-રાહુ દેવતાનું પૂજન, વરુણ દેવતાનું પૂજન, કદંબનું વૃક્ષ વાવવુ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પાટ-અભિષેક, પૂજા, બગીચો બનાવવો, ધજા-કળશ પતાકા ચઢાવવી, માલ લેવો, દુકાન-રત્નધારણ, ધાન્ય વેંચવું, નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ.
- નવેમ્બર-૨૦૨૫નાં સંક્ષિપ્ત ગ્રહ-રાશિ-નક્ષત્ર, ઊદય -અસ્તઃ તા. ૧ નવેમ્બર, ૨૦૨૫ નાં સૂર્યાદિ ગ્રહનાં ઉદય અસ્તઃ મુંબઇ સૂર્યોદયઃ ક. ૦૬ મિ. ૪૦, સૂર્યાસ્તઃ ક. ૧૮ મિ. ૦૪,
- ચંદ્ર ઉદયઃ ક. ૧૫-૦૧, ચંદ્ર અસ્તઃ મધ્યરાત્રિ પછી ક. ૦૩-૦૬ (તા. ૨) બુધ ઉદયઃ ક. ૦૮-૨૭, બુધ અસ્તઃ ક. ૧૯-૧૮, શુક્ર અસ્તઃ ક. ૧૭&૧૦, મંગળ ઉદયઃ ક. ૦૮-૦૪, અસ્તઃ ક. ૧૯-૦૬, ગુરુ ઉદયઃ ક. ૨૩-૧૨, અસ્તઃ ક. ૧૨-૧૬, શનિ ઉદયઃ ક. ૧૫-૫૧, અસ્તઃ ક. ૦૩-૩૮, તા. ૧ નવેમ્બર, સૂર્યોદયના સમયે તુલા રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્યાસ્તના સમયે મેષ રાશિ લગ ઉદિત થાય છે. સૂર્ય તા. ૬ઠ્ઠીએ વિશાખા નક્ષત્રમાં, તા. ૧૯મીએ અનુરાધા નક્ષત્રમાં પ્રવેશે છે. મંગળ તા. ૧લીએ અનુરાધામાં, તા. ૧૯મીએ જયેષ્ઠામાં નક્ષત્રમાં પ્રવેશે છે. વક્રી બુધ તા. ૧૮મીએ વિશાખા ચરણ-૪માં પ્રવેશે છે. બુધ તા. ૧૦મીએ સ્તંભી થઈ વક્રી થાય છે. તા. ૨૯મીએ માર્ગી થશે. બુધ તા. ૧૪થી ૨૫ અસ્તનો રહે છે.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય ત્રિકોણ લોકપ્રિય, ચંદ્ર-રાહુ યુતિ સંશય રાખવાવાળો સ્વભાવ,.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય ત્રિકોણ, ચંદ્ર-રાહુ યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય તુલા, મંગળ-વૃશ્ચિક, માર્ગી બુધ-વૃશ્ચિક, ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# ૩૭૦મી કલમ નાબૂદ કરી સરદારનું સ્વપ્ન સાકાર કર્યું મોદીએઃ અમિત શાહ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરીને સરદાર વલ્લભભાઇ પટેલના અખંડ ભારતના સ્વપ્નને સાકાર કર્યું છે. આ કથન કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે કર્યું હતું.

દેશના પ્રથમ ગૃહ પ્રધાન સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ પર અહીં મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમ ખાતે 'રન ફોર યુનિટી'ને લીલી ઝંડી આપતા શાહે જણાવ્યું કે ભારતની આઝાદી પછી અંગ્રેજોએ ૫૬૨ રજવાડાઓમાં વિભાજિત કરીને દેશ છોડવાનો નિર્ણય લીધો હતો.

તેમણે જણાવ્યું કે તે સમયે આખી દુનિયા વિચારતી હતી કે આ ૫૬૨ રજાવાડાઓને એક રાષ્ટ્રમાં એકીકૃત કરવા અશક્ય હશે. જો કે ખૂબ જ ઓછા સમયમાં સરદાર પટેલે તમામ ૫૬૨ રજવાડાઓને એકીકૃત કરવાનું મહાન કાર્ય પૂર્ણ કર્યું અને આજે આપણે જે આધુનિક ભારતનો નક્શો જોઇએ છીએ તે તેમના દૂરંદેશીપણા અને પ્રયાસોનું પરિણામ છે.

શાહે જણાવ્યું કે કાઠિયાવાડ, ભોપાલ, જૂનાગઢ, જોધપુર, ત્રાવણકોર અને હૈદરાબાદ જેવા પ્રદેશોએ અલગ રહેવા માટે વિવિધ પ્રયાસો કર્યા, પરંતુ સરદાર પટેલની મજબૂત ઇચ્છાશક્તિ અને અદમ્ય દ્રઢ સંકલ્પે તે બધાને એક કર્યા અને એક અખંડ ભારતનું નિર્માણ કર્યું.

તેમણે વધુમાં જણાવ્યું કે કલમ ૩૭૦ના કારણે કાશ્મીરનું ભારતમાં સંપૂર્ણ એકીકરણ એકમાત્ર અધૂરું કાર્ય હતું, પરંતુ વડા પ્રધાન મોદીએ સરદાર પટેલનું તે અધૂરું કાર્ય પૂર્ણ કર્યું અને આજે આપણી પાસે ખરેખર એક અખંડ ભારત છે. શાહે કહ્યું કે કોંગ્રેસ સરકારોએ સરદાર પટેલને તે સન્માન આપ્યું નહીં જેના માટે તેઓ ખરેખર હકદાર હતા. તેમના જેવા મહાન વ્યક્તિત્વને ૪૧ વર્ષના વિલંબ પછી ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# અઝહરુદ્દીન બન્યો તેલંગણામાં પ્રધાન

હૈદરાબાદઃ ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કૅપ્ટન મોહંમદ અઝહરુદ્દીને શુક્રવારે તેલંગણાના મુખ્ય પ્રધાન એ. રેવન્થા રેડ્ડીના પ્રધાનમંડળના પ્રધાન તરીકે શપથગ્રહણ કર્યા હતા.

રાજભવન ખાતે યોજાયેલા એક સમારોહમાં ગવર્નર જિસ્નુ દેવ વર્માએ મુખ્ય પ્રધાન સહિત મહત્ત્વના નેતાઓની ઉપસ્થિતિમાં અઝહરુદ્દીનને શપથગ્રહણ કરાવ્યા હતા.

શપથગ્રહણ સમારોહ બાદ પત્રકારોને આપેલી મુલાકાતમાં અઝહરુદ્દીને પ્રધાન બનાવવા બદલ કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, પક્ષનાં વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડરા અને કે. સી. વેણુગોપાલનો આભાર માન્યો હતો.

અઝહરુદ્દીનના સમાવેશ સાથે પ્રધાનમંડળનું કુલ સંખ્યાબળ વધીને ૧૬ થયું હતું. જોકે પ્રધાનમંડળનું કુલ સંખ્યાબળ ૧૮ હોવાને કારણે હજુ બે જગ્યા ખાલી છે.

વર્ષ ૨૦૨૩ની ચૂંટણીમાં અઝહરુદ્દીન જ્યુબિલી હિલ્સની પેટાચૂંટણીમાં પરાજય થયો હતો. (એજન્સી)

# રાજા ચાર્લ્સે એન્ડ્રુનું રાજકુમારનું બિરુદ છિનવ્યું

લંડનઃ બ્રિટનના પ્રિન્સ એન્ડ્રુ સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે, બ્રિટનના રાજા ચાર્લ્સ ત્રીજાએ તેમના નાના ભાઈ એન્ડ્રુ પાસેથી રાજકુમારનું બિરુદ પાછું લીધું છે અને તેમને તેમના વિન્ડસરસ્થિત નિવાસસ્થાનમાંથી બરતરફ કરવામાં આવ્યા છે. યુએસમાં બહુ ચર્ચિત જેફ્રી એપસ્ટેઇન સેક્સ સ્કેન્ડલમાં પ્રિન્સ એન્ડ્રુની સંડોવણીના અહેવાલો જાહેર થતા હોબાળો મચી ગયો હતો, બ્રિટનનો શાહી પરિવાર શરમમાં મુકાયો હતો.

૬૫ વર્ષીય એન્ડ્રુ રાજા ચાર્લ્સના નાના ભાઈ છે અને સ્વર્ગસ્થ રાણી એલિઝાબેથના બીજા પુત્ર છે. એપ્સ્ટેઇન સાથે એન્ડ્રુના ગાઢ સંબંધો હોવાનું જહેર થયા બાદ તેમને બ્રિટનના રાજપરિવારથી દુર કરવા દબાણ સતત વધી રહ્યું હતું. આ મહિનાની શરૂઆતમાં તેમની પાસેથી ડ્યુક ઓફ યોર્કનું બિરુદ પર છીનવી લેવામાં આવ્યું હતું.

બ્રિટનના રાજ પરિવારના સત્તાવાર નિવાસ બકિંગહામ પેલેસના જણવ્યા મુજબ રાજા ચાર્લ્સે પ્રિન્સ એન્ડ્રુની શૈલી, પદવીઓ અને સન્માનો દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરી છે.

બકિંગહામ પેલેસે નિવેદનમાં જણાવ્યું કે છે કે, પ્રિન્સ એન્ડ્રુને હવે એન્ડ્રુ માઉન્ટબેટન-વિન્ડસર તરીકે ઓળખવામાં આવશે. રોયલ લોજ ખાતે તેમને લીઝ પર રહેવા માટે કાયદાકીય રક્ષણ મળ્યું હતું, હવે લીઝ પાછી ખેંચવા માટે સત્તાવાર નોટિસ જાહેર કરવામાં આવી છે અને તેઓ ખાનગી રહેઠાણમાં રહેવા જશે.

બકિંગહામ પેલેસે જણાવ્યું કે ભલે પ્રિન્સ એન્ડ્રુએ તેમના વિરુદ્ધના આરોપોને નકારી કાઢ્યા હોય, પણ આ નિંદા જરૂરી માનવામાં આવે છે. રાજાએ સ્પષ્ટ કરવા ઈચ્છે છે તેમની ભાવના અને સહાનુભૂતિ કોઈપણના દુર્વ્યવહારના પીડિતો પ્રત્યે રહી છે અને રહેશે.

### રખડતા કૂતરાઓનો કેસ

# હાજર થાવઃ મુખ્ય સચિવોને સુપ્રીમનું કડક ફરમાન

નવી દિલ્હીઃ રસ્તા પર રખડતા કૂતરાઓ સંબંધિત કેસને મામલે રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને વ્યક્તિગત રીતે કોર્ટમાં હાજર રહેવામાંથી મુક્તિ આપવાનું સુપ્રીમ કોર્ટે શુક્રવારે નકાર્યું હતું.

પશ્ચિમ બંગાળ અને તેલંગણાને બાદ કરતાં દેશના તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને ૩ નવેમ્બરે કોર્ટમાં વ્યક્તિગત રીતે હાજર રહેવાનો અને બાવીસ ઑગસ્ટે કોર્ટે આદેશ આપ્યો હોવા છતાં શા માટે કમ્પલાયન્સ એફિડેવિટ દાખલ કરવામાં ન આવ્યું એ અંગે ખુલાસો કરવાનો આદેશ આપ્યો હતો.

ન્યાયાધીશ વિક્રમનાથ અને સંદીપ મહેતાની બનેલી ખંડપીઠે બાવીસ ઑગસ્ટે તેમણે આપેલા આદેશની પૂર્તિ ન કરવા બદલ નારાજગી વ્યક્ત કરી હતી.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ આ કેસને ઉલ્લેખ કર્યો હતો અને રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને વ્યક્તિગત રીતે કોર્ટમાં હાજર રહેવાની પરવાનગી આપવાની વિનંતી કરી હતી. (એજન્સી)

# આર્ય સમાજે ભારતનો વૈદિક વારસો અને ઓળખ જાળવી રાખ્યા છેઃ વડા પ્રધાન

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે સમાજ સુધારક દયાનંદ સરસ્વતી દ્વારા સ્થાપિત આર્ય સમાજની ભારતના વૈદિક વારસાને જાળવવામાં યોગદાન આપવા બદલ પ્રશંસા કરી હતી. તેમજ તેમને હસ્તપ્રતોના અભ્યાસ અને કુદરતી ખેતીની પ્રથાને પ્રોત્સાહન આપવામાં મોટી ભૂમિકા ભજવવા વિનંતી કરી હતી.

આર્ય સમાજની સ્થાપનાની ૧૫૦મી વર્ષ ગાંઠ નિમિત્તે આયોજિત આંતરરાષ્ટ્રીય આર્ય મહાસંમેલનને સંબોધતા વડા પ્રધાને સ્વતંત્રતા સંગ્રામમાં સંગઠનની ભૂમિકાની પ્રશંસા કરી હતી. તેમજ રાજકીય કારણોસર તેને યોગ્ય માન્યતા મળી ન હોવાનો પણ સ્વીકાર કર્યો હતો.

આ સમારોહમાં મહારાષ્ટ્રના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને દિલ્હીના મુખ્ય પ્રધાન રેખા ગુપ્તા સહિત અન્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં મોદીએ કહ્યું કે આર્ય સમાજની સ્થાપનાના ૧૫૦ વર્ષ... આ પ્રસંગ ફક્ત સમાજના કોઇ વર્ગ કે સંપ્રદાયનો નથી. આ પ્રસંગ ભારતના વૈદિક વારસા અને ઓળખનો છે.

દયાનંદ સરસ્વતીની ૨૦૦મી જન્મજયંતિ અને આર્ય સમાજના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આયોજિત ચાર દિવસીય કાર્યક્રમમાં ૩૯ દેશોના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા. વડા પ્રધાને કહ્યું કે આ પ્રસંગ ભારતના એ વિચાર સાથે જોડાયેલો છે, જેમાં ગંગાના પ્રવાહની જેમ આત્મશુદ્ધિની શક્તિ રહેલી છે. તે એ મહાન પરંપરા સાથે જોડાયેલો છે જેણે સતત સામાજિક સુધારાને પ્રોત્સાહન આપ્યું છે અને જેણે સ્વતંત્રતા સંગ્રામના અસંખ્ય સેનાનીઓને વૈચારિક ઊર્જા આપી છે.

# વકીલોને પોલીસ આડેધડ સમન્સ બજાવી ન શકેઃ સુપ્રીમ

નવી દિલ્હીઃ વકીલ-અસીલના વિશેષાધિકારની રક્ષા કરવાનું લક્ષ્ય ધરાવતા મહત્ત્વના આપેલા ચુકાદામાં સુપ્રીમ કોર્ટે તપાસ એજન્સીઓ દ્વારા સલાહ મેળવવા માટે વકીલોને મનસ્વી રીતે પાઠવવામાં આવતા સમન્સ પર નિયંત્રણ આણવા વિવિધ આદેશ આપ્યા હતા અને કહ્યું હતું કે સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ (એસપી)ની પરવાનગી વિના ફોજદારી ગુનાની તપાસને મામલે તપાસ અધિકારીઓ તેમને સમન્સ પાઠવી શકે નહીં.

બે વરિષ્ઠ વકીલ અરવિંદ દાતાર અને પ્રતાપ વેણુગોપાલને પાઠવવામાં આવેલા સમન્સને સુપ્રીમ કોર્ટે એમ કહીને નકારી કાઢ્યા હતા કે આ બાબત તેમની સેવા લેનાર અરોપીના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરે છે.

મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈ અને જસ્ટિસ કે. વિનોદચંદ્રન અને એન. વી. અન્જારિયાની બનેલી ખંડપીઠે તપાસ એજન્સીઓ દ્વારા આણવામાં આવતા બિનજરૂરી દબાણથી વકીલોને સુરક્ષા આપવા માટે નિયમોને સૂમેળભર્યા બનાવવાની અને આ કાયદેસર વ્યવસાયની સુરક્ષા માટે નવા આદેશો બહાર પાડવાની માગણી કરી હતી. (એજન્સી)

# કેરળના બે નર્સોએ ફ્લાઇટમાં મુસાફરનો જીવ બચાવ્યો

દુબઇઃ કોચીથી અબુ ધાબીની તેમની પ્રથમ આંતરરાષ્ટ્રીય ફ્લાઇટમાં મુસાફરી કરી રહેલા કેરળના બે નર્સો એક મુસાફરનો જીવ બચાવ્યો હતો. આ મુસાફરને યાત્રા શરૂ થયાની માત્ર ૨૦ મિનિટમાં જ હાર્ટ એટેક આવ્યો હતો. આ જાણકારી એક સ્થાનિક મીડિયા અહેવાલમાં પ્રકાશમાં આવી છે. ગલ્ફ ન્યૂઝના અહેવાલ અનુસાર એર અરેબિયાની ફ્લાઇટ ૩એલ ૧૨૮માં યુએઇમાં તેમની નવી નોકરીમાં જોડાવા જઇ રહેલા વાયનાડના ૨૬ વર્ષીય અભિજીત જીસ અને ચેંગન્નુરના ૨૯ વર્ષીય અજીશ નેલ્સનએ કેરળના જ એક વ્યક્તિને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હોવાનું જોયું હતું. અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે બંને તરત જ તેમની મદદ કરવા માટે દોડી ગયા અને બે વાર સીપીઆર આપ્યું હતું. જેથી કરીને મુસાફરની હાલત સ્થિર થઇ હતી. વિમાનમાં સવાર ડોક્ટર આરિફ અબ્દુલ ખાદીરે પણ દર્દીની હાલત સ્થિર કરવામાં બંને નર્સની મદદ કરી હતી. વિમાન ઉતરાણ બાદ બંને નર્સ કોઇને પણ આ ઘટનાનો ઉલ્લેખ કર્યા વિના તેમના નવા કાર્યસ્થળ તરફ ચાલી નીકળ્યા હતા. જો કે બાદમાં એક સાથી યાત્રીએ આ વાતનો ખુલાસો કર્યો હોવાનું અહેવાલમાં જણાવાયું છે. બંને દ્વારા બચાવવામાં આવેલા મુસાફરની એરપોર્ટ મેડિકલ ટીમ દ્વારા સારવાર કરવામાં આવ્યા બાદ હાલત સ્થિર હોવાનું જણાવાઇ રહ્યું છે.

પહેલા પાનાનું ચાલુ

### સરદાર અખંડ

નહેરુએ તેમને તેમ કરવા ન દીધું.

અહીં સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમને સંબોધતા મોદીએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા ગેરકાયદે વસાહતીઓ સામે કરાતી કાર્યવાહીનો વિરોધ કરી રહેલા લોકો દેશનું ફરી વિભાજન ઇચ્છે છે.

વડા પ્રધાને 'રાષ્ટ્રીય એકતા દિવસ' પરેડનું નિરીક્ષણ કર્યા બાદ જણાવ્યું હતું કે અનેક દાયકાથી ભારતમાં ઘૂસણખોરો દેશમાં ગેરકાયદે વસાહતી બનીને રહે છે અને દેશનાં સ્રોતોનો ઉપયોગ કરે છે. તેઓ દેશની વસતિની સમતુલા બગાડી રહ્યા છે અને રાષ્ટ્રીય એકતા તેમ જ અખંડતાની સામે જોખમ ઊભું કરે છે.

તેમણે આક્ષેપ કર્યો હતો કે અગાઉની કૉંગ્રેસની સરકારોએ ગેરકાયદે વસાહતીઓને લગતા જોખમ સામે આંખમિચામણાં કર્યાં હતાં. તેઓએ મત મેળવવા અને અન્ય રાજકીય હેતુસર દેશની સુરક્ષાને જોખમમાં મૂકી હતી, પણ હવે દેશે પ્રથમ વખત આ જોખમ સામે લડવાનું નક્કી કર્યું છે.

મોદીએ જણાવ્યું હતું કે 'રાષ્ટ્રીય એકતા દિવસ'એ આપણે સૌએ દેશમાંથી ગેરકાયદે વસાહતીઓને હાંકી કાઢવાનું પ્રણ લેવું જોઇએ.

વડા પ્રધાને દેશમાં, ખાસ કરીને ઇશાન ભારતમાં બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યા ઘૂસણખોરોની વધેલી વસતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

મોદીએ જણાવ્યું હતું કે સરદાર પટેલ માનતા હતા કે લોકોએ ઇતિહાસ લખવામાં સમય બરબાદ કરવાને બદલે ઇતિહાસ રચવો જોઇએ. કૉંગ્રેસે કાશ્મીર સહિતના અનેક મુદ્દા ખરાબ રીતે હાથ ધર્યાં હતાં, તે ભૂલની આકરી કિંમત દેશ ચૂકવી રહ્યું છે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે સરદાર પટેલ આખા કાશ્મીરને ભારતમાં ભેળવી દેવા ઇચ્છતા હતા, પરંતુ નહેરુએ તેમની ઇચ્છા પૂરી થવા નહોતી દીધી અને તેને લીધે કાશ્મીરના ભાગલા પડ્યા અને બંધારણમાં તેના (કાશ્મીર) માટે ખાસ જોગવાઇ કરાઇ તેમ જ અલગ ધ્વજ રાખવાની છૂટ અપાઇ હતી. (એજન્સી)

### બિહારમાં

નામ 'સીતાપુરમ' રાખવાની બાંયધરી અપાઇ હતી.

બિહાર વિધાનસભાની ચૂંટણી માટેનો એનડીએનો ઢંઢેરો બહાર પાડવા માટે યોજાયેલા કાર્યક્રમમાં બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમાર, નાયબ મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરી, ભાજપના પ્રમુખ જે. પી. નડ્ડા, કેન્દ્રીય પ્રધાનો ધર્મેન્દ્ર પ્રધાન, જિતનરામ માંઝી, ચિરાગ પાસવાન અને અન્ય અનેક નેતા હાજર રહ્યા હતા.

એનડીએ સત્તામાં આવશે તો બિહારમાં મુખ્ય પ્રધાનની 'મહિલા સશક્તીકરણ યોજના' હેઠળ મહિલાઓને સ્વાવલંબી બનાવવા રૂપિયા બે લાખ સુધીની સહાય આપવાની ખાતરી અપાઇ હતી.

મહિલાઓ વાર્ષિક રૂપિયા એક લાખ સુધીની આવક મેળવી શકે, તે માટે મહિલાઓને 'લખપતિ દીદી' યોજના હેઠળ તાલીમ આપવાની બાંયધરી અપાઇ હતી.

વડા પ્રધાનના ભંડોળમાંથી ખેડૂતોને 'કિસાન સન્માન નિધિ'માં મળતી વાર્ષિક રકમ રૂપિયા ૬,૦૦૦થી વધારીને રૂપિયા ૯,૦૦૦ કરવાની અને માછીમારોને મળતી વાર્ષિક રૂપિયા ૪,૫૦૦ની સહાય વધારીને રૂપિયા ૯,૦૦૦ કરવાનું વચન અપાયું હતું.ગરીબ વિદ્યાર્થીઓને બાળમંદિરથી અનુસ્નાતક થવા સુધી મફત શિક્ષણનો, શાળાઓમાં મધ્યાહ્ન ભોજન યોજનાનો, સાત એક્સપ્રેસવે (દ્રુતગતિ માર્ગ) બાંધવાનો અને ૩,૬૦૦ કિલોમીટરના રેલવે પાટાના આધુનિકીકરણ કરવાનો પણ ચૂંટણીઢંઢેરામાં ઉલ્લેખ કરાયો હતો. (એજન્સી)

### ગુજરાતમાં

રહેશે તેવી હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી હતી. હવામાન વિભાગે આગામી ૩ દિવસ દરમિયાન રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી હતી. અરબી સમુદ્રમાં સર્જાયેલા ડિપ્રેશનના કારણે સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારોમાં ઓરેન્જ એલર્ટ જાહેર અને દક્ષિણ ગુજરાતમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. આગાહી પ્રમાણે ૨ નવેમ્બર સુધીમાં ગીર-સોમનાથ, દીવ, અમરેલી, ભાવનગર જેવા જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું હતું.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે સૌરાષ્ટ્રમાં જૂનાગઢ, પોરબંદર, રાજકોટ, જામનગર અને દેવભૂમિ દ્વારકામાં પણ ભારે વરસાદની આગાહી છે. આગામી ૩ દિવસ દરિયામાં ભારે પવન ફૂંકાશે તેવી આગાહી કરવામાં આવતા માછીમારોને દરિયો ન ખેડવાની સલાહ આપવામાં આવી હતી. આ સાથે જ દક્ષિણ ગુજરાતના વલસાડ, સુરત, નવસારી અને તાપીમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ જિલ્લાઓમાં ૬૪.૫ મિ.મી.થી ૧૧૫.૫ મિ.મી. વરસાદ થવાની આગાહી છે. આ સાથે હવામાન વિભાગે અમદાવાદ, ગાંધીનગર અને વડોદરામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી હતી.

### ભારત-અમેરિકા

ક્ષેત્રને સુનિશ્ચિત કરવા માટે મહત્ત્વપૂર્ણ છે.

હેગસેથે કહ્યું હતું કે આ કરાર આપણી સંરક્ષણ ભાગીદારીને આગળ ધપાવે છે જે પ્રાદેશિક સ્થિરતા અને અવરોધ માટેનો આધારસ્તંભ છે. અમે અમારા સંકલન, માહિતી શેર કરવી અને ટેકનોલોજી સહયોગને વધારી રહ્યા છીએ. અમારા સંરક્ષણ સંબંધો ક્યારેય આટલા મજબૂત રહ્યા નથી. હેગસેથ અને સિંહ આસિયાન સભ્ય દેશો અને તેના કેટલાક ડાયલોગ પાર્ટનર દેશોના એક જૂથની બેઠકમાં હાજરી આપવા માટે ક્વાલા લમ્પુરમાં છે.

# મઢ-વર્સોવા બ્રિજને કેન્દ્ર સરકારની મંજૂરીઃ દોઢ કલાકનો પ્રવાસ ફક્ત પાંચ મિનિટમાં થશે

મુંબઈઃ મઢ અને વર્સોવાને જોડનારા બ્રિજને કેન્દ્ર સરકારની મંજૂરી મળી ગઈ છે. આશરે ૨.૫ કિલોમીટર લાંબા અને મઢ ખાડી વિસ્તારને આવરી લેતા બાંધકામને કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય તરફથી સૈદ્ધાંતિક મંજૂરી મળી છે.

મૂળ ૧૯૬૭ની શહેરી વિકાસ યોજનામાં પ્રથમ વિચાર કરવામાં આવેલા પ્રોજેક્ટ માટે ગયા વર્ષે માર્ચમાં ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા અને ગયા વર્ષે જ સપ્ટેમ્બરમાં વર્ક ઓર્ડર જારી કરવામાં આવ્યો હતો. બે હજાર ૩૯૫ કરોડ રૂપિયાનો આ પુલ પૂર્ણ થયા પછી વર્સોવાથી મઢ સુધીની મુસાફરીનો સમય ૯૦ મિનિટથી ઘટી ફક્ત પાંચ મિનિટનો થઈ જશે કારણ કે વાહન ચલાવનારાઓએ લિંક રોડ, એસવી રોડ અથવા વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે અને માલવણી થઈને ૨૨ કિલોમીટરનો સર્કિટ રૂટ નહીં લેવો પડે.

કેન્દ્રીય વન વિભાગ અને મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટીની મંજૂરી મળી ગઈ હોવા છતાં બોમ્બે હાઈ કોર્ટ તરફથી અંતિમ મંજૂરી જરૂરી છે.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન અને મુંબઈ ઉત્તરના સંસદસભ્ય પીયૂષ ગોયલે આ પરવાનગીને ઝડપી બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. ગોયલે જણાવ્યું હતું કે 'મઢ-વર્સોવા બ્રિજ સમગ્ર મુંબઈમાં મુસાફરીમાં પરિવર્તન લાવશે.'

સ્થાનિક કોળી સમુદાયે વાંધો ઉઠાવ્યા પછી ૨૦૨૦ માં આ પ્રોજેક્ટમાં સુધારો કરી એને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. આગામી કેટલાક મહિનામાં પ્રોજેક્ટ શરૂ થવાની અને ત્રણ વર્ષમાં પૂર્ણ થવાની સંભાવના છે. ■

# મુંબઈમાં ૧૪૦ એસઆરએને 'કામ બંધ કરો' નોટિસ!

મુંબઈ : મુંબઈમાં ૧૪૦ ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજના (એસઆરએ)ને ભાડાની બાકી રકમ, પ્રદૂષણ અટકાવવા માટે જરૂરી નિવારક પગલાં લેવામાં નિષ્ફળતા વગેરે બાબતોની જાણ કરવા છતાં કોઈ કાર્યવાહી ન થતા વિવિધ કારણોસર કામ બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ઓથોરિટીના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે આ ભૂલોને સુધારી અને તપાસ્યા પછી જ આ આદેશો ઉઠાવી લેવામાં આવશે.

૧૪૦ યોજનાઓમાંથી ૬૪ યોજનાઓમાં ભાડું બાકી હોવાનું જાણવા મળ્યું છે. આ સંદર્ભમાં સંબંધિત ઝૂંપડપટ્ટીવાસીઓ તરફથી ફરિયાદો મળ્યા બાદ સત્તાવાળાઓએ સંબંધિત વિકાસકર્તાઓને આદેશો જારી કર્યા હતા. જોકે તે પછી પણ ડેવલપર્સે તેની અવગણના કરી અને હવે પુનર્વસન અને વેચાણપાત્ર બાંધકામો પર કામ બંધ કરવા માટે નોટિસ જારી કરવામાં આવી છે.

અગાઉ સત્તાવાળાઓએ સમયાંતરે ચેતવણીઓ જારી કરી હતી, પરંતુ તેમની બેદરકારીને કારણે આખરે આ પ્રોજેક્ટ્સ પર કામ બંધ કરવાની નોટિસ જારી કરવામાં આવી હતી. ■

# કલેક્ટરોને વધુ સત્તા મળશેઃ મુખ્ય પ્રધાન

મુંબઈઃ જિલ્લા કલેક્ટરોને ડિસ્ટ્રિક્ટ બિઝનેસ રિફોર્મ એક્શન પ્લાન ૨૦૨૫ હેઠળ બિઝનેસ રિફોર્મને મજબૂત કરવા માટે વધારાની સત્તા આપવામાં આવશે, એમ ફડણવીસે શુક્રવારે જણાવ્યું હતું. નવા પ્લાનમાં ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ થી આવતા વર્ષે ૧૪ ઓગસ્ટ વચ્ચે અમલમાં મૂકવામાં આવનાર ૧૫૪ સુધારાઓને આવરી લેવામાં આવ્યા છે. ફડણવીસે જણાવ્યું હતું કે જિલ્લા કલેક્ટરો માટે 'ચિંતન શિબિર'નું આયોજન કરવામાં આવશે. વિભાગીય બેઠકો યોજવામાં આવશે અને કલેક્ટરોને વધુ સત્તા મળશે. ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે છ વિભાગીય સમિતિઓની રચના કરવામાં આવી છે (પીટીઆઈ)■




# આઇઆઇએમ-મુંબઈના વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપ માટે ₹ ૪.૮ લાખ સ્ટાઇપેન્ડ

મુંબઈઃ મેનેજમેન્ટ ક્ષેત્રની અગ્રણી સંસ્થા, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (આયઆયએમ) મુંબઈએ એપ્રિલથી જૂન ૨૦૨૬ ના સમયગાળા માટે સમર ઇન્ટર્ન પ્લેસમેન્ટ રિપોર્ટ જાહેર કર્યો છે. આ મુજબ, રેન્કિંગમાં ટોચના ૧૦ વિદ્યાર્થીઓને માસિક રૂ. ૪.૮ લાખ માનદ વેતન (સ્ટાઇપન્ડ) મળશે. ગયા વર્ષની સરખામણીમાં આમાં ૩૦,૦૦૦ રૂ. નો વધારો થયો છે. આઇઆઇએમના ૫૦૦ વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપ મળી છે અને તેમને દેશ અને વિદેશની અગ્રણી કંપનીઓમાં કામ કરવાની તક મળશે.

આઇઆઇએમ મુંબઈમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વાસ્તવિક કાર્ય અનુભવ મળે એ માટે દર ઉનાળામાં તેમને ઇન્ટર્નશિપ માટે વિવિધ કંપનીઓમાં મોકલવામાં આવે છે. તે મુજબ આ વર્ષે, એપ્રિલ - જૂન ૨૦૧૬ ના સમયગાળા માટે આઇઆઇટી મુંબઈમાં અભ્યાસ કરતા તમામ ૫૦૦ વિદ્યાર્થીઓ માટે ઇન્ટર્નશિપ પ્લેસમેન્ટની જાહેરાત કરવામાં આવી છે. ■

# એક સંતુલિત દાવઃ શા માટે ઇન્કમ પ્લસ આર્બિટ્રેજ ફંડ્સ તમારા પોર્ટફોલિયોમાં હોવા જોઈએ



**દેવાંગ શાહ, હેડ-ફિક્સ્ડ ઇન્કમ, એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ**

**ઇન્કમ પ્લસ આર્બિટ્રેજ ફંડ ઓફ ફંડ્સને સમજોઃ** (FoF) એ એક વિશિષ્ટ મ્યુચ્યુઅલ ફંડ સ્ટ્રક્ચર છે જે તેના હેઠળ રહેલી વિવિધ પસંદગીની સ્કીમમાં રોકાણ કરે છે જેમાં મુખ્યત્વે ડેટ-તરફી ફંડ્સ (65 ટકા સુધી) અને બાકીનો ભાગ આર્બિટ્રેજ ફંડ્સમાં રોકવામાં આવે છે. આ વ્યૂહાત્મક ફાળવણી ઇક્વિટી બજારોમાં ટૂંકા ગાળાના ભાવ તફાવતને સમાવવા માટે આર્બિટ્રેજ વ્યૂહરચનાની સંભાવના સાથે ડેટ ઇન્સ્ટ્રુમેન્ટ્સની સંબંધિત સ્થિરતાને જોડવાનો પ્રયાસ કરે છે.

2024ના ફાઇનાન્સ (નં. 2) એક્ટ હેઠળ જો કોઈ ફંડ ઓફ ફંડ્સ તેના પોર્ટફોલિયોના 35 ટકાથી 65 ટકા વચ્ચે આર્બિટ્રેજ સ્કીમ્સ (જેને કરવેરા હેતુ માટે ઇક્વિટી તરીકે ગણવામાં આવે) માટે ફાળવે છે, તો તેને નોન-સ્પેસિફાઇડ મ્યુચ્યુઅલ ફંડ તરીકે અલગ તારવવામાં આવે છે. આ વર્ગીકરણથી ઇન્કમ પ્લસ આર્બિટ્રેજ ફંડ્સને એક વિશિષ્ટ કર લાભ આપે છે. બે વર્ષ કે તેથી વધુ સમય માટે યુનિટ ધરાવતા રોકાણકારો માટે, કેપિટલ ગેઇન પર 12.5 ટકા (આ ઉપરાંત સરચાર્જ અને સેસ લાગુ) ના દરે કર લાદવામાં આવે છે, જેમાં ઇન્ડેક્સેશન લાભો હોય છે. આ પરંપરાગત સાધનો કરતાં નોંધપાત્ર રીતે વધુ કર-કાર્યક્ષમ છે, જ્યાં હોલ્ડિંગના સમયગાળાને ધ્યાનમાં લીધા વિના, રોકાણકારના સ્લેબના દરે લાભ પર શોર્ટ ટર્મ કેપિટલ ગેઇન તરીકે કર લાદવામાં આવે છે. આમ, આ ફંડ્સ બેથી પાંચ વર્ષના મધ્યમ ગાળાના રોકાણ ક્ષિતિજ ધરાવતા રોકાણકારો માટે ખૂબ જ યોગ્ય છે. તેઓ એવા લોકો માટે છે જેઓ મધ્યમ સંપત્તિ વૃદ્ધિનું લક્ષ્ય રાખીને મૂડીનું રક્ષણ કરવા માટે પ્રમાણમાં ઓછા જોખમવાળા માર્ગો શોધે છે. નોંધપાત્ર ઇક્વિટી જોખમ લીધા વિના તેમના ફિક્સ્ડ ઇન્કમ એક્સપોઝરમાં વિવિધતા લાવવા માંગતા લોકો માટે, આ ફંડ્સ પોર્ટફોલિયો બનાવવા માટે વિચારશીલ અને સુનિયોજિત અભિગમ રજૂ કરે છે.

**નિષ્કર્ષઃ બદલાતી જરૂરિયાતો માટે એક સ્થિતિસ્થાપક રોકાણ વ્યૂહરચના**

નાણાકીય બજારો વધુને વધુ જટિલ અને અણધાર્યા બની રહ્યા છે ત્યારે ઇન્કમ પ્લસ આર્બિટ્રેજ ફંડ ઓફ ફંડ્સ એક સુનિયોજિત અને સમજદારી પૂર્વકના ઇન્વેસ્ટમેન્ટ સોલ્યુશન્સ પૂરા પાડે છે. ડેટની સ્થિરતાને આર્બિટ્રેજની કાર્યક્ષમતા સાથે મિશ્રિત કરીને, આ ફંડ જોખમ અથવા જટિલતાના ચરમસીમા વિના સંપત્તિ નિર્માણ માટે સંતુલિત માર્ગ પૂરો પાડે છે. જે રોકાણકારો તેમના ફિક્સ્ડ ઇન્કમના એક્સપોઝરમાં વૈવિધ્યીકરણ કરવા, મધ્યમ-ગાળાના લક્ષ્યો માટે યોજના બનાવવા અથવા ફક્ત તેમના પોર્ટફોલિયોમાં થોડી સ્થિતિસ્થાપકતા ઉમેરવા માંગતા હોય તેમણે આ ફંડ માટે ગંભીરતાપૂર્વક વિચારણા કરવી જોઈએ. તેઓ આજના બજારમાં રોકાણ કરવાની એક વિચારશીલ રીતનું પ્રતિનિધિત્વ કરે છે જે સુસંગતતા, સુગમતા અને લાંબા ગાળાની નાણાકીય સુખાકારીને પ્રાથમિકતા આપે છે.

**સ્રોતઃ** એક્સિસ ફંડ મ્યુચ્યુઅલ ફંડ રિસર્ચ (નોંધઃ કરવેરાની વ્યક્તિગત અસરો માટે, રોકાણકારોને રોકાણ કરતા પહેલા તેમના કરવેરા સલાહકારોની સલાહ લેવા વિનંતી છે.)

# સગીર દાતા પાસેથી લીવર ટ્રાન્સપ્લાન્ટ માટે પરવાનગી માગતી અરજી પર નિર્ણય લેવા હાઇ કોર્ટનો આદેશ

મુંબઈ : બોમ્બે હાઈ કોર્ટે એક નાગરિક સંચાલિત હોસ્પિટલને લીવર ફેલ્યોરની જીવલેણ બીમારીથી પીડાતા એક પુરુષ દ્વારા દાખલ કરાયેલી અરજી પર નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો છે, જેમાં તેણે એક સગીર છોકરા પાસેથી લીવર દાન લેવાની પરવાનગી માગી હતી. જસ્ટિસ મંજુષા દેશપાંડેની વેકેશન બેન્ચે ગુરુવારે જણાવ્યું હતું કે કેઈએમ હોસ્પિટલની ઓથોરાઈઝેશન કમિટી શક્ય તેટલી વહેલી તકે મંજૂરી માટે પુરુષની અરજી પર નિર્ણય લેશે.

એક્યુટ-ઓન-ક્રોનિક લીવર ફેલ્યોરવાળા આ વ્યક્તિએ હાઈ કોર્ટમાં અરજી કરી હતી અને ડર વ્યક્ત કર્યો હતો કે તેને મંજૂરી નહીં મળે કારણ કે દાતા સગીર હતો અને કાયદા હેઠળ તે સંબંધીની વ્યાખ્યામાં આવતો નથી.

તેમની અરજી મુજબ, દાતા ૧૭ વર્ષનો છોકરો છે અને તે માનવ અંગો અને પેશીઓ પ્રત્યારોપણ અધિનિયમની કલમ ૨(એચબી) (આઈ) હેઠળ 'નજીકના સંબંધી' ની વ્યાખ્યામાં આવતો નથી. આ જોગવાઈ હેઠળ દાતા જીવનસાથી, પુત્ર, પુત્રી, માતાપિતા, ભાઈ-બહેન, દાદા-દાદી અથવા પૌત્ર-પૌત્રી હોવા જોઈએ.

તેમની અરજીમાં વ્યક્તિએ હાઇ કોર્ટને આરોગ્ય સેવાઓ નિયામક, મુંબઈ અને અન્ય સંબંધિત અધિકારીઓને લીવર ટ્રાન્સપ્લાન્ટ માટે મંજૂરી આપવાનો નિર્દેશ આપવા વિનંતી કરી છે.

સરકારી વકીલ પૂર્ણિમા કંથારિયાએ કોર્ટને માહિતી આપી હતી કે મંજૂરી માટેની અરજી પર વિચાર કરવા માટે કેઈએમ હોસ્પિટલની એક અધિકૃત સમિતિની રચના કરવામાં આવી છે. બેન્ચે સમિતિને અરજદારની અરજી પર શક્ય તેટલી વહેલી તકે નિર્ણય લેવાનો અને ત્રીજી નવેમ્બરના રોજ કોર્ટમાં રિપોર્ટ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. ■

# માગાઠાણેમાં ૬૪૦ ઘરનાં બાંધકામનો માર્ગ મોકળો

## પર્યાવરણીય મંજૂરી મળતા ટૂંક સમયમાં કામ શરૂ થશે

મુંબઈ : મ્હાડાના મુંબઈ બોર્ડે બોરીવલીના માગાઠાણે ખાતે ટર્નકી યોજના હેઠળ એક હાઉસિંગ પ્રોજેક્ટ હાથ ધર્યો હતો. આ પ્રોજેક્ટ માટેના કોન્ટ્રાક્ટને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું અને વર્ક ઓર્ડર પણ જારી કરવામાં આવ્યો હતો. જોકે પ્રોજેક્ટ માટે પર્યાવરણીય મંજૂરી ન મળવાને કારણે ઘરોનું બાંધકામ અટકી ગયું હતું. જોકે હવે આ ઘરોના બાંધકામનો માર્ગ મોકળો થઈ ગયો છે. હવે ટૂંક સમયમાં બાંધકામ શરૂ થશે.

મુંબઈ બોર્ડે માગાઠાણેમાં ૫૧૨ ઘરો બનાવવાનો નિર્ણય લીધો હતો. આ ૫૧૨ ઘરોમાં ૧૨૪ ટ્રાન્ઝિશનલ કેમ્પ ઘરો અને ૩૯૦ મધ્યમ વર્ગના ઘરોનો સમાવેશ થાય છે. બોર્ડે આ પ્રોજેક્ટ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી અને બી. જી. શિર્કે કંપનીને કોન્ટ્રાક્ટ આપ્યો. આ માટે વર્ક ઓર્ડર પણ આપવામાં આવ્યા હતા. જોકે, પર્યાવરણીય મંજૂરી ન મળતા, કામ શરૂ થઈ શક્યું નહોતું. મુંબઈ બોર્ડે પ્રોજેક્ટમાં કેટલાક સુધારા કરીને પર્યાવરણીય મંજૂરી માટે ફરીથી દરખાસ્ત મોકલી. તે મુજબ, આ સ્થળ પર ૫૧૨ ને બદલે ૬૪૦ ઘરો બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો. મ્હાડાના વરિષ્ઠ અધિકારીઓએ માહિતી આપી હતી કે ૧૦૬ કરોડ રૂપિયાના આ પ્રોજેક્ટને આખરે પર્યાવરણીય મંજૂરી મળી ગઈ છે અને હવે ટૂંક સમયમાં કામ શરૂ થશે. ■

# બોઈસરમાં જ્વેલરી શૉપમાં ગોળીબારઃ લૂંટારા ફરાર

પાલઘરઃ બોઈસરમાં જ્વેલરી શૉપમાં ઘૂસેલી લૂંટારા ટોળકીએ પિસ્તોલમાંથી બે રાઉન્ડ ફાયર પણ કર્યા હતા, પરંતુ બાદમાં લૂંટ ચલાવ્યા વિના જ ટોળકી ફરાર થઈ ગઈ હતી.

બોઈસર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના શુક્રવારની સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ ગણેશ નગર પરિસરમાં બની હતી. લૂંટારાઓની ટોળકીએ દુકાનમાં ઘૂસીને આતંક મચાવી દીધો હતો. એક લૂંટારાએ તો પિસ્તોલમાંથી બે રાઉન્ડ ફાયર કર્યા હતા.

અધિકારીના જણાવ્યા મુજબ સદ્‌નસીબે ગોળીબારમાં કોઈને ઇજા થઈ નહોતી. ગોળીબારનો અવાજ સાંભળી રાહદારીઓનું ટોળું ભેગું થવા લાગ્યું હતું.

ડરના માર્યા લૂંટારાઓ ફરાર થઈ ગયા હતા. જોકે તેમની પિસ્તોલ દુકાન પર પડી ગઈ હતી.

બનાવની જાણ થતાં બોઈસર પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે ઘટનાસ્થળેથી પિસ્તોલ તાબામાં લીધી હતી. પિસ્તોલને ફોરેન્સિક તપાસ માટે મોકલી દેવાઈ હોવાનું પોલીસનું કહેવું છે. આ પ્રકરણે બોઈસર પોલીસ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચે તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ)■



# એગ્રો કંપની સાથે 30 લાખની ઠગાઈ: તમિળનાડુના ત્રણ સામે ગુનો નોંધાયો

થાણે: એગ્રો કંપની સાથે ૩૦ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ તમિળનાડુના ત્રણ જણ વિરુદ્ધ થાણે જિલ્લાની પોલીસે ગુનો નોંધ્યો હતો.

કલ્યાણ નજીક શહાડ ખાતે આવેલી કંપની દ્વારા પોલીસમાં નોંધાવાયેલી ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે તમિળનાડુના ઇરોડ જિલ્લામાં પેરુન્દુરાઇ ખાતેની કંપનીના એમડી સહિત ત્રણ જણે જુલાઇ-ઑગસ્ટમાં હળદરનો આર્ડર આપ્યો હતો.

કન્સાઇનમેન્ટ સમંતિ મુજબ સપ્લાય કરવામાં આવ્યું હતું, પણ આરોપીઓએ માત્ર છ લાખ રૂપિયા ચૂકવ્યા હતા અને વારંવાર યાદ અપાવ્યા છતાં તેઓ બાકીના ૩૦.૭૫ લાખ રૂપિયા ચૂકવવામાં નિષ્ફળ ગયા હતા, એમ ખડકપાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું. દરમિયાન ફરિયાદીએ બાકીના રૂપિયા અંગે સંપર્ક સાધ્યો હતો ત્યારે આરોપીઓ ઉડાઉ જવાબ આપવા લાગ્યા હતા. બાદમાં તેમનો સંપર્ક થઇ શક્યો નહોતો, જેને પગલે ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. (પીટીઆઇ)

# થાણેના વેપારી સાથે ₹ ૧.૪ કરોડના સોનાની છેતરપિંડી: પાંચ ઝવેરી સામે ગુનો

થાણે: ૪૧ વર્ષના વેપારી સાથે ૧.૪ કરોડ રૂપિયાના સોનાની છેતરપિંડી આચરવા બદલ થાણેમાં ઝવેરીના પરિવારના પાંચ સભ્ય વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

દાગીના લે-વેચનો વ્યવસાય ધરાવતા ફરિયાદીને આરોપીઓએ સોનાના દાગીનાના બદલામાં 'એ-વન' ગુણવત્તાવાળું સોનું પૂરું પાડવાનું આશ્વાસન આપ્યું હતું.

દરમિયાન આરોપીઓએ ફરિયાદી પાસેથી ૧,૨૧૬.૩૮ ગ્રામ સોનાના દાગીનાની માગણી કરી હતી, જેની કિંમત ૧.૪ કરોડ રૂપિયા છે. જોકે દાગીનાની ડિલિવરી લીધા બાદ આરોપીઓએ ફરિયાદીને ન તો સોનું આપ્યું હતું, ન રૂપિયા ચૂકવ્યા હતા. આરોપીઓએ બાદમાં પોતાના મોબાઇલ સ્વીચઓફ કરી દીધા હતા. આથી તેમની વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ પ્રકરણે ગુનો દાખલ કરવામાં આવ્યો હોઇ તેની તપાસ ચાલી રહી છે, એમ થાણે નગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. ત(પીટીઆઇ)

# દારૂડિયા ટેમ્પોચાલકની પોલીસ કર્મચારીઓ સાથે ધક્કામુક્કી: ચેકપોસ્ટમાં કરી તોડફોડ

થાણે: થાણે જિલ્લાના કલ્યાણમાં બ્રેથ એનલાઇઝર ટેસ્ટ કરવાનું કહ્યા બાદ ઉશ્કેરાયેલા દારૂડિયા ટેમ્પોચાલકે પોલીસ કર્મચારીઓ સાથે ધક્કામુક્કી કરવા સાથે તેમની ચેકપોસ્ટમાં તોડફોડ પણ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ગુરુવારે રાતે આ ઘટના બની હતી અને પોલીસે ટેમ્પોચાલક મહેશ મલ્હારી સાળુંકે (૪૦) સામે ગુનો દાખલ કર્યો હતો, એમ કોલશેવાડી પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું.

ચક્કી નાકા પોઇન્ટ પર નિયમિત ચેકિંગ દરમિયાન પોલીસે ટેમ્પોને રોક્યો હતો અને તેનો ચાલક દારૂના નશામાં હોવાનું જાણવા મળ્યું હતું. ચાલકે મંજૂરીની મર્યાદાથી વધુ દારૂ પીધો છે કે નહીં તેની ખાતરી કરવા માટે તેને બ્રેથ એનલાઇઝર ટેસ્ટ કરાવવાનું કહેવામાં આવ્યું હતું.

જોકે ઉશ્કેરાયેલા ટેમ્પોચાલકે પોલીસ કર્મચારીઓને ગાળો ભાંડીને તેમને ધમકી આપી હતી અને પોતે આત્મહત્યા કરશે, એવું કહ્યું હતું.

ટેમ્પોચાલકે બાદમાં પોલીસ કર્મચારીઓ સાથે ધક્કામુક્કી કરી હતી અને પોલીસ ચેકપોસ્ટની બારી પર પોતાનું માથું અફાળ્યું હતું, જેને કારણે બારીનો કાચ તૂટી ગયો હતો. તેણે ચેકપોસ્ટમાં તોડફોડ કરી હતી અને કમ્પ્યુટરના વાયર કાપી નાખ્યા હતા.

આ ઘટનામાં ટેમ્પોચાલકને ઇજા પણ થઇ હતી. ટેમ્પોચાલક વિરુદ્ધ કોલસેવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી, જેને આધારે તેની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)

# કલ્યાણમાં મામાની હત્યા કરવા બદલ ભાણેજની ધરપકડ

થાણે: થાણે જિલ્લાના કલ્યાણમાં ૪૦ વર્ષના મામાની હત્યા કરવા બદલ ૨૬ વર્ષના ભાણેજની શુક્રવારે ધરપકડ કરવામાં આવી હતી. મૃતકની ઓળખ મરિઅપ્પા રાજુ નાયર (૪૦) તરીકે થઇ હોઇ તે આરોપી ગણેશ રમેશ પૂજારી સાથે ગોરેગામ વિસ્તારમાં રહેતો હતો.

કલ્યાણની હોસ્પિટલમાં ગુરુવારે રાતે ગણેશ પૂજારીએ તેના મામાનું માથું પગથિયાં પર અફાળ્યું હતું અને બાદમાં તેને ઊંચકીને દાદરા પર ફેંકી દીધો હતો. ગંભીર રીતે ઘવાયેલા મરિઅપ્પાનું બાદમાં મૃત્યુ થયું હતું. દરમિયાન બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પૂજારીને કસ્ટડીમાં લીધો હતો. મરિઅપ્પાના મૃતદેહને બાદમાં પોસ્ટમોર્ટમ માટે મોકલાયો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

# હત્યાના કેસમાં બે જણ નિર્દોષ જાહેર: કોર્ટે કહ્યું પીડિતનું મૃત્યુ હાર્ટએટેકથી થયું

થાણે: થાણે જિલ્લાની કોર્ટે ઑક્ટોબર, ૨૦૨૦માં પડોશીની હત્યાના કેસમાં બે જણને નિર્દોષ જાહેર કર્યા હતા. કોર્ટે કહ્યું હતું કે પડોશીનું મૃત્યુ કુદરતી કારણોસર થયું હતું.

ગુફરાન યુસુફઅલી અન્સારી (૩૦) અને શાહનવાઝ મોહંમદ શફી અન્સારી (૩૪) સામેના આરોપ પુરવાર કરવામાં તપાસકર્તા પક્ષ નિષ્ફળ ગયો હોવાનું જજ એસ. બી. અગ્રવાલે ૨૭ ઑક્ટોબરે આપેલા પોતાના આદેશમાં જણાવ્યું હતું.

મુંબ્રા વિસ્તારમાં આવેલા સાંઇ પ્રસાદ ચાલમાં ૮ ઑક્ટોબર, ૨૦૨૦ના રોજ આ ઘટના બની હતી. તપાસકર્તા પક્ષના જણાવ્યા અનુસાર સ્ટવ રિપેરિંગની દુકાન ધરાવતા ગુલામ રસૂલ જમીન હક શેખે આરોપી ગુફરાનના પિતા દ્વારા કરવામાં આવી રહેલા સુથારીકામને કારણે ઊડતી ધૂળ સામે વાંધો ઉઠાવ્યો હતો, જેની નજીકમાં ટેલરિંગની દુકાન હતી.

તપાસકર્તા પક્ષે દાવો કર્યો હતો કે આ અંગે થયેલા ઝઘડાને કારણે ગુફરાને સવારે શેખ પર હુમલો કર્યો હતો. રાતે શેખના સંતાનો આ અંગે આરોપીને પૂછવા ગયા ત્યારે તેણે ગાળો ભાંડી હતી અને શેખની મારપીટ કરી હતી, જેમાં તેનું મૃત્યુ થયું હતું.

જોકે કોર્ટે નોંધ્યું હતું કે કોઇ પણ સ્વતંત્ર સાક્ષીએ તપાસકર્તા પક્ષને ટેકો આપ્યો નહોતો અને મૃતકની તપાસ કરનારા ડૉક્ટરે તારણ કાઢ્યું હતું કે તેનું મૃત્યુ હાર્ટએકેટથી થયું હતું. (પીટીઆઇ)

# તળોજામાં બાળકી સાથે દુષ્કર્મ: વૃદ્ધ આરોપીની પીડિતાની માતા સાથે સાઠગાંઠ

પનવેલ: લંડનથી પાછા ફરેલા ૭૦ વર્ષના વૃદ્ધે ૧૦ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના તળોજા વિસ્તારમાં બની હતી. ચોંકાવનારી બાબત એ છે કે બાળકીનું જાતીય શોષણ થઇ રહ્યું હોવાની જાણ હોવા છતાં તેની માતાએ વૃદ્ધ આરોપી પાસેથી રૂપિયા લીધા હતા અને બાળકીને તે આરોપીને ઘરે વારંવાર મોકલતી હતી. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરી વૃદ્ધ તથા બાળકીની માતાની ધરપકડ કરી હતી.

તળોજા પોલીસે ધરપકડ કરેલા વૃદ્ધની ઓળખ ફારુક અલાઉદ્દીન શેખ તરીકે થઇ હતી, જે તળોજા સેક્ટર-૨૦માં આવેલી ઇમારતમાં રહે છે. તેણે બાળકીને દારૂ પીવડાવીને વારંવાર તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. છેલ્લાં બે વર્ષથી તે બાળકીનું જાતીય શોષણ કરી રહ્યો હતો અને આની જાણ કોઇને કરતાં જાનથી મારી નાખવાની ધમકી તેણે બાળકીને આપી હતી.

દરમિયાન આ ઘટના પ્રકાશમાં આવ્યા બાદ તળોજા પોલીસે ભારતીય ન્યાય સંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. પોલીસે બાળકીની માતાની પૂછપરછ કરતાં આરોપી અને તેની સાઠગાંઠ સામે આવી હતી.

બાળકીનું જાતીય શોષણ થઇ રહ્યાની જાણ તેની માતાને હતી, તેમ છતાં તેણં આરોપી ફારુક શેખ પાસે ભાડેથી ઘર લેવા માટે અઢી લાખ રૂપિયા લીધા હતા. એ સિવાય દર મહિને ફારુક પાસેથી મળી રહેલા પૈસાથી તે રેશન ખરીદતી હતી, એવું તપાસમાં જાણવા મળ્યું હતું.

# સરકાર દ્વારા સપકાળ પર જાસૂસી: કૉંગ્રેસનો દાવો

મુંબઈ: કોંગ્રેસે શુક્રવારે મુંબઈ પોલીસ પર પાર્ટીના મહારાષ્ટ્ર એકમના વડા હર્ષવર્ધન સપકાળ પર જાસૂસી કરવાનો આરોપ લગાવ્યો હતો. રાજ્ય કોંગ્રેસના પ્રવક્તા અતુલ લોંધેએ જણાવ્યું હતું કે ગાવદેવી પોલીસ સ્ટેશનના કર્મચારીઓ સપકાળ મુંબઈમાં હોય ત્યારે રહે છે એ સર્વોદય આશ્રમમાં સપકાળના રૂમમાં ઘૂસી ગયા હતા અને તેમને મીડિયાની હાજરી અને પરિસરમાં ચાલી રહેલી પ્રવૃત્તિઓ વિશે પૂછપરછ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે પોલીસકર્મીઓ દેખીતી રીતે સપકાળને ઓળખતા નહોતા.

શું જાસૂસી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ કે (શહેર પોલીસ કમિશનર) દેવેન ભારતીના આદેશ પર થઈ રહી છે? લોંધેએ પૂછ્યું.

મહેસૂલ પ્રધાન અને ભાજપના નેતા ચંદ્રશેખર બાવનકુલેએ આરોપને ફગાવી દેતા કહ્યું કે, કોંગ્રેસ અને મહા વિકાસ આઘાડીના સમયમાં જાસૂસી થતી હતી. અમારો એકમાત્ર એજન્ડા રાજ્ય અને તેના લોકોનો વિકાસ છે. અમારી પાસે કોઈની પણ જાસૂસી કરવાનો સમય નથી. (પીટીઆઈ)

# મુંબઈમાં ઑક્ટોબર મહિનામાં વરસાદનો રેકોર્ડ: ૧૬૫ મિ.મી. વરસાદ નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં ગુરુવારે વરસાદે થોડો વિરામ લીધા બાદ શુક્રવાર સવારથી વાદળિયુંવાતાવરણ રહ્યા બાદ પણ દિવસભર વરસાદ વરસ્યો હતો. નૈઋર્ત્યના ચોમાસાએ આઠ ઑક્ટોબરના વિદાય લીધા બાદ પણ મુંબઈમાં વરસાદ ચાલુ જ રહ્યો છે. આ વર્ષનો ઓક્ટોબર ભીનો રહ્યો છે અને કોલાબામાં સરેરાશ ૧૬૫ મિ.મી. વરસાદ નોંધાયો છે, જે છેલ્લા ત્રણ વર્ષનો ઓક્ટોબરનો હાઈએસ્ટ વરસાદ છે.

મુંબઈમાં સામાન્ય રીતે આ સમયગાળામાં મુંબઈગરા ઓક્ટોબર હીટનો અનુભવ કરતા હોય છે પણ આ વર્ષે મુંબઈમાં ઓક્ટોબર મહિનામાં ચોમાસાની વિદાય બાદ પણ સતત વરસાદી માહોલ રહ્યો છે. ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં સરેરાશ ૧૩૧ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ૨૦૨૩ની સાલમાં માત્ર ૨૪.૨ મિ.મી. વરસાદ નોંધાયો હતો. તેની સામે આ વર્ષે કુલ વરસાદ પણ સામાન્ય કરતાં ૯૧.૨ મિ.મી. વધુ નોંધાયો છે.

કોલાબામાં સરેરાશ ૧૬૫ મિ.મી. વરસાદ સામે સાંતાક્રુઝમાં આ વર્ષે ઓક્ટોબરમાં સરેરાશ ૭૩.૧ મિ.મી. વરસાદ નોંધાયો છે. દિવાળીના અઠવાડિયાની આસપાસ ઘણા કમોસમી વરસાદના ઝાપટા રહ્યા હતા, તેને કારણે દિવાળીની ઊજવણીમાં ભંગ પડ્યો હતો. ઓક્ટોબર બાદ હવે આજથી શરૂ થઈ રહેલા નવેમ્બર મહિનામાં પણ વરસાદ રહેવાનો છે.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ચાર નવેમ્બર સુધી મુંબઈ, થાણે અને પાલઘરમાં હળવો વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ડીપ ડિપ્રેશ તેમ જ ડિપ્રેશન સાથે સંકળાયેલ અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમને સાથે ચાલતા ટ્રફને આભારી છે.

દિવસભરના હળવા વરસાદને કારણે જોકે દિવસના તાપમાનમાં ઘટાડો કર્યો હતો. દિવસ દરમ્યાન કોલાબામાં ૩૧ ડિગ્રી અને સાતાંક્રુઝમાં ૩૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જે સામાન્ય કરતા ૩.૩ ડિગ્રી અને ૪.૭ ડિગ્રી ઓછું હતું. તો કોલાબામાં અને સાંતાક્રુઝમાં અનુક્રમે ૨૪.૮ ડિગ્રી અને ૨૪.૨ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું, જે કોલાબામાં સામાન્ય હતું પણ સાંતાક્રુઝમાં સામાન્ય કરતા ૧.૯ ડિગ્રી વધારે હતું.

છેલ્લા પાનાનું ચાલુ

## ગોરેગામ-મુલુંડ

પ્રવેશ કરાવવા માટે ૨૦૦ મીટર લાંબો, ૫૦ મીટર પહોળો અને ૩૫ મીટર ઊંડો લોન્ચિંગ શાફ્ટ બનાવવામાં આવી રહ્યો છે. બે ટ્વીન ટનલ માટે બે અત્યાધુનિક ટીબીએમ આવશ્યક છે, તેમાંથી એક ટીબીએમના તમામ પાર્ટસ આવી ગયા છે. જ્યારે બીજા ટીબીએમના પાર્ટસ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી અપેક્ષિત છે. ઑક્ટોબર ૨૦૨૬માં ટીબીએમના તમામ પાર્ટસને જોડી દેવામાં આવશે અને ત્યારબાદ ટનલ માટેનું ખોદકામ શરૂ થશે.

ટીબીએમનો ઉપયોગ કરીને લગભગ ૫.૩ કિલોમીટરની ટ્વીન ટનલનું ખોદકામ કરવામાં આવશે, જેમાં બોક્સ ટનલ સહિતની કુલ લંબાઈ ૬.૬૨ કિલોમીટર સુધી પહોંચશે. દરેક ટનલનો બાહ્ય વ્યાસ અંદાજે ૧૪.૪૨ મીટર સુધીનો હશે. એક વખત આ ટનલ પૂરી થઈ જશે તો તે મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં સૌથી લાંબી ટનલ હશે. એડિશનલ મ્યુનિસિપલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું કે ગોરેગામ-મુલુંડ લિંક રોડએ પશ્ચિમ-પૂર્વ ઉપનગરને જોડનારો ચોથો કનેક્ટર બની રહેશે. દાદાસાહેબ ફાળકે ફિલ્મ સિટીથી મુલુંડ સુધી એક નવો લિંક રોડ બનાવવામાં આશે, જે પશ્ચિમ મુંબઈ કોસ્ટલ રોડને મલાડ માઈન્ડસ્પેસ સુધી જોડશે. આ સિગ્નલ - ફ્રી રૂટથી સીધો પ્રવાસ કરી શકાશે અને મલાડથી ઐરોલી વચ્ચેની મુસાફરીના સમયમાં નોંધપાત્ર ઘટાડો થશે. લગભગ ૧૪,૦૦૦ કરોડ રૂપિયાનો ૧૨.૨ કિલોમીટર લાંબો ગોરેગામ-મુલુંડ લિંક રોડ વેસ્ટર્ન અને ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવને જોડશે, જે મુસાફરીનો સમય ઘટાડીને માદ્દ ૨૫ મિનિટનો કરી દશે. પ્રોજેક્ટનો ફેઝ ત્રણ (બી) લગભગ ૬,૫૦૦ કરોડ રૂપિયાનો છે, જેમાં ફિલ્મ સિટી ખાતે ૧.૨૨ કિલોમીટર લાંબી ટ્રિપલ-લેન બોક્સ ટનલ અને સંજય ગાંધી નેશનલ પાર્કની નીચે ટવીન ટનલનો સમાવેશ થાય છે. આ ૬.૨ કિલોમીટરનો કોરીડોર જમીનની નીચે ૨૦થી ૧૬૦ મીટર ઊંડાઈએ છે, જેમાં દર ૩૦૦ મીટર પર ઈન્ટરકનેકશન હશે.

## આજથી બેસ્ટની

સુધી વિસ્તારમાં આવી છે. એ-૩૬૨ બસને કુર્લા બસ સ્ટેશન પૂર્વથી ડૉ. આંબેડકર ઉદ્યાનથી સુભાષ નગર, આચાર્ય વિદ્યાલય, ખારદેવ નગર માર્ગે દેવનાર ડેપો સુધી વિસ્તારવામાં આવી છે. ઘાટકોપર ડેપોથી આગરચોક અંધેરી પૂર્વ દરમ્યાન દોડનારી એ-૫૩૩ બસ ગોખલે પૂલ માર્ગે અંધેરી સ્ટેશન પશ્ચિમ સુધી વિસ્તારમાં આવી છે. એ-૫૦૨ નેરુલ સેક્ટર ૪૮થી દેવનાર ડેપો દરમ્યાન દોડનારી બસ શિવાજી નગર ડેપો સુધી વિસ્તારમાં આવી છે. દેવનાર ડેપોથી બોરીવસી સ્ટેશન પૂર્વ વચ્ચે દોડનારી એ-સી ૬૦ હવે એ-૪૫૮ આ નવા નંબર સાથે દોડશે. રાણી લક્ષ્મી બાઈ ચોકથી એન્ટોપ હિલ દરમ્યાન દોડનારી બસ હવે એ-૩૩૬ આ નંબરથી દોડશે અને ચારકોપરથી મરોલ ડેપો દરમ્યાન દોડનારી એ-૪૬૧ બસ હવે એ-૪૬૫ આ નવા નંબર સાથે દોડશે.

વર્લ્ડ ટ્રેડ સેન્ટરથી મહાત્મા ફુલે માર્કેટ દરમ્યાન દોડનારી એ-૨૫ હવે એ-૧૦૧ આ નંબર સાથે દોડશે. સાંતાક્રુઝ ડેપોથી કોલાબા ડેપો વચ્ચે દોડનારી એ-૧ હવે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ સુધી દોડશે. ભાયખલા સ્ટેશન પશ્ચિમથી કોલાબા ડેપો સુધી દોડનારી એ-૭૮ બસ ડૉ. શ્યમાપ્રસાદમુખર્જી ચોક સુધી દોડશે. એ-૩૭૦ બસ મ્હાડા મુલુંડથી કેળકર કોલેજ દરમ્યાન દોડશે. ૬૦૫ નંબરની બસ હવે એ-૬૦૫માં રૂપાંતર કરવામાં આવી છે અને તે ટેમ્ભીપાડાના બદલે વૈભવ ચોક સુધી અને ૬૦૬ આ બસ નરદાસ નગરને બદલે અશોક કેદારે ચોક સુધી ખંડિત કરવામાં આવી છે. બસ નંબર એ-૧૭૧ વરલી ડેપોથી ચુનાભટ્ટીને બદલે એન્ટોપ હિલ સુધી દોડશે.

૧૦૦ નંબરની અહિલ્યાબાઈ હોળકર ચોકથી ફ્રી પ્રેસ જર્નલ માર્ગ, બોરીવલી સ્ટેશન પૂર્વથી જય મહારાષ્ટ્ર નગર એ-૨૯૯, કાળાકિલ્લા ગરથી મહારાણા પ્રતાપ ચોક મુલુંડ બસ નંબર સી-૩૦૨, વિક્રોસી સ્ટેશન પશ્ચિમથી હિરાનંદાની બસ નંબર ૪૧૮, ઘાટકોપર ડેપોથી નેરુલ બસ ડેપો એ-૫૧૧, કાંજુરમાર્ગ સ્ટેશન પશ્ચિમથી હનુમાન નગર ૬૦૮ અને ભાંડુપ સ્ટેશન પશ્ચિમથી હનુમાન નગર ૬૧૨ નંબરની બસ બંધ કરી દેવામાં આવી છે.

## ફ્લેટ માલિકોને

અંદર તેનો અહેવાલ રજૂ કરશે. તે પ્રસ્તાવિત કાયદા માટે નિયમોનો મુસદ્દો પણ તૈયાર કરશે જે સત્તાવાર જમીન અને મિલકતના રેકોર્ડમાં વ્યક્તિગત ફ્લેટ-માલિકોની નોંધણીને મંજૂરી આપશે. આ પગલાથી માલિકીના મુદ્દાઓ પર લાંબા સમયથી અપેક્ષિત સ્પષ્ટતા આવવાની શક્યતા છે, ખાસ કરીને રહેણાંક સંકુલ કઈ જમીન પર છે અને સામાન્ય ઉપયોગ માટે બનાવાયેલા વિસ્તારો વગેરે બાબતે સ્પષ્ટતા મળશે.

આ મુદ્દાઓ પર સેટલમેન્ટ કમિશનર દ્વારા અગાઉ રજૂ કરાયેલ દરખાસ્તની પણ સમિતિ દ્વારા સમીક્ષા કરવામાં આવશે.

હાલમાં, સરકારી રેકોર્ડમાં મિલકતની એન્ટ્રીઓ એપાર્ટમેન્ટ બિલ્ડિંગમાં ફ્લેટ-માલિકોને છોડીને ફક્ત વેચાણ કરાર, ઉત્તરાધિકાર અથવા લીઝ દ્વારા કરવામાં આવે છે. ગુરુવારે જારી કરાયેલા સરકારી ઠરાવ મુજબ, નવી પહેલ તેમાં સુધારો કરવાનો હેતુ ધરાવે છે.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધારી નિવાસી હાલ મલાડ પ્રવીણચંદ્ર મોહનલાલ ઠોસાણીના ધર્મપત્ની ચંદ્રિકાબેન (ઉં. વ. ૭૩) તા. ૨૯-૧૦-૨૫ના બુધવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પ્રભાબેન મોહનલાલ ઠોસાણીના પુત્રવધૂ. રિતેશભાઇ અને રિપુલભાઇના માતુશ્રી. બિજલબેન રિકેશભાઇ ઠોસાણીના સાસુ. રાશિ, પ્રજ્ઞા, પ્રેસાના દાદી. સુલતાનપુર નિવાસી સ્વ. કેશવલાલ શામળજી જસાણીની સુપુત્રી. બન્ને પક્ષ તરફથી પ્રાર્થનાસભા તા. ૨-૧૧-૨૫ રવિવારના ૩થી ૫. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ (મોટો ઉપાશ્રય), પારેખ લેન, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), ૪-માળે.

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર તીર્થ નિવાસી બીપીનભાઇ કાંતિલાલ શાહ (ઉ.વ. ૮૨) તે ગુણવંતીબેનના પતિ. રાકેશ, પીયૂષ, એકતા તથા સ્વ. હેતલના પિતા. અજયકુમાર, સ્વ. અમરીશકુમાર, શીતલ તથા મયૂરીના સસરા. સાક્ષી, હિમાની, મોક્ષા, તીર્થના દાદા. સ્વ. તરલીકાબેન, સ્વ. સુરેશભાઇ, સ્વ. પ્રમોદભાઇ તથા અશ્વિનભાઇના ભાઇ ગવાડા નિવાસી સ્વ. બાળચંદ કંકુચંદ વખારીયાના જમાઇ. તે તા. ૩૦-૧૦-૨૫ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પોરબંદર દશા શ્રીમાળી સ્થા. જૈન**

પોરબંદર નિવાસી હાલ દાદર ગં. સ્વ. વિનોદી વિનોદચંદ્ર ગોસલીયા (ઉં. વ. ૮૬) તે હની-ભાવિની, અશેષ-ભાવિના માતા. વશ-કાજલ, આર્યન-હસ્તીના દાદી. પોરબંદર નિવાસી ચંપાબેન અમૃતલાલ દોશીના પુત્રી. ગુરૂવાર તા. ૩૦-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧-૧૧-૨૫ રોજ ૩.૪૫થી ૫.૩૦. ઠે. માટુંગા, એસ.એન.ડી.ટીમાં રાખેલ છે.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ મનફરાના સ્વ. રૂપાબેન લખમશી નરશી ગાલા (ઉં. વ. ૮૫) ગુરુવાર, તા.૩૦.૧૦.૨૫ના અવસાન પામેલ છે. સ્વ. મોંઘીબેન નરશીના પુત્રવધૂ. સ્વ.લખમશીના ધર્મપત્ની, હસમુખના માતુશ્રી. ગુણવંતીના સાસુ, ખુશ્બુ, પલક, મીતના દાદી. હલરાના સ્વ. મુરઈબેન મણશી ઉગા દેઢિયાના પુત્રી. પ્રાર્થના સભા શનિવાર તા. ૦૧.૧૧.૨૫ સમય ૨.૩૦ થી ૪.૦૦ સ્થળ. એમ.એમ.પીપલ્સ સ્કુલ, ખાર(પ).

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ મનફરાના સ્વ. કરશન ગાંગજી હિરજી ગડા (ઉં. વ. ૭૩) મંગળવાર, તા. ૨૮.૧૦.૨૫ના અવસાન પામેલ છે. મોંઘીબેન ગાંગજીના પુત્ર, મણીબેનના પતિ. પ્રકાશ, હિતેશ, રક્ષાના પિતાશ્રી. જયશ્રી, ધર્મિષ્ઠા, નિલેશ ગાલાના સસરા, મીત, તનય, સિધ્ધ, પ્રિયાના દાદા. મનફરાના નાંગલબેન દેવજી પુનશી દેઢિયાના જમાઈ. પ્રાર્થનાસભા. શનિવાર તા. ૦૧.૧૧.૨૦૨૫ સમય સવારે ૧૦.૦૦ થી ૧.૩૦. ઠે. સ્વામીનારાયણ મંદિર હોલ, શારદા સ્કુલની બાજુમાં, દત્તમંદિર રોડ, મલાડ-ઈસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોડાયના વસંત રવજી નાગડા/શાહ (ઉં. વ. ૮૧) તા. ૨૯-૧૦-૨૫ કોડાય મધ્યે અવસાન પામ્યા છે. મણીબેન રવજી ધારશીના સુપુત્ર. પ્રભાબેનના પતિ. પ્રેમલ (પ્રિયેશ), હીરેન, મીરા (મનીષા)ના પિતાશ્રી. ઉત્તમભાઇ, હરખચંદ, પ્રેમીલાબેન હરખચંદ, પ્રેમીલાબેન હરખચંદ રવજી, જ્યોતિબેન (જમના) પ્રેમજી રવજીના ભાઇ. ગોધરાના પુરબાઇ મણશી ચાંપશી રાંભીયાના જમાઇ. પ્રા. યોગી સભાગૃહ, દાદર. ટા. ૪ થી ૫.૩૦.

મોટી રાયણના કલ્યાણજી નાનજી ગડા (ઉં. વ. ૭૮) બોરીવલી મધ્યે અવસાન પામેલ છે. દેવકાંબેન નાનજી પુંજાના પુત્ર. દિવ્યાબેનના પતિ. નીના, પુનમ, નીતા, દિપકના પિતાશ્રી. રજનીકાંતના ભાઇ. મોટી ખાખરના પાનબાઇ લીલાધર તેજશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. રહેઠાણ : કલ્યાણજી ગડા, રૂમ નં. ૮, પહેલે માળે, હબીબ કોટેજ, કાજુપાડા પોલીસ ચોકીની બાજુમાં, બોરીવલી (ઇ.).

મોટા આસંબિયાના લીલાધર ખીમજી ગાલા (ઉં. વ. ૭૯) તા. ૨૯-૧૦-૨૫ના અવસાન પામેલ છે. મઠાબેન ખીમજી દેવજી ગાલાના પુત્ર. અરૂણાબેનના પતિ. સંજય, અનુપા, નિલમના પિતા. ધનજી, લક્ષ્મીચંદ, જયંતિ, લક્ષ્મી હંસરાજ, રૂક્ષ્મણી જયંતીલાલ, નયના નેમચંદ, મણી કાંતિલાલ, ભારતી દિપક, નલિની કમલેશના ભાઈ. બિદડા કસ્તુરબેન કાનજી (મગનલાલ) હીરજી રામજી માણ્ના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. લીલાધર ગાલા સી/૪૦૨, હબ ટાઉન હેવન, ભાઉદાજી રોડ, માટુંગા સે.રે., મુંબઈ ૪૦૦૦૧૯.

પત્રીના પ્રવિણ વેલજી ધરોડ (ઉં. વ. ૭૨) ગુરૂવાર, ૩૦-૧૦-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. વેલબાઇ વેલજીના પુત્ર. રમીલાના પતિ. ચૈતાલી, અનિતાના પિતા. સ્વ. જાદવજી, સ્વ. વસંત, દિપક, પ્રકાશ, સ્વ. સાકરબેન, સ્વ. ઝવેર, શાંતા, પુષ્પાના ભાઇ. ગંગામા હીરજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રમીલા પ્રેમજી ધરોડ, બી-૦૦૩, હેમનગર, કેસરી પાર્ક, આંબાવાડી, વસઇ, નાલાસોપારા (પૂર્વ).

ભુજપુરના ભારતી ગાલા (ઉં. વ. ૬૦) તા. ૩૦-૧૦-૨૫ના અરિહંત શરણ પામેલ છે. મોંઘીબાઇ ખીમજી ગાલાના પૌત્રી. સ્વ. લીલાવતી ભાણજી ગાલાના સુપુત્રી. સ્વ. માના, હીતેશ, અરવિંદના બેન. પાંચીબાઇ નરશી ઉદેશીના દોહીત્રી. પ્રાર્થના રાખેલ નથી. સરનામું : અરવિંદ ભાણજી, બીલ્ડીંગ નં. ૧૩, રૂમ નં. ૫, રોડ નં. ૧૭, પાર્ક સાઇડ કોલોની, વિક્રોલી (વે.).

બાડાના પુષ્પાબેન વિસરીયા (ઉં. વ.૮૩) તા. ૩૦-૧૦-૨૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન પ્રેમજીના પુત્રવધૂ. જેઠાલાલભાઈના પત્ની. ભૂપેન્દ્ર, પ્રફુલ, મુકેશ, કુસુમના માતા. મેરાઉ મેઘબાઈ ચાંપશી ખીંયરા મામાણીયાના સુપુત્રી. રામજી, શાંતિલાલ, નરેન્દ્ર, ભાનુબેન, તારાબેન, નિર્મલા, રંજનના બેન. પ્રા. શ્રી માટુંગા ક.વે.મૂ.જૈન સંઘની, શ્રી નારાણજી શામજી મહાજનવાડી, શ્રી પ્રેમજી જેઠાલાલ હોલ, માટુંગા (સે.રે.) ટા. ૩ થી ૪.૩૦.

નાગ્રેચાના નેણબાઇ કલ્યાણજી પાસડ (ઉં. વ. ૮૫) તા. ૩૦-૧૦-૨૫ના દેહ પરીવર્તન કરેલ છે. મા. કુંવરબાઇ કારૂ જીવરાજના પુત્રવધૂ. કલ્યાણજીના ધર્મપત્ની. પુષ્પા, સ્વ. મહેન્દ્ર, પ્રદીપ, સ્વ. ખુશાલના માતાજી. મકડા મા. રાજબાઇ પુનશીના સુપુત્રી. શામજી, હાંસબાઇ મુરજી, પુરબાઇ જીવરાજ, કુંવરબાઇ શીવજી, ગોરબાઇ મુરજીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રદીપ કલ્યાણજી, બી-૨૦૨, ચીરાગ છેડા પાર્ક, નાલાસોપારા મું.નં.૪૦૧૨૦૯.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

બાબરા નિવાસી હાલ ઘાટકોપર, જયસુખલાલ હીરાચંદ શાહના પુત્ર કિરીટભાઈના ધર્મપત્ની ભાવના (ઉં. વ. ૬૩) તા. ૨૯.૧૦.૨૫ના બુધવાર અરિહંતશરણ પામેલ છે. તે ખુશ્બુ, ખ્યાતિના માતુશ્રી. વિશાલ, જયના સાસુ. સુનીલ, અને નયના અશોકકુમારના ભાભી. પિયરપક્ષે ચોગઠ નિવાસી હાલ અમદાવાદ ચંદ્રાબેન ગુણવંતરાય મોહનલાલ શેઠની દીકરી. પ્રાર્થનાસભા તા. ૨.૧૧.૨૦૨૫ રવિવારે ૧૦ થી ૧૨. સ્થળ: કડવા પાટીદાર વાડી ૧લે માળે, એલબીએસ માર્ગ ઘાટકોપર વેસ્ટ.

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

ગામ બેડ હાલ ઘાટકોપરના સ્વ. મણીબેન કરમશી રાજાના પુત્રવધૂ રંજનબેન (ઉં. વ. ૭૧) બુધવાર, તા. ૨૯-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. મથુરાદાસના ધર્મપત્ની. મેહુલભાઇ, ચિરાગભાઇ, હેતલબેન, તેજલબેનના માતુશ્રી. ભાવનાબેન, ભૂમિબેન, રાજુકુમાર ડાહ્યાલાલ મહેતા, જુલેશકુમાર મનહરલાલ ભોજાણીના સાસુ. ખુશી, આરવી, પ્રીતના દાદી. સ્વ. વિજયાબેન જમનાદાસ બારાઇના પુત્રી. તેમનું બેસણું તા. ૧-૧૧-૨૫ના શનિવારે સાંજે ૪થી ૬. ઠે. સ્વામીનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

હડમતાળાવાળા હાલ કાંદિવલી સ્વ. શાંતાબેન પ્રભુદાસ મહેતાના પુત્રી ભદ્રાવતી (ઉં. વ. ૮૪) તે સ્વ. નાગરદાસ રાઘવજી મહેતાના પત્ની. સ્વ. શાંતિલાલ ભાયચંદ મહેતા તથા સ્વ. હરગોવિંદદાસના ભાભી. તે મોસાળ પક્ષે નાના ભંડારીયાવાળા સ્વ. વ્રજલાલ પ્રભુદાસ મહેતા તથા સ્વ. શાંતાબેન હિંમતલાલ કાણકીયા તે સ્વ. ભાનુમતી દ્વારકાદાસ મુની તે સ્વ. રંજનબેન ભૂપતરાય મહેતા તે ગં. સ્વ. કુંદનબેન ઇશ્વરલાલ કાચરીયાના બેન. તા. ૩૦-૧૦-૨૫ ગુરૂવારના શ્રીજી ચરણ પામ્યા છે. બન્ને પક્ષ તરફથી પ્રાર્થનાસભા - લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**મુંબઈગરા દશા શ્રીમાળી વણિક**

ભાવનગરના રમિલાબહેન મહેતા (ઉં. વ. ૮૧) તા. ૨૯.૧૦.૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે અરવિંદભાઇના પત્ની. મેહુલભાઈ, સ્નેહલભાઈના માતા. રેશ્માબહેન, હીનાબહેનના સાસુ. સ્વ. અમૃતલાલ રામજી મહેતાના દીકરી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સ્થળ- ૪૨, ધવલગિરિ, બાલ ભારતી સ્કૂલ પાસે, એસ વી રોડ, કાંદિવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ કોઠા વિસોત્રી હાલ થાણા (કલવા), ભગવાનદાસ મથુરાદાસ તન્ના (ઉં.વ.૭૯) બુધવાર તા. ૨૯/૧૦/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે વેલાબેન તેમજ સ્વ.મથુરાદાસ જમનાદાસ તન્નાના નાનાપુત્ર. મીનાબેન (મંજુલાબેન)ના પતિ. સ્વ. ધર્મેશ, મેહુલના પિતાશ્રી. કનુભાઈ (પ્રવીણચંદ્ર), ડૉક્ટર કાંતિલાલ, સવિતાબેન (રેખાબેન) રમેશભાઈ રાડીયાના ભાઈ. કવિતાબેનના સસરા, સ્વ મથુરાદાસ જેઠાભાઈ ગાંગાણીના જમાઈ. ટેલીફોનિક બેસણું પ્રાર્થનાસભા તા.૧/૧૧/૨૫ને શનિવાર પાંચ થી સાત વાગ્યા. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઇડર ઔદિચ્ય ૪૫ જ્ઞાતિ**

ગામ બડોલી હાલ વિરાર સ્વ. પ્રવિણકુમાર મહાશંકર જાનીના ધર્મપત્ની ગં. સ્વ. સરલાબેન જાની (ઉં. વ.૭૭) તે નીપા તથા બિનલના માતાશ્રી. મિતેશ દવેના સાસુશ્રી. મિરાજના નાની. તા. ૨૮.૧૦.૨૫ મંગળવાર દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા ૧/૧૧/૨૦૨૫ શનિવારના સાંજે ૫ થી ૭. આધાર હોલ, રોડ ન. ૪/૧૦, હિન્દુજા હોલની પાછળ, દોલતનગર, બોરીવલી ઇસ્ટ, સસુર પક્ષ: સ્વ. મહાશંકર અનુપરામ જાની ગામ બડોલી. પિયરપક્ષ જસુમતી યગ્નદત્ત શાસ્ત્રી (ઠાકર), ગામ મુંડેટીની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**ભાટિયા હાલાઇ**

મહેન્દ્રભાઈ (ઉં. વ. ૭૯) તે સ્વ પુરષોત્તમ સુબેદાર તથા સ્વ. સુધાબેનના પુત્ર. શોભાના પતિ. વિશાલક્ષી અમિત તથા ચિરંજીવી વિશાલના પિતા. સ્વ. રેખાબેન વિરસિંહ, સ્વ. નીરાબેન સુધીર, અશ્વિન અને ધર્મેન્દ્રના મોટાભાઈ, આશાબેનના જેઠ.તા. ૨૯/૧૦/૨૫ બુધવારે થાણે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

**વિસા સોરઠીયા વણિક**

શીલવાળા હાલ બોરીવલી, શારદાબેન ડાહ્યાલાલ ઓધવજીના સુપુત્ર ધીરેન્દ્ર ડાહ્યાલાલ શાહ (ઉં. વ. ૭૩) તા. ૩૦.૧૦.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. જીજ્ઞેશ, નેહલના પિતાશ્રી. ડોલી અને પરાગભાઈના સસરા. મોટી ખિલોરીવાળા મંજુલાબેન ચુનીલાલ મેહતાના જમાઈ. સ્વ. મુકુંદભાઈ, સ્વ. કિરીટભાઈ, જયશ્રી રશ્મિન, સ્મિતા સુનીલના મોટાભાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કપોળ**

રાજુલાવાળા, ગં. સ્વ. જ્યોતીબેન કાણકિયા (ઉં. વ.૮૧) તા. ૨૯/૧૦/૨૫ના બુધવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.નગીનદાસ નરોતમદાસ કાણકિયાના ધર્મપત્ની. નિલેશ, ભાવના અરવિંદકુમાર દોશી તથા હિના આશિષ મોદીના માતુશ્રી. યામિનીના સાસુ. અલોકી, મીતના દાદી. રોહન, શીખાના નાની. જાફરાબાદવાળા તાપીદાસ કલ્યાણજી મહેતાની પુત્રી. તેમની પ્રાર્થનાસભા તા. ૨/૧૧/૨૫ને રવિવારે ૪.૩૦ થી ૬.૩૦. સ્થળ : સનરાઈઝ પાર્ટી હોલ, શ્રીજીમહલ, આનંદીબાઈ કોલેજની પાસે, સાઈબાબાનગર, બોરીવલી વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ રાજકોટ હાલ બોરીવલી, બાબુલાલ મોહનલાલ ભોજાણી (ઉં. વ. ૮૧) તા. ૩૦/૧૦/૨૫ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જયશ્રીબેનના પતિ. હેમા, ભાવેશ તથા ડોલીના પિતાશ્રી. અલ્પા ભાવેશ ભોજાણી, જયેશકુમાર નારણદાસ કોટક તથા સ્વ. પરેશકુમાર છોટાલાલ ઠક્કરના સસરા. સ્વ. મુગટલાલ ત્રિભોવનદાસ બુદ્ધદેવના જમાઈ. ગં. સ્વ. મંજુલાબેન કાંતિલાલ ભોજાણી. સ્વ. હંસાબેન જગદીશચંદ્ર ભોજાણી, ગં. સ્વ. હીનાબેન પ્રવીણચંદ્ર ભોજાણીના દિયર/ જેઠ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧/૧૧/૨૫ના ૪ થી ૬. સ્થળ: લોહાણા બાલાશ્રમ બેન્કવેટ હોલ, મથુરાદાસ રોડ, અતુલ ટાવરની પાસે, કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

કેરીયા નાગશ્રીવાળા, સ્વ. કલાવતીબેન શાંતિલાલ મહેતાનાં સુપુત્ર જયંતભાઈ (ઉં. વ. ૬૮) તા. ૨૯.૧૦.૨૫નાં સુરત મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે સંગીતાબેનનાં પતિ. મિહિર, ધુમિલ, અ. સૌ. સ્વાતિ સૌમિલકુમાર ગોરડિયાનાં પિતા. અ.સૌ. સ્નેહાનાં સસરા. કમલેશભાઈ, સ્વ. અશ્વીનભાઈ, ગં. સ્વ. પુષ્પાબેન હર્ષદભાઈ કોઠારી, સ્વ. હંસાબેન પ્રવીણચંદ્ર ચિતલીયા, અરૂણાબેન કિરણકુમાર દોશીનાં ભાઈ. જાફરાબાદવાળા સ્વ. અનંતકુમાર દેવીદાસ સંઘવીનાં જમાઈ. લૌકિક પ્રથા બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|




# પ્રતિબંધની તો ઐસીતૈસીઃ રશિયન ઓઈલનો ઑર્ડર આપ્યો આઈઓસીએ

નવી દિલ્હીઃ રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ન ખરીદવા અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ દ્વારા સતત દબાણ કરવામાં આવી રહ્યું હોવા છતાં સરકાર સંચાલિત ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (આઈઓસી)એ ડિસેમ્બરમાં ડિલિવરી મેળવવા પાંચ કાર્ગોનો ઑર્ડર આપ્યો છે. સૂત્રોના જણાવ્યાનુસાર આઈઓસીએ જેમના પર પ્રતિબંધ લાદવામાં ન આવ્યો હોય તેવી કંપનીઓ પાસેથી રશિયન ક્રૂડતેલના પાંચ શિપમેન્ટની ખરીદી કરી છે. ટ્રમ્પે તાજેતરમાં જ રશિયાની બે સૌથી મોટી ઓઈલ કંપની લુકઓઈલ અને રૉસનૅફ્ટ પર પ્રતિબંધ મૂક્યો હતો. ભારતીય તેલકંપનીઓ પ્રતિબંધને વળગી રહેશે એવી અપેક્ષા વચ્ચે પણ તે બિનપ્રતિબંધિત કંપનીઓ પાસેથી રશિયન ક્રૂડ ઓઈલની ખરીદી કરવાનું ચાલુ રાખે એવી શક્યતા છે. (એજન્સી) ■










# બિહારના મોકામામાં દુલારચંદ યાદવની સ્મશાનયાત્રામાં પણ ગોળીબાર

## દુલારચંદનું મૃત્યુ ગોળી લાગવાથી નહિ થયું હોવાનો ખુલાસો

પટણાઃ બિહારના મોકામામાં દુલારચંદ યાદવની હત્યા બાદ તંગદિલી ફેલાઇ છે. તેમની સ્મશાનયાત્રામાં પણ ગોળીબાર અને પથ્થરમારો થયો હતો. દરમિયાન, દુલાચરંચદનું મૃત્યુ ગોળી લાગવાથી નહિ થયું હોવાનો પોસ્ટ-મોર્ટમમાં ખુલાસો થતાં આખા પ્રકરણમાં નવો વળાંક આવ્યો હતો.

દુલારચંદની હત્યાનો આરોપ મોકામાના 'બાહુબલી' અને એનડીએના ઉમેદવાર અનંત સિંહ તેમ જ તેમના ટેકેદારો પર મુકાયો છે. દુલારચંદના સમર્થકો અને વિરોધીઓ વચ્ચે અથડામણ થઇ હતી. દુલારચંદના મૃતદેહને લઇને તેમના ટેકેદારો જઇ રહ્યા હતા ત્યારે શરૂ થયેલી અથડામણમાં પથ્થરમારો અને ગોળીબાર થયા હતા. અગાઉ, મોકામામાં જનસુરાજના ઉમેદવાર પીયૂષ પ્રિયદર્શી ઉર્ફે લલ્લુ મુખિયાના સમર્થનમાં દુલારચંદ યાદવ સતત પ્રચાર કરતા હતા અને અનંત સિંહની વિરુદ્ધમાં નિવેદનો પણ કર્યા હતા. તારતાર ગાંવમાં તેમને લાઠીઓથી માર મારવામાં આવ્યો હતો અને તે પછી તેમને ગોળી મરાઇ હતી. આમ છતાં, તેમનું પોસ્ટ-મોર્ટમ કરનારા ડૉક્ટરોની ટીમના સભ્ય ડૉ. અજયકુમારે સ્પષ્ટતા કરી હતી કે દુલારચંદના પગની ઘૂંટીના સાંધાની નજીક ગોળી વાગી હતી અને તેનાથી કોઇનું મૃત્યુ ન થાય.

દરમિયાન, ચૂંટણી પંચે આ હત્યાના પ્રકરણમાં બિહાર પોલીસના ડીજીપી પાસે અહેવાલ માગ્યો છે. રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવે જણાવ્યું હતું કે બિહારમાં ચૂંટણી હોવાથી આચારસંહિતા લાગુ પાડવામાં આવી હોવા છતાં અનેક અસામાજિક તત્ત્વો બંદૂક લઇને જાહેરમાં ફરે છે. ■

# અમેરિકામાં મોટો ટૅરર હુમલો ટળ્યો

ડૅટ્રોઈટઃ એફબીઆઈના ડિરેક્ટર કાશ પટેલે શુક્રવારે કહ્યું હતું કે હૅલોવિન વીકઍન્ડમાં એજન્સીએ મિશિગન રાજ્યમાં સુઆયોજિત આતંકવાદી હુમલાને નિવાર્યો હતો. ચોક્કસ વિગતોની જાહેરાત કર્યા વિના પટેલે સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં લખ્યું હતું કે હિંસક હુમલાનું આયોજન કરી રહેલા અનેક લોકોની એફબીઆઈના એજન્ટોએ ધરપકડ કરી હતી. (એજન્સી) ■




# પાકિસ્તાન અને અફઘાનિસ્તાન અટકી પડેલી શાંતિમંત્રણા ફરી શરૂ કરશે

ઇસ્લામાબાદઃ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન શુક્રવારે સરહદ પર યુદ્ધવિરામ જાળવવા અને આ અઠવાડિયાની શરૂઆતમાં અટકી પડેલી શાંતિ પ્રક્રિયાને બચાવવા માટે ફરી વાટાઘાટો શરૂ કરવા સહમત થયા છે. આ માહિતી એક અહેવાલમાં પ્રકાશમાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પાકિસ્તાન અને અફઘાન તાલિબાન પ્રતિનિધિમંડળો વચ્ચે શનિવારે ઇસ્તમ્બુલમાં બીજા તબક્કાની વાતચીત શરૂ થઇ હતી, પરંતુ પાકિસ્તાને તાલિબાન પર સરહદ પારના હુમલા બંધ કરવાની ખાતરી આપવામાં અનિચ્છા દાખવવાનો આરોપ લગાવ્યા બાદ વાટાઘાટો નિષ્ફળ ગઇ હતી. એક અખબારી અહેવાલ અનુસાર તાજેતરના તબક્કાની વાટાઘાટોના યજમાન તૂર્કી દ્વારા શુક્રવારે વહેલી સવારે જારી સંયુક્ત નિવેદનમાં જણાવાયું છે કે છઠ્ઠી નવેમ્બરના રોજ ઇસ્તમ્બુલમાં એક મુખ્ય-સ્તરની બેઠક દરમિયાન અમલની આગળની પદ્ધતિઓ પર ચર્ચા કરવામાં આવશે અને નિર્ણય લેવામાં આવશે. બધા પક્ષો એક નિરીક્ષણ અને ચકાસણી પદ્ધતિ સ્થાપિત કરવા સહમત થયા છે. ■






# કૅનેડામાં હત્યાના કેસમાં ભારતીય મૂળની વ્યક્તિને પચીસ વર્ષની જેલ

ઓટાવા : કૅનેડાની એક કોર્ટે ૨૦૨૨ના હત્યા કેસમાં ભારતીય મૂળના એક વ્યક્તિને પીચસ વર્ષની જેલની સજા ફટકારી છે. સિટી ન્યૂઝના રિપોર્ટ અનુસાર, બ્રિટિશ કોલમ્બિયાની સુપ્રીમ કોર્ટમાં જ્યુરીએ મંગળવારે બલરાજ બસરાને ફર્સ્ટ-ડિગ્રી મર્ડર અને આગચંપી મામલે દોષિત ઠેરવ્યો હતો. ઇન્ટિગ્રેટેડ હોમિસાઇડ ઇન્વેસ્ટિગેશન ટીમ (આઈએચઆઈટી)ના કહેવા પ્રમાણે બસરા ૧૭ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ યુનિવર્સિટી ઓફ બ્રિટિશ કોલંબિયા ગ્રાઉન્ડ્સ પરના ગોલ્ફ ક્લબમાં વિશાલ વાલિયાની ગોળી મારીને હત્યા કરવાના કેસમાં દોષિત ઠેરવવામાં આવેલો ત્રીજો વ્યક્તિ છે.

અગાઉ અન્ય બે દોષિતો ઇકબાલ કાંગ અને ડીઆન્દ્રે બૈપ્ટિસ્ટને પહેલાથી જ સજા ફટકારવામાં આવી હતી. કાંગને ૧૭ વર્ષની જેલ અને આગચંપી માટે વધારાના પાંચ વર્ષની સજા ફટકારવામાં આવી હતી, જ્યારે બૈપ્ટિસ્ટને ૧૭ વર્ષ માટે પરોલ વિના આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. ત્રણ દોષિતોએ ૩૮ વર્ષીય વિશાલ વાલિયાને ગોળી મારીને હત્યા કર્યા પછી વાહનને આગ લગાવી દીધી હતી. થોડા સમય પછી શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી હતી. રિપોર્ટ અનુસાર, વાનકુવર પોલીસના અધિકારીઓએ ઝડપથી શંકાસ્પદોની ઓળખ કરી લીધી હતી, જેઓ ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા. ■






# ટાન્ઝાનિયામાં ચૂંટણીને લગતી હિંસામાં ૭૦૦ જણ માર્યા ગયા

દારેસલામઃ ટાન્ઝાનિયાના મુખ્ય વિપક્ષ 'ચાડેમા'એ આક્ષેપ કર્યો હતો કે દેશમાં ચૂંટણીને લગતા દેખાવ દરમિયાન ત્રણ દિવસમાં અંદાજે ૭૦૦ જણ માર્યાં ગયાં હતાં.

'ચાડેમા'ના પ્રવક્તા જૉન કિટોકાએ જણાવ્યું હતું કે દેશભરમાં ચૂંટણીને લગતી હિંસા ફેલાઇ છે. તેમાં દારેસલામમાં આશરે ૩૫૦ જણ અને મવાન્ઝામાં ૨૦૦થી વધારે લોકો માર્યાં ગયાં હતાં. દેશભરમાં કુલ અંદાજે ૭૦૦ જણ માર્યાં ગયાં હતાં.

ટાન્ઝાનિયાની ચૂંટણીમાં પ્રમુખ સમિઆ સુલુહુ હસન અને તેમના શાસક પક્ષ ચામા ચા માપિન્ડુઝી પાર્ટીનો ભવ્ય વિજય થવાનો નિર્દેશ મળતા જ હિંસા શરૂ થઇ હતી.

ટાન્ઝાનિયામાં બુધવારે સામાન્ય ચૂંટણી યોજાઇ હતી. દેખાવકારોએ અનેક પોસ્ટર ફાડ્યા હતા, પોલીસ સ્ટેશન પર હુમલો કર્યો હતો અને સલામતી દળોની સાથે અથડામણમાં ઊતર્યા હતા.

ટાન્ઝાનિયાના દારેસલામ, મવાન્ઝા, ડોડોમા અને અન્ય વિસ્તારમાં દેખાવકારો શેરીઓમાં મોટા પાયે પ્રદર્શન કર્યું હતું અને પોલીસ તેમ જ સુરક્ષા દળોની સાથે અથડામણમાં ઊતર્યાં હતાં.

હિંસાને રોકવા સરકારે ઇન્ટરનેટ બંધ કર્યું હતું અને સંચારબંધી લાદી હતી. ટાન્ઝાનિયામાં ત્રણ દિવસથી ઇન્ટરનેટ સેવા બંધ છે. વિદેશી પત્રકારોને હિંસાની ઘટનાના અહેવાલ નહિ આપવા સૂચના આપતા નિયંત્રણ મુકાયા છે.

દારેસલામ અને ડોડોમામાં દેખાવકારોએ રસ્તામાં ટાયરો સળગાવ્યા હતા. પોલીસે અનેક વિસ્તારમાં પહેરો વધાર્યો છે.

લશ્કરના વડા જનરલ જેકબ મકુન્ડાએ દેખાવકારોને 'ગુનેગાર' કહ્યા હતા અને દેશમાં કાયદો તેમ જ વ્યવસ્થાને ફરી થાળે પાડવા જરૂરી પગલાં લેવાનું શરૂ કર્યું હતું.

જોકે ઘણાં આને જેન-ઝીનો જગતભરમાં વધતો જતો રોષનું પરિણામ જ કહે છે. ટાન્ઝાનિયામાં પણ અત્યારે આ જ તોફાન આકાર પામી રહ્યું હોવાનું લાગે છે. ઝાંઝીબારમાં શાસક પક્ષને ૭૮.૮ ટકા મત મળ્યા હોવાથી તેને વિજેતા જાહેર કરાયો હતો. વિપક્ષ 'એસીટી-વાઝાલેન્ડો'એ ચૂંટણીનાં આ પરિણામ સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. (એજન્સી) ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u



# ભારતીય મહિલા ટીમે વર્લ્ડ નંબર-વન ઑસ્ટ્રેલિયાની આઠ વર્ષ જૂની વિજયકૂચ અટકાવી દીધી છે

## આવતી કાલે ફાઇનલમાં ભારત વિરુદ્ધ સાઉથ આફ્રિકાઃ વિમેન્સ વન-ડેને મળશે નવું વર્લ્ડ ચેમ્પિયન






ગુરુવારે ૧૨૭ રનની અણનમ ઈનિંગ્સથી ભારતને જિતાડ્યા પછી ભાવુક થઈ ગયેલી જેમિમા રૉડ્રિગ્સ (એકદમ ડાબે, ઉપર). કૅપ્ટન હરમનપ્રીત, વાઈસ-કૅપ્ટન સ્મૃતિ મંધાનાને ભેટ્યા બાદ જેમિમા તેના મમ્મી-પપ્પાને પણ ખૂબ ભેટી હતી અને અપ્રતિમ પર્ફોર્મન્સ બદલ ખૂબ રડી હતી.



**જેમિમાને ગાવસકરની ડ્યૂએટ સૉન્ગની ઑફરઃ** સ્ટાઈલિશ બૅટર જેમિમા રૉડ્રિગ્સને લીધે જ ભારતીય ટીમ ફાઇનલમાં પહોંચી. સુનીલ ગાવસકરે એક મુલાકાતમાં કહ્યું છે કે જો રવિવારે ભારતીય ટીમ ફાઇનલ જીતશે તો તેઓ ગિટર-સ્પેશ્યલિસ્ટ જેમિમા સાથે ડ્યૂએટ સૉન્ગ પર્ફોર્મ કરશે. જેમિમાએ અણનમ ૧૨૭ રન કર્યા હતા. (બીસીસીઆઈ)

નવી મુંબઈઃ ગુરુવારે અહીં ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ઑસ્ટ્રેલિયા સામે વન-ડે વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં ભારતીય ટીમને વરસાદ તો જરાય ન નડ્યો, પરંતુ અદ્દભુત અને અવિસ્મરણીય વિજયને પગલે વિમેન ઈન બ્લૂ પર અભિનંદનની પુષ્કળ વર્ષા જરૂર થઈ હતી.

સચિન તેંડુલકર, એબી ડિવિલિયર્સ જેવા લેજન્ડ્સ તેમ જ રિષભ પંત સહિત ઘણા ક્રિકેટરોએ અને આઇસીસીના ચેરમેન જય શાહ તથા બીસીસીઆઈએ ભારતીય ટીમને સોશ્યલ મીડિયામાં અભિનંદન પાઠવ્યા હતા. હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં ભારતીય ટીમે વિક્રમજનક ચેઝ હાંસલ કર્યો હતો. એટલું જ નહીં, મહિલાઓની ટીમ ઇન્ડિયાએ ઑસ્ટ્રેલિયાની આઠ વર્ષ જૂની વિજયકૂચ પણ અટકાવી દીધી હતી.

### છેલ્લી દસ ઓવરમાં જેમિમાનો 'વન વુમન શૉ'

મહિલાઓની વન-ડેમાં ઑસ્ટ્રેલિયા વર્લ્ડ નંબર વન અને ડીફેન્ડિંગ ચેમ્પિયન છે. જોકે ગુરુવારે રાત્રે ભારતે એને સિંહાસન પરથી ઉતારી દીધું હતું. પ્લેયર ઑફ ધ મૅચ મુંબઈની જેમિમા રૉડ્રિગ્સ (૧૨૭ અણનમ, ૧૩૪ બૉલ, ૧૪ ફોર)ને કેપ્ટન હરમનપ્રીત (૮૯ રન, ૮૮ બૉલ, બે સિક્સર, દસ ફોર)નો બહુ સારો સાથ મળ્યો હતો. બન્ને વચ્ચે ત્રીજી વિકેટ માટે ૧૬૭ રનની ભાગીદારી થઈ હતી, પરંતુ ૩૫મી ઓવર બાદ હરમનપ્રીતે વિકેટ ગુમાવી ત્યાર પછી જેમિમાએ અન્ય સાથી ખેલાડીઓ જોડે નાની ભાગીદારીઓ કરીને ભારતને જિતાડ્યું હતું. સામાન્ય રીતે મેન્સ ક્રિકેટમાં 'વન મૅન શૉ' જોવા મળતો હોય છે, પરંતુ આ મૅચમાં જેમિમાએ 'વન વુમન શૉ'નું શાનદાર પ્રદર્શન કર્યું હતું. ઑસ્ટ્રેલિયાની ઓપનર ફૉબે લિચફીલ્ડની ૧૧૯ રનની ઇનિંગ્સ પાણીમાં ગઈ હતી.

### હમારી છોરિયાં...ઃ રોહિત શર્મા

ભારતની મહિલા ટીમ ફાઇનલમાં પહોંચતાં જ તેમના પર અભિનંદનની વર્ષા થઈ હતી. રોહિત શર્માએ સોશ્યલ મીડિયામાં લખ્યું, 'હમારી છોરિયાં છોરોં સે કમ હૈ ક્યા? બહુત બહુત બધાઈ હો મેરા ભારત.' સચિન તેન્ડુલકરે એક્સ પર લખ્યું, 'અપ્રતિમ જીત. જેમિમા અને હરમનપ્રીત, તમે ભારતને જિતાડવાની આગેવાની સંભાળીને બહુ સરસ પર્ફોર્મ કર્યું. વેલ ડન. શ્રી ચરની અને દીપ્તિ શર્મા, તમે બોલિંગમાં ભારતને વિજયની દિશા બતાવી હતી. ભારતીય તિરંગાને લહેરાવતો રાખજો.' ગૌતમ ગંભીર, સૌરવ ગાંગુલીએ પણ ભારતીય મહિલા ટીમની ખૂબ પ્રશંસા કરી હતી.

### ભારતના વિજયની રેકોર્ડ-બુક

ગુરુવારે ઑસ્ટ્રેલિયાએ બૅટિંગ લીધા બાદ ૩૩૮ રન કર્યા હતા. ભારતે અશક્ય લાગતો ૩૩૯ રનનો ટાર્ગેટ ૪૮.૩ ઓવરમાં (નવ બૉલ બાકી રાખીને) ૫/૩૪૧ના સ્કોર સાથે મેળવી લીધો હતો.

આ મૅચમાં ઘણા વિક્રમો થયા અને અનેક સિદ્ધિઓ પણ મેળવવામાં આવી.

(૧) ભારતે ૩૩૯ રનનો લક્ષ્યાંક મેળવી લીધો. મહિલાઓની વન-ડેમાં સફળ ચેઝનો આ નવો વિશ્વવિક્રમ છે. ઑસ્ટ્રેલિયાના ભારત સામેના અગાઉના ૩૩૧ રનના ચેઝનો વર્લ્ડ રેકૉર્ડ તૂટ્યો છે.

(૨) ઑસ્ટ્રેલિયા આઠ વર્ષ પહેલાં ૨૦૧૭ના વર્લ્ડ કપમાં ભારત સામે સેમિમાં હારેલું ત્યાર બાદ વિશ્વ કપમાં ક્યારેય ઑસ્ટ્રેલિયાનો પરાજય નહોતો થયો. તેઓ વર્લ્ડ કપની સતત ૧૫ મૅચ જીત્યા હતા, પણ ભારતે તેમની એ લાંબી અને વિક્રમી વિજયકૂચ થંભાવી દીધી છે.

(૩) ઑસ્ટ્રેલિયા (૧૦/૩૩૮) અને ભારત (૫/૩૪૧)ના રનનો સરવાળો ૬૭૯ રન હતો. મહિલાઓના વર્લ્ડ કપની એક મૅચના કુલ રનની રેકોર્ડ બુકમાં આ નવો રેકોર્ડ છે. અગાઉનો વિક્રમ ૬૭૮ રન (૨૦૧૭માં ઇંગ્લૅન્ડ વિ. સાઉથ આફ્રિકા)નો હતો.

(૪) વન-ડેમાં ટાર્ગેટ ચેઝ કરવામાં ભારતીયોમાં અગાઉ સ્મૃતિ મંધાનાના ૧૨૫ રન હાઈએસ્ટ હતા. હવે અણનમ ૧૨૭ રનનો નવો વિક્રમ જેમિમાનાં નામે છે.

(૫) મહિલા વન-ડે વર્લ્ડ કપના બાવન વર્ષના ઇતિહાસમાં પહેલી ફાઈનલ એવી હશે જેમાં ઑસ્ટ્રેલિયા કે ઇંગ્લૅન્ડની ટીમ નહીં હોય.

### આવતી કાલે ભારત- સાઉથ આફ્રિકા ફાઈનલ

આવતી કાલે ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં જ (બપોરે ૩.૦૦ વાગ્યાથી) ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ફાઈનલ રમાશે. જે દેશ જીતશે એ પહેલી વાર ચેમ્પિયન બન્યો કહેવાશે. એ સાથે મહિલાઓની વન-ડેને નવું વર્લ્ડ ચેમ્પિયન મળશે. ■

## ભારતના હકની ટ્રોફી એક-બે દિવસમાં મુંબઈ નહીં મોકલાય તો...

# મંગળવારે આઈસીસીમાં પાકિસ્તાનનું આવી જ બન્યું સમજો!

મુંબઈઃ ૨૮મી સપ્ટેમ્બરે દુબઈમાં સૂર્યકુમાર યાદવ અને તેની ટીમે ફાઇનલમાં પાકિસ્તાનને પછડાટ આપીને જીતેલી એશિયા કપની બહુમૂલ્ય ટ્રોફી જો એકાદ-બે દિવસમાં બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ના હેડ-ક્વૉર્ટરમાં નહીં પહોંચી જાય અને જો પાકિસ્તાન તરફથી આ ટ્રોફી વિશેની મડાગાંઠ નહીં ઉકેલાય તો મંગળવાર, ચોથી નવેમ્બરે દુબઈમાં યોજાનારી ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ની મીટિંગમાં બીસીસીઆઇ પાકિસ્તાનની ખબર જ લઈ નાખશે.

એશિયા કપની ફાઇનલમાં ભારતે પાકિસ્તાનને પાંચ વિકેટે હરાવ્યું હતું. એ ટૂર્નામેન્ટમાં ભારતના હાથે પાકિસ્તાની ટીમે ખાધેલી એ સતત ત્રીજી લપડાક હતી. જોકે ફાઇનલ બાદ ભારતીય ટીમે દુશ્મન દેશ પાકિસ્તાનના પ્રધાન, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના ચીફ અને એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના ચૅરમૅન મોહસિન નકવીના હાથે ટ્રોફી સ્વીકારવાની ના પાડી એટલે નકવીની ડાગળી ચસકી ગઈ હતી અને તેમણે પોતાના અધિકારીઓને ટ્રોફી તથા ભારતીય ખેલાડીઓ માટેના મેડલ મેદાન પરના ટેબલ પરથી ઊંચકીને એસીસીના કબાટમાં રાખી દેવાની સૂચના આપી હતી. આ બધી હકની અને મૂલ્યવાન ચીજો ગુમ થઈ ગયા પછી સૂર્યકુમાર તથા તેની ટીમે વર્ચ્યુઅલ ટ્રોફી સાથે વિજેતાપદની ઉજવણી કરી હતી જે વિશ્વભરમાં વાઇરલ થઈ હતી.

નકવી જીદ પકડીને બેઠો છે કે ભારતે ટ્રોફી તો તેના હાથે જ સ્વીકારવી પડશે. ભારતે વિજેતાપદ મેળવ્યાને એક મહિનો થઈ ગયો છતાં બીસીસીઆઇ સુધી એ ટ્રોફી નથી પહોંચી. થોડા દિવસ પહેલાં એક અહેવાલ હતો કે નકવીએ ટ્રોફી દુબઈથી લઈને અબુ ધાબીમાં પહોંચાડી દીધી છે. બીસીસીઆઇના સેક્રેટરી દેવાજિત સૈકિયાએ પીટીઆઇને કહ્યું હતું કે ' તેમણે (મોહસિન નકવીએ) ટ્રોફી હજી પણ પોતાના કબજામાં જ રાખી છે. અમે આશા રાખીએ છીએ કે એક-બે દિવસમાં એ ટ્રોફી મુંબઈમાં બીસીસીઆઇના વડા મથકે પહોંચાડી દેવાશે. જો એવું નહીં થાય તો અમે ચોથી નવેમ્બરે આઇસીસીની બેઠકમાં એ મુદ્દો જરૂર ઉઠાવીશું.' ■

## વ્હીલચૅરમાં બેઠેલા વૃદ્ધ ગોલકીપરની કારની અડફેટે આવી ગયા, મૃત્યુ પામ્યા

મિલાનઃ ઇટલીના મિલાન શહેરની નજીક ઇન્ટર મિલાનના ગોલકીપર જૉસેપ માર્ટિનેઝથી એક ગંભીર હોનારત થઈ ગઈ હતી જેમાં ૮૧ વર્ષના વૃદ્ધ તેની કારની અડફેટે આવી ગયા હતા જેમાં તત્કાળ તેમનું મૃત્યુ થયું હતું.

વૃદ્ધ શખસ જ્યારે વ્હીલચૅરમાં બેસીને જઈ રહ્યા હતા ત્યારે તેમની વ્હીલચૅર સાથે માર્ટિનેઝની કાર અથડાઈ હતી અને તેઓ દૂર ફેંકાઈ ગયા હતા. પોલીસ આ બનાવમાં તપાસ કરી રહી છે. પ્રાથમિક અહેવાલ મુજબ વૃદ્ધ તેમની વ્હીલચૅરમાં સાઇકલની લેનમાં પસાર થઈ રહ્યા હતા, પરંતુ એવું મનાય છે કે તેમને અચાનક કોઈક શારીરિક સમસ્યા નડી જેને લીધે તેમની વ્હીલચૅર અચાનક સાઇકલ લેનમાંથી મુખ્ય રસ્તા પર આવી ગઈ હતી અને પાછળથી આવી રહેલી માર્ટિનેઝની કાર સાથે વ્હીલચૅર અથડાઈ હતી અને અકસ્માત સર્જાયો હતો. ■

# ભારત-ઑસ્ટ્રેલિયાની મેન્સ ટીમે પણ કાળી પટ્ટી પહેરીને ઑસ્ટિનને અંજલિ આપી

મેલબર્નઃ ભારત અને ઑસ્ટ્રેલિયાની મેન્સ ટીમના ખેલાડીઓ શુક્રવારે અહીં સિરીઝની બીજી ટી-૨૦માં મેલબર્નના ટીનેજ ખેલાડી બેન ઑસ્ટિનને અંજલિ આપવા હાથ પર કાળી પટ્ટી પહેરીને રમ્યા હતા.

૧૭ વર્ષીય ટીનેજર બેન ઑસ્ટિનને મેલબર્નમાં મંગળવારે સાંજે પાંચ વાગ્યે ફર્નટ્રી ગલી ક્રિકેટ ક્લબના પ્રૅક્ટિસ સેશન દરમ્યાન ગરદનમાં બૉલ વાગ્યો હતો. તેણે હેલ્મેટ પહેરી હતી, પણ ગરદનના રક્ષણ માટે નેક ગાર્ડનો ઉપયોગ નહોતો કર્યો. વૅન્ગર તરીકે ઓળખાતા બૉલ-થ્રોઇંગ ડિવાઇસની મદદથી ફેંકવામાં આવેલો એક બૉલ તેને ગરદન પર વાગ્યો હતો. આ પ્રકારના ડિવાઇસમાં બોલર હાથમાં બૉલ-લૉન્ચર પકડે છે અને એમાં ગોઠવેલો બૉલ બૅટ્સમૅન તરફ ફેંકે છે.

બૉલ વાગતાં જ બેનને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. તેને લાઇફ સપોર્ટ સિસ્ટમ પર રાખવામાં આવ્યો હતો.

ઘણી વાર સુધી તે વેન્ટિલેટર પર હતો, પરંતુ ગરદનમાં તથા માથાની નજીકના ભાગમાં ઈજા એટલી બધી ગંભીર હતી કે મોડી સાંજે તેણે છેલ્લો શ્વાસ લીધો હતો. તે આ તાલીમ લીધા બાદ એક ટી-૨૦ મૅચમાં રમવાનો હતો. તેના સાથી ખેલાડીઓની નજર સામે તેને આ ઈજા થઈ હતી અને તમામ લોકો સ્તબ્ધ થઈ ગયા હતા.



ગુરુવારે નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે વન-ડે વર્લ્ડ કપની જે સેમિ ફાઇનલ રમાઈ હતી એમાં પણ તમામ ખેલાડીઓ ઑસ્ટિનને અંજલિ આપવા હાથ પર કાળી પટ્ટી પહેરીને રમી હતી.

ઑસ્ટિને હેલ્મેટ પહેરી હતી, પરંતુ ગરદનમાં નેક ગાર્ડ નહોતું પહેર્યું એ અહેવાલ ફેલાતાં ઘણા દેશોમાં સ્થાનિક સ્તરે યુવાન ખેલાડીઓ માટે નેક ગાર્ડ પહેરવું ફરજિયાત બનાવાઈ રહ્યું છે. ■

# પ્રો કબડ્ડીમાં દબંગ દિલ્હી ચૅમ્પિયન

પ્રો કબડ્ડી લીગ (પીકેએલ)-૨૦૨૫ની ૧૨મી સીઝનમાં દબંગ દિલ્હી નામની ટીમે દિલ્હીમાં શુક્રવારે પુણેરી પલ્ટનને રોમાંચક ફાઇનલમાં ૩૧-૨૮થી હરાવીને બીજી વાર વિજેતાપદ મેળવી લીધું હતું. આ પહેલાં, તેઓ આઠમી સીઝનમાં ચૅમ્પિયન બન્યા હતા. દબંગ દિલ્હીની ચૅમ્પિયન ટીમના કોચ જોગિન્દર નારવાલે ફરી એક વખત વિજેતાપદ માણ્યું છે. ■

# ટૉપ-ઑર્ડર ફ્લૉપ જતાં મેલબર્નમાં ભારતની ૧૩ વર્ષની વિજયની પરંપરા અટકી

## હેઝલવૂડે ગિલ, સૂર્યા, તિલકને સસ્તામાં આઉટ કર્યા ત્યારે જ ટીમ ઈન્ડિયાનો પરાજય નક્કી થયો

મેલબર્નઃ ઑસ્ટ્રેલિયાના ઐતિહાસિક મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (એમસીજી)માં ભારતીય ટીમ ટી-૨૦ ફૉર્મેટમાં છેક ૨૦૧૨ની સાલથી જીતી રહી હતી, પરંતુ શુક્રવારે વાઇસ-કૅપ્ટન શુભમન ગિલ (પાંચ રન), કૅપ્ટન સૂર્યકુમાર યાદવ (એક રન) અને તિલક વર્મા (૦) સહિતનો ટૉપ-ઑર્ડર સારું રમવામાં સદંતર નિષ્ફળ ગયો એટલે ભારતનો પરાજય નિશ્ચિત થઈ ગયો હતો અને આ મેદાન પર ભારતની ૧૩ વર્ષ જૂની વિજયકૂચ થંભી હતી. ભારત (૧૮.૪ ઓવરમાં ૧૦/૧૨૫)નો ઑસ્ટ્રેલિયા (૧૩.૨ ઓવરમાં ૬/૧૨૬) સામે ચાર વિકેટે પરાજય થયો અને યજમાન ટીમે પાંચ મૅચની સિરીઝમાં ૧-૦થી સરસાઈ મેળવી.

### ૮૨,૪૩૮ પ્રેક્ષકમાંથી મોટા ભાગના નિરાશ

મેલબર્નમાં ભારત શુક્રવાર પહેલાં છ ટી-૨૦ રમ્યું હતું જેમાંથી ચાર જીત્યું હતું. બાકીની બેમાંથી એક મૅચમાં ઑસ્ટ્રેલિયાનો વિજય થયો હતો અને એક મૅચ અનિર્ણીત રહી હતી. ભારતે જીતેલી ચારેય મૅચ ૨૦૧૨થી માંડીને શુક્રવાર (૩૧ ઑક્ટોબર, ૨૦૨૫) સુધીમાં રમાઈ હતી. જોકે શુક્રવારે મેલબર્નમાં ભારતનો વિજયરથ અટકી ગયો હતો.

### ઑસ્ટ્રેલિયાના નાકે દમ આવ્યો, છ વિકેટ ગુમાવી

જોકે ૧૨૬ રનનો નાનો લક્ષ્યાંક મેળવતાં ઑસ્ટ્રેલિયાના નાકે દમ આવી ગયો હતો. તેમણે ૧૩.૨ ઓવરમાં છ વિકેટ ગુમાવીને ૧૨૬ રન કર્યા હતા. મિચલ માર્શની ટીમે મૅચની અંતિમ પળોમાં નવ બૉલમાં માત્ર ૧૨ રનમાં ત્રણ વિકેટ ગુમાવી હતી. આ ત્રણમાંથી બે વિકેટ બુમરાહે અને એક કુલદીપે લીધી હતી. બુમરાહ રહી-રહીને ત્રાટક્યો હતો. સ્ટોઇનિસ છ રને અણનમ રહ્યો હતો. ૧૨૬ રનમાં માર્શના સૌથી વધુ ૯૬ રન હાઇએસ્ટ હતા. ઓપનર અભિષેક શર્માની ૬૮ રનની લડાયક ઇનિંગ્સ એળે ગઈ હતી. ભારત વતી વરુણ, કુલદીપ અને બુમરાહે બે-બે વિકેટ લીધી હતી.

### અભિષેકને બહુ સ્ટ્રાઈક ન મળી, માત્ર ૩૭ બૉલ રમવા મળ્યા

બૅટિંગ મળ્યા બાદ ભારતીય ટીમે પહેલા ૩૨ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. જોકે ઓપનર અભિષેક શર્મા (૬૮ રન, ૩૭ બૉલ, ૧૦૨ બૉલ, બે સિક્સર, આઠ ફોર) અડીખમ રહ્યો હતો. તેની નજર સામે આઠ બૅટ્સમેન આઉટ થઈને પાછા પૅવિલિયનમાં ગયા હતા. એમાં ગિલ, સૂર્યકુમાર અને તિલક ઉપરાંત સંજુ સૅમસન (બે રન), અક્ષર પટેલ (સાત રન), હર્ષિત રાણા (૩૫ રન, ૩૩ બૉલ, ૩૮ મિનિટ, એક સિક્સર, ત્રણ ફોર), શિવમ દુબે (ચાર રન) અને કુલદીપ યાદવ (૦)નો સમાવેશ હતો.

ખરું કહીએ તો અભિષેક આઉટ થયો ત્યાં સુધીમાં તેને કુલ ૧૧૧માંથી માત્ર ૩૭ બૉલ રમવા મળ્યા હતા. તેની સ્ટ્રાઇક બહુ ઓછી આવી હતી અને જે બૉલ રમવાનો તેને મોકો મળ્યો એનો તેણે ભરપૂર લાભ લીધો હતો. તેણે બે છગ્ગા અને આઠ ચોક્કા સહિત ૪૪ રન બનાવ્યા હતા. તેના ૬૮માંથી ૪૪ રન ચોક્કા-છગ્ગામાં બન્યા હતા.

### હર્ષિત-અભિષેકની ૫૬ની ભાગીદારી

અક્ષર પટેલે આઠમી ઓવરમાં ૪૯ રનના સ્કોર પર અભિષેકને સ્ટ્રાઇક આપવાની લાલચમાં ત્રીજો બિનજરૂરી રન દોડતાં રનઆઉટમાં વિકેટ ગુમાવી ત્યાર પછી અભિષેક સાથે હર્ષિત રાણા જોડાયો હતો. અભિષેક-હર્ષિત વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૪૭ બૉલમાં ૫૬ રનની ભાગીદારી થઈ હતી. હર્ષિતને પછીથી ઑસ્ટ્રેલિયાના દાવમાં વિકેટ નહોતી મળી, પણ તે થોડા સમયથી બૅટિંગમાં જે રીતે ઉપયોગી થઈ રહ્યો છે એના પરથી કહી શકાય કે શિવમ દુબે કરતાં બૅટિંગમાં ટીમને તે વધુ કામ લાગ્યો છે.

### મૅચ-વિનર હૅઝલવૂડ હવે સિરીઝની બહાર

ઑસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર જૉશ હૅઝલવૂડે શુભમન ગિલ, સૂર્યકુમાર યાદવ અને તિલક વર્મા સહિતના ટોચના ત્રણ સ્ટાર બૅટ્સમેનને આઉટ કરી દીધા ત્યાં જ જીત ઑસ્ટ્રેલિયાની તરફેણમાં લાવી દીધી હતી. તેણે ફક્ત ૧૩ બૉલમાં ત્રણ વિકેટ લીધી હતી. હવે તે સિરીઝની બાકીની ત્રણ ટી-૨૦ મૅચ માટેની ટીમમાં નથી અને ડોમેસ્ટિક ક્રિકેટ રમવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. ભારતની બાકીની વિકેટોમાંથી ઝેવિયર બાર્ટલેટ તથા નૅથન એલિસે બે-બે વિકેટ લીધી હતી.

### બાકીની ત્રણ ટી-૨૦ મૅચ ક્યારે

રવિવાર, બીજી નવેમ્બર, હૉબાર્ટ, બપોરે ૧.૪૫
ગુરુવાર, છઠ્ઠી નવેમ્બર, ગોલ્ડ કૉસ્ટ, બપોરે ૧.૪૫
શનિવાર, આઠમી નવેમ્બર, બ્રિસ્બેન, બપોરે ૧.૪૫. ■




શુક્રવારે બેંગલૂરુમાં રિષભ પંતના હાથમાંથી બૅટ છટકી ગયું હતું. (એકદમ ડાબે)

હાર્દિક પંડ્યા ગુરુવારે બેંગલૂરુમાં ઈન્ડિયા-એની મૅચ વખતે આવ્યો હતો.

# રિષભ પંત કમબૅકમાં ફ્લૉપઃ સુદર્શન, પડિક્કલ, પાટીદાર પણ સસ્તામાં આઉટ

## પંતના સુકાનમાં હવે બીજા દાવમાં ઈન્ડિયા-એ ટીમની આકરી કસોટી થશે

બેંગલૂરુઃ ઇન્ડિયા-એ ટીમની અહીં સાઉથ આફ્રિકા-એ સામે ચાલી રહેલી ચાર દિવસની બિનસત્તાવાર ટેસ્ટમાં મહેમાન ટીમનો પ્રથમ દાવ ૩૦૯ રન પર પૂરો થયો ત્યાર બાદ ઇન્ડિયા-એ ટીમ કેટલાક જાણીતા ખેલાડીઓના ફ્લૉપ-શૉને કારણે ૨૩૪ રનમાં સમેટાઈ ગઈ હતી.

કૅપ્ટન રિષભ પંત ફક્ત ૨૯ મિનિટ સુધી ક્રીઝમાં રહ્યો હતો અને ૧૭ રનના પોતાના સ્કોર પર કૅચઆઉટ થયો હતો. તે વિકેટ ગુમાવતાં પહેલાં એક શૉટ રમવા ગયો ત્યારે તેના હાથમાંથી બૅટ છટકી ગયું હતું.

તે ઈજામુક્ત થયા બાદ ફરી રમવા આવ્યો છે, પરંતુ તેનું કમબૅક સારું નથી રહ્યું.

૧૮ વર્ષના મુંબઈના આયુષ મ્હાત્રેએ સાઉથ આફ્રિકન ટીમના બોલર્સનો સમજદારીથી સામનો કર્યો હતો અને ૭૬ બૉલમાં ૧૦ ફોરની મદદથી ૬૫ રન કર્યા હતા. તેની અને સાઇ સુદર્શન (૩૨ રન) વચ્ચે ૯૦ રનની ભાગીદારી થઈ હતી. જોકે આયુષની વિકેટ પડ્યા બાદ ધબડકો શરૂ થયો હતો.

સસ્તામાં આઉટ થયેલા પંતની ટીમના અન્ય સ્ટાર ખેલાડીઓમાં દેવદત્ત પડિક્કલ (છ રન), રજત પાટીદાર (૧૯ રન)નો સમાવેશ હતો. આયુષ બદોનીનું કુલ સ્કોરમાં ૩૮ રનનું તથા તનુશ કોટિયનનું ૧૩ રનનું યોગદાન હતું. સાઉથ આફ્રિકાના સ્પિનર પ્રેનેલન સુબ્રયેને સૌથી વધુ પાંચ વિકેટ લીધી હતી.

સાઉથ આફ્રિકા-એ ટીમે ૭૫ રનની સરસાઈ મેળવ્યા બાદ બીજા દાવમાં વિના વિકેટે ૩૦ રન કર્યા હતા. ■

ગુજરાત સરકાર



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## "એક ભારત શ્રેષ્ઠ ભારત"ના ગૌરવની ઉજવણી

# ભારત પર્વ ૨૦૨૫

### ભારતભરની વિવિધ વાનગીઓ, કલા તથા વિવિધ સંસ્કૃતિઓ માણો એક જ સ્થળે!

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા - સ્ટેચ્યૂ ઑફ યુનિટી, રાષ્ટ્રીય ઉત્સવનું કેન્દ્ર બનશે, કારણ કે અહીં એકતાનગર ખાતે "એક ભારત શ્રેષ્ઠ ભારત" અંતર્ગત 'ભારત પર્વ ૨૦૨૫'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવ થીમ પેવેલિયન, પ્રાદેશિક વાનગીઓ, પરંપરાગત હસ્તકલા અને સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ દ્વારા વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને એકસાથે લાવશે, જે ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતામાં તેની અડગ એકતાને પ્રતિબિંબિત કરશે.



## ભારત પર્વ ૨૦૨૫
**૧ થી ૧૫મી નવેમ્બર, ૨૦૨૫**

**સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ**
ડેમ વ્યૂ પૉઇન્ટ-૧, વેલી ઑફ ફ્લાવર સામે

**થીમ પેવેલિયન**

**ફૂડ સ્ટૉલ્સ**

**ક્રાફ્ટ સ્ટૉલ્સ**
જંગલ સફારી પાસે

અન્ય આકર્ષણો
લેસર, લાઇટ અને સાઉન્ડ શો • જંગલ સફારી અને ડાયનો ટ્રેઇલ • સરદાર સરોવર ડેમ અને બોટિંગ • કેક્ટસ ગાર્ડન
બટરફ્લાય ગાર્ડન • આરોગ્ય વન • ચિલ્ડ્રન ન્યૂટ્રિશન પાર્ક • વિશ્વ વન

**સ્ટેચ્યૂ ઑફ યુનિટી, એકતાનગર**

**'ભારત પર્વ' એ માનનીય વડાપ્રધાનશ્રીની દૂરંદેશી હેઠળ "એક ભારત શ્રેષ્ઠ ભારત"ની રાષ્ટ્રીય શક્તિનો જીવંત સંદેશ છે.**

**શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**પવઈ બંધક ડ્રામા**

# પોલીસને રોકવા આણંદના રોહિતે મોશન ડિટેક્શન સેન્સર્સ લગાવેલાં

## બારી અને દાદર પર લગાવાયેલાં સેન્સર્સ મોબાઈલ ફોન સાથે કનેક્ટ કરવામાં આવેલાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પવઈના સ્ટુડિયોમાં ૧૭ બાળક સહિત ૧૯ જણને બંધક બનાવનારા મૂળ ગુજરાતના આણંદના વતની એવા પ્રોફેસર રોહિત આર્યએ આ આખી યોજના સમજીવિચારીને બનાવી હતી. દરેક બાબતનું ધ્યાન રાખનારા રોહિતે પોલીસ સહેલાઈથી સ્ટુડિયોમાં પ્રવેશી ન શકે તેની પણ પૂરી તકેદારી રાખી હતી. તેણે બારી અને દાદર પર મોશન ડિટેક્શન સેન્સર્સ લગાવીને તેને પોતાના મોબાઈલ ફોન સાથે કનેક્ટ કર્યાં હતાં તો સીસીટીવી કૅમેરા પણ એક જ દિશામાં ફેરવી નાખ્યા હતા.

તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આણંદનો વતની રોહિત પત્ની અને ૧૦ વર્ષના પુત્ર સાથે પુણેમાં રહેવા આવ્યો હતો, પરંતુ છેલ્લા બે મહિનાથી તે મુંબઈના ચેમ્બુર પરિસરમાં રહેતો હતો. ઘટના બની ત્યારે રોહિતની પત્ની અને પુત્ર અમદાવાદમાં હતાં.

દરમિયાન ઑપરેશન પત્યા પછી સ્ટુડિયોમાં તપાસ કરતાં પોલીસ પણ ચોંકી ગઈ હતી. પોલીસ સહેલાઈથી સ્ટુડિયોમાં ન પ્રવેશી શકે તે માટે રોહિતે બારી, દરવાજા અને દાદર પર મોશન ડિટેક્શન સેન્સર્સ લગાવ્યાં હતાં. પછી સેન્સર્સ પોતાના મોબાઈલ સાથે કનેક્ટ કરી રાખ્યાં હતાં, જેથી પોલીસ સ્ટુડિયોમાં ઘૂસવાનો પ્રયાસ કરે તો તેને જાણ થઈ શકે.

પોલીસનું અનુમાન છે કે બાળકોને બચાવવા પોલીસની ટીમ દાદરથી ચઢીને કે બારીમાંથી ઘૂસીને સ્ટુડિયોમાં પ્રવેશી શકે એવું રોહિતે ધાર્યું હતું, જેને પગલે તેણે સેન્સર્સ ગોઠવી રાખ્યાં હતાં. એ સિવાય તેણે સીસીટીવી કૅમેરા પણ એક દિશામાં ફેરવી રાખ્યા હતા, જેથી સ્ટુડિયોમાંની તેની હિલચાલ ડીવીઆરમાં રેકોર્ડ ન થઈ શકે. રોહિત ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે પણ સંકળાયેલો હતો એટલે કદાચ તે જાણતો હશે કે આ બધાં ઈક્વિપમેન્ટ કઈ રીતે કામ કરે છે. એવું જણાવી એક અધિકારીએ ઉમેર્યું હતું કે બની શકે કે તેણે આ બધાં સાધનો માટે ઑનલાઈન સર્ચ કર્યું હશે. તેણે સેન્સર્સ ક્યાંથી ખરીદ્યાં એની પોલીસ તપાસ કરી રહી છે.

એક અધિકારીના જણાવ્યા મુજબ સ્ટુડિયોના આગળના ભાગમાં જ રોહિત હતો. પાછળના ભાગથી સ્ટુડિયોમાં પ્રવેશી શકાય કે નહીં તેનું પોલીસે સૌપ્રથમ નિરીક્ષણ કર્યું હતું. પછી ફાયર બ્રિગેડના જવાનોની મદદ લેવામાં આવી હતી.

## ચાર દિવસ માટે સ્ટુડિયો ભાડે લીધો

મુંબઈઃ બાળકોને બંધક બનાવી પોતાની વાતની રજૂઆત કરવાની યોજનાના ભાગ રૂપે રોહિતે પવઈનો સ્ટુડિયો ચાર દિવસ માટે ભાડે લીધો હતો, એવું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે સ્ટુડિયો ભાડે લઈને રોહિતે વેબસિરીઝ માટે બાળકોનાં ઑડિશન લેવાનું શરૂ કર્યું હતું. ઑડિશન દરમિયાન વાલીઓ બિલ્ડિંગ નીચે અથવા સ્ટુડિયોની બહાર બેસતા હતા, જ્યારે અંદર માત્ર બાળકો જ જતાં હતાં.

સોમવારથી જ રોહિતે સ્ટુડિયોમાં સેન્સર્સ લગાવીને તેનું પરીક્ષણ કરવાનું શરૂ કર્યું હશે, એવું પોલીસનું માનવું છે. ત્રણ દિવસ ઑડિશનનું નાટક કર્યા પછી ગુરુવારે છેલ્લા દિવસે રોહિતે કાવતરાને અંજામ આપ્યો હતો.

પોલીસને ઘટનાસ્થળેથી ઍરગન, પેટ્રોલ, જ્વલનશીલ રબર સોલ્યુશન અને લાઈટર્સ મળી આવ્યાં હતાં. જ્વલનશીલ કેમિકલથી સ્ટુડિયોમાં આગ લગાડી બાળકોને નુકસાન પહોંચાડવાની ચીમકી રોહિતે વીડિયોમાં આપી હતી.

મળતી માહિતી અનુસાર શુક્રવારની સવારે રોહિતના મૃતદેહને ડિટેઈલ પોસ્ટમોર્ટમ માટે જે. જે. હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની હત્યાના પ્રયાસ, અપહરણની કલમો હેઠળ પવઈ પોલીસે ગુનો નોંધ્યો હતો.

# ‘બાળકોને બંધક બનાવાય છે એવો સીન આપણે શૂટ કરવાના છીએ’

## આવું વીડિયોગ્રાફરને કહીને રોહિતે બાનનો ડ્રામા કર્યો હતો

મુંબઈઃ પવઇ વિસ્તારના સ્ટુડિયોમાં ગુરુવારે પોલીસ એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા રોહિત આર્યએ તેના વીડિયોગ્રાફરને કહ્યું હતું કે તેઓ બાળકોને બંધક બનાવવામાં આવ્યા છે એવો સીન શૂટ કરવાના છે. જોકે અસલ જીવનમાં રોહિતે આવી યોજના બનાવી છે એવો અણસાર વીડિયોગ્રાફરને બિલકુલ આવ્યો નહોતો. રોહિત સાથે છેલ્લાં ૧૦ વર્ષથી કામ કરતો વીડિયોગ્રાફર રોહન આહિરે ત્રણ કલાક ચાલેલા એ હાઇ ડ્રામાનો મુખ્ય સાક્ષીદાર છે. રોહને મીડિયા સમક્ષ શુક્રવારે ઘટનાક્રમ વર્ણવ્યો હતો.

રોહન આહિરેએ રોહિતની પહેલી સ્વચ્છતા મોનિટર અને લેટ્સ ચેન્જ પ્રોજેક્ટો માટે ફિલ્મ શૂટ કરી હતી. બુધવારે રોહિતે તેને શૂટર માટે પાંચ લિટર પેટ્રોલ અને ફટાકડા લાવવા માટે કહ્યું હતું, પરંતુ સ્ટુડિયોમાં બાળકો હોવાથી રોહિતની સૂચનાનું રોહને પાલન કર્યું નહોતું.

રોહન ગુરુવારે સવારે સ્ટુડિયોમાં પહોંચ્યો ત્યારે સ્પોટબૉયે તેને કહ્યું હતું કે સ્ટુડિયોના ઉપરના માળે કોઇને પણ જવાની મનાઇ કરવામાં આવી છે. થોડા સમય બાદ રોહિત પોતે નીચે આવ્યો હતો અને રોહનને કહ્યું હતું કે તેઓ આગ સંબંધી સીન શૂટ કરવાના છે અને આ માટે પોતે રબર સોલ્યુશનની બોટલો લાવ્યો છે. તેણે રોહનને સ્ટુડિયોના ગેટ અને તમામ એન્ટ્રી પોઇન્ટ લૉક કરવા માટે કહ્યું હતું. બાદમાં રોહિતે બાળકો સામે રબર સોલ્યુશન રેડ્યું હતું અને આગ ચાંપી હતી. હું અને અન્ય ભયભીત થયા હતા અને આવું નહીં કરવા માટે તેને સમજાવ્યો હતો. એ સમયે રોહિતે એરગન તાકી મને દૂર રહેવા માટે કહ્યું હતું. હું તુરંત સ્ટુડિયોની બહાર દોડી ગયો હતો અને બહાર ઊભેલા લોકોને તાત્કાલિક પોલીસને બોલાવવા માટે કહ્યું હતું, એમ રોહને જણાવ્યું હતું.

બાદમાં હું ઉપરના માળે ગયો હતો અને અંદરના બાળકોને બચાવવા માટે હથોડીથી સ્ટુડિયોની બારી તોડી નાખી હતી, જેથી મારા હાથમાં ઇજા થઇ હતી. (પીટીઆઇ)

## બાળકોને વાનમાં લેવાની સ્ક્રિપ્ટ મને સંભળાવી હતીઃ મરાઠી અભિનેત્રી

મુંબઈઃ મુંબઈમાં પવઈના આરએ સ્ટુડિયો બિલ્ડિંગમાં ૧૭ બાળકો અને બે વૃદ્ધને બંધક બનાવીને સળગાવી દેવાની ધમકી આપનાર રોહિત આર્યનું પોલીસ ગોળીબારમાં મોત થયું હતું. આ ચોંકાવનારી ઘટના ૩૦ ઓક્ટોબરે બની હતી. આ ઘટના સંદર્ભે મરાઠી અભિનેત્રી રુચિતા જાધવે તેના સોશિયલ મીડિયા પર કેટલીક વાત રજૂ કરી છે. રોહિત આર્યએ થોડા દિવસ પહેલા તેને ફોન કરી આરએ સ્ટુડિયોમાં આવવા માટે ફોન કર્યો હતો એવો દાવો રુચિતા કર્યો હતો. આ ઘટના સંદર્ભે રુચિતા જાધવે સ્પષ્ટતા કરી છે કે બાળકોનું અપહરણ કરતી સ્ક્રીપ્ટમાં શિક્ષકનો રોલ કરવાનો છે એમ રોહિત આર્યએ તેને જણાવ્યું હતું. વધુ જાણકારી આપતા અભિનેત્રીએ કહ્યું હતું કે ચોથી ઓક્ટોબરે મને રોહિત આર્યનો મેસેજ મળ્યો હતો. પોતે એક ફિલ્મ બનાવી રહ્યો છે એ વિશે મારી સાથે વાતચીત કરવા માંગે છે એમ તેણે જણાવ્યું હતું. એ દિવસે સાંજે અમે નવ મિનિટ વાત કરી ત્યારે રોહિત આર્યએ મને ફિલ્મની વાર્તા સંભળાવી હતી.

## રોહિત આર્યના કેમ્પેઈનને નરેન્દ્ર મોદીએ બિરદાવ્યું હતું

રોહિત આર્યને ‘મુખ્યમંત્રી માઝી શાળા, સુંદર શાળા’ અભિયાન હેઠળ પીએલસી સ્વચ્છતા મોનિટર પ્રોજેક્ટ હાથ ધર્યો હતો. આ યોજના દ્વારા બાળકોમાં સ્વચ્છતા ઉપરાંત જાગૃતિ પણ લાવવામાં આવી હતી. આ અભિયાનનો ઉદ્દેશ્ય બાળકોને સામેલ કરીને તેમના માતાપિતાને સ્વચ્છતાના પાઠ શીખવવાનો હતો. શાળાના બાળકોને સ્વચ્છતા રાજદૂત બનાવવાના ઉદ્દેશ્યથી આ અભિયાન અમલમાં મૂકવામાં આવ્યું હતું. તેના પૈસા બાકી હોવાનો દાવો તેણે કર્યો હતો. જોકે આ પહેલવાર ન હતું બન્યું. રોહિતે વર્ષ ૨૦૧૩માં મહારાષ્ટ્રમાં લેટ્સ ચેન્જ અભિયાન દ્વારા આ પ્રોજેક્ટ અમલમાં મૂક્યો હતો. ગુજરાતના તત્કાલીન મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીને સ્વચ્છતા અભિયાનમાં બાળકોને સામેલ કરીને તેમના માતાપિતા સુધી પહોંચવાનો વિચાર ગમ્યો. તેમણે આ અભિયાનની પણ પ્રશંસા કરી. દીપક કેસરકર શિક્ષણ પ્રધાન હતા, ત્યારે આ જ અભિયાન અમલમાં મૂક્યું હતું.

## માથામાં ઈજાને કારણે દાદીમા હૉસ્પિટલમાં

મુંબઈઃ પવઈમાં બાળકોને બંધક બનાવવાની ભયાનક ઘટનાની સાક્ષી મંગલ પાટનકરને માથામાં ઇજાને કારણે હૉસ્પિટલમાં દાખલ કરાઈ હતી. પાટનકર કોલ્હાપુરથી ૧૦ વર્ષની પૌત્રી સાથે મુંબઈ આવી હતી. કહેવાય છે કે સ્કૂલમાંથી ઑડિશન માટે બાળકીને મુંબઈ જવાનું કહેવામાં આવ્યું હતું. પરિણામે બાળકી માતા અને દાદી સાથે મુંબઈ આવી હતી. બાળકીની માતા સ્ટુડિયો બહાર હતી, જ્યારે મંગલ પાટનકર બાળકી સાથે અંદર ગઈ હતી. ૧૭ બાળકો, દાદી અને વીડિયોગ્રાફરને રોહિતે બાનમાં લીધા હતા. પાટનકરે કહ્યું હતું કે શરૂઆતમાં રોહિતનું વર્તન સારું હતું. બાળકોને નાસ્તા અને જમવાની પણ વ્યવસ્થા તેણે કરી હતી, પરંતુ ગુરુવારે એકાએક તેનું વર્તન બદલાયું હતું. સ્ટુડિયોના ગેટને બબ્બે તાળાં લગાવી તેણે બાળકોને બંધક બનાવ્યા હતા અને દાદીને ધમકાવી તેમના પર નજર રાખવાનું કહ્યું હતું.

# આર્ય આતંકવાદી નહોતો તો છાતી પર ગોળી કેમ મારી?

## પોલીસ પર ગંભીર આરોપઃ એડવોકેટ કોર્ટમાં દાદ માગશે

મુંબઈઃ હવે એડવોકેટ નીતિન સાતપુતેએ રોહિત આર્યના મૃત્યુ અંગે કેટલાક સવાલ ઉઠાવ્યા છે. એટલું જ નહીં, સાતપુતેએ એમ પણ કહ્યું છે કે તેઓ આ મામલાની તપાસ માટે કોર્ટમાં દાદ માગશે.

મરાઠી ન્યૂઝ ચેનલ સાથે વાત કરતા સાતપુતેએ કહ્યું હતું કે બાળકોની સલામતી ચોક્કસપણે સુનિશ્ચિત થવી જોઈએ. રોહિત આર્ય દ્વારા કરવામાં આવેલું કૃત્ય ખોટું છે. બાળકોને બંધક બનાવવા જોઈતા નહોતા, પરંતુ જ્યારે આવી ઘટના બને છે ત્યારે પોલીસને શું કરવું તે અંગે તાલીમ આપવામાં આવે છે. શું તેને સીધી જ ગોળી મારી દેવામાં આવી હોત? કે શું બીજો કોઈ ઉકેલ ન હોત? તેઓ બે કલાક સુધી ડીસીપી નલાવડેના સંપર્કમાં રહ્યા, ચર્ચા કરી. પછી તમે ચર્ચામાં શું કર્યું? તમે તેમના પરિવારનો સંપર્ક કેમ ન કર્યો? તેઓ કેસરકરના સંપર્કમાં હતા, તો તમે તેમનો સંપર્ક કેમ ન કર્યો? આવા મહત્ત્વપુર્ણ સવાલો એડવોકેટ નીતિન સાતપુતે દ્વારા ઉઠાવવામાં આવ્યા છે.

જ્યારે ડીસીપી નલાવડે બે કલાક સુધી તેમના સંપર્કમાં હતા, ત્યારે તેઓ સમાધાન કરી શક્યા હોત, કે અમે તમને તમારા પૈસા અપાવીશું, તમારે આવું ખરાબ કામ ન કરવું જોઈએ અને આ ઘટના ટાળી શકાઈ હોત. ડીસીપીએ તે ન કર્યું, સરકારે તે ન કર્યું, ગૃહ વિભાગે તે ન કર્યું, કેસરકરે પણ ન કર્યું, એમ એડવોકેટ નીતિન સાતપુતેએ જણાવ્યું હતું.

બાળકોને બચાવી લેવામાં આવ્યા તે પ્રશંસનીય છે, પરંતુ તેની સાથે, નાગરિકોનું ધ્યાન રાખવું પણ જરૂરી છે. બાળકોને બચાવવા માટે બીજા કોઈની હત્યા કરવી ખોટું છે. તે ગુનેગાર નહોતો. તેની સામે કોઈ ગુના નહોતા, સાતપુતેએ એમ પણ કહ્યું. તમે પહેલા તેને પગમાં ગોળી કેમ ન મારી? સાતપુતેએ એમ પણ કહ્યું કે તે આ મામલે કોર્ટમાં જશે અને તપાસ કરવામાં આવે એવી માગણી કરશે.

તે ગેંગસ્ટર કે આતંકવાદી નહોતો, તેથી તેને છાતીમાં ગોળી શું કામ મારવી જોઈએ? પોલીસે કેટલા પ્રયાસ કર્યા. જો તેની પાસે બંદૂક હોત, તો તેણે કેટલી ગોળીઓ ચલાવી? શું તેણે રક્ષકો પર ગોળીઓ ચલાવી? આવા સવાલ પણ તેમણે ઉપસ્થિત કર્યા હતા.

એપીઆઈ અમોલ વાઘમારે હીરો બનવા માગે છે, તે પ્રદીપ શર્મા, દયા નાયક, પ્રફુલ ભોસલે બનવા માગે છે. તે બધા જૂના એન્કાઉન્ટર કિલર્સે જે કર્યું તે કરીને નામ કમાવવા માગે છે. એટલા માટે તેણે હત્યા કરીને વીરતા દાખવી છે. તેથી, પહેલા તે ત્રણેય સામે હત્યાનો કેસ નોંધવો જોઈએ, એમ સાતપુતેએ કહ્યું હતું.

જો તેને સરકાર પાસેથી પૈસા લેણા નીકળી રહ્યા હતા અને જેના કારણે આજે તેની હત્યા થઈ છે તો તેના પૈસા ન આપવા બદલ, પ્રધાન અને સરકારી અધિકારીઓ સામે બે કરોડ રૂપિયાની છેતરપિંડીનો કેસ નોંધવો જોઈએ અને તેમની ધરપકડ કરવી જોઈએ, એમ પણ એડવોકેટ નીતિન સાતપુતેએ જણાવ્યું હતું.

# મહારાષ્ટ્ર સરકારે સ્વચ્છતા અભિયાન સાથે જોડાયેલા બે કરોડના દાવાને નકારી કાઢ્યો

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે મુંબઈ સ્થિત ફિલ્મ નિર્માતા રોહિત આર્ય દ્વારા કરવામાં આવેલા દાવાઓને નકારી કાઢ્યા છે. બીજી તરફ મહારાષ્ટ્રના શિક્ષણ વિભાગે એક વિગતવાર નિવેદન બહાર પાડ્યું જેમાં પુષ્ટિ આપવામાં આવી હતી કે ૨૦૨૨ અને ૨૦૨૩માં પ્રોજેક્ટ લેટ્સ ચેન્જના ભાગોને અમલમાં મૂકવા માટે અપ્સરા મીડિયાની પસંદગી કરવામાં આવી હતી. આ પહેલનો હેતુ શાળાના વિદ્યાર્થીઓમાં સ્વચ્છતાની ટેવ પાડવાનો હતો, જેમાં ૫૯ લાખ વિદ્યાર્થીઓને ‘સ્વચ્છતા મોનિટર’ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

આ સહયોગના ભાગ રૂપે ૩૦ જૂન, ૨૦૨૩ના રોજના સરકારી આદેશ દ્વારા ૯.૯ લાખ રૂપિયાની રકમ જારી કરવામાં આવી હતી. બાદમાં, ૨૦૨૩-૨૪ નાણાકીય વર્ષ દરમિયાન, ‘મુખ્યમંત્રી માઝી શાળા સુંદર શાળા’ કાર્યક્રમ હેઠળ આ પ્રોજેક્ટને લંબાવવામાં આવ્યો હતો, જેમાં કુલ ૨૦.૬૩ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું હતું, જેમાં સ્વચ્છતા મોનિટર સાથે જોડાયેલી પ્રવૃત્તિઓ માટે બે કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે. જોકે, અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે ભંડોળ માટે આર્યની રજૂઆતો અધૂરી હતી અને તેમાં જાહેરાત, માનવશક્તિ, ટેકનિકલ સપોર્ટ અને તેમની દસ્તાવેજી ‘લેટ્સ ચેન્જ’ના સ્ક્રીનીંગ માટે ખર્ચનો અંદાજ વધારે પડતો હતો. ‘આ ટેકનિકલ ખામીઓને કારણે, યોજના અમલમાં મૂકી શકાઈ નહોતી,’ એમ વિભાગે જણાવ્યું હતું.

## આવ્હાડે સરકારની ટીકા કરી

પોલીસ ગોળીબારમાં રોહિત આર્યના મૃત્યુ પછી, એનસીપી (શરદ પવાર જૂથ)ના નેતા જિતેન્દ્ર આવ્હાડે રાજ્ય સરકારની ટીકા કરી હતી. આવ્હાડે ટ્વિટ કરીને ગંભીર આરોપ લગાવ્યો છે કે કોન્ટ્રાક્ટર રોહિત આર્ય અને ડો. સંપદા મુંડેના મૃત્યુ સંસ્થાકીય હત્યાઓ હતી. આવ્હાડે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ એક્સ પર આરોપ લગાવ્યો છે કે સરકારી કોન્ટ્રાક્ટર રોહિત આર્યએ આ સડેલી અને બિનસંવેદનશીલ સિસ્ટમ સામે લડતી વખતે પોતાના અતિશય આત્મવિશ્વાસ પર આધાર રાખ્યો અને ગેરકાયદે રીતે અપમાનજનક કાર્યો કરીને પોતાના કાનૂની મુદ્દાઓ ઉકેલવાનો પ્રયાસ કર્યો અને પરિણામે, સિસ્ટમ દ્વારા તેને છાતીમાં ગોળી મારવામાં આવી. કારણ કે તેણે પોતે જ આ એન્કાઉન્ટર વહોરી લીધું હતું.

જેમણે ગોળીબાર કર્યો અથવા કહેવાતું એન્કાઉન્ટર કરાવ્યું તેઓ ચર્ચા કરશે કે તેમણે કેટલી હિંમત અને બહાદુરી બતાવી. કહેવાતા પેઇડ હેન્ડલર્સ અને પીઆર એજન્સીઓ આ અંગે ચર્ચા કરશે. આવ્હાડે કહ્યું કે જે અધિકારીઓએ ૧૭ નિર્દોષ બાળકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા અને સડેલી સરકારની શરમને ખુલ્લી પડતા બચાવી, તેમના માટે બહાદુરી મેડલની જાહેરાત કરવામાં આવશે.

# મુંબઈમાં ચાર જગ્યાએ કબૂતરો માટે સવારના ૭ થી ૯ કંટ્રોલ ફીડિંગની મંજૂરી

## નિષ્ણાતોનો અહેવાલ આવે અને કોર્ટનો આદેશ આવે ત્યાં સુધી કામચલાઉ વ્યવસ્થા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં હાઈ કોર્ટના આદેશ બાદ બંધ કરવામાં આવેલા કબુતરખાનાને મુદ્દે નાગરિકો પાસેથી વાંધા-સૂચનો મગાવીને વચગાળાનો નિર્ણય લેવાનો નિર્દેશ કોર્ટે આપ્યો છે. તે મુજબ મુંબઈ મહાનગરપાલિકાએ કામચલાઉ વ્યવસ્થા તરીકે મુંબઈમાં ચાર જગ્યાએ સવારના સાતથી નવ વાગ્યા સુધી કબૂતરોને કંટ્રોલ ફીડિંગ માટે મંજૂરી આપી છે. જયાં સુધી નિષ્ણાતોનો અહેવાલ અને હોઈ કોર્ટનો આદેશ આવે નહીં ત્યાં સુધી આ કામચલાઉ વ્યવસ્થા રહેશે.

પાલિકા દ્વારા મુંબઈમાં ચાર જગ્યા કબુતરો માટે કંટ્રોલ ફીડિંગ માટે જાહેર કરવામાં આવી છે, જેમાં જી-દક્ષિણ વોર્ડમાં વરલી જળાશય, કે પશ્ચિમ વોર્ડમાં અંધેરી પશ્ચિમમાં વેસાવે એસટીપી પ્રોજેક્ટ નજીક, લોખંડવાલા બૅક રોડ પર મેનગ્રોવ્ઝ પરિસર, ટી વોર્ડમાં મુલુંડ પૂર્વમાં મુલુંડ જકાત નાકા પાસે ઐરોલી-મુલુંડ લિંક રોડ અને આર-સેન્ટ્રલ વોર્ડમાં બોરીવલી પશ્ચિમમાં ગોરાઈ મેદાનનો સમાવેશ થાય છે. આ ચાર ઠેકાણે કબુતરખાના માટે મંજૂરી આપવાનો વચગાળાનો નિર્ણય પાલિકાએ લીધો છે. હજી સુધી પાલિકાએ કબુતરખાના શરૂ કરવા માટે મંજૂરી આપી નથી. જે કબુતરખાના બંધ છે, તે બંધ જ રહેશે એવી સ્પષ્ટતા પણ પાલિકાએ કરી છે.

પાલિકાના જણાવ્યા મુજબ આ ચારે ઠેકાણે કબુતરોને નિયંત્રિત સમયમાં એટલે કે સવારના સાતથી નવ વાગ્યા સુધી ચણ નાખવા માટે મંજૂરી આપી છે. અન્ય કોઈ પણ સમયે અહીં ચણ નાખી શકાશે નહીં. ચારે જગ્યા પર કબુતરખાનાનું વ્યવસ્થાપન કરવા માટે સ્વયંસેવી સંસ્થા આગળ આવી તો જ આ મંજૂરી આપવામાં આવશે. કબુતરોને ચણ આપતા સમયે વાહનો અથવા રાહદારીઓને કોઈ અડચણ થવી જોઈએ નહીં અને કબુતરખાનાની જગ્યા સંપૂર્ણ સ્વચ્છ રાખવાની અને નાગરિકોની ફરિયાદની નોંધ લઈને તેના પર યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે. તે માટે સંબંધિત સંસ્થા પાસેથી લેખિત બાંયધરી લેવામાં આવશે. કબુતરખાનાના વ્યવસ્થાપનમાં સંબંધિત પ્રશાસકીય વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર એ નોડલ ઓફિસર હશે. કબુતરખાનાના પરિસરમાં આરોગ્ય વિષયમાં જનજાગૃતિ માટે બોર્ડ પણ બેસાડવું પડશે.

આ દરમ્યાન કબુતરખાના માટે નાગરિકો પાસેથી પાલકિાને ૯,૭૭૯ સૂચનો અને વાંધા તથા ફરિયાદો આવી છે, જેમાં કબુતરખાના બંધ કરવા, ચાલુ રાખવા, સ્વચ્છ રાખવા, કંટ્રોલ ફીડિંગ જેવી બાબતનો સમાવેશ થાય છે.

## થાણે રેલવે સ્ટેશનના ત્રણ પ્લેટફોર્મની લંબાઈ વધારાશે

### ભવિષ્ય માટે ૧૫ ડબ્બાવાળી ટ્રેનોનું આયોજન

થાણેઃ રેલવે પ્રશાસને થાણે રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર બે, ત્રણ અને ચારની લંબાઈ વધારવાનું કાર્ય હાથ ધર્યું છે. થાણે રેલવે સ્ટેશન પરથી મુસાફરી કરનારાઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખી ભવિષ્યમાં ૧૫ ડબ્બાવાળી ટ્રેનો શરૂ કરવામાં આવે તો તેના આયોજન માટે આ કામ શરૂ કરવામાં આવ્યું હોવાની માહિતી રેલવે અધિકારીઓએ આપી હતી. ડિસેમ્બર અથવા જાન્યુઆરી મહિનાના પહેલા અઠવાડિયામાં આ કામો પૂર્ણ થવાની સંભાવના છે.

થાણે રેલવે સ્ટેશન પરથી દરરોજ સાત લાખથી વધુ મુસાફરો મુસાફરી કરે છે. પ્લેટફોર્મ નંબર બે, ત્રણ અને ચાર આ ત્રણેય પ્લેટફોર્મ પર સવાર અને રાતના સમયે મુસાફરોની ભારે ભીડ જામે છે. આ મુસાફરીમાં મહિલાઓ તેમજ વૃદ્ધોને સૌથી વધુ હાલાકી ભોગવવી પડે છે. હાલમાં થાણેના પ્લેટફોર્મ નંબર બે, ત્રણ અને ચાર ૧૨ ડબ્બાવાળી ટ્રેનો માટે છે. જ્યારે પાંચ અને છ નંબરના પ્લેટફોર્મ મોટા છે, જ્યાં ફાસ્ટ અને એક્સપ્રેસ ટ્રેનો ઊભી રહે છે. આ પ્લેટફોર્મ પર ૧૫ ડબ્બાવાળી ટ્રેનો દોડે છે. આથી છેલ્લાં કેટલાક દિવસોથી પ્લેટફોર્મ નંબર બે, ત્રણ અને ચારની લંબાઈ વધારવાનું કામ શરૂ થયું છે. આવતા ડિસેમ્બર મહિનામાં અથવા જાન્યુઆરી મહિનાના પહેલા અઠવાડિયામાં આ કામ પૂર્ણ થવાની સંભાવના છે.

# જૂન ૨૦૨૬ સુધીમાં કૃષિ લોન માફીની જાહેરાત કરવામાં આવશેઃ મુખ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાગપુરમાં ખેડૂતો દ્વારા કૃષિ લોન માફીની માગણી સાથે ત્રણ દિવસ સુધી ચાલેલા વિશાળ વિરોધ પ્રદર્શન બાદ, મહાયુતિ સરકારે ગુરુવારે તેમને ખાતરી આપી હતી કે ૩૦ જૂન, ૨૦૨૬ સુધીમાં કૃષિ લોન માફીની જાહેરાત કરવામાં આવશે. ગુરુવારે મોડી સાંજે વિરોધ કરી રહેલા ખેડૂતોના પ્રતિનિધિઓ અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને અન્ય પ્રધાનો વચ્ચેની બેઠક દરમિયાન આ ખાતરી આપવામાં આવી હતી. અમે ખેડૂત નેતાઓને સમજાવ્યું હતું કે ધોરણો મુજબ, કૃષિ લોન ૩૦ જૂન, ૨૦૨૬ સુધી વસૂલ કરી શકાય છે. ખેડૂતોની નાણાકીય સ્થિતિ સુધારવા માટે પગલાં લેવાની ભલામણ કરવા માટે નિયુક્ત સમિતિના સૂચનો અનુસાર, સરકાર તે તારીખ પહેલાં લોન માફીની જાહેરાત કરશે, એમ ફડણવીસે બેઠક બાદ પત્રકારોને જણાવ્યું હતું. સમિતિ એપ્રિલ સુધીમાં પોતાનો અહેવાલ રજૂ કરે તેવી શક્યતા છે, એમ ફડણવીસે જણાવ્યું હતું.

## લોન માફી આંદોલનની સફળતાનું શ્રેય બચ્ચુ કડુએ ખેડૂતોને આપ્યું

મુંબઈઃ રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન બચ્ચુ કડુ ખેડૂત લોન માફી માટે આંદોલન કરી રહ્યા હતા. આ આંદોલનને રાજ્યભરના ખેડૂતોએ ટેકો આપ્યો હતો. આ આંદોલનની નોંધ લેતા સરકારે બચ્ચુ કડુને મુંબઈમાં એક બેઠક માટે બોલાવ્યા. આ બેઠકમાં આંદોલનકારીઓ અને સરકાર વચ્ચે ચર્ચા થઈ. આ બેઠકમાં સરકારે બચ્ચુ કડુને વચન આપ્યું હતું કે તેઓ ૬ જૂન, ૨૦૨૬ સુધીમાં લોન માફ કરશે. ત્યારબાદ, બચ્ચુ કડુએ નાગપુર પાછા ફરીને બોલતા કડુએ કહ્યું હતું કે, ‘તમારી ફરજ અમારા કરતા ઘણી મોટી છે. તમે આ લડાઈ જીતી લીધી છે. એક જ બળ કેટલું મહાન હોઈ શકે છે તે બહાર આવ્યું છે. પંજાબનું આંદોલન ૧૩ મહિના સુધી ચાલ્યું, અમે ૩ દિવસ આંદોલન કર્યું. ૩૧ વર્ષ પછી અમે સૌથી મોટું આંદોલન કર્યું. જે લોકોએ નિઃસ્વાર્થ ભાવે કામ કર્યું તેઓ આ લોન માફી લઈને આવ્યા.’

બચ્ચુ કડુએ કહ્યું હતું કે, ‘આ આંદોલને આત્મહત્યા કરનાર ખેડૂતને શક્તિ આપી છે, તે જાણે છે કે તેનો ભાઈ અને નેતા તેના માટે ઉભા છે. કાર્યકરોએ સાથે મળીને કામ કર્યું, તેમણે પોતાની સાથે લાવેલી લાગણીઓ અને વિચારો દ્વારા આ સફળતા મેળવી છે, કાર્યકર્તા એ વિચાર સાથે લડી રહ્યો હતો કે ગોળી મારી દેવામાં આવે તો પણ અડગ રહેશે.

# સંજય રાઉત ગંભીર બીમાર

## સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું જલ્દી સ્વસ્થ થઈશ

મુંબઈઃ આગામી મ્યુનિસિપલ ચૂંટણીઓની પૃષ્ઠભૂમિમાં રાજ્યમાં રાજકીય વાતાવરણ હાલમાં ગરમાઈ રહ્યું છે. તમામ રાજકીય પક્ષો આ ચૂંટણીની તૈયારીઓ કરી રહ્યા છે. દરમિયાન, શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) માટે એક માઠા સમાચાર આવ્યા છે. પક્ષવતી મજબૂત રીતે મોરચો લડી રહેલા નેતા સંજય રાઉત ગંભીર રીતે માંદા થયા છે. સંજય રાઉતે પોતે સોશિયલ મીડિયા પર એક પત્ર લખીને પોતાના આરોગ્ય વિશેની આ માહિતી આપી છે.

સંજય રાઉતે આ પત્ર તેમના બધા મિત્રો, પરિવાર અને કાર્યકરોને નમ્ર વિનંતી સાથે લખ્યો છે. તમે બધા કાયમ મારામાં વિશ્વાસ રાખ્યો છે અને મને પ્રેમ કરતા આવ્યા છો, પરંતુ હવે અચાનક ખબર પડી છે કે મારી તબિયતમાં ગંભીર બગાડો થયો છે. સારવાર ચાલી રહી છે, હું ટૂંક સમયમાં આમાંથી બહાર આવીશ, એમ સંજય રાઉતે કહ્યું હતું.

તબીબી સલાહ મુજબ, મને બહાર જવા અને ભીડમાં ભળવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેનાથી બચવાનો કોઈ રસ્તો નથી. મને ખાતરી છે કે હું સ્વસ્થ થઈ જઈશ અને નવા વર્ષમાં તમને મળવા આવીશ, એમ પણ સંજય રાઉતે સ્પષ્ટતા કરી છે.

દરમિયાન, ચૂંટણી પહેલા તેમની તબિયત બગડવાના કારણે, તેમને લગભગ બે મહિના સુધી જાહેર જીવનથી દૂર રહેવું પડશે.

## મોદીએ કહ્યું ‘ગેટ વેલ સૂન’

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતને ઝડપથી સારા થવાની અને સારા આરોગ્યની શુભકામના આપી હતી. અહીં ઉલ્લેખનીય છે કે સંજય રાઉતે બે મહિના સુધી આરોગ્યના કારણસર જાહેર જીવનથી બે મહિનાનો અવકાશ લેવાની જાહેરાત કરી હતી. વડા પ્રધાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં કહ્યું હતું કે ‘તમારા ઝડપથી સારા થવા અને સારા આરોગ્ય માટે પ્રાર્થના કરું છું, સંજય રાઉતજી.’

## અભિનેતા ધર્મેન્દ્ર બ્રીચ કેન્ડી હૉસ્પિટલમાં દાખલ

મુંબઈઃ બોલીવૂડના ‘હી મૅન’ ધર્મેન્દ્રને મુંબઈની બ્રીચ કેન્ડી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળતાં તેમના ફેન્સ ચિંતિત થયા છે. ૮૯ વર્ષની વયના ધર્મેન્દ્ર રૂટીન ચેકઅપ માટે હૉસ્પિટલમાં દાખલ થયા છે. છેલ્લા કેટલાક દિવસથી દુખદ સમાચાર મળી રહ્યા છે, જેને કારણે ફિલ્મજગતને આંચકા લાગી રહ્યા છે. ઑક્ટોબર, ૨૦૨૫માં પંકજ ધીર, ગોવર્ધન અસરાનીની તેમ જ સતીષ શાહ જેવા દિગ્ગજ કલાકારોના અવસાન થયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર એપ્રિલમાં ધર્મેન્દ્રને હૉસ્પિટલમાં દખલ કરવામાં આવ્યા હતા. એ સમયે તેમની આંખની સર્જરી થઇ હતી. હવે જાણવા મળ્યું છે કે ધર્મેન્દ્ર ચાર-પાંચ દિવસથી હૉસ્પિટલમાં દાખલ હોઇ રૂટીન ચેકઅપ માટે તેમને હોસ્પિટલમાં લવાયા હતા.

# વીક એન્ડ



## રોહિત-વિરાટ ૨૦૨૭ના વર્લ્ડ કપ માટેની ટીમમાં અત્યારથી જ નામ લખાવીને ઑસ્ટ્રેલિયાથી પાછા આવ્યા છે

### બન્ને મહારથીઓના ફૉર્મ અને ફિટનેસ બતાવે છે કે બે વર્ષ પછીના વિશ્વ કપમાં તેમને નહીં રમાડવામાં આવે તો એ ક્રિકેટનું દુર્ભાગ્ય કહેવાશે

સ્પોર્ટ્સમૅન
સાશા
feedback@bombaysamachar.com

**સામાન્ય** રીતે આપણને અમુક બાબત યાદ ન રહેતી હોય તો આપણે એ ડાયરીમાં ટાંકી લેતા હોઇએ છીએ, પણ અમુક વાતો યાદગીરી બની જતી હોય છે એટલે એ લેખિતમાં નોંધવાની જરૂર નથી પડતી. એ આપોઆપ યાદ રહી જતી હોય છે અને એવી તાજેતરની બે ક્ષણો હંમેશાં યાદ રહેવાની છે. એક, વિરાટ કોહલીએ તાજેતરમાં ઑસ્ટ્રેલિયા સામેની વન-ડે સિરીઝની પહેલી બન્ને મૅચમાં ઝીરોનો આંચકો સહન કર્યો ત્યાર બાદ ત્રીજી મૅચમાં જ્યારે તેણે પ્રથમ રન કર્યો ત્યારે હાથની મુઠ્ઠીથી એવી રીતે આનંદ વ્યક્ત કર્યો કે જાણે તેણે સેન્ચુરી પૂરી કરી હતી. લાંબા વેકેશન પછી ફરી ફૉર્મમાં આવતાં જ તેણે ચહેરા પર જે આનંદિત ભાવ બતાવ્યો એ તેના માટે હળવો વ્યંગ હશે, પણ તેના કરોડો ચાહકો માટે તો એક જ સંકેત હતો કે તે હવે અસલ મૂડમાં આવીને રમવાનો છે.

વિરાટે એક તરફ સંતુષ્ટ મનઃસ્થિતિ વ્યક્ત કરી ત્યાં બીજી બાજુ તેના ફૅન્સે તેની વધુ એક યાદગાર ઇનિંગ્સ જોવાની મનોમન તૈયારી કરી લીધી હતી અને બન્યું પણ એવું જ. વિરાટે અણનમ ૭૪ રન કરીને દિગ્ગજ સાથી બૅટ્સમૅન રોહિત શર્મા સાથે મળીને બીજી વિકેટ માટે ૧૭૦ બૉલમાં ૧૬૮ રનની અતૂટ ભાગીદારી કરી હતી.

યાદ રહી જાય એવી બીજી ક્ષણ મૅચના અંત ભાગની હતી જેમાં ભારતને જિતાડ્યા બાદ રોહિત અને વિરાટ એકમેકને ભેટ્યા હતા. ઑસ્ટ્રેલિયા માટે આ મૅચ માત્ર ઔપચારિકતા હતી, પણ બે સુપરસ્ટાર્સ વિરાટ-રોહિત માટે કરીઅરના અંતિમ તબક્કામાં આ મૅચ અત્યંત મહત્ત્વની અને યાદગાર હતી.

રોહિત હવે જીવનની ૩૮ વસંત ઋતુ પૂરી કરી ચૂક્યો છે અને વિરાટનો ૩૭મો જન્મદિન (પાંચમી નવેમ્બર) બહુ દૂર નથી. આધુનિક જગતની ખેલકૂદમાં આ ઉંમર નિવૃત્તિની કહેવાય, પણ આ બન્ને મહારથીઓની ઇચ્છા વધુ એક આઇસીસી ટ્રોફી સાથે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કરવાની છે. રોહિત પોતાની કૅપ્ટન્સીમાં ભારતને ટી-૨૦ વિશ્વ કપનું ટાઇટલ તથા ચૅમ્પિયન્સ ટ્રોફી અપાવી ચૂક્યો છે અને તે વન-ડે વર્લ્ડ કપની ટ્રોફી પણ ઉપાડવા માગે છે. ખાસ કરીને અમદાવાદમાં ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપની ફાઇનલમાં નિરાશાજનક હાર બાદ તેની ઇચ્છા વધુ પ્રબળ થઈ હતી. ગયા શનિવારે તેણે ઑસ્ટ્રેલિયા સામેની છેલ્લી વન-ડેમાં અણનમ ૧૨૧ રન કરીને દેખાડી દીધું કે તે હવે ફૉર્મ ગુમાવી બેઠો છે એવું માનવાની ભૂલ હવે પછી કોઈ ન કરે. રોહિતે ૨૦૨૪માં ટી-૨૦માંથી અને આ વર્ષે ટેસ્ટમાંથી રિટાયરમેન્ટ લઈ લીધું હતું (કે પછી તેને નિવૃત્તિ લેવા સિલેક્ટરો કે ટીમ મૅનેજમેન્ટે મજબૂર કર્યો?), પરંતુ વન-ડેમાં રમવાનું તેણે ચાલુ રાખ્યું છે કે જેથી ૨૦૨૭ના ઑક્ટોબર-નવેમ્બરમાં દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે તથા નામિબિયામાં યોજાનારા વન-ડેના વર્લ્ડ કપમાં તે રમી શકે. ઑસ્ટ્રેલિયા સામેની ઓડીઆઇ સિરીઝ પહેલાં રોહિતનો તેના ટીકાકારો દ્વારા જાણતાં-અજાણતાં ઘણી વખત માનભંગ કરવામાં આવ્યો હતો. તેને કૅપ્ટનપદેથી હટાવવામાં આવ્યો અને (૨૦૨૭ના વર્લ્ડ કપની પૂર્વતૈયારી તરીકે) તેના સ્થાને શુભમન ગિલને અત્યારથી કૅપ્ટન્સી સોંપવામાં આવી. એક તરફ ગિલને ટેસ્ટ પછી વન-ડેનું સુકાન પણ સોંપાયું છે, જ્યારે બીજી બાજુ રોહિતે કૅપ્ટન્સીની જવાબદારીમાંથી બહાર આવીને પાછું એવું ફૉર્મ બતાવ્યું કે ૭૩ રનની ઇનિંગ્સ બાદ સીધી સેન્ચુરી જ ફટકારી દીધી.

રોહિતને કૅપ્ટનપદેથી હટાવીને સિલેક્ટરો એવો સંકેત આપવા માગતા હતા કે ૨૦૨૭ના વિશ્વ કપ માટે તે (રોહિત) અને વિરાટ તેમના પ્લાનમાં છે જ નહીં. બીજા શબ્દોમાં કહીએ તો રોહિત અને વિરાટને ઇશારામાં કહી દેવામાં આવી રહ્યું હતું કે તમે પોતે જ સંપૂર્ણ સંન્યાસ જાહેર કરી દો નહીંતર મોહમ્મદ શમીની માફક તેમને પણ દૂધમાંથી માખી કાઢવામાં આવે એમ ટીમ ઇન્ડિયામાંથી બહાર કરી દેવામાં આવશે. ૨૦૨૩ના વન-ડે વિશ્વ કપમાં સૌથી વધુ વિકેટ લેવા ઉપરાંત ૨૦૨૫ની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં સ્પિનિંગ પિચો પર પણ સૌથી સફળ પેસ બોલર બન્યો હતો તેની ફિટનેસ બાબતમાં ચીફ સિલેક્ટર અજિત આગરકર પોતાને અજાણ બતાવી રહ્યા છે, જ્યારે બીજી તરફ શમી રણજી ટ્રોફીમાં વિકેટ પર વિકેટ લેતો રહ્યો છે. આ અઠવાડિયે તેણે બેન્ગાલ વતી ગુજરાત સામેની ચાર દિવસીય મૅચમાં કુલ આઠ વિકેટ લીધી હતી. ખુદ શમી કહે છે કે તેનું રિધમ પાછું આવી ગયું છે અને તેને હજી ઘણું રમવું છે.

રોહિત અને વિરાટની વાત પર પાછા આવીએ તો ઑસ્ટ્રેલિયા સામેની તાજેતરની વન-ડે શ્રેણી પહેલાં બન્ને દિગ્ગજ ફૉર્મ ગુમાવી બેઠા હતા અને વિરાટ તો કાગારુંઓ સામેની પહેલી બેઉ મૅચમાં શૂન્યમાં આઉટ થયો હતો એટલે એવું મનાતું હતું કે આ બન્ને સુપરસ્ટાર ખેલાડી હવે ટેસ્ટ અને ટી-૨૦ નથી રમતા એટલે તેમને પૂરતી મૅચ પ્રૅક્ટિસ નથી મળતી એટલે ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપમાં તેમની કોઈ જ જગ્યા નથી. ઉલ્લેખનીય છે કે ભારતની આગામી વન-ડે સિરીઝ ૩૦મી નવેમ્બરથી સાઉથ આફ્રિકા સામે રમાશે. એમાં પણ રોહિત અને વિરાટ સારું રમશે જ એવું ન માનવાને કોઈ કારણ નથી, કારણકે ગયા શનિવારની ૧૬૮ રનની અતૂટ ભાગીદારી દરમ્યાન તેમણે ઑસ્ટ્રેલિયન ફીલ્ડર્સને બાઉન્ડરી લાઇન સુધી દોડાવવા ઉપરાંત ઘણી વાર ઝડપથી દોડીને એક-બે રન પણ લીધા હતા. ટીમમાં બન્નેની હાજરી જ યુવાન ટીમ માટે પૂરતી હતી ત્યાં તેમણે ૧૬૮ રનની પાર્ટનરશિપ કરીને તેમને ભવિષ્ય માટે વધુ પ્રોત્સાહિત કર્યા હતા. નવાઈની વાત એ છે કે તેમણે એ મૅચમાં યુવા ખેલાડીઓ કરતાં પણ સારી ફીલ્ડિંગ કરી હતી અને મુશ્કેલ કૅચ ઝીલ્યા હતા. એના પરથી જ કોઈને તેમની ફિટનેસનો અંદાજ આવી શકે.

રોહિત શર્મા ગયા શનિવારની મૅચમાં જે રીતે વૉશિંગ્ટન સુંદર, હર્ષિત રાણા વગેરેને સમજાવીને જે રીતે બોલિંગ કરાવતા હતા ત્યારે એવું લાગતું હતું કે કૅપ્ટન ગિલ નહીં, પણ હજીયે રોહિત જ છે. એક તબક્કે વિરાટે તો ગિલને ડાબા હાથથી પાછળની તરફ ખેંચ્યો હતો અને કે. એલ. રાહુલ સાથેની પોતાની વાતચીતમાં તેને પણ જોડાઈ જવા કહ્યું હતું.

વિરાટ તો કરીઅરની શરૂઆતથી હરહંમેશ ફિટ રહ્યો જ છે, રોહિતની ફિટનેસ પણ હવે અગાઉ કરતાં સારી છે. હવે મુખ્ય સવાલ એ છે કે રોહિત-વિરાટે ૨૦૨૭ના વન-ડે વિશ્વ કપ માટેની ટીમમાં હોવું જોઈએ કે નહીં? ૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં વિરાટ મૅન ઑફ ધ મૅચ હતો, જ્યારે ૨૦૨૫ની ચૅમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં એ બહુમાન રોહિત પાસે હતું. એટલું જ નહીં, ઑસ્ટ્રેલિયા સામેની તાજેતરની સિરીઝમાં રોહિત સિડનીનો મૅન ઑફ ધ મૅચ તેમ જ મૅન ઑફ ધ સિરીઝ બન્યો હતો. બન્ને ટીમમાંથી બીજા કોઈનો પર્ફૉર્મન્સ ૩૮ વર્ષના રોહિતથી ચડિયાતો નહોતો. હવે તમે જ વિચારો...વન-ડે ક્રિકેટમાં ૩૩ સેન્ચુરીની મદદથી ૧૧,૩૭૦ રન કરનાર રોહિત અને ૫૧ સેન્ચુરી સાથે ૧૪,૨૫૫ રન કરનાર વિરાટ ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ માટેના પ્લાનમાં નહીં હોય તો તેમના કરોડો ચાહકો એ ગોઠવણ સ્વીકારશે ખરા? છેવટે જો આ બે મહારથીઓ ટીમમાં નહીં જ હોય તો આ દેશનું તેમ જ ક્રિકેટની રમતનું એ દુર્ભાગ્ય કહેવાશે. ■

## રામેન ફેક્ટરી - ક્યોટોમાં ધીમો ને રિલેક્સ્ડ દિવસ...

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com



**જાપાનનાં** શહેરોમાં નક્કી કરેલા પાથ પર ચાલ્યે જાઓ અને એક પછી એક અનુભવો કર્યે જાઓ તો મિકેનિકલ રીતે પણ મજા તો આવી જાય, છતાંય ત્યાં જો ઇન્ટ્યુશનથી ચાલો અને મજા આવે એ તરફ દોરાઈ જવા માટે તૈયાર હોવ, તો ભીડની વચ્ચે કેટલાક દિવસો જરા ઓર મજેદાર પણ લાગી શકે. ત્યારે ટ્રાવેલિંગના અનુભવોને ઓવરલોડ પ્રોસેસ કરવાનો સમય ન મળ્યો હોય અને થાક ઊતરતાં પહેલાં નવો થાક ઉમેરાતો જતો હોય. એવું અનુભવતા પહેલાં તો પોતાને પૂછી જોયું, આ વધતી ઉંમરની કારણે ફિલ થઈ રહ્યું છે કે જાપાનના કારણે. તે સમયે તો અમે વધતી ઉંમરને જવાબદાર ઠેરવી ટ્રિપને થોડી લાઈટ કરી નાખી હતી, પણ બીજાં મિત્રોના અનુભવો અને પાછળથી પ્રોસેસ કર્યા પછી ઘણાં પરિબળો મુજબ એવું લાગ્યું કે જાપાનની ટ્રિપમાં માત્ર આ પણ કરવું છે અને તે પણ કરવું છે એનું લિસ્ટ અને ઉત્સાહ પૂરતો નથી. તેના માટે પૂરતી એનર્જીનું પણ આયોજન કરવું જોઇએ. આ કંઈ કરેબિયન કે યુરોપ નથી, જ્યાં આપમેળે જ રિલેક્સ થવા મળી જાય. અહીં સેન્સિસને રિલેક્સ થવાના પ્લાન પણ બનાવતાં રહેવું પડે. બાકી હાયપર એનર્જી પર ચાલતી, કદી આરામમાં ન માનતી આ કન્ટ્રીમાં ટૂરિસ્ટે પોતાની ક્ષમતા મુજબ પ્લાન કરવો.

ક્યોટોમાં હવે થોડો થાક વર્તાવા લાગ્યો હતો. રોજનાં એવરેજ પચીસ-ત્રીસ હજાર સ્ટેપ્સને એક દિવસ અમે ટોન ડાઉન કરીને ક્યોટોની આબોહવાને શાંતિ અને હળવાશથી માણવા માટે જરા ટ્રેક બદલ્યો. અહીં બધું જ જોઈને જઈશું વાળા વિચારોને કાબૂમાં કર્યા. હજી ઇચ્છા થશે અને સમય સાથ આપશે તો ફરી પણ આવીશું એ ખાતરી સાથે અમે ક્યોટોમાં શાંતિથી અનુભવોને પ્રોસેસ કરવા પર ફોકસ કર્યું, અને તેની શરૂઆત રામેન કૂકિંગ ક્લાસથી કરી. આમ તો લોકો જાપાનીઝ ક્વિઝિનની વાત નીકળે એટલે સીધાં સુશી પર જ પહોંચી જતાં હોય છે, પણ અમે રામેનનાં ફેન્સ હતાં. તેમાંય યાકીટોરી અને તોન્કાત્સુ પણ ટ્રાય કરી લીધું હતું, છતાંય હજી રામેનથી મન નહોતું ભરાતું.

મેગી અને પછી ટોપ રામેન જ્યારે ૯૦ના દશકમાં ભારતમાં પોપ્યુલર થઈ રહ્યાં હતાં ત્યારે એ બધું માણ્યું હતું. અને તેને આજે રામેનના દેશમાં આવીને અલગ સ્વરૂપમાં ચાખવાનું હતું. રામેન અહીં લગભગ દરેક ખૂણે મળે છે. હજી ત્યાંની ફેમસ ઇચીરાન રામેન ખાવાની તો બાકી હતી. અમે એવરેજ રોજના એક મીલમાં તો રામેનની વ્યવસ્થા કરી જ લેતાં હતાં. હવે રામેન કૂકિંગ ક્લાસમાં રામેનને તેના પારંપરિક સ્વરૂપમાં બનાવવાનો પણ મેળ પડી જવાનો હતો. વળી ઘણા સમયથી એક પ્રશ્ન એ પણ થતો હતો કે રામેન ખરેખર જાપાનીઝ છે, કોરિયન છે કે પછી ચાઇનીઝ. ટેક્નિકલી રામેન જાપાનીઝ જ છે, પણ આવાં સૂપ બેઝ્ડ નૂડલ્સ ચાઇનીઝ અને કોરિયન ક્વિઝિનમાં પણ મળે જ છે. અંતે તે ક્લાસમાં રામેનના એક્સપર્ટે કનફર્મ કર્યું કે રામેન જાપાનીઝ જ છે, પણ તેનાં મૂળ ચાઇનીઝ વ્હિટ નૂડલ્સ સૂપમાં છે. આજે તો રામેનને માત્ર જાપાનીઝ કહો તો પણ ચાલે.

તેમાંય આ રામેન ક્લાસીસ તો એક રામેન ફેક્ટરીમાં જ હતા. મોટાભાગે રામેન રેસ્ટોરાંમાં તૈયાર મળે અને ઘરે એસેમ્બલ કરવામાં બધું પેકેટ, ગરમ પાણી અને કાપેલાં શાકભાજી પર આધાર રાખતું. આ કૂકિંગ ક્લાસમાં તો નૂડલ્સ અને બ્રોથ બંને એકડે એકથી બનાવવાનાં હતાં. જાતે બનાવેલું જ ભાણું જમવાનું હતું. આમ તો ફરવા જાઓ ત્યારે કૂકિંગથી બ્રેક મળે તો મજા પડે, પણ જ્યારે રામેન ફેક્ટરીમાં એક્સપર્ટ શેફ તમને રામેન બનાવતાં શીખવાડે ત્યારે વેકેશનની ફીલિંગ તો આવી જ જાય. વળી અહીં કલ્ચરલ અનુભવ એકદમ હાઇ લેવલનો હતો અને અમે રસ્તામાં લોકોને ભટકાવાથી પણ બચી ગયેલાં. જોકે હાઈ ટૂરિસ્ટ સીઝનમાં આ ક્લાસમાં મહિનાઓ પહેલાં બૂકિંગ કરાવવું પડે છે. તે દિવસે પણ અમને કોઈના કેન્સલેશનના કારણે જગ્યા મળી હતી. રામેન આમ તો મીટ બેઝ્ડ હોય છે, પણ તેમને રજિસ્ટ્રેશન વખતે જ વેજિટેરિયન હોવાનું જણાવી દો એટલે તેની વ્યવસ્થા પણ થઈ જ જાય છે.

ટોરી ગેટ વન પાસે આવેલા આ વેન્યુ પર પહોંચ્યાં પછી એક-દોઢ કલાકમાં તો રામેન બની પણ ગઈ અને તેને ગપચાવવામાં તો માંડ દસ મિનિટ થઈ. ખરેખર કોઈ પણ વાનગી બનાવવામાં જે સમય લાગે છે અને સામે તેને ગાયબ થતી જોવામાં જે સમય લાગે છે તેની કોઈ સરખામણી થઈ શકે જ નહીં. તે સમયે રામેન બનાવવામાં જે ખરો જાપાનીઝ અનુભવ થઈ રહ્યો હતો, તેને રાહત સાથે અમે માણી રહ્યાં હતાં. પહેલાં તો અમને બધાંને એપ્રન અને માથે બાંધવા માટેનું બંદાના આપ્યું. ત્યાં આખી દીવાલનું ભવ્ય અને સિમ્બોલિક રામેનનું મ્યુરલ પણ હતું. અમારી ગાઈડ સાકુરા પાસેથી ઘણી લોકલ ટિપ્સ પણ મળી ગઈ. ખાસ તો એ કે અહીં માત્ર રામેન જ નહીં, ઓનિગીરી અને માચા બનાવવાના ક્લાસીસમાં પણ મજા કરી શકાય તેમ છે.

જો કે માચા ખરેખર જેટલી ટૂરિસ્ટમાં અને બાકીની દુનિયામાં લોકપ્રિય છે, એટલી સ્થાનિક જાપાનીઝ લોકોમાં નથી. અમે તેને જણાવ્યું કે હજી અમારે પારંપરિક ટી સેરેમોનીનું બૂકિંગ છે, એટલે કદાચ આ રામેન ક્લાસીસ પછી વધુ કૂકિંગને સમય ફાળવી શકાય તેમ નથી.

રામેન બનાવવાની ઓથેન્ટિક રીત જાણ્યા પછી એ પણ એફસોસ ન રહ્યો કે અમે ટોક્યોનું શિન યાકાનોમા રામેન મ્યુઝિયમ માત્ર બહારથી જ જોઈ શક્યાં હતાં. ત્યાં તો અંદર કપ-નૂડલ્સની આખી હિસ્ટ્રી રેકોર્ડ કરવામાં આવી છે. સમય મર્યાદા સાથે જાપાન જાઓ તો એક વાત નક્કી છે. ફરી આવશો ત્યારે શું કરવું છે તેનું લિસ્ટ લાંબું ને લાંબું બનતું જશે. ■








ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# ...તો પહેલી સપ્ટેમ્બરે આખું ભારત અરાજકતામાં ધકેલાઈ જાત?

## જેક્સન કુદરતી મોતે મર્યો કે પછી જાસૂસોએ એની હત્યા કરી?

ચીનના તિઆનજીન શહેરમાં યોજાયેલી SCO સમિટ દરમિયાન નરેન્દ્ર મોદી અને વ્લાદિમીર પુતિન વચ્ચે એક અનોખી કહી શકાય એવી મીટિંગ યોજાઈ ગઈ. અનોખી એટલા માટે કે બંને શીર્ષનેતાઓ કોઈ મીટિંગરૂમને બદલે પુતિનની કારમાં મળ્યા. રશિયન રાષ્ટ્રપતિ પુતિન ખાસ પ્રકારની આર્મ્ડ લિમોઝીન કાર વાપરે છે. વિદેશપ્રવાસે જાય ત્યારે પણ એમની કાર સાથે જ હોય. મોદી અને પુતિને આ જ લિમોઝીનની પાછલી સીટ પર બેસીને મીટિંગ કરી. વિશ્વભરના મીડિયાએ આ મીટિંગને 'લિમો ડિપ્લોમસી' અથવા 'બેકસીટ બ્રોમેન્સ' તરીકે ઓળખાવી. વિશ્વના દિગ્ગજ નેતાઓ આ રીતે ભાગ્યે જ મળે છે. આ મીટિંગ વિશેની અમુક બાબતો આંતરરાષ્ટ્રીય બાબતોના નિષ્ણાંતો આજદિન સુધી સમજી નથી શક્યા. અને આવી અસ્પષ્ટ બાબતો હંમેશાં ચિત્રવિચિત્ર થિયરીઝને જન્મ આપે છે. આ કિસ્સામાં પણ એમ જ બન્યું....


વડા પ્રધાન નરેન્દ્ર મોદી –રશિયન રાષ્ટ્રપતિ પુતિન


ટેરેન્સ જેક્સન

૧ સપ્ટેમ્બર ૨૦૨૫ ના 'શાંઘાય કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટ' માટે ચીન ગયેલા મોદી બાયલેટરલ મીટિંગમાં ભાગ લેવા જવા માટે હોટેલના પોતાના રૂમમાંથી નીચે ઉતર્યા ત્યારે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન પહેલેથી જ પોતાની કારમાં રાહ જોતા બેઠા હતા. એમણે મોદીને પોતાની જ કારમાં બેસાડી લીધા. પંદરેક મિનિટ લાંબી ડ્રાઈવ દરમિયાન બંને નેતાઓ વચ્ચે વાતચીત થઇ, પણ ગંતવ્ય સ્થાને પહોંચી ગયા બાદ પણ બંને નેતા લિમોઝીનમાં જ બેસી રહ્યા અને વાતચીત બીજી પિસ્તાળીસ મિનિટ સુધી ચાલુ રહી. ટ્રમ્પના ઉધામા સામે ભારત છેલ્લા થોડા સમયથી રશિયા સાથેની પોતાની નિકટતા જાહેરમાં દર્શાવતું રહ્યું છે. આ પ્રકારના રાજદ્વારી વલણને કારણે ટ્રમ્પના ભારત વિરોધી લવારા ઉપર ઘણે અંશે અંકુશ પણ મુકાયો છે. જોકે રશિયા સાથે નિકટતા દર્શાવવા માટે બીજા ઘણા વિકલ્પો હતા. મોદી અને પુતિન ઔપચારિક રીતે પણ મળી જ શક્યા હોત. એવી તે શું વાત હતી કે આ બંને શીર્ષસ્થ નેતાએ મીટિંગરૂમ કે હોટેલના રૂમને બદલે કારમાં બેઠા બેઠા આટલી લાંબી ચર્ચા કરી નાખી? પુતિને કરેલી ચોખવટ મુજબ રશિયન રાષ્ટ્રપતિએ અલાસ્કામાં ટ્રમ્પ સાથે જે ચર્ચા કરેલી, જે એ મોદીજીને માહિતગાર કરવા માગતા હતા. આ જવાબ એકદમ ગળે ઉતરે એવો નથી. મોદી અને પુતિન વચ્ચે ખરેખર શું ચર્ચાયું એનો જવાબ મેળવવાની મથામણે મોદીની હત્યાના કાવતરાની વિવાદાસ્પદ થિયરીને જન્મ આપ્યો છે!

આ થિયરી મુજબ ચીનના પ્રવાસ દરમિયાન નરેન્દ્ર મોદીની હત્યા થવાની હતી! પુતિનને પણ આ વાતની ગંધ આવી ગઈ આથી એમણે મોદીને સતત પોતાની સાથે રાખ્યા. સોશ્યલ મીડિયાથી માંડીને અમુક પ્રિન્ટ મીડિયામાં પણ આ વિશે ખબરો છપાઇ. એવામાં વળી બાંગ્લાદેશની રાજધાની ઢાકાથી આવેલા સમાચારે બળતામાં ઘી હોમ્યું.

૩૧ ઓગસ્ટ ૨૦૨૫ના 'ધ સન્ડે ગાર્ડિયન'ના રિપોર્ટ મુજબ આ દિવસે વહેલી સવારે ઢાકાની 'ધ વેસ્ટિન હોટેલ' ના રૂમ નંબર ૮૦૮માંથી એક વ્યક્તિ મૃત હાલતમાં મળી આવ્યો. મૃતક અમેરિકન નાગરિક હતો, નામ હતું ટેરેન્સ જેક્સન ઉર્ફે ટીજે. તાત્કાલિક ઢાકાની અમેરિકન એમ્બેસીને જાણ કરવામાં આવી. એમ્બેસીના માણસો તરત હોટેલ પર પહોંચ્યા અને સ્થાનિક કક્ષાએ પોસ્ટમોર્ટમની પળોજણમાં પડ્યા વિના ટેરેન્સ જેક્સનની લાશને બનતી ઝડપે અમેરિકા મોકલી દેવામાં આવી. 'સન્ડે ગાર્ડિયન'નો રિપોર્ટ વધુમાં જણાવે છે કે પચાસ વર્ષનો ટેરેન્સ કોઈ મામૂલી આદમી નહોતો. એના લિન્ક્ડ ઇન પ્રોફાઈલ મુજબ જેક્સન બે દાયકાથી અમેરિકી સેના સાથે જોડાયેલો હતો. એટલું જ નહિ, અમેરિકી સેનાની એવી મહત્ત્વની પોસ્ટ્સ ઉપર જેક્સન ફરજ બજાવતો હતો, જ્યાં પહોંચવા માટે ઉચ્ચ યોગ્યતા અને અનુભવની જરૂર પડે. આ ઉપરાંત રેકોર્ડ્સ મુજબ જેક્સન 'વેપારઅર્થે' વારંવાર બાંગ્લાદેશ આવતો રહેતો. આ તમામ સાંયોગિક પુરાવા દર્શાવે છે કે જેક્સન કોઈક રીતે બાંગ્લાદેશમાં થતા અમેરિકી ચંચૂપાતમાં સક્રિય ખેલાડી તરીકે કામ કરતો હોવો જોઈએ.

બાંગ્લાદેશમાં જ્યારે શેખ હસીના સત્તા પર હતાં, એ સમયે એમણે એવું નિવેદન આપેલું કે અમેરિકા એમને (એટલે કે હસીનાને) સત્તા પરથી ઉથલાવવા માગે છે. થોડા જ દિવસોમાં શેખ હસીનાની આશંકા સાચી પડી અને બાંગ્લાદેશ સળગ્યું. એ કહેવાતી ક્રાંતિ પાછળ અમેરિકાનો સીધો હસ્તક્ષેપ હતો એ સમજવા માટે કંઈ મોટા જાણભેદુ થવાની જરૂર નથી.

પ્રશ્ન એ છે કે જેક્સન મર્યો કઈ રીતે? ટ્રમ્પ ભલે મોદી કે ભારત વિશે ગમે એટલું સુજ્ઞ સુજ્ઞ બોલે, પણ હકીકત એ છે કે ભારત પ્રગતિના પંથે સ્થિર ગતિએ ચાલતું રહે એ અમેરિકાને ક્યારેય નહિ ગમે. આ માટે અમેરિકા અને ચીન જેવી મહાસત્તા દાયકાઓથી ભારતની આસપાસ ઝેરીલા સાપ ઉછેરવાનો ધંધો કરી રહી છે. બાંગ્લાદેશ અને નેપાળ જેવા દેશોમાં આસાનીથી અરાજકતા ફેલાવી શકાય છે અને ત્યાંની પ્રજામાં ભારત વિરોધી ઇમોશન્સ પેદા કરી શકાય છે.

જેક્સન જેવા અધિકારીઓ આવી જ કામગીરી બજાવતા હોવાનું મનાય છે. તો શું જેક્સનને ભારતની કોઈ સુરક્ષા એજન્સીએ મારી નાખ્યો? કે પછી રશિયાની કેજીબીએ જેક્સનનો શિકાર કર્યો?

'સન્ડે ગાર્ડિયન'ના રિપોર્ટ મુજબ ૩૧ ઓગસ્ટે જેક્સનનું મૃત્યુ થયું એ પછી લાંબા સમય સુધી એની 'લિન્ક્ડ ઇન' પ્રોફાઈલ એક્ટિવ હતી. આ પ્રોફાઈલ કોણ યુઝ કરતું હતું? અમેરિકી સેનાએ કહ્યું છે કે અમારા તમામ અધિકારીઓ સુરક્ષિત છે. બીજા શબ્દોમાં કહીએ તો અમેરિકાએ સત્તાવાર રીતે જેક્સન મામલે હાથ ખંખેરી નાખ્યા છે.

હવે મૂળ વાત આવે છે આખા ઘટનાક્રમના ટાઈમિંગની. મોદીની હત્યાની આશંકા અને જેક્સનના મૃત્યુને જોડતી જે કડી છે, એ છે બંને ઘટનાનું ટાઈમિંગ. જેક્સન મરાયો. બીજા જ દિવસે પુતિન અને મોદી વચ્ચે પેલી અસામાન્ય મીટિંગ થઇ. કેટલાક માને છે કે ચીનની ધરતી પર ભારતના શીર્ષસ્થ નેતાની હત્યા થાય કે એટલીસ્ટ એમના પર હુમલો ય થાય તો દક્ષિણ એશિયાઈ ઉપખંડમાં ભારે અરાજકતા ફાટી નીકળે. જેક્સન જેવા પ્યાદાઓ આ આગને ભડકાવવાનું કામ કરે.

પરિણામે ભારત, ચીન અને રશિયા વચ્ચેની સંભવિત ધરી બનતા પહેલા જ ધ્વસ્ત થઇ જાય અને અરાજકતામાં ફસાયેલા ભારત પાસે અમેરિકાની શરણે ગયા વિના બીજો વિકલ્પ ન રહે.

ખરેખર આવું કશું થાય તો પરિણામો બહુ ગંભીર આવે, પણ આ થિયરીમાં સત્યનો અંશ કેટલો? મોદી-પુતિન વચ્ચે એ દિવસે કઈ ખાનગી ચર્ચા થઇ હશે? જેક્સન મર્યો કઈ રીતે અને એનું પોસ્ટમોર્ટમ કેમ ન કરાયું? આ પ્રશ્નોના સાચા જવાબો ભાગ્યે જ બહાર આવશે. ■

મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# લગ્ન એટલે વરસાદ ને છૂટાછેડા એટલે માવઠું

## આ વિષય મનોરંજન સાથે મનોમંથનનો છે.




આજકાલ વરસાદની સિઝન કરતાં માવઠાની માઠી વધારે ચાલે છે. ડેટા પ્લાન ખતમ થાય તે પહેલા ડેટિંગ પ્લાન ખતમ થઈ જાય છે. તાજા તાજા લગ્ન હોય ત્યારે ₹૩૦૦ ની કોફી મોંઘી નથી લાગતી, પરંતુ લગ્નના અમુક સમય પછી ₹૨૦ની ચા માટે રકઝક થાય છે...

લગ્નમાં થયેલો જમણવાર, વીડિયોગ્રાફી, દાંડિયારાસ કે સ્ટેન્ડઅપ કોમેડીનો જલસો કે પાર્ટી પ્લોટના બિલ ચૂકવાય તે પહેલા છૂટા પડી ગયેલાના દાખલા જોવા મળે છે.

તાજેતરમાં જ અમારા એક મિત્રના દીકરાની સગાઈ કરી. હું અને ચુનિયો કોફી શોપમાં બેઠા હતા ત્યાં અતિ આનંદિત ૩૨ લક્ષણો અમારો મિત્ર અનિલ અઠંગ અમારા હાથમાંથી કોફી પડાવી ઘૂંટડો મારતા બોલ્યો, 'નાનકાની સગાઈ કરી.'

મેં પૂછ્યું 'ક્યા કરી? સગાં- વ્હાલાં કેવાં છે?'

અનિલે ઉત્સાહભેર કહ્યું, 'આપણી જેવા જ છે.'

ચુનિયાએ તેના હાથમાંથી કપ ખેંચતા તરત જ કહ્યું, 'તો પણ કરી?'

અમદાવાદનો વન બીએચકે ફ્લેટ ઉડાડી લગ્નમાં ધામધૂમ કરી. અનિલ અને તેની ઘરવાળીને હાશકારો થાય તે પહેલા મોઢામાંથી હાયકારો નીકળી જાય તેવા સમાચાર મળ્યા.

હનીમૂનમાંથી બંને પરત આવ્યાં, પરંતુ ઘરે નાનકો એકલો આવ્યો. આવતા વેંત ઘરનાઓને કહી દીધું કે 'તેને મારી સાથે નહીં ફાવે. લગ્નનો અને હનીમૂનનો અડધો ખર્ચો મંગાવી લેજો.'

અનિલનો મને ફોન આવ્યો. હું તાત્કાલિક પહોંચ્યો.

વિગત જાણી તો મને હસવું કે રોવું તે ખબર ન પડી.

હનીમૂનના પાંચ દિવસ દરમિયાન છોકરીની એક પણ રીલ બનાવી ન દીધી તેથી છોકરીએ છૂટાછેડા ના કારણોમાં એવું જણાવ્યું હતું કે 'છોકરાને રીલ બનાવતા આવડતી નથી એટલે આગળની જિંદગી કેમ નીકળે?'

સગાઈ નક્કી થતાં પહેલાં ઇન્ટરવ્યૂમાં છોકરાએ છોકરીને ચાંદ તારા દેખાડ્યા હોય, જેમકે લોંગ ડ્રાઈવમાં જવું ગમે...

બહાર હોટલોમાં જમવું ગમે...વિદેશ પ્રવાસનો શોખ છે...

બહુ મોટું મિત્ર વર્તુળ છે...પહેરવા ઓઢવાનો શોખ છે.

સામે દીકરીએ પણ bmw સામે mercedes કાઢી હોય, જેમકે...

મારા હાથની રસોઈ આંગળા ચાટી જાઓ તેવી સ્વાદિષ્ટ હોય છે. (વાસ્તવમાં મેગીથી વિશેષ કાંઈ બનાવતા આવડતું ન હોય.)

છોકરાના એક એક શબ્દ પર રોજ બહાર જવાના, ત્રણ મહિને એક વિદેશ પ્રવાસના, અધ્યતન વસ્ત્રોથી વોર્ડરોબ ભરવાના, ક્યારેક જ ઘરે જમવાના, ફિલ્મો જોવાના... એવા કેટલાંય સપનાં જોઈ લીધાં હોય... આ રીલ લાઈફ છે.

રિયલ લાઈફમાં છોકરાને ધંધા માટે કે નોકરીમાં ઓછો સમય મળતો હોય... વાર તહેવારે જ બહાર જમવા જવાનું બનતું હોય...

રાત્રે થાકીને નોકરી ધંધેથી આવ્યા પછી ટહેલવાનું મન હોય લોંગ ડ્રાઈવનો મૂડ ન હોય ને ડખો ત્યાંથી શરૂ થાય છે.

આજની પેઢીને આભાસી અને વાસ્તવિક જિંદગી વચ્ચેનો ફર્ક કેમ કરી સમજાવવો?

હમણાં એક છોકરીએ સગાઈની મીટિંગમાં એક જ મિનિટમાં હા પાડી દીધી.

હું તે વાતનો સાક્ષી હતો એટલે મેં દીકરીને પૂછ્યું કે 'એક મિનિટમાં તે શું જજમેન્ટ લીધું?'

-તો એ મને કહે, 'તેના મોબાઈલમાં zomato,swiggy જેવી એપ મેં જોઈ. એટલે મને જજમેન્ટ આવ્યું કે છોકરો મારી જેમ બહાર જમવાનો શોખીન છે, કે પાર્સલ મગાવી અને મોજ કરશું.'

મેં કહ્યું, 'તેને બાળપણથી ઓળખું છું. આ બંને એપમાં વાનગીઓ જોઈ અને તેની મમ્મી પાસે ઘરે બનાવવાની જીદ કરે છે.'

આમ એક ઘર બન્યા પછી ભાંગતું મેં બચાવ્યું.

શરૂઆતમાં તો દિલની રકઝક હોય છે. અને લગ્નના અમુક સમય પછી વધુ પડતા બિલની રકઝક હોય છે.

'તું નહીં તો હું નહીં, હું નહીં તો તું નહીં.' થી મસ્ત લગ્નજીવન શરૂ થાય અને અમુક સમય પછી 'કાં તું નહીં, કાં હું નહીં'થી પૂરી થાય છે. લગ્નગ્રંથિથી બંધાવવા માટે પ્રેમ અને પૈસો જોવાય છે. હકીકતમાં સમજણ અને સહનશક્તિ જરૂરી હોય છે. પ્રેમ અને પૈસો પછીના ક્રમે આવે છે.

શરૂઆતના લગ્નજીવનમાં સ્પેસમાં (આકાશમાં) ઉડવાનાં સપનાઓ હોય છે, પરંતુ પછી એકબીજાને સ્પેસ (ફ્રીડમ) આપવાનું મહત્ત્વ હોય છે.

સાસુનો જમાઈ પર લગ્ન પછી ફોન આવે અને એટલું ખાલી પૂછે કે 'મજામાં?' ત્યારે ગળગળા થતાં જમાઈ મેં જોયા છે.

ઘણા કંટાળીને અણી પર આવી ચૂકેલા જમાઈ તો બોલી પણ નાખે કે 'મારું જાવા દો તમારે તો જલસા થઈ ગયા ને?'

ચાલો,'વરસાદની સિઝન સુધી માવઠાથી બચી રહો તેવી શુભકામનાઓ.' ■

**વિચારવાયુ:**

*હું: ચુનિયા છૂટાછેડાનું મુખ્ય કારણ શું?*
*ચુનિયો: લગ્ન!*


એક નજર ઈધર ભી...

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# લૂવ: ૪૨૦ સેકંડની દિલધડક લૂંટ

## પેરિસના વિશ્વવિખ્યાત મ્યુઝિયમમાં કવિ 'દાદ' યાદ આવી જાય...

પેરિસ... નામ પડતાની સાથે ફેશન અને ખ્યાતનામ ફ્રેન્ચ ડિઝાઈનરો યાદ આવી જાય. વિશ્વવિખ્યાત આયફિલ ટાવર નજર સામે તરવરવા લાગે. પેલેસ ઓફ વેસાઈની ભવ્યતા માણવાનું મન થાય. લશ્કરી સામર્થ્યના પ્રતીક 'આર્ક દ ટ્રાયમ્ફ' સ્મારક માટે કુતૂહલ જાગે. સાથે સાથે સેન નદી અને પ્રખ્યાત નોટ્રેડમ કથીડ્રલ માટે પણ ઉત્સુકતા થાય....


લૂવ મ્યુઝિયમ: સૌથી વધુ સહેલાણીઓ

વાત અહીં પૂરી નથી થતી. જો તમને પેન્ટિંગ્સ, શિલ્પ - સ્થાપત્ય વગેરેમાં રુચિ હોય તો તમારે પેરિસના લૂવ મ્યુઝિયમ (Louvre Museum- એનો ઉચ્ચાર અલગ અલગ ભાષામાં ભિન્ન ભિન્ન છે, છતાં 'લૂવ ર' ઉચ્ચાર સર્વ સ્વીકૃત છે !) અવશ્ય જોવું જોઈએ. પ્રતિદિન સરેરાશ ૧૫૦૦ સહેલાણીઓ આ મ્યુઝિયમની મુલાકાત લે છે, પણ બહાર નીકળતી વખતે 'ઓલું રહી ગયું અને પેલા માટે ફરી આવવું પડશે' જેવી લાગણી થયા વિના નથી રહેતી , કારણ કે મ્યુઝિયમના સંગ્રહનું વિભાજન અલગ અલગ આઠ વિભાગમાં કરવામાં આવ્યું છે: એન્ટિક ચીજવસ્તુના ત્રણ વિભાગ છે, ઇસ્લામિક આર્ટ, પેન્ટિંગ્સ, સ્કલ્પચર્સ (શિલ્પો), ડેકોરેટિવ આર્ટ્સ (સુશોભન કલા) તેમ જ પ્રિન્ટ્સ એન્ડ ડ્રોઈંગ. લગભગ ૩ લાખ ૮૦ હજાર આઈટમ છે. યુરોપની ૨૦૧૮ની ટ્રીપ અને ૨૦૨૨માં પેરિસની મુલાકાત વખતે એમ બે વખત અમે આ મ્યુઝિયમની મુલાકાત લીધી હોવા છતાં ઘણું રહી ગયું છે. જે જોયું અને માણ્યું એની અહીં ઝલક પેશ છે. જો પેરિસ જવાનું થાય તો આ મ્યુઝિયમની મુલાકાત જરૂર લેજો.


માથા વિનાનું ધડ: સહેલાણીઓમાં ઉત્સુકતા


એપોલો ગેલરી: ઇન્સેટમાં ચોરીથી બચી ગયેલો મુગટ

**ઈતિહાસ:**

આજે જ્યાં લૂવ મ્યુઝિયમ ઠાઠથી ઊભું છે ત્યાં ૧૨મી સદીમાં ફ્રાંસના રાજા ફિલિપ બીજાએ પેરિસના રક્ષણ કાજે કિલ્લો ઊભો કર્યો હતો. ૧૬મી સદીનો રાજા ફ્રાન્સિસ પહેલો કલા - સાંસ્કૃતિક બાબતોમાં રુચિ ધરાવતો હતો. ફ્રાંસમાં પણ ઈટલી જેવી જ સંસ્કૃતિ મહોરી ઊઠે એવી એની અદમ્ય ઈચ્છા હતી. ફ્રાન્સિસે મહાન ઈટાલિયન કલાકાર લિયોનાર્દો દ વિંચીને ફ્રાંસ આવવા આમંત્રણ આપ્યું હતું અને એની પાસેથી મોના લિસાનું પેન્ટિંગ ખરીદી લીધું હતું. ફ્રેન્ચ ક્રાંતિ પછી આ વિશ્વ વિખ્યાત પેઈન્ટિંગ લૂવ મ્યુઝિયમનો હિસ્સો બની ગયું. ફ્રેન્ચ ક્રાંતિ પછી ૧૭૯૩માં લૂવ સત્તાવાર રીતે જાહેર જનતા માટે મ્યુઝિયમ તરીકે ઉભર્યું. અત્યારે જે અદ્ભુત સ્ટીલ અને કાચનું પિરામિડ શૈલીનું બાંધકામ છે એ ૧૯૮૯માં તૈયાર થયું હતું.

**મોના લિસા:**

વિશ્વના સૌથી વિશાળ મ્યુઝિયમ ઉપરાંત લૂવ મ્યુઝિયમ વિશ્વના સૌથી વિખ્યાત પેન્ટિંગ મોના લિસા માટે પણ ખ્યાતિ ધરાવે છે. ઈટાલિયન ચિત્રકાર લિયોનાર્દો દ વિન્ચીની આ અમર કલાકૃતિ જોવી એ એક લ્હાવો ગણાય છે. બુલેટ પ્રૂફ ગ્લાસ અને સશસ્ત્ર ગાર્ડ્સથી રક્ષિત આ પેન્ટિંગ La Jaconde નામથી ઓળખાય છે. ઈટાલિયન શબ્દ Jaconde એટલે આનંદી અથવા ખુશમિજાજી. ઈટલીના ફ્લોરેન્સ શહેરના વેપારીની પત્ની Francesco del Giocondo બીજા બાળકની માતા બનવાની હતી ત્યારે વેપારીએ પત્નીનું પેન્ટિંગ લિયોનાર્દો દ વિન્ચી પાસે તૈયાર કરાવ્યું હોવાની જાણકારી મ્યુઝિયમના અભ્યાસુએ આપી હતી.Giocondo નામમાં ફેરફાર કરી પેન્ટિંગને La Jaconde નામ આપવામાં આવ્યું હતું. જાણવા જેવી વાતએ છે કે ૧૧૪ વર્ષ પહેલાં , ૧૯૧૧માં, મોના લિસા ચોરાઈ ગઈ હતી. એક ઈટાલિયન નાગરિકે ખરીદ્યા બાદ ૧૯૧૪માં પેન્ટિંગનું મ્યુઝિયમમાં પુનરાગમન થયું હતું.

**એપોલો ગેલરી:**

મ્યુઝિયમનો આ હિસ્સો તાજેતરમાં વિશ્વભરમાં ખાસ્સો ચમક્યો. ૧૮ ઓક્ટોબરે ચાર ચોરટા મ્યુઝિયમના પહેલા માળે સ્થિત એપોલો ગેલરીમાં ઘૂસી માત્ર સાત મિનિટમાં હાથફેરો કરી મૂલ્યવાન કલાકૃતિ ઉઠાવી ગયા. મજા જુઓ કે સાત મિનિટની ૪૨૦ સેકંડ થાય અને ચારસો વીસ શેની સાથે સંબંધ ધરાવે છે એ ફોડ પાડી કહેવાની જરૂર ખરી?


મોના લિસા: બુલેટ પ્રૂફ રક્ષિત પેન્ટિંગ

ઐતિહાસિક તથ્યો અનુસાર ૧૭મી સદીના ઉત્તરાર્ધમાં મ્યુઝિયમની પેટિટ ગેલરીમાં મોટી આગ લાગી હતી. ફ્રાંસના રાજા લૂઈ ૧૪માએ નયનરમ્ય ગેલરી બનાવવાનું બીડું ઝડપી લીધું. આ નિર્ણય લીધો એના થોડા સમય પહેલાં જ રાજાએ સૂર્યને પ્રતીક તરીકે અપનાવ્યો હતો એટલે નવી ગેલરી એપોલો ગેલરી તરીકે ઓળખાઈ. એપોલો સૂર્યદેવ અને કલાકૃતિના ગ્રીક દેવતા છે. આ ગેલરીમાં ઐતિહાસિક ફ્રેન્ચ તાજનાં રત્નો ઉપરાંત પેન્ટિંગ્સ, વિવિધ આકાર અને કિંમતી ધાતુઓમાંથી બનેલાં પાત્રો, ભીંતચિત્રો શોભામાં અભિવૃદ્ધિ કરેછે.

**ઐતિહાસિક ફ્રેન્ચ ક્રાઉન જ્વેલ્સ:**

એપોલો ગેલરીમાં ફ્રેન્ચ તાજની શોભા બનેલા હીરા - માણેક રત્નો રાજવી સંગ્રહનું નજરાણું છે. ચોરટાઓ જ્વલંત ઈતિહાસ ધરાવતી મૂલ્યવાન પેન્ટિંગ્સ માટે નહીં, પણ એપોલો ગેલરીમાં રાખવામાં આવેલો ૧૯મી સદીનો મૂલ્યવાન ખજાનો ગણાતી આઠ વસ્તુ ઉઠાવી જવા આવ્યા હતા. એમાં રત્નજડિત તાજ, નેકલેસ, બ્રોચ જેવા અલંકાર હતા જેની કિંમત ૧૦૨ મિલિયન ડૉલર (આશરે ૯ અબજ રૂપિયા) આંકવામાં આવી છે. જોકે, ઉતાવળમાં કે ગભરાટમાં ફ્રાન્સની સમ્રાજ્ઞી યુજૈનીનો તાજ પડી ગયો હતો , જે પાછો સલામત સ્થળે મૂકી દેવામાં આવ્યો છે. ચોરાઈ ગયેલા મૂલ્યવાન સંગ્રહમાં એક છે નેપોલિયને બીજી પત્નીને ભેટ આપેલો એક હજાર હીરાનો એમરલ્ડ (પન્ના) નેકલેસ છે. એ સિવાય રાજવીઓ પહેરતા હતા એ ૨૪ સિલોન સેફાયર (શ્રીલંકન નીલમ) અને ૧૦૮૩ હીરા ધરાવતો તાજનો પણ સમાવેશ છે. આ ઉપરાંત હીરાનો બ્રોચ, ઈયરરિંગ્સ (બુટ્ટી - લટકણિયા) તેમ જ એક ટીઆરા (રાજવી પરિવારની મહિલાઓ દ્વારા પરિધાન કરવામાં આવતો તાજ)નો પણ સમાવેશ થાય છે.

**માથા વિનાનું ધડ:**

સૌરાષ્ટ્રના ઈતિહાસમાં માથા કપાયા પછી ધડ લડતા રહેતા એવી અનેક લોક કથા પ્રચલિત છે. એમાં કવિ 'દાદ'ની અમર રચના 'ધડ ધીંગાણે જેનાં માથાં મસાણે એના પાળિયા થઈને પૂજાવું રે ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું!' જેવી શૌર્યગાથાનું પણ વર્ણન છે. લૂવ મ્યુઝિયમમાં એનું સ્મરણ કરાવતું એક સ્ટેચ્યૂ છે. The Winged Victory of Samothrace નામ ધરાવતી પ્રતિમા મ્યુઝિયમના ઐતિહાસિક દાદરા (Daru staircase - નેપોલિયનના પ્રધાનનું નામ Daru હતું)ની ટોચ પર બિરાજમાન છે. ૨૨૦૦ વર્ષ પુરાણું આ શિલ્પ વિજયનું પ્રતીક ગણાતી પાંખવાળી ગ્રીક દેવીને રજૂ કરે છે. આ કલાકૃતિ ખોળી કાઢનારા ક્યારેય એનું માથું ન શોધી શક્યા. જોકે, માથા વિનાનું ધડ હોવાથી આ શિલ્પ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ■

## પ્રકરણ-૪૬

'જય મહારાષ્ટ્ર... આમ્હી નાહી ભ્રષ્ટ!'

ડીસીપી સુનીલ જોશીએ કૉલ રિસીવ કરતાં વિધાનસભ્ય ગુલાબરાવ જાંભુળકર ઉતાવળે બોલ્યા. કેસની તપાસ શરૂ થઈ ત્યારથી જાંભુળકરના વર્તનમાં ગુસ્સો છલકાયા કરતો હતો. અત્યારે પણ તે રોષમાં હોવાનું જોશીને લાગ્યું.

'જય હિન્દ, સર!' જોશીએ કહ્યું.

'ડીસીપી... તમારી તપાસ મારી આસપાસ જ ફર્યા કરે છે?'

'કેમ? શું થયું, સર!'

'મારા પીએ... ચૌધરીને બિહાર જતો શા માટે રોકવામાં આવે છે?'

'હા... એ તો ગોહિલે મને જાણ કરી કે તપાસમાં ચૌધરીની જરૂર છે!' જોશીને અંદાજો હતો કે આ જ મામલો હશે.

'એણે શું કર્યું?'

'સર... ડ્રગ્સ તસ્કર સલ્લુના બન્ને સાથી શોએબ અને ઝમીલ ફોનથી ચૌધરીના સંપર્કમાં હોવાનું જણાયું છે!'

ડીસીપીએ જાણીજોઈને ડૉ. વિશ્વાસ ભંડારીએ પૂછપરછમાં ચૌધરી તરફ આંગળી ચીંધી હોવાની વાત છુપાવી.

'શા માટે સંપર્કમાં હતા?'

'એની જ તપાસ ચાલી રહી છે!'

'તો પહેલાં પૂરી તપાસ કરી લોને... એની મધર હૉસ્પિટલમાં છે એટલે એણે જવું પડે એમ છે!' જાંભુળકર બોલ્યા.

'અમે સમજીએ છીએ... સર, પણ...'

'પણ શું, ડીસીપી. પુરાવા વગર તમે ચૌધરીને હાથ લગાડશો તો વિરોધ પક્ષને મારી વિરુદ્ધ મસાલો મળી જશે... ચૌધરીને કંઈ નહીં થાય, પણ હું મુશ્કેલીમાં મુકાઈ જઈશ!'

જાંભુળકરનો અવાજ થોડો મોટો થયો: 'તમે આ ડૉક્ટરોને પકડ્યા છેને તો ત્યાં જ મામલો પતાવી દોને! આમ ચૌધરીની પાછળ પડીને તમે મારી જ ઘોર ખોદવા માગો છો?'

'ના... સર, એવું નથી. હું કઈ કરું છું!'

'તમારી ટીમને કહી દો... અત્યારે ચૌધરીને જવા દો. પુરાવા મળે ત્યારે જોઈશું!'

×××

'સર... આખા જંગલમાં શોધ ચલાવી, પણ બૉની હાથ ન લાગ્યો!' એપીઆઈ પ્રણય શિંદેએ કહ્યું.

'જૉની તો કહેતો હતો કે જંગલ છોડીને બૉની ક્યાંય જઈ શકે એમ નથી!' ગોહિલે કહ્યું.

'હા... પણ આરે પોલીસની ટીમ અને આપણી ટીમ બબ્બે વાહનમાં આખું જંગલ ખૂંદી વળી, પણ...'

'તો શું એ હવામાં ઊડી ગયો?' ગોહિલે ટોણો માર્યો.

'શું થયું, સર! મૂડ ઑફ લાગે છે?' શિંદેએ પૂછ્યું.

'કંઈ નહીં... આજનો દિવસ ખરાબ છે. એકેય કામ સફળ થતું નથી!'

ગોહિલની વાતનો અર્થ શિંદે સમજ્યો નહીં એટલે તે ગોહિલ સામું જોઈ રહ્યો.

'અરે, ડીસીપીનો ફોન આવ્યો હતો... જાંભુળકરે ચૌધરીને અત્યારે હાથ લગાવવાની ના પાડી છે... કહે છે, પુરાવા મળે તો જ તેની પૂછપરછ કરજો!'

શિંદે હવે સમજ્યો. ડીસીપીનો કૉલ આવ્યા પછી ગોહિલ શા માટે સોગિયું મોં કરીને બેઠો હતો.


'અને હવે આ... બૉનીની કોઈ ભાળ નથી મળતી.'

ગોહિલે ઉમેર્યું: 'શિંદે... એક કામ કર. દળવીને કહીને મુખિયાઓની મદદ લે. અહીંના રહેવાસીઓ આ જંગલ પરિસરને બરાબર જાણે છે.'

'...પણ સર, પેલો મેશ્રામ અને તેની ટીમ તો મારપીટમાંથી ઊંચા નથી આવતા!' શિંદેએ કહ્યું.

'ભલે પડતી સાલાને... આટલા સમયથી બધાને બેવકૂફ બનાવે છે તો થોડા ફટકા ખાવા પડે!'

**અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...**




**યોગેશ સી પટેલ**

પછી ગોહિલે ઉમેર્યું: 'જંગલના કોઈ પણ ખૂણે બૉની સંતાયો હોય... આ લોકો એને શોધી કાઢશે!'

'ઓકે, પણ પેલા ચૌધરીનું શું કરીશું... આ રીતે તો તે છટકી જશે અને એક વાર બિહાર પહોંચી ગયો તો એને પકડવો મુશ્કેલ થશે!' શિંદેએ ચિંતા વ્યક્ત કરી.

'એ જ સમસ્યા છે. પૂછપરછ માટે એને કસ્ટડીમાં લેવાની જરૂર છે.' ગોહિલ વિચાર કરતો હતો.

'સર, આપણે બિહાર પોલીસની મદદ લઈએ તો?'

'એટલે?'

'ચૌધરી આટલા મોટા કાંડ સાથે કનેક્શન ધરાવે છે તો કદાચ પહેલાં પણ તેની સામે આવો કોઈ ગુનો નોંધાયેલો હોય?' શિંદેએ શક્યતા જણાવી.

'બની શકે!'

'બિહાર પોલીસમાં કોઈ ગુનો નોંધાયેલો હોય તો તેની વિગતો મેળવીએ અને તેને આધારે અહીં ચૌધરીને કસ્ટડીમાં લઈએ!'

'ગુડ આઈડિયા... પ્રયત્ન કરવા જેવો છે!' ગોહિલના ચહેરા પર થોડી રોનક દેખાઈ.

'મને લાગે છે કે આ ડૉક્ટર ભંડારીની પણ આકરી પૂછપરછ કરવી પડશે... એ હજુ ઘણું જાણે છે, પણ કહેતા નથી... એને હું જોઈ લઈશ. તું એક કામ કર...'

ગોહિલે સૂચવ્યું: 'બિહાર પોલીસનો સંપર્ક સાધ અને આ ચૌધરીનો કોઈ ગુનાહિત રેકોર્ડ હોય તો તાત્કાલિક મેળવ. એ ટ્રેન પકડે તે પહેલાં આપણે એને પકડી લઈએ!'

* * * * * *

એક પછી એક ફાઈલ ફંફોસીને ટેબલ પર મૂકી રહેલા સિનિયર ઈન્સ્પેક્ટર અશોક ગાયકવાડની ધીરજ ખૂટવા આવી હતી. અવયવ ચોરી મામલે ડૉ. ભંડારીની કબૂલાત પછી ગોહિલે એક ટીમ ડૉ. ભંડારીની હૉસ્પિટલમાં ફાઈલની તપાસ માટે મોકલવાનો નિર્ણય લીધો હતો, જ્યારે બીજી ટીમ કૃપા ગોડબોલેને તાબામાં લેશે એવું નક્કી થયું હતું.

ડૉ. ભંડારીના કહેવા મુજબ મેડિકલ કૅમ્પમાં સેવા આપનારા અને આરોગ્યની તપાસ માટે આવનારી વ્યક્તિઓની બધી માહિતી કૃપા સાચવતી હતી. ડૉ. પાઠકની લૅબમાંથી આવેલા મેડિકલ રિપોર્ટની પણ તેને જાણ રહેતી. એક રીતે કહીએ તો આરેના રહેવાસીઓ અને ડૉક્ટર વચ્ચેની મહત્ત્વની કડી કૃપા હતી.

કૃપાને તાબામાં લેવાની વાત આવી ત્યારે ઈન્સ્પેક્ટર રવિ કદમે સામે ચાલીને આ જવાબદારી સ્વીકારી. અગાઉ કદમ માહિતી મેળવવાના અર્થે ગયો હતો ત્યારે કૃપા પોતાની સ્માર્ટનેસ દેખાડતી હતી. એ અકડ ઉતારવાનો ઇરાદો કદમનો હતો, જે ગોહિલ સમજી ગયો હતો. એટલે જ તો સાથે વિદ્યા પાટીલને લઈ જવાની સૂચના ગોહિલે કદમને આપી હતી.

બીજી બાજુ, ચકાલા પરિસરમાં આવેલી ડૉ. ભંડારીના ટ્રસ્ટની હૉસ્પિટલમાં ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટનાં ઑપરેશન થયાં હતાં. શસ્ત્રક્રિયા સંબંધી એક ફાઈલ દરદીના પરિવારને આપવામાં આવે છે, જ્યારે બીજી ફાઈલ ઑફિસ રેકોર્ડ માટે રાખવામાં આવે છે. ગોહિલને આશા હતી કે એકાદ ઑપરેશનની ફાઈલ મળી જાય તો પુરાવા તરીકે કામ લાગે. ફાઈલ શોધવાની જવાબદારી અન્ય અધિકારીને સોંપવાને બદલે ગાયકવાડે પોતે હૉસ્પિટલે જવાનું નક્કી કર્યું હતું.

ડૉ. ભંડારીને તાબામાં લેવાયા ત્યારથી પોલીસે હૉસ્પિટલમાંની

> **પુરાવા વગર તમે ચૌધરીને હાથ લગાડશો તો વિરોધ પક્ષને મારી વિરુદ્ધ મસાલો મળી જશે... ચૌધરીને કંઈ નહીં થાય, પણ હું મુશ્કેલીમાં મુકાઈ જઈશ...**

તેમની કૅબિનને સીલ કરી દીધી હતી, પણ અત્યારે ગાયકવાડને કામની એકેય ફાઈલ મળતી નહોતી.

ફાઈલના ચારેક ડ્રોઅર ફંફોસી કાઢ્યા, પણ ગેરકાયદે ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટ સંબંધી કોઈ ફાઈલ મળતી નહોતી. આકૃતિ બંગારા, પ્યૂન અને મેટ્રનની હાજરીમાં ફાઈલની તપાસ કરવામાં આવી રહી હતી.

'આના સિવાય અન્ય કોઈ જગ્યાએ ફાઈલ મૂકવામાં આવે છે?' ગાયકવાડે ભારે અવાજમાં પૂછ્યું.

એકબીજાનાં મોઢાં જોયા પછી આકૃતિએ કહ્યું: 'સરની મહત્ત્વની ફાઈલો આ જ કૅબિનમાં હોય છે... બાકીની ફાઈલો રેકોર્ડ રૂમમાં હશે.'

'સર... આ એક ફાઈલ છે!' એક મહિલા અધિકારીએ ગાયકવાડ સામે ફાઈલ લંબાવતાં કહ્યું.

ગાયકવાડે ફાઈલ પર નજર ફેરવી. એ ફાઈલ ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટના દરદીની જ હતી, પરંતુ એ કાયદેસર રીતે કરાયેલી શસ્ત્રક્રિયાની હતી.

'ના... આ આપણા કામની નથી!' કહીને ગાયકવાડે ફાઈલ ટેબલ પર પછાડી.

'બીજે ઠેકાણે કોઈ ફાઈલ સંતાડી રાખી નથીને... બરાબર જુઓ!'

મહિલા અધિકારીને આદેશ આપી ગાયકવાડ વિચારમાં પડ્યા. એટલી વારમાં કમ્પ્યુટરમાંની એન્ટ્રી તપાસવા ગયેલો અધિકારી આવ્યો.

'સર, કમ્પ્યુટરમાં પણ મંજરી, અંજુ કે સલ્લુના નામની એન્ટ્રી નથી. એ સિવાય આપણા કેસ માટે જરૂરી ગેરકાયદે ઑપરેશનોની પણ નોંધ નજરે પડતી નથી.'

'મને લાગે છે... ચાલાકીથી બધી એન્ટ્રી ડિલીટ કરી નાખી હશે, સર!' અધિકારીએ કહ્યું.

કૅબિનમાં કોઈ ફાઈલ ન મળતાં ગાયકવાડે પીવા માટે પાણી મગાવ્યું. પ્યૂન પાણી લેવા ગયો ત્યારે ગાયકવાડે આકૃતિ અને મેટ્રનની પૂછપરછ કરવા માંડી.

'છેલ્લા અમુક દિવસમાં ડૉક્ટરે કોઈ રેકોર્ડનો નાશ કર્યો હોવાનું ધ્યાનમાં છે?'

'ના.' મેટ્રને તરત જવાબ આપ્યો.

'થોડું વિચારીને બોલો!' ગાયકવાડે વધુ ભારે અવાજમાં કહ્યું.

'મારા ધ્યાનમાં ખરેખર એવું કંઈ નથી!'

'કોઈ દસ્તાવેજો કાઢી નાખવાનું કહ્યું હોય?'

ગાયકવાડ પૂછી રહ્યા હતા ત્યારે આકૃતિ કોઈ વિચારમાં ડૂબેલી હતી. એ કોઈ અવઢવમાં હોવાનું ગાયકવાડને લાગ્યું.

'શું વિચારે છે?' આકૃતિને સીધું પૂછી લીધું.

'સર... ત્રણેક દિવસ પહેલાં હું કૅબિનમાં આવી ત્યારે સર ટેન્શનમાં જણાતા હતા અને...'

થોડું અટકીને તે બોલી: 'કાગળિયા ફાડીને સર ડસ્ટબીનમાં નાખી રહ્યા હતા.'

'શેના હતા એ કાગળિયા... કંઈ જોયું હતું?' ગાયકવાડે પૂછ્યું.

'ના... મને અહીંથી દેખાયું નહીં, પણ તેમને પૂછ્યું તો વિદેશી ફન્ડિંગની વાત કરતા હતા.' આકૃતિ નિર્દોષ ભાવે બોલી.

'વિદેશી ફન્ડિંગ... એટલે?'

'સરનું કહેવું હતું કે ટ્રસ્ટને મળતા આર્થિક ભંડોળ પરના ટૅક્સ સંબંધી દસ્તાવેજ હતા. વિદેશથી આવતા ભંડોળને લગતા બધા દસ્તાવેજો જાહેર કરાતા નથી, એવું તેમનું કહેવું હતું.'

આકૃતિની વાત સાંભળી ગાયકવાડ વિચારમાં પડ્યા. એ સમયે પ્યૂન પાણી ભરેલો ગ્લાસ લઈ આવ્યો.

'ડૉક્ટરે કોઈ દસ્તાવેજો કાઢી નાખ્યા હોય તે વિશે તું કંઈ જાણે છે?' પાણીનો ઘૂંટડો પીતાં ગાયકવાડે પ્યૂનને પૂછ્યું.

'ના... મને એ વિશે કંઈ જાણ નથી.' પ્યૂને જવાબ આપ્યો.

'આકૃતિ કહે છે, ત્રણેક દિવસ અગાઉ ડૉક્ટરે અમુક દસ્તાવેજો ફાડીને ડસ્ટબીનમાં નાખ્યા હતા... પછી એ ડસ્ટબીનનો કચરો ક્યાં ફેંક્યો?'

'અચ્છા એ... એ કચરો તો સરે સળગાવી નાખવાનું કહ્યું હતું.' પ્યૂનની વાતથી ગાયકવાડના મગજમાં તેજ ગતિથી વિચારો દોડવા લાગ્યા.

'કચરો બાળી નાખવા શા માટે કહ્યું હતું?' તેમણે પૂછ્યું.

'ખબર નહીં, પણ કચરો બાળવામાં આવ્યો ત્યારે સર પોતે પણ ત્યાં ઊભા હતા.'

ગાયકવાડે અનુમાન લગાવ્યું: 'એટલે કે એ વાંધાજનક કાગળ કોઈને હાથ ન લાગે એની પૂરેપૂરી તકેદારી રાખવા માગતા હશે ડૉક્ટર!'

'ઓહ... કચરો ક્યાં બાળ્યો હતો?'

'હૉસ્પિટલના પાછળના ભાગમાં, જ્યાં કચરાપેટી છે.'

'ત્યાં સીસીટીવી કૅમેરા છે?'

'હા... છેને.'

'મને એનાં ફૂટેજ જોવાં છે.' કહીને ગાયકવાડ કૅબિન બહાર નીકળ્યા.

પ્યૂન અને આકૃતિ ગાયકવાડને સીસીટીવી મૉનિટરિંગ કૅબિનમાં લઈ ગયા, જ્યાં ડીવીઆર (ડિજિટલ વીડિયો રેકોર્ડર) હતું. ટેક્નિશિયનની મદદથી ફૂટેજ જોતાં ગાયકવાડ આખી વાત સમજી ગયા એટલે તેમણે તરત જ ગોહિલને કૉલ કર્યો.

'ગોહિલ... મને લાગે છે આપણે ફાઈલ તપાસવા અહીં આવવામાં મોડું કર્યું છે!'

'કેમ, સર... શું થયું?' ગોહિલે આશ્ચર્યથી પૂછ્યું.

'અત્યારે મેં સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ જોયાં... ડૉક્ટરે ત્રણ દિવસ અગાઉ ઘણો કચરો બાળ્યો છે...'

પછી તે બોલ્યા: 'મને લાગે છે... ગેરકાયદે ઑપરેશનને લગતા વાંધાજનક દસ્તાવેજો તેમણે બાળી નાખ્યા છે!' (ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| નાક | નસ |
| નાખુદા | ભરડો |
| નાગચૂડ | આબરૂ |
| નાજુક | ટંડેલ |
| નાડ | સુંવાળું |

### ઓળખાણ પડી?



ગાયક, ગીતકાર, સ્વરકાર, વાદક જેવી પ્રતિભા ધરાવતા બ્રિટિશ રોક એન્ડ રોલ ગ્રુપ 'બીટલ્સ'ના વિશ્વ વિખ્યાત કલાકારની ઓળખાણ પડી?

અ) માઈકલ જેકસન બ) એલ્વિસ પ્રિસલી ક) જોન લેનન ડ) પોલ મેકાર્ટની

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ્ર | કા | શ | ૨ ન | ■ | ૩ પ | રિ | ૪ ષ | દ | ■ |
| ખ | ■ | ■ | ૫ રા | જ | ન | ■ | ટ | ■ | ૬ ર |
| ૭ ર | ક્ષા | ■ | ધ | ■ | ૮ ઘ | ૯ ટ | ક | ■ | મ |
| ■ | ■ | ૧૦ ના | મ | ■ | ૧૧ ટ | પ | ■ | ૧૨ રા | ઝ |
| ૧૩ ન | મ | ણા | ■ | ૧૪ છ | ■ | ૧૫ ક | ૧૬ ર | વ | ટ |
| મ | ■ | ૧૭ વ | મ | ળ | ■ | ૧૮ પ | ણ | જી | ■ |
| ૧૯ ક | ૨૦ પ | ટી | ■ | ■ | ૨૧ બ | દ્ધ | ■ | ■ | ૨૨ ક્ષ |
| ૨૩ હ | દ | ■ | ૨૪ દં | ૨૫ શ | ■ | તિ | ■ | ૨૬ મા | મા |
| લા | ■ | ૨૭ ગ | પ | શ | ૨૮ પ | ■ | ૨૯ પા | ■ | પ |
| ૩૦ લ | ખ | પ | તિ | ■ | ૩૧ ક્ષ | મા | યા | ચ | ના |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | ૪ | | ■ |
| | ■ | | ■ | ૫ | | ■ | | ■ | ૬ |
| ૭ | ૮ | ■ | ૯ | | | ■ | ૧૦ | | |
| ૧૧ | | | ■ | | ■ | ૧૨ | | ■ | |
| ■ | | ■ | ૧૩ | | ૧૩-અ | ■ | | ■ | |
| ૧૪ | | | | ■ | ૧૫ | ૧૫-અ | ■ | ૧૬ | ■ |
| ૧૭ | | ■ | ■ | ૧૮ | ■ | ૧૯ | | | ૨૦ |
| | ■ | ૨૧ | ૨૨ | | | | ■ | ૨૩ | |
| ■ | ૨૪ | | | | ■ | ■ | ૨૫ | ■ | |
| ૨૬ | | | | ■ | ૨૭ | | | | |

**આડી ચાવી**

૧. સાંજે --- લાંબા પડે (૪)
૩. તરબોળ રેબઝેબ (૪)
૫. પંખીઓ --- વડે ખાય (૨)
૭. વારો (૨)
૯. ચાંદ, સિક્કો (૩)
૧૦. સંતતિ, બાળકો (૩)
૧૧. ટીબીના દરદીઓ માટેનું સ્થળ (૩)
૧૨. સાધના (૨)
૧૩. --- ઘણું ભાંગવું મારી ભૂજા (૩)
૧૪. એક જાતનું કાપડ (૪)
૧૫. ફાયદો (૨)
૧૭. તીક્ષ્ણ, ઝીણી અણીવાળું (૨)
૧૯. એક હથિયાર (૪)
૨૧. અવળચંડાઇ કરવી તે (૫)
૨૩. મલાઇ દૂધ ઉપર ---(૨)
૨૪. જાળવણી (૪)
૨૬. પારકી સ્ત્રી (૪)
૨૭. અર્ધદગ્ધ, અડધું કાચું (૫)

**ઊભી ચાવી**

૧. બહાદુર (૪)
૨. --- મારવી એટલે હકદાવો હોવો (૨)
૩. મચકોડ, લચકાતી ચાલ (૩)
૪. પ્રતિવાદીનો પક્ષ (૫)
૫. ચાંદની (૪)
૬. ખરબચડું (૪)
૮. મર્મ જાણવો તે (૫)
૧૩. નક્કર, એક આકાર (૨)
૧૩અ. કસબ, ચંદ્રનો સોળમો ભાગ (૨)
૧૪. પોતાનું અંગત, નીજી (૩)
૧૫અ. ફજેતા (૩)
૧૬. ઇરાદો, વૃત્તિ, વલણ (૩)
૧૮. ઉમેરો, ભરવું તે (૩)
૨૦. સાચું (૪)
૨૧. પુસ્તકનું મૂળ લખાણ (૩)
૨૨. કામ વગરની (૩)
૨૪. કસ, સત્ત્વ, સારાંશ (૩)
૨૫. --- પડવી એટલે ભૂલ થવી (૨)

### ગુજરાત મોરી મોરી રે

'મીઠા લાગ્યા તે મને આજના ઉજાગરા, જોતી તી વ્હાલાની વાટ રે' ગીતે દર્શકોને અપાર ઘેલું લગાડ્યું હતું એ નાટકનું નામ જણાવો.

અ) પૈસો બોલે છે　બ) વડીલોના વાંકે
ક) ગાડાનો બેલ　ડ) પૃથ્વીવલ્લભ

### જાણવા જેવું

ચોમાસું બેસી ગયું હોય ને મેઘરાજા એકદમ રિસાઈ ગયા હોય ત્યારે મેઘરાજાને પ્રસન્ન કરવાનું કામ પણ સૌરાષ્ટ્રની રાવળ કોમની રાવળિયાણીઓ જ કરે. પાંચ રાવળિયા બાઈઓ માથે માટીના ઘડા મૂકી મેઘલાને મનાવવા નીકળે અને ગાય 'ઢુંઢિયા બાપજી મેહ વરસાવો, ઘરડી ડોશીનાં તમે છાપરાં પલાળો.'

### સુડોકુ-૯૧૩૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૭ | ૫ | | ૮ | ૨ | | |
| ૯ | ૬ | | | | | ૪ | ૮ | ૫ |
| | ૫ | | | | | | ૧ | |
| | | ૧ | ૨ | | ૩ | ૬ | | |
| | | | | ૧ | | | | |
| | | ૯ | ૬ | | ૫ | ૩ | | |
| | ૩ | | | | | | ૯ | |
| ૧ | ૮ | ૫ | | | | | ૪ | ૬ |
| | | ૬ | ૧ | | ૪ | ૫ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૩૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૮ | ૩ | ૬ | ૭ | ૧ | ૪ | ૯ | ૫ |
| ૭ | ૫ | ૬ | ૪ | ૩ | ૯ | ૨ | ૮ | ૧ |
| ૯ | ૧ | ૪ | ૫ | ૮ | ૨ | ૬ | ૩ | ૭ |
| ૧ | ૭ | ૮ | ૨ | ૫ | ૬ | ૩ | ૪ | ૯ |
| ૪ | ૩ | ૨ | ૧ | ૯ | ૭ | ૮ | ૫ | ૬ |
| ૬ | ૯ | ૫ | ૮ | ૪ | ૩ | ૧ | ૭ | ૨ |
| ૮ | ૪ | ૧ | ૯ | ૬ | ૫ | ૭ | ૨ | ૩ |
| ૫ | ૨ | ૭ | ૩ | ૧ | ૮ | ૯ | ૬ | ૪ |
| ૩ | ૬ | ૯ | ૭ | ૨ | ૪ | ૫ | ૧ | ૮ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

વેપાર માટે દરિયાઈ વિસ્તાર મહત્ત્વનો છે. વિશ્વના ક્યા દેશમાં દરિયાઈ વિસ્તારનું અસ્તિત્વ નથી એ વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) સોમાલિયા
બ) સ્લોવાકિયા
ક) ઉરુગ્વે
ડ) સ્વિટ્ઝર્લેન્ડ

### નોંધી રાખો

જીવનમાં એક બાબતનું ધ્યાન રાખજો કે ગમે એવી મૂડી ખલાસ થશે, પણ વિશ્વાસ એવી પૂંજી છે જે જમાના બદલાય તોય નથી ખૂટતી.

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૯, ૨૦, ૩૯, ૫૦, ૬૯, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૬૯ પછી કઈ સંખ્યા આવે?

અ) ૮૦ બ) ૮૮
ક) ૯૫ ડ) ૧૦૯

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| નંગ | લુચ્ચું |
| નગદ | રોકડા |
| નટ | અભિનેતા |
| નટખટ | ટીખળી |
| નત | નમેલું |

**ગુજરાત મોરી મોરી રે**
પ્રબોધ જોશી

**ઓળખાણ પડી**
બ્રિજભૂષણ કાબરા

**માઈન્ડ ગેમ**
૨૨૫

**ચતુર આપો જવાબ**
માથું ખંજવાળો
રશિયા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) સુભાષ મોમાયા (૫) તાહેર ઔરંગાબાદાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) નીતા દેસાઈ (૯) ભારતી બુચ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) પુષ્પા પટેલ (૧૨) હર્ષા મહેતા (૧૩) વિપીન શાહ (૧૪) નૂતન વિપીન શાહ (૧૫) લજિતા ખોના (૧૬) અમીશી બંગાળી (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મીનળ કાપડિયા (૧૯) મહેશ સંઘવી (૨૦) વિણા સંપટ (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) મહેશ દોશી (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) જ્યોત્સના ગાંધી (૨૬) ઈનાક્ષીબેન દલાલ (૨૭) હિનાબેન દલાલ (૨૮) રમેશભાઈ દલાલ (૨૯) ડાયના સંતોકે (૩૦) મનીષા શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) અલકા વાણી (૩૩) ભરત કજરિયા (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) ખુશરૂ કાપડિયા (૩૭) કિરીટ છેડા (૩૮) નિતીન જયંતિલાલ બજરિયા (૩૯) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) ડો. પ્રકાશ કટકિયા (૪૨) ધીરેન્દ્ર મુલરાજ (૪૩) ગીતા ઉદેશી (૪૪) પ્રતિમા પમાણી (૪૫) હિંમત ખોલીયા

# ચોર



## ઈન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

**ટીના દોશી**

'સખી મહિલા મંડળ' નામ લોકજીભે ચડી ગયેલું, એનું નામ પણ એ જ હતું, પણ મંડળની કારોબારીના સભ્યોને આ નામ ઓલ્ડ ફેશન લાગતું એટલે એમણે હાઈપ્રોફાઈલ સોસાયટીને છાજે એવું રૂપકડું 'વિમેન્સ ક્લબ' નામકરણ કરેલું. ક્લબ કહો કે મંડળ, એનું મુખ્ય કામ તો મહિલાઓમાં જાગૃતિ ઊભી કરવાનું, તેમને પગભર થવામાં મદદ કરવાનું અને કાયદાકાનૂન અંગે સમજ આપવાનું હતું.

સીવણગૂંથણ, અથાણાંપાપડ જેવા પરંપરાગત વ્યવસાયોની તાલીમ આપવાથી માંડીને કોમ્પ્યુટર શીખવવાની કામગીરી મંડળ થકી થતી હતી. મંડળ સ્થપાયાના ત્રણ વર્ષમાં મહિલાઓના વિવિધ વિષયોને ધ્યાનમાં રાખીને દર મહિને એક અને વાર્ષિક બાર લેખે કાર્યક્રમો કરવાનો સંકલ્પ અત્યાર સુધી સાકાર થયો હતો. અત્યાર સુધી છત્રીસ કાર્યક્રમો નિર્વિઘ્ને થઇ ચૂક્યા હતા. એ માટેનું શ્રેય સહુ કોઈ આભા ગાંધીને આપતું હતું. આભા બે હજારથી વધુ સભ્યો ધરાવતી વિમેન્સ ક્લબની પ્રેસિડેન્ટ હતી.

આભા રબરસ્ટેમ્પ પ્રેસિડેન્ટ નહોતી. એ ક્લબનું નેતૃત્વ કરવાની સાથે સહુને પ્રોત્સાહન પણ પૂરું પાડતી. પ્રત્યેક કાર્યક્રમ માટે ભંડોળ ઉઘરાવવું પડતું. ક્લબને હજુ ત્રણ જ વર્ષ થયા હતા, એટલે સિલક ઝાઝી નહોતી. દર વર્ષે તો પ્રમાણમાં નાના કાર્યક્રમો થતા, એટલે લાખેક રૂપિયામાં મેળ પડી જતો. એટલી રકમ પણ સહેલાઈથી ઉઘરાવી શકાતી. પણ આ વર્ષે એક ભવ્ય સંગીત સંધ્યાનો કાર્યક્રમ કરીને મંડળની ગાજવીજ કરવાની આભાની નેમ હતી. મુખ્ય મહેમાન તરીકે પ્રખ્યાત ગાયકબેલડી ચિત્રા અને શૈલેન્દ્ર ગોહિલ આવશે એટલે જામો પડી જશે.

પ્રાથમિક તૈયારી રૂપે આભાએ ખર્ચની ગણતરી માંડી. ઓડિટોરિયમનું ભાડું, સજાવટ, મંચસજ્જા, કેટરિંગ, વીડિયોગ્રાફી, કલાકારોનું મહેનતાણું અને પરચૂરણ ખર્ચ મળીને અંદાજે પાંચેક લાખ રૂપિયાની સગવડ કરવી પડે એમ હતી. આભાએ પોતાની કારોબારીના નિષ્ઠાવંત સભ્યોને ફંડ રેઇઝિંગનું કામ સોંપી દીધું. બધાએ તનતોડ પ્રયાસો કર્યા. પરિણામે ખાસ્સી રકમ ભેગી થઇ શકી. હવે કાર્યક્રમને આડે પંદરેક દિવસ માંડ રહ્યા હતા ત્યારે એક મોડી સાંજે માત્ર કારોબારીના સભ્યોની તાકીદે મિટિંગ બોલાવવામાં આવી.

આભા સહિત કારોબારીમાં સાત મુખ્ય સભ્ય હતા. પ્રમુખ આભા ગાંધી, ઉપપ્રમુખ શલાકા શાહ, ખજાનચી બેલા મહેતા, કાર્યક્રમ સંયોજક કામિની ઠાકર, મુખ્ય મહેમાનોની માટેની આવભગત માટેની સરભરા સમિતિમાં નીરજા નાગર અને પૂનમ પરમાર તથા સ્વાગત સમિતિના સંયોજકપદે અલ્પના પંડ્યા. ક્લબના કોન્ફરન્સ રૂમમાં વિશાળ લંબગોળાકાર મેજ ફરતે સૌએ સ્થાન ગ્રહણ કર્યું. હાઈ પાવર મિટિંગ શરૂ થઇ. આભાએ ચર્ચાનો દોર હાથમાં લીધોઃ

'તમે સહુ જાણો જ છો કે આજની આ મિટિંગ શા માટે બોલાવવામાં આવી છે. કાર્યક્રમની પ્રતિપળ રૂપરેખા તૈયાર કરવાની છે અને લોકોને નિમંત્રણો આપવાનાં છે. પણ એની ચર્ચા કરતાં પહેલાં સહુએ કેટલો ફાળો ઉઘરાવ્યો છે એ જોઈ લઈએ.' કહીને આભાએ વારાફરતી બધાં સભ્યો સામે જોયું. પછી બોલીઃ

'આપણે સાત જણાએ થઈને પાંચ લાખ રૂપિયા ભેગા કરવાના હતા. એકને ફાળે અંદાજે એકોતેર હજાર રૂપિયા આવે. મેં મારા હિસ્સાનું લક્ષ હાંસલ કરી લીધું છે. પૂરા ચોર્યાસી હજાર રૂપિયા ભેગા કર્યા છે. આ રહી એ રકમ.' એમ કહીને આભાએ રૂપિયાની થોકડી મેજ પર મૂકી.

ઉપપ્રમુખ શલાકા શાહે નોટોનું બંડલ મેજ પર મૂકતાં કહ્યુંઃ 'મેં રૂપિયા ગણ્યા નથી. પણ મને લાગે છે કે મેં લક્ષ સિદ્ધ કર્યું છે!'

બેલા મહેતાએ પણ પર્સમાંથી નોટોની થોકડી મેજ પર મૂકી. પછી બોલીઃ 'મેં પણ પૈસા ગણ્યા નથી. પણ સિત્તેર હજારથી વધુ હશે એમ હું ધારું છું.'

કામિની ઠાકરે મેજ પર રૂપિયાનો ઢગલો કરતાં કહ્યુંઃ 'લો, ગણી લો. એંસી હજાર પૂરા.'

નીરજા નાગર કહેઃ 'મારા નેવું હજાર પૂરા.'

પૂનમ પરમારઃ 'મારા બાણું હજાર.'

અલ્પના પંડ્યાઃ 'હું શલાકા અને બેલા સાથે એ જ નૌકા પર સવાર છું.'

'એટલે?' સહુ એકસાથે બોલી ઊઠ્યાં.

'એટલે એમ કે મેં પણ રૂપિયા ગણ્યા નથી. પરંતુ હું માનું છું કે ટારગેટ પૂરો થયો છે!' અલ્પનાએ રૂપિયા કાઢીને મેજ પર મૂક્યા.

'અરે, પણ રૂપિયા મળ્યાની રસીદ તો હશે ને? રસીદમાં જોઈ લઈએ કોણે કેટલો ફાળો આપ્યો છે.' આભાએ સહુનું ધ્યાન દોર્યું.

'અં... રસીદ તો છે, પણ ક્યાંક આડે હાથે મૂકી ગઈ છે.' શલાકાએ પાંગળો બચાવ કર્યો. બેલા રસીદ ઘેર ભૂલી ગયેલી અને અલ્પનાની રસીદ ખોવાઈ ગયેલી.

'આ તો બેદરકારી કહેવાય.' આભાએ નારાજગી વ્યક્ત કરી અને બેલા સામું જોઇને કહ્યું કે, 'આપણે પારદર્શિતાથી કામ કરીએ છીએ એટલે જ લોકો ભરોસો કરીને આપણને ચેકને બદલે રોકડા રૂપિયા આપે છે. એક એક પૈસાનો હિસાબ હોવો જોઈએ. પહેલાં આપણે આ રૂપિયા ગણી લઈએ.' એમ કહીને આભાએ એકની સામે એક એમ રૂપિયાની સાત ઢગલી કરીને મૂકી.

સાતેય સભ્ય રૂપિયા ગણવા લાગ્યાં. ગણતરી શરૂ થયાને હજુ તો માંડ ત્રણ મિનિટ થઇ હતી કે બહારથી શોરબકોર સંભળાયો. એકાદ મિનિટ તો કોઈએ એ ઘોંઘાટ પ્રત્યે ધ્યાન ન આપ્યું, પણ ઘાંટા અને બરાડા ખૂબ વધી ગયા એટલે શલાકા બોલીઃ 'આપણે બહાર જઈને જોઈએ કે શું થયું છે? ક્યાંક આગ તો નથી લાગીને કે પછી કોઈ તોફાન ફાટી નીકળ્યું હોય!'

સાતેય એકસાથે બહાર ભાગ્યાં. રૂપિયાને ભૂલીને.

બહાર ખાસ્સું અંધારું થઇ ગયેલું. ઉતાવળમાં ને રઘવાટમાં કોઈને એ ભાન ન રહ્યું કે કોણ પહેલું નીકળ્યું ને કોણ છેલ્લું નીકળ્યું ! હા, પણ બધાં સાથે નીકળ્યાં હતાં એ નક્કી.

બહાર જઈને જોયું તો કોઈક આંદોલનકારીઓનું સરઘસ નીકળ્યું હતું અને એ લોકો બૂમબરાડા પાડતા જતા હતા. એમને અંદરોદર જ કંઈક માથાકૂટ થઇ હશે એટલે પથ્થરમારો શરૂ કર્યો. ચાર- પાંચ પથ્થર તો કલબના પ્રાંગણમાં આવી પડ્યા. પોતાને વાગી જશે એ બીકે એકદમ દોડીને સાતેય સભ્ય ક્લબમાં પાછા ફર્યા, પણ કોન્ફરન્સ રૂમમાં પ્રવેશતાંની સાથે જ સહુની આંખો ફાટી ગઈ. મોં વકાસીને પરસ્પરને તાકી રહ્યાં.

મંત્રેલું પાણી છાંટ્યું હોય એમ પૂતળાં બનીને ખોડાઈ ગયાં. મેજ પરથી રૂપિયા ગુમ થઇ ગયેલાં! આટલી વારમાં રૂપિયા ક્યાં ગયા? જમીન ખાઈ ગઈ કે આકાશ ગળી ગયું!

આભાએ સહુની સામે વ્યથિત નજરે જોયું, પણ સૌએ નજર નીચી ઢાળી દીધી. કોણ કોનો વાંક કાઢે?

આ કોઈ મામૂલી ઘટના નહોતી. લાખ્ખો રૂપિયાની ચોરીનો સવાલ હતો. સહુ જાણતાં હતાં કે ચોર સાતમાંથી જ કોઈ એક હતું.

આભાએ સૌને વિનમ્રતાથી કહ્યું, 'રૂપિયા આપણામાંથી જ કોઈએ લીધા છે. જેણે લીધા હોય એ કબૂલ કરી લે. અને રૂપિયા પાછા આપી દે. કોઈ કંઇ નહીં કહે. નહીંતર નાછૂટકે મારે પોલીસને જાણ કરવી પડશે.'

પોલીસને જાણ કરવી પડી. ઇન્સ્પેક્ટર બક્ષી અને જયરાજ જાડેજા થોડી જ વારમાં ઘટનાસ્થળે પહોંચી ગયા.

એટલે આભા સામે ગઈઃ 'આવો ઇન્સ્પેક્ટર, મેં જ આપને ફોન કર્યો હતો.'

'તમે કહેલું કે રૂપિયા ચોરાયા છે.' કરણ બક્ષીએ ચકોર નજર ચારેકોર ફેરવતાં કહ્યુંઃ 'મને કહેશો જરા, ક્યાંથી અને કેટલા રૂપિયા ચોરાયા છે?'

'ઇન્સ્પેક્ટર, લાખ્ખો રૂપિયા ચોરાયા છે. છ-સાત લાખ...' આભાના અવાજમાં વેદના ઘૂંટાઇ. એણે વિગતવાર કથા કરીઃ 'અમે પંદર દિવસ પછી એક સંગીત સંધ્યાનું આયોજન કર્યું છે. એના માટે ફંડફાળો કરેલો. સહુ આજે મિટિંગ માટે આવેલાં. અને કેટલા રૂપિયા ભેગા થયા છે તે ગણવા બેઠાં. એટલામાં બહારથી કોલાહલ સંભળાયો. એટલે અમે સહુ એકસાથે બહાર ભાગ્યાં. પાછા આવ્યા તો રૂપિયા ગાયબ!'

'તમને કોઈના પર શંકા છે?' જયરાજ બોલ્યો.

'અમે સાતેય ત્રણ વર્ષથી સાથે કામ કરીએ છીએ. આવું કોઈ દિવસ બન્યું નથી. એટલે શંકા તો કોના પર કરું? ' આભા હતાશ થઈને બોલીઃ

'મને કહેતાં શરમ આવે છે, પણ એક વાત ચોક્કસ છે કે રૂપિયા અમારા સાતમાંથી જ કોઈએ લીધા છે!'

કરણે સહુની પૂછપરછ શરૂ કરી. સાતેયને એકસાથે કહ્યુંઃ 'તમે સહુ દોડીને અંદર આવ્યાં ત્યારે કોણ ક્યાં હતું એ મારે જાણવું છે. કોણ પહેલા આવ્યું, કોણ પછી આવ્યું, કોણ કોની આગળ હતું અને કોણ કોની પાછળ હતું, એ જાણવું મારે માટે જરૂરી છે. માટે યાદ કરીને કહો.'

સહુએ એક પછી એક બોલવાનું શરૂ કર્યું. જયરાજ નિવેદન નોંધવા માંડ્યો.

આભાઃ 'શલાકાએ કહ્યું એટલે અમે લોકો બહાર શેનો ઘોંઘાટ થાય છે તે જોવા દોડ્યાં. અમે બહાર ગયા ત્યારે કોણ પહેલાં દોડ્યું અને કોણ પછી દોડ્યું એ ખબર નથી, પણ અમે પાછાં ફર્યા ત્યારે મારી આગળ ત્રણ જણા હતા એટલે પાછળ ત્રણ જણા હશે એવો ખ્યાલ છે. મારી પાછળ કદાચ બેલા હતી. વાળમાં નાખેલા ગજરાને જોઇને આગળ નીરજા હતી એવું લાગે છે. જોકે અંધારું હતું એટલે મારી આગળ અને પાછળ કોણ હતું એ હું ચોકસાઈથી કહી શકું એમ નથી.'

કામિનીઃ 'મારી પાછળનો અવાજ નીરજા જેવો હતો. આગળ કદાચ શલાકા હતી. એના અંબોડા પરથી હું ઓળખી શકી. જોકે પગથિયું ચડતાં મને ઠેસ વાગેલી એટલે હું પડી ગયેલી. મારી પાછળની નીરજાએ મને ઊભી થવામાં મદદ કરેલી.'

અલ્પનાઃ 'મારી આગળ જે હતું તેના વાળ ખૂબ લાંબા હતા. એટલા લાંબા ઘટાદાર વાળ માત્ર બેલાના જ છે. એટલે આગળ બેલા હોય એવું લાગ્યું. પાછળ એક જ જણ હોય એવું લાગ્યું. એ કદાચ પૂનમ હતી. પણ ચોક્કસ ન કહી શકું.'

નીરજાઃ 'મારી આગળ બે જણા હતા એટલે પાછળ ચાર હશે. આગળ કદાચ કામિની હતી. બધામાં કામિની સૌથી જાડી છે. એના પરથી જ હું એને ઓળખી શકી. પાછળ અવાજ પરથી આભા હોય એવું લાગ્યું. જોકે અંધારું હતું એટલે મારો અંદાજ ખોટો પણ હોઈ શકે.'

શલાકાઃ 'મારી આગળ કોણ હતું એ મને ખબર નથી, પણ પાછળ કામિની હતી એવું મને લાગ્યું. જોકે હું ચોક્કસપણે ન કહી શકું.'

પૂનમઃ મારી પાછળ કોઈ નહોતું એટલે આગળ છ લોકો હતા એ ચોક્કસ છે. હું માનું છું ત્યાં સુધી મારી આગળ અલ્પના હતી. અંધારામાં એના સફેદ ડ્રેસ પરથી જ હું એને ઓળખી શકી.'

બેલાઃ 'મારી પાછળ બે જણાં હતાં અને આગળ ચાર. પાછળ કદાચ અલ્પના હતી અને આગળ આભા હોય એવું મને લાગ્યું. આભાના દુપટ્ટા પરથી મેં એને ઓળખેલી. પણ અંધારાને લીધે મારી ભૂલ પણ થઇ હોય!'

એક પછી એક, એમ સાતેયના નિવેદન લેવાઈ ગયાં. આ નિવેદનના આધારે જ શોધવાનું હતું કે ચોરી કોણે કરી છે?

જયરાજ જાડેજાએ પૂછ્યુંઃ 'સર, તમને લાગે છે કે આ નિવેદનોના આધારે ચોરને પકડી શકાશે?'

કરણ બક્ષીઃ 'હેવ પેશન્સ! ધીરજ..ધીરજ..ઉતાવળે આંબા ન પાકે!'

આભાઃ 'સાહેબ, ચોર પકડાશે તો ખરોને? નહીંતર મારે તો ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મારવાનો વારો આવશે.'

કરણઃ 'પકડાશે કેમ નહીં, એ પકડાઈ જ ગયો છે!'

સાતેય ઉત્તેજનાથીઃ 'કોણ છે? કોણ છે ચોર?'

આ કેસમાં એ તો સ્પષ્ટ જ છે કે જે સૌથી પહેલાં અંદર આવ્યું છે, એની પાસે જ ચોરી કરવાની તક હતી. અને એણે જ ચોરી કરી છે! તમે સહુ મારી વાત સાથે સંમત છો? સૂક્ષ્મ અને સચોટ અવલોકનને આધારે કેસ સોલ્વ કરવાની ફાવટ ધરાવતા કરણે પૂછ્યું, એટલે સહુએ સંમત થતાં માથું ધુણાવ્યું. કરણે તર્કબદ્ધ રીતે અંકોડામાં અંકોડો પરોવતાં કહેવાનું શરૂ કર્યુંઃ

'અહીં જે નિવેદનો નોંધાયાં છે એમાં જ ચોરનો નિર્દેશ કરતી કડી પણ છે. માત્ર થોડું ભેજું કસવાની જરૂર છે. સાતમાંથી છ નિવેદન એવાં છે, જેમાં એ લોકો જાણતાં હતાં કે એમની આગળ કોણ હતું અને પાછળ પણ કોણ હતું. નિવેદન ધ્યાનથી જોઈએ તો ઊડીને આંખે વળગે છે કે એ છ સાચું બોલે છે. એ લોકોએ જે જુબાની આપી છે, એ જ ક્રમમાં લોકો આગળ પાછળ દોડતાં હોવાનો ખ્યાલ આવે છે. એમનાં નિવેદનોને આધારે સ્પષ્ટ થાય છે કે પૂનમની આગળ અલ્પના, અલ્પનાની આગળ બેલા, બેલાની આગળ આભા, આભાની આગળ નીરજા, નીરજાની આગળ કામિની અને કામિનીની આગળ શલાકા હતી. એ જ રીતે શલાકાની પાછળ કામિની, કામિનીની પાછળ નીરજા, નીરજાની પાછળ આભા, આભાની પાછળ બેલા, બેલાની પાછળ અલ્પના અને અલ્પનાની પાછળ પૂનમ.... નિવેદન પરથી પુરવાર થાય છે કે બીજા, ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા અને સાતમા ક્રમે અનુક્રમે કામિની, નીરજા, આભા, બેલા, અલ્પના અને પૂનમ હતાં. આમાં એક જ વ્યક્તિ એવી હતી જેને એની પાછળ કોણ હતું એ ખબર હતી, પણ આગળ કોણ હતું એ ખબર નથી. સ્પષ્ટ છે કે એની આગળ કોઈ નહોતું, કારણ કે એ જ પહેલા ક્રમે દોડતી હતી! એટલે એ જ ચોર છે! એ તમે છો શલાકા શાહ. બોલો, ખરું કે ખોટું?'

શલાકાએ કબૂલ કર્યુંઃ 'મારે માથે ઘણું દેવું થઇ ગયેલું. એટલે મારા મનમાં ચોર પેઠો. રૂપિયા જોઇને મારી દાઢ સળકી. અમે અંદર આવતાં હતાં ત્યારે મેં જ કામિનીને પગની આંટીમાં લઈને પાડી દીધેલી. જેથી એને અને બીજાઓને અંદર આવતાં વાર લાગે અને એટલી વારમાં હું ઝડપથી રૂપિયા મારા થેલામાં ભરી શકું. મેં એમ કર્યું પણ ખરું. પણ હું કબૂલ કરું છું કે મેં ખોટું કર્યું છે. મહેરબાની કરીને મને સહુ માફ કરો!'

શલાકા બે હાથ જોડીને ઊભી રહી. એના નામનો અર્થ વીજળી થતો હતો અને એ વીજળી આજે એના પર જ ત્રાટકી હતી! ■

**આવતા અઠવાડિયે નવી કથા**

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

# વાંસનાં તરતાં મકાનનો નમૂનો-વિયેતનામ

**હેમંત વાળા**
feedback@bombaysamachar.com


એચએન્ડપી આર્કિટેક્ટ્સ દ્વારા વિયેતનામમાં બનાવાયેલા આ નમૂનાના બે ઘર છે, જે વર્ષ ૨૦૨૨માં તૈયાર થયાં હતાં. અહીંનો પ્રથમ નમૂનો ૩૬ ચોરસ મીટર વિસ્તારનો જ્યારે બીજો નમૂનો તેનાથી મોટો ૪૮ ચોરસ મીટર વિસ્તારનો છે. આમાંનું નાનું ૩૬ ચોરસ મીટરના વિસ્તારનું ઘર આવાસ-સ્થાપત્યને લગતાં ઘણાં વિષયોની ચર્ચાનું નિમિત્ત બની શકે તેમ છે.

આ ઘર વિયેતનામી પરંપરાગત વાંસના પેવિલિયનની યાદ અપાવી શકે તેવું છે. જેમની આજીવિકા નદી આધારિત હોય તેમની માટે આ નમૂનો ભવિષ્યમાં ઉપયોગી તેમ જ સ્વીકૃત બની શકે એમ કહેવામાં આવે છે. એક ગણતરી પ્રમાણે જ્યારે આ પ્રકારના વાંસના તરતાં ઘરોની સંખ્યા વધશે ત્યારે સામૂહિક ઉપયોગિતા માટે તથા શાકભાજી ઉગાડવા માટે પણ આ જ પ્રકારની વાંસની, પણ વિસ્તૃત રચના બનાવાતી થશે. આ









વાંસના તરતા ઘરનો નમૂનો બનાવવા પાછળનું એક કારણ એ પણ છે કે, એક ગણતરી પ્રમાણે વિયેતનામનો ઘણો વિસ્તાર, દરિયાના પાણીની સપાટી ઊંચી આવવાને કારણે, જળમગ્ન થતો જશે. તે વખતે આ પ્રકારની રચનાની આવશ્યકતા ઊભી થશે. તે વખતે આ પ્રકારની રચના સ્થિર, સલામત અને આબોહવાને યોગ્ય રીતે પ્રતિભાવ આપી શકે તેવી બની રહેશે એમ માનવામાં આવે છે. એ રીતે આ વર્તમાનની જરૂરિયાત ઉપરાંત ભવિષ્યના આયોજન સમાન રચના છે. અત્યારે અને તે વખતે સમાજમાં તેની સ્વીકૃતિ કેટલી હશે તે સમજવું પડે.

વાંસના આ તરતા ઘર નીચે રખાયેલ પ્લાસ્ટિકના ઘનાકાર પીપને કારણે તરતાં રહી શકે છે. આ પીપ સાથે વ્યવસ્થિત રીતે મજબૂતાઈથી ઘરનું માળખાં તેમ જ ફરસને જોડવામાં આવ્યું છે. આ પીપની વચ્ચે એક શુદ્ધ પાણીની ટાંકી રખાઈ છે જેમાં વરસાદનું પાણી એકત્રિત થાય તેવી વ્યવસ્થા છે. અન્ય એક પીપ સેપ્ટિક ટેન્ક તરીકે કામ આપે છે. આમાંનો નાનો નમૂનો ૬.૦૦ X ૬.૦૦ મીટરના માળખા પર ગોઠવાયેલી બે માળની રચના છે જેમાં નાના કુટુંબ માટે જરૂરી કહી શકાય તેવી દરેક વ્યવસ્થા છે. અહીં એક નમૂનામાં ઉપરના માળને વિસ્તૃત કરવાની સંભાવના પણ છે. પ્રારંભિક દ્રષ્ટિએ આ એક સ્વીકૃત રચના બની શકે, પરંતુ લાંબા સમય સુધી તેની ઉપયોગિતામાં સરળતા રહેશે કે નહીં તે વિચારવું પડે.

યોજના પ્રમાણે મોડ્યુલર કહી શકાય તેવી આ રચનાની જરૂરિયાત પ્રમાણે સંખ્યા વધારાશે અને પછી ત્યાં આવનજાવન માટે પ્રાથમિક સેતુ ઉપરાંત નાની નૌકાનો પણ ઉપયોગ કરવો પડશે.

૩૦ થી ૪૫ મીમી વ્યાસના ૬ મીટર સુધી લાંબા વાંસ, વાંસની વણાયેલી સાદડીઓ, વાંસની પટ્ટીઓ તથા ક્યાંક કાચની બાટલીઓનો પણ ઉપયોગ અહીં જોવા મળે છે. તે ઉપરાંત અહીં નીચેના ભાગમાં લોખંડના માળખાનો પણ ઉપયોગ થયો છે. વળી ક્યારેક 'પાણી-બંધ' બાંધકામ માટે પ્લાસ્ટિકનો પણ ઉપયોગ થયો હશે. આ બધી સામગ્રીનો ઉપયોગ પરંપરાગત તેમ જ આધુનિક તકનીકના પ્રયોજનથી કરાયો છે. વાતાવરણની અનુકૂળ પરિસ્થિતિનો મહત્તમ ઉપયોગ થઈ શકે અને વિપરીત પરિસ્થિતિથી શક્ય એટલું રક્ષણ મળી શકે તે રીતે અહીં બારી - બારણાં પ્રયોજાયાં છે. ઊર્જા માટે અહીં સૌર-ઊર્જાનો ઉપયોગ કરવા માટેની વ્યવસ્થા પણ છે.

આ સમગ્ર રચના વાંસના બાંધકામને આધારિત છે. દીવાલ, છત, ફરસ, બારી, બારણાં, રાચરચીલું, દાદર, છજ્જા - બધું જ વાંસમાંથી. એકંદરે જોવામાં સારું લાગે પણ ઉપયોગિતા વિશે પ્રશ્નો ઊભાં થાય જ. આ સમગ્ર બાંધકામ છિદ્રાળું બને અને તેથી ભેજ પણ આવે, જીવજંતુ પણ આવે અને પવન પણ આવે. ભેજ અને જીવજંતુ પ્રશ્નો ઉભાં કરે જ્યારે ભેજવાળી આબોહવામાં પવન ઇચ્છનીય ગણાય. આ પ્રદેશમાં વરસાદ પણ વધુ રહેતો હોય છે અને તેવાં સંજોગોમાં આ રચના કેટલી કારગત નીવડે તે ચકાસવું પડે. જોકે ક્યાંક પ્લાસ્ટિકના આવરણની સંભાવના છે પણ તે કાયમી ઉકેલ ન કહેવાય. જ્યારે વ્યક્તિ ઘર બનાવે ત્યારે એવી ઈચ્છા હોય કે ઘરનું આયુષ્ય પોતાનાં આયુષ્ય કરતાં વધારે રહે.

ભૌમિતિક આકારની સ્પષ્ટતા, વાંસ સહિત બાંધકામની દરેક સામગ્રીનો અસરકારક ઉપયોગ, પરંપરાગત ઢળતાં છાપરાંનો વ્યવહારુ ઉપયોગ, શુદ્ધ તેમજ અશુદ્ધ પાણી માટેની સચોટ વ્યવસ્થા, કિંમતના ઘટાડા માટે મળેલી સફળતા, મૂળભૂત જરૂરિયાતોનો સમાવેશ, આબોહવાનાં વિપરીત પરિબળોનું શક્ય હોય તેટલું નિયમન, પરંપરા સાથે જળવાતો સંબંધ, ભવિષ્યના પ્રશ્નને ઉકેલવાની તત્પરતા અને તે બધા સાથે નવાં જ પ્રકારનો ઉત્સાહપૂર્વકનો પ્રયોગ - આ રચનાની આ કેટલી ખાસ વાતો છે. તે છતાં પણ એમ તો કહેવું જ પડે કે ક્યાંક આ રચના 'રોમાન્ટિક' જણાય છે. અહીં એક વિચારને કદાચ સ્વીકૃત મર્યાદાની બહાર સુધી લઈ જવાનો પ્રયત્ન થયો છે. સાંપ્રત સમયે જ્યાં દરેક પ્રક્રિયા માટે ચોક્કસ ઉપકરણની આવશ્યકતા જણાતી હોય, દરેક પ્રક્રિયા માટે ચોક્કસ પ્રકારની સગવડતા જરૂરી હોય, દરેક ઉપયોગિતા માટે નીતનવી સામગ્રી આવતી હોય, ત્યાં પરિસ્થિતિનું આટલું 'સામાન્યીકરણ' કેટલું સ્વીકૃત થશે તે વિચારવું પડે.

ઘણીવાર એ પણ પ્રશ્ન થાય કે આ પ્રકારની રચનાને આધુનિક પરિભાષા પ્રમાણે 'ઘર' કહેવાય કે નહીં. સંસ્કૃતમાં જેને કુટીર અથવા કુટી કહી શકાય તે પ્રકારની આ રચના છે. ભારતીય સંસ્કૃતિમાં આ પ્રકારની કુટીર જંગલમાં બનાવાતી જે પ્રમાણમાં ઓછી મજબૂત તેમજ વારંવાર માવજત માંગી લે તેવી રહેતી. વર્તમાન સમયમાં અમુક સમય સુધી રહેવા માટે, કદાચ, મજા આવે તેવી આ રચના છે. કોઈ રિસોર્ટમાં તેની સ્વીકૃતિ વધુ હોઈ શકે. જ્યારે નિયમિત ઘરની વાત કરીએ ત્યારે પ્રશ્ન એ થાય કે આ પ્રકારની રચના વર્તમાનમાં અને ભવિષ્યમાં શું સ્વીકૃત રહેશે. ■

### વડા પ્રધાન મોદીની ઉપસ્થિતિમાં

# એકતાનગરમાં ભવ્ય પરેડ સાથે રાષ્ટ્રીય એકતા દિવસની શાનદાર ઉજવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે એકતાનગર ખાતે શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટી સામે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, ભારત માતાની ભક્તિ દેશના દરેક નાગરિકની સૌથી મોટી પૂજા છે, તેમ કહી દેશની એકતા અને અખંડિતતા માટે ચાર સ્તંભો આધારિત સરકાર દ્વારા જનજનને જોડવાનું કામ કરવામાં આવી રહ્યું હોવાનું જણાવ્યું હતું. આ અવસરે, એકતાનગરમાં પ્રથમવાર દિલ્હી જેવી પરેડનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મોદીએ આ પરેડમાં ઉપસ્થિત રહી રાષ્ટ્રજોગ સંબોધન કર્યું હતું.

તેમણે કહ્યું હતું કે, ભારતની એકતાના ચાર મજબૂત આધારસ્તંભ છે પ્રથમ, સાંસ્કૃતિક એકતા, જે હજારો વર્ષોથી રાજકીય પરિસ્થિતિઓથી અલગ ભારતને એક ચેતના રાષ્ટ્ર બનાવે છે. ભારતની એકતાનો બીજો સ્તંભ ભાષાની એકતા છે, જ્યાં સેંકડો ભાષાઓ અને બોલીઓ દેશની ખુમારી, રચનાત્મક વિચારસરણી અને વિવિધતાનું જીવંત પ્રતીક છે. કોઈ સમાજ, સત્તા કે સંપ્રદાયે ક્યારેય ભાષાને હથિયાર બનાવીને એકને થોપવાનો પ્રયાસ કર્યો નથી.

રાષ્ટ્રીય એકતાનો ત્રીજો સ્તંભ ભેદભાવમુક્ત વિકાસ છે, ગરીબી અને ભેદભાવ સામાજિક તાણાવાણાની સૌથી મોટી નબળાઈ છે. સરદાર પટેલ ગરીબી વિરુદ્ધ દીર્ઘકાલીન યોજના પર કામ કરવા માગતા હતા અને કહેતા કે જો આઝાદી ૧૦ વર્ષ વહેલી મળી હોત, તો ૧૯૪૭ સુધીમાં ભારત અન્ન સમસ્યાના સંકટથી મુક્ત થઈ ગયું હોત. તેમણે રજવાડા વિલીનીકરણ જેવા પડકારને ઉકેલ્યા તેમ અન્નની અછતના પડકારને પણ હલ કર્યા હોત.

એકતાનો ચોથો અને અંતિમ સ્તંભ કનેક્ટિવિટી દિલોનું જોડાણ છે, જે આધુનિક ભારતને વિશ્વના કેન્દ્રમાં લાવી રહ્યો છે. રેકોર્ડ હાઈવે-એક્સપ્રેસવે, વંદે ભારત અને નમો ભારત જેવી ટ્રેનો દ્વારા રેલને ટ્રાન્સફોર્મ કરી, નાનાં શહેરોને એરપોર્ટ્સથી જોડીને ઉત્તરથી દક્ષિણ, પૂર્વથી પશ્ચિમ સુધીના અંતરો ઘટાડ્યા છે.

આ પ્રસંગે વડા પ્રધાને કહ્યું કે, સરદાર પટેલ ઇતિહાસ લખવામાં સમય વેડફવા કરતા ઇતિહાસ બનાવવા માટે મહેનત કરવાના હિમાયતી હતા. જેમણે નીતિઓ અને નિર્ણયો દ્વારા આઝાદી પછી ૫૫૦થી વધુ રજવાડાઓને એકસૂત્રે બાંધી દેશને એક બનાવ્યો હતો. 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નો વિચાર તેમના માટે સર્વોપરી હતો.

એકતાનગરમાં એકતા મોલ અને એકતા ગાર્ડન જેવા પ્રયાસોના ઉલ્લેખ સાથે વડા પ્રધાને એમ કહ્યું હતું કે, દેશની એકતાને નુકસાન પહોંચાડે એવી વાતો કે વિચારોથી દૂર રહેવું જોઈએ. આ માત્ર રાષ્ટ્રીય કર્તવ્ય જ નહીં પરંતુ, સરદાર પટેલને સાચી શ્રદ્ધાંજલિ પણ છે. ભારત માતાની ભક્તિ એ દેશના દરેક નાગરિકો માટે સૌથી મોટી પૂજા છે અને આજના યુગમાં દેશની આ જરૂરિયાત છે, જે દરેક ભારતીય માટે સંદેશ, સંકલ્પ અને કાર્યપથનું માર્ગદર્શન કરે છે.

તેમણે નક્સલવાદ-માઓવાદી આતંકની કમર તોડવાનો નિર્ધાર વ્યક્ત કરતા કહ્યું હતું કે, ૨૦૧૪ પહેલાં દેશની અંદર નક્સલીઓ પોતાની હકૂમત ચલાવતા, બંધારણનું પાલન થતું નહોતું, પોલીસ-પ્રશાસન લાચાર દેખાતું, રસ્તાઓ-સ્કૂલો-હોસ્પિટલો પર હુમલા થતા અને નવા ફરમાન જારી થતા. સરકારે તેના ઉપર પ્રચંડ પ્રહાર કર્યા, અર્બન નક્સલીઓ અને તેમના સમર્થકોને જડબાતોડ જવાબ આપ્યો, વૈચારિક લડાઈ જીતી અને નક્સલી વિસ્તારોમાં જઈને તેને મ્હાત આપી. વડા પ્રધાનએ મક્કમ નિર્ધાર વ્યક્ત કરતાં જણાવ્યું કે, જ્યાં સુધી દેશ નક્સલવાદ-માઓવાદના આતંકથી પૂરી રીતે મુક્ત નહીં થાય, ત્યાં સુધી આ સરકાર જંપશે નહીં.

દેશની આંતરિક સુરક્ષાનો મોટો ખતરો ઘૂસણખોરો પણ છે, જેઓ દાયકાઓથી વિદેશી ઘૂસણખોરો તરીકે આવીને દેશવાસીઓના સંસાધનો પર કબજો કરે છે, ડેમોગ્રાફીનું સંતુલન બગાડે છે અને એકતા પર પ્રહાર કરે છે. ભૂતકાળની સરકારોએ વોટબેંકની રાજનીતિ માટે આંખ મીચી રાખી હતી, પરંતુ હવે પહેલી વખત દેશે આ મોટા ખતરા વિરુદ્ધ નિર્ણાયક લડાઈ લડવાનું નક્કી કર્યું છે અને લાલ કિલ્લા પરથી 'ડેમોગ્રાફી મિશન'નું ઐતિહાસિક એલાન પણ કર્યુ છે.

આ વિષયને ગંભીરતાથી ઉઠાવતા વડા પ્રધાનએ ચેતવણી આપતા જણાવ્યું કે, કેટલાક લોકો દેશહિત કરતાં પોતાના સ્વાર્થને પ્રાથમિકતા આપીને ઘૂસણખોરોને અધિકાર અપાવવા માટે રાજકીય લડાઈ લડી રહ્યા છે, જેમને દેશનું ભૂતકાળની જેમ વિભાજન થાય તો પણ કોઈ ફરક નથી પડતો. પરંતુ સચ્ચાઈ એ છે કે જો દેશની સુરક્ષા અને ઓળખ ખતરામાં આવશે, તો દરેક વ્યક્તિને જોખમ થશે. તેથી રાષ્ટ્રીય એકતા દિવસ પર ફરીથી સંકલ્પ લઈએ કે આપણે ભારતમાં રહેતા દરેક ઘૂસણખોરને બહાર કાઢીને જ રહીશું, જેથી રાષ્ટ્રની અખંડિતતા અને અસ્તિત્વને મજબૂત કરી શકીએ.

વડા પ્રધાનએ એકતા પરેડ બાદ માર્ગ ઉપર ફરીને ઉપસ્થિતોનું અભિવાદન ઝીલ્યું હતું.

આ વેળાએ સાંસદો, ધારાસભ્યો, મુખ્ય સચિવ સહિતના ઉચ્ચ અધિકારીઓ સહિત નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ■





### રાષ્ટ્રીય એકતા દિવસે

## મુખ્ય પ્રધાને અમદાવાદ ખાતે 'યુનિટી માર્ચ'ને પ્રસ્થાન કરાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત 'સરદાર૧૫૦ યુનિટી માર્ચ'ને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે ભૂપેન્દ્ર પટેલે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફૂલહાર કરી નમન કરી ભાવાંજલિ અર્પણ કરી હતી.

મુખ્ય પ્રધાનએ નારણપુરાની સરદાર પટેલ કોલોનીમાં આવેલી સરદાર પટેલની પ્રતિમા પાસેથી સવારે ૭.૩૦ વાગ્યે યુનિટી માર્ચનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ યુનિટી માર્ચ નારણપુરા સરદાર પટેલ કોલોનીથી શરૂ થઈ સરદાર પટેલ સ્ટેડિયમ રોડ, સી.જી. રોડ થઈને આશ્રમ રોડ પરની મહાત્મા ગાંધીજીની પ્રતિમા ખાતે પૂર્ણ થઈ હતી.

આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશભરમાં સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિતે ભવ્યાતિભવ્ય ઉજવણીનું આયોજન કરાયું છે.

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી'ના નિર્માણથી સરદાર પટેલને વડા પ્રધાને ખરા અર્થમાં શ્રદ્ધાંજલિ આપી છે.

સરદારની આ પ્રતિમા ભારતના સામર્થ્ય અને ગૌરવવંતા ઇતિહાસનું શ્રેષ્ઠ પ્રતીક છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું. સરદાર સાહેબને યાદ કરતા મુખ્ય પ્રધાનએ કહ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલે આઝાદી પછી ૫૬૨ જેટલા દેશી રજવાડાઓનું વિલીનીકરણ કરી સ્વતંત્ર ભારતનું નિર્માણ કર્યું હતું. ■

## ગિરનારની લીલી પરિક્રમા સ્થગિતઃ સાધુ-સંતો દ્વારા પ્રતીકાત્મક પરિક્રમા કરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* ગિરનારમાં અગિયારસથી શરૂ થતી લીલી પરિક્રમાને ભારે વરસાદના કારણે સ્થગિત કરવામાં આવી હતી. સૌરાષ્ટ્ર સહિત જૂનાગઢમાં પડી રહેલા ભારે વરસાદના કારણે ૩૬ કિલોમીટરનો પરિક્રમા રૂટ સંપૂર્ણપણે બિસ્માર અને કાદવ-કીચડથી ભરપૂર બની ગયો હતો, જેના પગલે સામાન્ય શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓની સુવિધા તેમજ સલામતીને ધ્યાને રાખીને આ મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા વરસાદના કારણે પરિક્રમાનો સમગ્ર માર્ગ ખરાબ રીતે ધોવાઈ ગયો હતો અને અનેક જગ્યાએ રસ્તો બિસ્માર બની ગયો હતો. આ રૂટ પર પગપાળા ચાલવું અત્યંત જોખમી બની શકે તેમ હોવાથી, જ્યાં સુધી વરસાદની સ્થિતિ સુધરે નહીં ત્યાં સુધી પરિક્રમા સ્થગિત રાખવાનો નિર્ણય લેવાયો હતો. લીલી પરિક્રમાને સ્થગિત કરવા અંગેનો આખરી નિર્ણય વહીવટી તંત્ર અને ગિરનારના સાધુ-સંતો વચ્ચે યોજાયેલી સંયુક્ત બેઠક બાદ લેવામાં આવ્યો હતો.

પરિક્રમા સ્થગિત થવા છતાં, સનાતન ધર્મની પરંપરા અને ધાર્મિક વિધિ જાળવી રાખવા માટે સાધુ-સંતો દ્વારા એક મહત્ત્વનો નિર્ણય લેવાયો હતો. સાધુ-સંતો દ્વારા પ્રતીકાત્મક પરિક્રમા કરવામાં આવશે. પરંપરાનો લોપ ન થાય તે માટે આજે મુહૂર્ત કર્યા બાદ બીજી નવેમ્બર ગિરનારના સાધુ-સંતો દ્વારા પ્રતીકાત્મક પરિક્રમા કરવામાં આવશે. આ પ્રતીકાત્મક પરિક્રમામાં માત્ર સાધુ-સંતો જ જોડાશે અને સામાન્ય શ્રદ્ધાળુઓનો આ રૂટ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ■

## સુરેન્દ્રનગરમાં આપની ખેડૂત મહાપંચાયત યોજાઈ, કેજરીવાલે રાજ્ય સરકારને ઘેરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના સુદામડા ગામે આમ આદમી પાર્ટી (આપ) દ્વારા એક વિશાળ ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કડદા પ્રથા અને ખેડૂતો પરના અત્યાચારના અનેક મુદ્દાઓને લઈને ચર્ચા કરવામાં આવી રહી હતી. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ તેમજ પંજાબના મુખ્યપ્રધાન ભગવંત માન ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત 'આપ'ના ગુજરાતના નેતાઓ, હોદ્દેદારો અને ધારાસભ્યો ખેડૂતો અને 'આપ'ના સમર્થકો મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા.

આ રેલીમાં કેજરીવાલ તેમજ પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માને ખેડૂતોના વિવિધ પ્રશ્નનો મુદ્દે સરકારને ઘેરી હતી.

અરવિંદ કેજરીવાલે તેમના સંબોધનની શરૂઆત ઉપસ્થિત સૌને નમસ્કાર કરીને કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આજે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી છે. સરદાર પટેલને ગુજરાત અને ભારતના 'શેર' કહેવાય છે, જેમણે હંમેશાં ખેડૂતો માટે લડત આપી હતી. કેજરીવાલે આક્ષેપ કર્યો કે સરદારે ક્યારેય સ્વપ્નમાં પણ નહીં વિચાર્યું હોય કે ૧૦૦ વર્ષ પછી દેશમાં એવી સરકાર આવશે જે પોતાના હક્ક માટે લડતા ખેડૂતો પર જુલમ કરશે. આજે સરદારની આત્મા ગુજરાતને જોઈ રડતી હશે. તેમણે જેલમાં નાખવામાં આવેલા ૮૫ ખેડૂતોના પરિવારજનોને સમર્થન જાહેર કર્યું હતું. અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે 'આપ' આ તમામ પરિવારની સાથે છે અને ખેડૂતોને તમામ કાનૂની મદદ પૂરી પાડવામાં આવશે. એમનો એટલો જ વાંક હતો કે તેઓ પોતાના હક્ક માટે લડતા હતા. અમે આજે એ ખેડૂતોના પરિવારને બોલાવ્યા હતા, જેને પોલીસે મળવા જ નથી દીધા. અમે આ તમામ પરિવારની સાથે છીએ અને ખેડૂતોને તમામ કાનૂની મદદ આપીશું. તેમણે ઉત્તર ગુજરાતમાં ખેડૂતો પર થયેલા કથિત જુલમ, લઘુતમ ભાવનો મુદ્દો અને પોલીસ કાર્યવાહીને લઈને રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે ૭૫ વર્ષમાં આટલી ક્રૂર સરકાર જોઈ નથી. તેમણે કૉંગ્રેસ અને ભાજપ વચ્ચે 'સેટિંગ' હોવાનો આક્ષેપ કર્યો હતો અને ખેડૂતોને આગામી સમયમાં પરિવર્તન લાવવાનો અનુરોધ કર્યો હતો. ■

## ખ્યાતિકાંડમાં સિનિયર માર્કેટિંગ એક્ઝિક્યુટિવ મિલિંદ પટેલના જામીન કોર્ટે ફગાવી દીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* અમદાવાદ ખ્યાતિ હોસ્પિટલ કૌભાંડ કેસમાં મહત્ત્વનો વળાંક આવ્યો છે. હોસ્પિટલના સિનિયર માર્કેટિંગ એક્ઝિક્યુટિવ મિલિંદ પટેલની જામીન અરજી અમદાવાદ ગ્રામ્ય કોર્ટે ફગાવી દીધી હતી. તેમના વિરુદ્ધ વસ્ત્રાપુર પોલીસ મથકે સરકારે નિમેલી કમિટીએ ડાયરેક્ટરો તથા કર્મચારીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, ત્યારબાદથી મિલિંદ પટેલ જેલમાં સજા ભોગવી રહ્યા હતા.

અરજદાર તરફે દલીલ કરવામાં આવી હતી કે, આરોપી માત્ર માર્કેટિંગ એક્ઝિક્યુટિવ તરીકે ફરજ બજાવતા હતા અને હોસ્પિટલ માટે ગામડાંઓમાં મેડિકલ કેમ્પનું આયોજન કરતા હતા. હોસ્પિટલમાં સારવાર અંગે કોઈ આર્થિક લાભ મળ્યો નથી, તેમજ ચાર્જશીટ ફાઈલ થઈ ચૂકી હોવાથી જામીન આપવા વિનંતી કરવામાં આવી હતી. તેમ છતાં સરકારી વકીલે આ અરજીનો જોરદાર વિરોધ કર્યો હતો.

સરકારી વકીલે દલીલ કરી હતી કે, મિલિંદ પટેલ દર્દીઓને ખ્યાતિ હોસ્પિટલ સુધી લાવવા માટે કમિશન આપવામાં આવતું હતું અને આ સાથે તેઓ ખ્યાતિ હોસ્પિટલમાં દર્દીઓને સરકારી યોજનામાં સારવાર માટે લાવવાનું કામ કરતા હતા. કોર્ટના જણાવ્યા પ્રમાણે કેમ્પથી લઈને ઓપરેશન થિયેટર સુધી તેમની સક્રિય ભૂમિકા સ્પષ્ટ હોવાથી કેસની ટ્રાયલને અસર થવાની શક્યતા છે. આમ નોંધીને અમદાવાદ ગ્રામ્ય કોર્ટે મિલિંદ પટેલની જામીન અરજી નકારી નાખી હતી. ■

## ખેડૂતો માટે કૉંગ્રેસ પહેલી નવેમ્બરથી તમામ તાલુકા મથકે ધરણાં કરશે અને ૧૦ જિલ્લામાં આક્રોશ યાત્રા યોજશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે કૉંગ્રેસ દ્વારા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. રામનગર ચોક મોટેરા સ્ટેડિયમ સુધી પદયાત્રા યોજી કૉંગ્રેસ દ્વારા ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરવામાં આવ્યા હતા. ભાજપ સરદાર વલ્લભભાઈ પટેલનું યોગદાન ખતમ કરવાનો પ્રયાસ કરી રહી હોવાનો કૉંગ્રેસ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો. તેમ જ નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું નામ બદલી સરદાર પટેલ સ્ટેડિયમ કરવા માટે કૉંગ્રેસ દ્વારા સંકલ્પ લેવામાં આવ્યો હતો. ગુજરાતમાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોને થયેલા નુકસાન અને તેમની વિવિધ માગણીઓના સમર્થનમાં કૉંગ્રેસે રાજ્યભરમાં મોટા કાર્યક્રમોની જાહેરાત કરી હતી. કૉંગ્રેસ દ્વારા ૧ નવેમ્બરથી ૫ નવેમ્બર સુધી રાજ્યના તમામ તાલુકા મથકે ધરણાં કાર્યક્રમો યોજવામાં આવશે, જેમાં મામલતદાર કચેરી સુધી પદયાત્રા કરીને ખેડૂતોની માગણીઓ સાથેનું આવેદનપત્ર આપવામાં આવશે. આ ઉપરાંત, ૬ નવેમ્બરના રોજ રેલી સ્વરૂપે કલેક્ટર કચેરીનો ઘેરાવ કરીને આવેદનપત્ર આપવામાં આવશે. આ સિવાય, ૬ નવેમ્બરથી ૧૩ નવેમ્બર દરમિયાન સૌરાષ્ટ્રના ૧૦ જિલ્લામાં 'ખેડૂત આક્રોશ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રાની શરૂઆત ૬ નવેમ્બરના રોજ સોમનાથથી થશે. ૧૦ જિલ્લાનો પ્રવાસ પૂર્ણ કર્યા બાદ આ યાત્રાનું સમાપન ૧૩ નવેમ્બરના રોજ દ્વારકા ખાતે થશે. ■

## ગુજરાતનાં પાઠ્યપુસ્તકોમાં સ્વદેશી અને આત્મનિર્ભરતાના પાઠ ઉમેરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ દ્વારા સ્વદેશી પરના વિશેષ શૈક્ષણિક મોડ્યુલો બહાર પાડ્યા બાદ, ગુજરાત સરકાર પણ શાળા શિક્ષણમાં આ વિષયના પાઠ રજૂ કરે તેવી સંભાવના છે. આ પહેલ વડા પ્રધાન મોદીના સ્થાનિક સ્તરે ઉત્પાદિત માલને પ્રોત્સાહન આપીને આત્મનિર્ભર ભારતના આહ્વાન સાથે સુસંગત છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, અભ્યાસક્રમમાં સ્વદેશીના પાઠ દાખલ કરવા અંગેના વહીવટી વિકાસ પેન્ડિંગ છે, પરંતુ તે આવતા શૈક્ષણિક વર્ષમાં શાળાના અભ્યાસક્રમમાં ઉમેરી શકાય છે.

ગયા મહિને, એનસીઈઆરટીએ 'સ્વદેશી વોકલ ફોર લોકલ' અને 'સ્વદેશી - ફોર અ સેલ્ફ-રિલાયન્ટ ઇન્ડિયા' મોડલ લોન્ચ કર્યા હતા. આ પ્રકાશનોમાં ૧૯૦૫થી આજ દિન સુધીના આત્મનિર્ભર ભારતના મૂળને શોધી કાઢવામાં આવ્યા હતા. જેમાં વિદેશી માલના ઐતિહાસિક બહિષ્કારને 'મેક ઇન ઇન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' જેવી પહેલો સાથે જોડશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે એનસીઈઆરટીની માર્ગદર્શિકા સંપૂર્ણપણે અપનાવવામાં આવશે, પરંતુ વિદ્યાર્થીઓ ગુજરાતનાં ઉદાહરણો અને અન્ય દાખલાઓનો ઉપયોગ કરીને સ્વદેશી ખ્યાલો શીખશે. ગુજરાતમાં સ્થાનિક સ્તરે ઉત્પાદિત માલને પ્રોત્સાહન આપવામાં મહાત્મા ગાંધીની ભૂમિકા, વિશ્વ યુદ્ધો પછી આ ખ્યાલ અપનાવનારા દેશોના ઉદાહરણો અને સ્થાનિક ઉત્પાદનોથી સમાજને કેવી રીતે ફાયદો થયો તેનાં ઉદાહરણો શીખવવામાં આવશે.

આ ઉપરાંત સૂત્રોએ જણાવ્યું, હાલમાં એનસીઈઆરટીના મોડ્યુલોનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. ઉપરાંત સ્વદેશી અને 'આત્મનિર્ભરતા'ના ખ્યાલો શીખવવાની જરૂરિયાત પર પ્રતિસાદ એકત્રિત કરી રહ્યા છીએ. ઘણી શાળાઓ અને વિદ્યાર્થીઓ પહેલાથી જ આત્મનિર્ભરતાના ખ્યાલોથી પરિચિત છે. શિક્ષણ વિભાગ એનસીઈઆરટી મોડ્યુલોનો વિગતવાર અભ્યાસ કર્યા પછી હિતધારકો સાથે ઔપચારિક પરામર્શ શરૂ કરશે. તેમણે વધુમાં ઉમેર્યું કે કયા વિષયનાં પાઠ્યપુસ્તકોમાં સ્વદેશી અને આત્મનિર્ભર ભારતનો સમાવેશ કરવામાં આવશે તે અંગે હજી કોઈ સ્પષ્ટતા નથી. ■

## જમીન કૌભાંડના આરોપી રમણ પટેલને ચાર વર્ષની કેદ અને ૧.૪૦ લાખ રૂપિયાનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* પોપ્યુલર બિલ્ડરના રમણ પટેલ સામે સાણંદ પોલીસ સ્ટેશનમાં કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ અને ૧૨૦ બી અંતર્ગત ફરિયાદ નોંધાઈ હતી. આરોપી રમણ પટેલે ફરિયાદીની સાણંદના ચેખલા ગામ ખાતે આવેલી પ્રતિબંધિત સત્તા પ્રકારની જમીનનો રજિસ્ટર વેચાણ દસ્તાવેજ બનાવીને જુદી-જુદી કંપનીઓને નામે કરી દીધો હતો. ખરેખર આ પ્રકારની જમીનનો દસ્તાવેજ થઈ શકે નહીં, જેથી તેની સામે કાર્યવાહી કરવામાં આવી અને ચાર વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. આરોપી રમણ પટેલે નવી શરતની જમીનને જૂની શરતમાં ફેરવવા સાણંદ મામલતદારનો બનાવટી હુકમ તૈયાર કર્યો હતો, જેને દસ્તાવેજમાં મૂકવામાં આવ્યો હતો. કુલ બાવન કંપનીઓના નામે દસ્તાવેજ કરવામાં આવ્યા હતાં. તેમાંથી ૪૧ કંપનીઓના સરનામા આરોપીઓના ઘરના સરનામે રજીસ્ટર હતાં. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે આ કાવતરું ૧૯૯૬માં ઘડવામાં આવ્યું હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. આ કેસમાં સાણંદ કોર્ટમાં શરૂ થતી હતી. જેમાં આરોપીને ૪ વર્ષ કેદની સજા અને ૧.૪૦ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. દંડમાંથી ૧ લાખ રૂપિયા ફરિયાદીને વળતર પેટે અને ૪૦ હજાર રૂપિયા કોર્ટમાં દંડ પેટે જમા કરાવ માટે આદેશ કરવામાં આવ્યો હતો.

સાણંદ કોર્ટે રમણ પટેલને ચેખલા જમીન કૌભાંડમાં દોષિત જાહેર કરીને સજા ફટકારી હતી. રમણ પટેલ જમીનના કૌભાડો બાબતે કુખ્યાત સાબિત થયો હતો જેથી તેની સામે ઘણી ફરિયાદો પણ થયેલી છે. સુપ્રીમ કોર્ટે રમણ પટેલના કેસને ૪ મહિનામાં પૂરો કરવા નિર્દેશ આપ્યો હતો. ■

## ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**
કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

## ૬. પરચુરણ

**પટવા**
મોતી પિરોવાવાળા જૂના દાગીના સુધારવાવાળા. ઘરે બોલાવોઃ સંપર્ક- 9821369617 / 9324805010. (બી-૨૯૨૦)

## ૯. લગ્ન સંબંધી

■ **26 B. TECH IT 5'.8" બેંગલુરુમાં સોફ્ટવેર એન્જીનીયર 55,00,000/- + મુંબઈ પરીવાર માટે શિક્ષિત કાર્યરત ગુજરાતી છોકરી જોઈએ છે - 9224449011. (દહેજ નહીં) (બી-૧૬૬૭૭)**

**પસંદગી મેળાવડો**
**સમસ્ત ગુજરાતી સમાજના દરેક સંપ્રદાયના/ દરેક જ્ઞાતિના કુંવારા, ડાઈવોર્સી, વિધવા, લગ્નોત્સુક યુવક/ યુવતીઓ માટે, રવિવારે 16 નવેમ્બરના, સંપર્કઃ 9082825482. (દહેજ નહીં). (બી-૧૬૬૯૫)**

**લગ્ન સંબંધી**
સાઉથ મુંબઇ સ્થિત
1985 / 5'5" BILLIONAIRE
ગુજરાતી પરિવારની એજ્યુકેટેડ યુવતી માટે MUMBAI / DUBAI / SINGAPORE સ્થિત WELL SETTLED, BUSINESS ફેમીલીના ગુજરાતી યુવકના વડીલો સંપર્ક. જ્ઞાતિબાધ નથી.
Aura Marriage Bureau
9867693411 / 7738654743
(દહેજ નહીં) (એસડીબી-૨૯૩૩)

■ નવી મુંબઈની કન્યા - 1993 લંડનથી માસ્ટર્સ રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૬૯૦)

■ બોરીવલીનાં MBA, CA યુવક 1999/ 5'-1" રાજેશ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૬૯૧)

■ પાર્લામાં જોબ ધરાવતી હાઈલી એજ્યુકેટેડ કાંદિવલીની કન્યા - 1987 ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૬૯૨)

■ ઘાટકોપર આવેલા કેનેડા સિટિઝન યુવક - 1987 રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૬૯૩)

**લગ્ન સંબંધી**
1985 થી 1995 અને 1990 થી 2000 સુધીના એજ્યુકેટેડ ગુજરાતી, જૈન, કચ્છી, મારવાડી BUSINESS ફેમીલીના યુવક યુવતીઓ માટે J W MARRIOTTમાં
GET TOGETHER
23rd & 24th November
વધુ માહિતી, રજીસ્ટ્રેશન અને બાયોડેટા મોકલવા આજેજ સંપર્ક
Aura Marriage Bureau
9867693411 / 7738654743
DIVORCEE માટે અલગ દીવસ
(દહેજ નહીં) (એસડીબી-૨૯૩૨)

■ Bcom 1977 સુખી બિઝનેસ ધરાવતા જૈનને સંસ્કારી કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૧૮-બી)

■ ઘાટકોપરમાં વેલસેટ 1981 Bcom બિઝનેસ ધરાવતાને સંસ્કારી કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૧૮-બી)

■ MSC 1994 બ્યુટીફૂલ એક્ટિવ બ્રાહ્મણને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૧૮-બી)

■ 1980 Bcom એક્ટિવ દેખાવડી વૈષ્ણવને વેલસેટ સ્માર્ટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૧૮-બી)

■ BE MBA 1982 સ્માર્ટ વેજીટેરીયન દરજી એજ્યુકેટેડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૧૮-બી)

■ અમેરિકામાં 1991 MS બ્યુટીફૂલ ભાટિયાને અમેરિકા સ્થિત યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૧૮-બી)

■ M.Tech, 1989 5'9" હેન્ડસમ બ્રાહ્મણને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૮૧-બી)

■ અંધેરીમાં સુખી 1991 BCOM સ્માર્ટને સંસ્કારી જૈન કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૮૧-બી)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૯. લગ્ન સંબંધી

■ Phd 1986 બ્યુટીફૂલ એક્ટિવ કચ્છી જૈનને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૮૧-બી)

■ માટુંગામાં 1993: BFM હેન્ડસમ બિઝનેસ ધરાવતાને દેખાવડી કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૮૧-બી)

**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (384-A)**

**GUJRATI VAISHNAV GIRL**
**1981 Born Girl Issueless Divorcee, Bank Job, 5.1" Height, Looking for Well Educated & Settle Boy. Please Contact with Full Biodata on 9321576810 / ckshah09@gmail.com (No Dowry) (319)**

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૬૬૦૭)

**મહેમાનોનો ઉતારો**
લગ્નપ્રસંગના બોરીવલી/ કાંદિવલીમાં AC ફુલ્લી ફર્નિશ્ડ - બાપલી બંગલો. 9821112796. (૪૨૨-એ)

## ૧૨. યાત્રા સહેલગાહ

**તુષારભાઈ**
ગંગાસાગર જગન્નાથપુરી, કેરેલા + દક્ષિણ, નેપાળ મુક્તિનાથ યુપી પુલ્હાશ્રમ. દેવીબેન પ્રવાસ ૯૮૩૩૭૩૦૬૩૯. (૪૦૧-એ)

**નિઃશુલ્ક જાત્રા**
મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરૂલ લોનાવાલામાં જૈન દેરાસર જાત્રા. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧ ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૯૨૮)

## ૧૪. નોકરી ખાલી છે

**સેલ્સ માટે યુવાનો / યુવતીઓ જોઈએ છે.**
સાંતાક્રુઝ (વે.)માં આવેલ સિલ્વર, ઈમિટેશન જવેલરીના શોરૂમ માટે અનુભવી /બિનઅનુભવી (ઉં. વ. ૧૮ થી ૩૫) સુધીના જે બોલવામાં ચપળ, સ્માર્ટ તથા કસ્ટમ્બરને સારી રીતે સમજાવી શકે તેવા ખંતીલા યુવાનો/યુવતીઓ તુરંત જોઈએ છે. સારો પગાર, સારી ફેસીલીટી તથા આગળ વધવાની એક સારી તક. ઈચ્છુક બાયોડેટા તથા રેફરંસ સાથે રૂબરૂ સંપર્ક કરે. રાકેશભાઈ હરીયા 9821138903. મહાવીર સિલ્વર પોઈંટ, માચીસવાલા કમ્પાઉન્ડ, સ્ટે. રોડ, સાંતાક્રુઝ (વે.) મું. ૫૪. (એસડીબી-૨૯૨૬)

**સેલ્સ એક્ઝિક્યુટીવ**
**સાંતાક્રુઝ સ્થિત બ્રોકિંગ ફર્મને સાંતાક્રુઝથી મલાડ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ માટે ૧ થી ૨ વર્ષના અનુભવી મેલ/ ફિમેલ સેલ્સ એક્ઝિક્યુટીવ જોઈએ છે. સંપર્ક - આયલેન્ડ પ્રોપર્ટીઝ - 9870026887, પારસ મારૂ - 8879989196. (૪૧૯-ઈ)**

**TALLY / OFFICE ASSISTANT**
Need PT/FT Male Tally/ Office Assistant 2-5 Years Experience Tally, Excel, Word.- alufinns@gmail.com / 8169349803. (JP/4527-B)

**ACCOUNTS ASSISTANT**
Required at Charni Road. Knowledge of GST & TDS. 1 to 5 Years Experience. Email CVs at: e2esolutionspgs@gmail.com (SDB-2924)

EXECUTIVE WITH 1-2 Years of exp in BOLT / Trading Terminal & Other Operations for Office at Sion. Email CV: finance.work32@gmail.com (406-A)

**AADI ACADEMY, GOREgaon* requires Pre-Primary & Primary (I-V) Teachers and Visiting Faculty for Textile & Food Nutrition (min. 2 yrs exp). WhatsApp Resume: 9004090800. (B-16682)**

**REAL ESTATE**
Sales Wanted 10 Male Candidates to Work at a reputed Real Estate Company at Juhu Scheme Earn 10 Lacs annually, on Commission basis. Field job 10 am to 7 pm Profile - Site Visits, Inspections, Meetings Whatsapp CV 7021919014. (407-G)

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લા ઈસ્ટ**
**૩ બેડરૂમ હોલ કિચન ચાર બાલ્કની ૨ પાર્કિંગ સાથે આકર્ષક ફ્લેટ હવા ઉજાસવાળો - બધી જ સગવડતા દેરાસરની સામે તુરંતમાં આપવાનો છે. ફોન - 9619018233. (૩૯૮-એ)**

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર**
**ફ્લેટ/ ઓફિસ/ દુકાન/ ગોડાઉન, રેડી પઝેશન/ અંડરકન્સ્ટ્રક્શન, લેવા-વેચવા-ભાડેથી. ૧૦૦% સોદાની ગેરંટી. HOMEALONE PROPERTY ભૂપેશ શાહ/ જુગ્નું શાહ - 9833352224. (૩૮૬-એ)**

**વિલે-પાર્લે ઈસ્ટના**
પ્રાઈમ લોકેશનમાં સ્ટેશનથી પાંચ મિનિટ ફુલ્લી ફર્નિશ્ડ ૩ માસ્ટર બેડરૂમ હોલ કિચન બે પાર્કિંગ સાથે રજિસ્ટર સોસાયટી 1180' કારપેટ 4,25,00,000/- સંપર્કઃ 9819201737/ 9820550033. (૩૮૮-એ)

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે / વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૩૬૨-એ)

**ઘાટકોપર (વેસ્ટ)**
**જીવદયા લેન, જુનું માણેકલાલ એસ્ટેટ- ૧, ૨, ૩ બેડરૂમ, હોલ, કિચનના ફ્લેટો બુકીંગમાં લેવા મનીશ વોરા. 9324339343. (૩૯૭-સી)**

**''ગામદેવી''**
2 બેડરૂમો - 4,50,00,000/- 5,50,00,000/- (રીડેવલપમેન્ટનો ચાન્સ) નીતિનઃ 9867222020. લેવા-વેચવા-લીઝ. (૪૦૩-એ)

**ખાર (વેસ્ટ)**
મધુપાર્ક પાસે - ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમનો ફ્લેટ - જીમ, સર્વન્ટ ટોઈલેટ, એરકંડિશન્ડ લોબી, ૨ પાર્કિંગ સાથે ભાડેથી આપવાનો છે. ડિપોઝીટ - ૫,૦૦,૦૦૦/-, ભાડું ૨,૦૦,૦૦૦/-, ફક્ત જેન્યુન પાર્ટી સંપર્કઃ- 9820156133. (બી-૧૬૬૬૮)

**પાર્લા (વેસ્ટ)**
એક બેડરૂમ હોલ કિચન ૫૬૦ કારપેટ બીજે માળે હવા ઉજાસવાળો જૂના ભાડાનો ફ્લેટ ટ્રાન્સફર સાથે એન્જિનિયરિંગ સાયંસ આર્ટસ અને કોમર્સ કોલેજ મેટ્રો તથા કૂપર હોસ્પિટલની નજીકમાં ઈરલા સોસાયટી રોડ આલ્ફા સ્ટોર્સની બાજુમાં ૧.૩૦માં આપવાનો છે. સંપર્કઃ ૯૮૨૦૦૨૮૩૪૭. (૩૧૮)

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' કારપેટ અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ. તદ્દન નવું બિલ્ડીંગ, વેચાણથી. ''ઓનર''- 9820156133. (બી-૧૬૪૪૭)

**લોનાવાલા - ખંડાલા**
ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૬૬૨૭)

**ઘાટકોપરમાં ગેરેંટી**
**1% દલાલીમાં 100% શાંતિ, ફ્લેટ ઘણા મળશે, ફસાયા વગર ગોઠવાઈ જાવ. ફ્લેટ, ઓફિસ ભાડેથી/ લે-વેંચ બજાર ભાવે 30 દિવસમાં સોદાની ગેરંટી. BHIMANI - 9820814333, CHABHADIA - 9820204041. (૨૮૯-એ)**

**તારદેવ**
800' - કાર્પેટ - 2 બેડરૂમ - 3,60,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૯૭-સી)

**ગામદેવી**
2 બેડરૂમ - 800' - કાર્પેટ - પાર્કિંગ - 4,25,00000/- શાહ - 9820068382. (૧૫૩૯૭-સી)

**બ્રીચકેન્ડી**
2 બેડરૂમ - 730' - કાર્પેટ - ગેરેજ - 4,40,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૯૭-સી)

**ગ્રાન્ટરોડ**
1 બેડરૂમ - 550' - કાર્પેટ - ફરનીસ્ટ - 1,65,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૯૭-એ)

**ગામદેવી**
2 બેડરૂમ - 660' - કાર્પેટ - 2,50,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૯૭-એ)

**કેમ્પ્સકોર્નર**
2 બેડરૂમ - 500' - કાર્પેટ -ફરનિસ્ટ - 2,80,00000/- શાહ - 9820068382. (૧૫૩૯૭-એ)

**નાનાચોક**
2 બેડરૂમ - 1100' - કાર્પેટ -જુનુભાડુ 2,50,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૯૭-બી)

**પ્રાર્થનાસમાજ**
1 બેડરૂમ - 500' - કાર્પેટ -જુનુભાડુ 1,60,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૯૭-બી)

**ગ્રાન્ટરોડ**
3 બેડરૂમ - 1350' - કાર્પેટ -જુનુભાડુ 3,25,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૯૭-બી)

**વાલકેશ્વર**
૨+૨ બેડરૂમની જોડી- 2000'- ગેરેજ- પાર્કીંગ- 14,50,00000/= નેગોશીએબલ. 9820068382. (૧૫૩૯૮-એ)

**તારદેવ**
૩ બેડરૂમ- 1600' કાર્પેટ- પાર્કીંગ- 7,25,00000/= નેગોશીએબલ. શાહ- 9820068382. (૧૫૩૯૮-એ)

**ગામદેવી**
૩ બેડરૂમ- 1500' કાર્પેટ- પાર્કીંગ- ફરનીસ્ટ- 10,50,00000/= શાહ- 9820068382. (૧૫૩૯૮-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**ચૌપાટી**
૨ બેડરૂમ- 850' કાર્પેટ- પાર્કીંગ- 4,75,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૯૮-બી)

**કેમ્પ્સકોર્નર**
૨ બેડરૂમ- 1010' કાર્પેટ- ગેરેજ- પાર્કીંગ- 6,00,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૯૮-બી)

**વાલકેશ્વર**
૨ બેડરૂમ- 920' - ૨- પાર્કીંગ સી.વ્યુ. 6,50,00000/= નેગોશીએબલ 9820068382. (૧૫૩૯૮-બી)

**મલાડ વેસ્ટ**
વેચવાનું છે એસ વી રોડ નજીક, દેરાસરની સામે, ૨ બેડરૂમ ફુલી ફર્નિશ રેરા કાર્પેટ ૬૭૮ વિથ પાર્કિંગ ૨.૧૧ cr. નિગોશિએબલ ઓનર ૯૮૧૯૯૭૩૩૪૧. (એસડીબી-૨૯૨૧)

**ખાર વેસ્ટ**
3 બેડ 1150' તથા 3 બેડની જોડી (1150' +1150') મધુપાર્કની બાજુમાં પાર્કિંગ, જીમ, A/C લોબી રેડી OC સાથે ગંગર (ઓનલી ફોર ગુજરાતી) 8080524858. (બી-૧૬૬૭૨)

**શાંતાક્રુઝ વેસ્ટ**
4 બેડ 1800' ના બે ફ્લેટ નવામાં રેડી OC સાથે રામકિશન હોસ્પિટલની બાજુમાં ગંગર (ઓનલી ફોર ગુજરાતી) 8080524858. (બી-૧૬૬૭૧)

**સાંતાક્રુઝ (વેસ્ટ)**
**1 થી 4 બેડરૂમ ના ફ્લેટો**
1)૩ બેડરૂમ ૧૨૦૦', ૧૫૦૦' કારપેટ ૫.૬૦ કરોડ
2)૪ બેડરૂમ ૧૯૦૦' કારપેટ ૯ કરોડ
3)૨ બેડરૂમ ૮૨૦' કાર્પેટ ૩.૫૦ કરોડ
4)૧ બેડરૂમ ૫૨૦' કારપેટ, ૨.૫૦ કરોડ.
બીજા ઘણા પ્રપોઝલો રેડી / બંધાતામા લેવા / વેચવા / લીવલાયસંસથી
સંપર્કઃ- "ચેતન નાગર"
9820141544 / 9920141544
(બી-૧૬૫૭૪)

**વિલેપાર્લે વેસ્ટ**
**ઓનરશીપથી નવું મકાન 2 બેડરૂમ્સનો ફ્લેટ ૭૪૦' ૧૦મો માળ, બજાજ રોડ, આપવાનો છે. એજન્ટઃ અશ્વીન મરચન્ટ- ૯૮૧૯૮૭૪૫૧૫. (૪૦૫-એ)**

**શાંતાક્રુઝ વેસ્ટ**
અર્જન્ટ 2 બેડ 700 કાર્પેટ વેચાણ અથવા લીઝ, દેરાસર, પોદ્દાર સ્કૂલ નજીક અમિત. 70456 22403. (બી-૧૬૬૭૫)

**પારલા વેસ્ટ**
અર્જન્ટ 4 બેડ સેલ 1500 કાર્પેટ સારા એરીયામાં રિ-ડેવલપમેન્ટ ચાન્સ અમિત. 7045622403. (બી-૧૬૬૭૬)

**વિલેપાર્લે (વેસ્ટ)**
ઈર્લા- KLS હોસ્પિટલ પાસે એમિનિટીઝવાળા ટાવરમાં 2 અને 3 બેડરૂમના ફ્લેટો પઝેશન- May 2026- ''નવકાર એસ્ટેટ'' 9819117722. (જેપી/૪૫૨૯-એ)

**ડુપ્લેક્સ ભાડેથી**
5 BHK નો ડ્યુપ્લેક્સ, ફર્નિશ, પેન્ટહાઉસ ભાડેથી આપવાનો છે માટુંગા ઈસ્ટ સંપર્ક - 9769683987 - 6909069191. (જેપી/ ૪૫૨૮-બી)

**અંધેરી ઈસ્ટ**
સ્ટેશન નજીક આઉટરાઈટથી 1 બેડરૂમ 474 કારપેટ નવા બિલ્ડિંગમાં, હાયરફ્લોર. વિશાલ હોલ નજીક 2 બેડરૂમ 725 કારપેટ રીમા એસ્ટેટ - 9820000627 / 7045660627. (એસડીબી-૨૯૨૯)

**જૂહુ**
અર્જન્ટ વેચવો છે. જાનકી કુટીર ૨ બેડરૂમ, ૭૨૦ કાર્પેટ. વચ્ચેના માળે. ૧ પાર્કિંગ. નીતી ઠક્કર 9757235535. (એસડીબી-૨૯૩૦)

**તારદેવ**
**2 બેડરૂમ 540', કારપેટ, રેડી પઝેશન 9029450460. (બી-૧૬૬૮૬)**

**મરીનલાઈન્સ**
**2 બેડરૂમ 725', 686' પાર્કિંગ સાથે, ટૂંક સમયમાં કબજો, 9821030822. (બી-૧૬૬૮૭)**

**સાઉથ મુંબઈ**
**૧ થી ૪ બેડરૂમના ફ્લેટસ/ ઓફિસ લેવા/ વેચવા/ ભાડેથી, આપના બજેટ મુજબ, 'કિરણ શાહ' 9820085979. (બી-૧૬૬૮૮)**

**''મલાડ (ઈસ્ટમાં)''**
ઓબેરોયની - દીંડોશી મેટ્રોની પાસેઃ ૧, ૨, ૩ બેડ + જોડીમાં તથા ૧ બેડ જોડીમાં - ૨.૫૦ કરોડમાં હાયરફ્લોરમાં મળશે. 'ધનુકા' - 9820047154. (બી-૧૬૬૮૯)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી. રાજાવાડી, 2 બેડરૂમ, હોલ, કિચન, 715' કારપેટ, ઓપન વ્યું, પાર્કિંગ સાથે, રેડી કબજો. વિશાલ મહેશ ઠક્કર - (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૪૧૧-એ)**

**ઘાટકોપર (વેસ્ટ)**
**વેચાણથી. કામાલેન, જોલી જીમખાના પાસે, સ્પેશ્યસ 3 બેડરૂમ, હોલ, કિચન, લીફ્ટ, પાર્કિંગ, રેડી પઝેશન, વ્યાજબી ભાવ. વિશાલ મહેશ ઠક્કર - (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૪૧૧-બી)**

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**
**તિલક રોડ, પ્રાઈમ લોકેશન, 2.5 બેડરૂમ, હોલ, કિચન - 810' કારપેટ, સેમીફર્નિશ્ડ, 2.35 CR, ૧ ઓપન કાર પાર્કિંગ. HOMEALONE PROPERTY - જુગ્નું શાહ - 9833352224. (૪૧૨-એ)**

**ઘાટકોપર (વેસ્ટ)**
વેચાણથી, જુનું માણેકલાલ, 2 બેડરૂમ, હોલ, કિચન- 775' કારપેટ, 4th માળે, લીફ્ટ, પાર્કિંગ, ઓનરશીપ 2.2 CR નેગોશીએબલ. 8850719612. (૪૧૨-બી)

**ઘાટકોપર ઈસ્ટ**
**વેચાણથી ચાર બેડરૂમ 1200' ત્રણ બેડરૂમ 1050'- 980'- 930' બે બેડરૂમ 620'- 675' 1-2-3 બેડરૂમ વેચાણથી, ભાડેથી લેવા/ આપવા, ''જ્યોતિ એસ્ટેટ'' 9029335133. (૪૧૫-એ)**

**અંધેરી (વેસ્ટ)**
**જુહુ લેન વેચાણથી, ફુલ્લી ફર્નિશ્ડ, 2 બીએચકે+ 1 બીએચકેની જોડી ફ્લેટ, 1615 સ્કેવર ફીટ કારપેટ, 8th ફ્લોર, 1 ગેરેજ + ૨ સ્ટિલ્ટ પાર્કિંગ, 3 લીફ્ટ્સ, 2 ગાર્ડન, ઈસ્ટ- વેસ્ટ ઓપન, જૈન દેરાસરની બાજુમાં. સંપર્કઃ 9821035179. (૪૧૬-એ)**

**અંધેરી (ઈસ્ટ)**
વેચાણથી સ્પેશિયસ 2 BHK, 663 કારપેટ, બ્રાન્ડ ન્યુ બિલ્ડીંગ, OC અને પાર્કિંગ સાથે, બિલ્ડીંગમાં એમિનિટીઝ, સ્ટેશન અને મેટ્રો નજીક ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા- 9594925992, જતીન વીરા- 9119512675. (જેપી/૪૫૨૮-ડી)

**''સીપી ટેન્ક''**
1 થી 4 બેડરૂમ, પ્રાર્થના સમાજ ખેતવાડી, 1.35 કરોડથી 8 કરોડ, લેવા-વેચવા- ભાડેથી. સતીશઃ 7506749995. (૪૦૮-એ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
ભાડેથી સ્પેશિયસ- 3 BHK- 1150' કારપેટ, ફુલ્લી ફર્નિશ મહંત રોડ પાર્કિંગ સાથે. ચિંતામણી દેરાસરની બાજુમાં, રેડી ટુ મુવ 1.50 (નેગોશીએબલ) ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા- 9594925992, જતીન વીરા- 9119512675. (જેપી/૪૫૨૮-ઈ)

**અંધેરી (ઈસ્ટ)**
ભાડેથી સ્પેશિયસ- 3 BHK- 1200' કારપેટ, ફુલ્લી ફર્નિશ્ડ, બ્રાન્ડ ન્યુ બિલ્ડીંગ, એમિનિટીઝ સાથે, હાયર ફ્લોર પાર્કિંગ સાથે, રેડી ટુ મુવ, રેલવે સ્ટેશન પાસે ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા- 9594925992, જતીન વીરા- 9119512675. (જેપી/૪૫૨૮-એફ)

**કાંદીવલી (વેસ્ટ)**
2 બેડરૂમ હોલ કિચન રેડી પઝેશન OC સાથે નવા ટાવરમાં 1,87,50,000/-માં બધા ટેક્સીસ સાથે (All In) મજેઠીયા હવેલીની સામે ખજુરીયા ટેંક રોડ સંપર્ક 98204 36340. (જેપી/૪૫૨૮-જી)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
ભાડેથી સ્પેશિયસ- 2 BHK- 700' કારપેટ, ફુલ્લી ફર્નિશ્ડ, ઈલેક્ટ્રોનિક્સ સાથે, ચિંતામણી દેરાસરની બાજુમાં, રેડી ટુ મુવ એક્સક્લુસિવ ફ્લેટ ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા- 9594925992, જતીન વીરા- 9119512675. (જેપી/૪૫૩૦-એ)

**અંધેરી (ઈસ્ટ)**
વેચાણથી 4 BHK- સ્પેશિયસ, 1260 કારપેટ, હાયરફ્લોર 2 પાર્કિંગ સાથે, ઈસ્ટ/ વેસ્ટ એન્ટ્રી, રેલવે તથા મેટ્રો સ્ટેશનની બાજુમાં ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા- 9594925992, જતીન વીરા- 9119512675. (જેપી/૪૫૩૦-બી)

**વિલેપાર્લા લલ્લુભાઈ પાર્ક**
**લીવ લાયસન્સથી 2 બેડરૂમ 80,000/- / 68,000/- ફુલ્લી ફર્નિશ્ડ 85,000/- 3 બેડરૂમ 1,35,000/- ધર્મેષ પારેખ 9892701450. (બી-૧૬૬૯૬)**

**શાંતાક્રુઝ (ઈસ્ટ)**
સ્ટેશન/ દેરાસર/ ઉપાશ્રય નજીક ૧/૨ બેડરૂમના ફ્લેટો લેવા / વેચવા. ૯૮૨૧૯૮૧૭૪૪. (બી-૧૬૬૮૩)

**સાંતાક્રુઝ (ઈસ્ટ)**
સ્ટેશન પાસે, જૈન દેરાસર લેન 2 BHK, 585 sq.ft., Ready -to-move flat, 1 covered car parking સાથે 2.70 Cr. (Negotiable) અરુણાબેનઃ 9653492740. (દલાલ આવકાર્ય). (બી-૧૬૬૮૪)

**સાંતાક્રુઝ વેસ્ટ**
**1230' કાર્પેટ, 3 બેડરૂમ, નવા બિલ્ડિંગમાં, ઓસી સાથે, દેરાસર નજીક વેચાણથી + બીજા નાના-મોટા ફ્લેટો લેવા/ વેચવા. રજનીકાંત - 8657131155. (બી-૧૬૬૯૪)**

**વિલેપાર્લા (ઈસ્ટ / વેસ્ટ)**
3/ 4/ 5/ 6 બેડ 1000'/ 1500/ 2000/ 2500' જૈન મંદિર પાસે સ્વિમિંગ પુલ સાથે, જીમ, બેન્કવેટ, ગાર્ડન, 45,000 psf (નિગોશિએબલ) "MIHIR" 7021919015. (૪૦૭-એ)

**જુહુ સર્કલ**
ડી એન નગર @ પ્રોજેક્ટસ સાથે ઈન્ફિનિટી પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, બેન્કવેટ, ઈન્ડોર ગેમ્સ, મીની થિયેટર, ક્રિકેટ ટર્ફ, 3 બેડ 1100/ 1200 4 બેડ 1600/ 2000 5/ 6 બેડ 2200 થી 2500 @ 42000 psf. 12-18 મહિનામાં કબજો "MIHIR" 7021919015. (૪૦૭-બી)

**સાન્તાક્રુઝ/ ખાર**
લક્ઝરી પ્રોજેક્ટ્સ 3/ 4/ 5/ 6 બેડ/ પેન્ટહાઉસ, ઈન્ફિનિટી પૂલ, જીમ, બેન્કવેટ, મીની થિયેટર, ટેરેસ ગાર્ડન, 2000 થી 6000 કાર્પેટ, મધુપાર્ક પાસે, લિંક રોડની સામે, સી વ્યૂ, એમ્પલ સરફેસ પાર્કિંગ. બજેટ 10-30 કરોડ. "MIHIR" 7021919015. (૪૦૭-સી)

## ૧૭. જગ્યા આપવી છે

**લાલુભાઈ પાર્ક**
રેડી ફ્લેટ્સ 4 બેડરૂમ 1500' - 2000' 7-8 કરોડ ફર્નિશ્ડ 3 બેડરૂમ 1100' - 1400' @ 42000 psf, 6 મહિનામાં કબજો જીમ + ટેરેસ ગાર્ડન સાથે "MIHIR" 7021919015. (૪૦૭-ડી)

**જુહુ ગુલમહોર**
3/ 4/ 5/ 6 બેડરૂમ, 1200- 5000' ફૂટ ઊંચા ટાવર, સુવિધાઓ સાથે પૂલ, જીમ, બેન્કવેટ કાર્પેટ, હાયર ફ્લોર, સી વ્યુ, દર 55000 થી 65000 psf. "MIHIR" 7021919015. (૪૦૭-ઈ)

**સીટચ ફ્લેટો**
એક્સક્લુઝીવ સી ફેસિંગ ૧૮૦ ડિગ્રી સમુદ્રનો નજારો સાથેના પ્રોજેક્ટ્સ. પ્રાઈમ લોકેશન્સ : જુહુ, વર્સોવા, કાર્ટર રોડ, બેન્ડસ્ટેન્ડ, પાલી હિલ, પ્રભાદેવી, વર્લી ૩૦૦૦ થી ૧૦,૦૦૦ કાર્પેટ સિંગલ ફ્લોર પર. ૨૦+ સુવિધાઓ : બેન્કવેટ, ઈન્ફિનિટી પૂલ, જીમ, ગેમઝોન, બજેટ ૨૫-૧૦૦. માત્ર સાચા ખરીદદારો સંપર્ક 7021919015. (૪૦૭-એફ)

**મુલુન્ડ (વેસ્ટ)**
2 BHK, 720 sq. ft. 3 BHK, 891 Sq. ft. ડો. આમ્બેડકર રોડ, પાર્કીંગ સાથે, ટૂંક સમયમાં કબજો. સંપર્કઃ 9930333456. (૪૧૩-એ)

**જુહુસ્કીમ**
**4 બેડરૂમ વેચાણથી, રેડી વિથ ઓસી. 1730', 2100', 2350' કાર્પેટ, નવું બિલ્ડિંગ, અમેનીટીઝ સાથે. જીમિત ગણાત્રા 9820377358. (૪૨૦-એ)**

**જુહુસ્કીમ**
**3 બેડરૂમ વેચાણથી, રેડી વિથ ઓસી. 1150', 1250', 1725' કાર્પેટ, નવું બિલ્ડિંગ, અમેનીટીઝ સાથે. જીમિત ગણાત્રા 9820377358. (૪૨૦-બી)**

**જુહુસ્કીમ**
**ભાડેથી 2.5 બેડરૂમ બાલકની સાથે સેમી ફર્નિશ્ડ 1.75 લાખ, સ્પેશિઅસ 3 બેડરૂમ 1750' કાર્પેટ સેમીફર્નિશ્ડ 3.50 લાખ, 4 બેડરૂમ ફર્નીશ્ડ 3 લાખ નેગોશિએબલ. જીમિત ગણાત્રા 9820377358. (૪૨૦-સી)**

**કોલ ઓનર**
**ઘાટકોપર (ઈસ્ટ)**
**૬૦' રોડ, પ્રીમીયમ લોકેશન, ન્યુ આયકોનીક ટાવર, એકમાત્ર ૨ બેડરૂમ રીસેલ ફ્લેટ લેવા. 7208215105. (૪૧૯-સી)**

**બજેટ ફ્લેટો ઘાટકોપર (ઈસ્ટ)**
**નવું બિલ્ડિંગ, રીસેલ ફ્લેટો ૧ બેડરૂમ - ૯૯ લાખ, ૨ બેડરૂમ - ૧૪૯ લાખ લેવા. માર્સ પ્રોપર્ટીઝ - 7208215105. (૪૧૯-ડી)**

**બોરીવલી (વેસ્ટ)**
**ફેક્ટરી લેન, નવા બિલ્ડિંગમાં ૨ બીએચકે ૬૪૦', મીડલ ફ્લોર, રોડ ફેસીંગ, ૧ પાર્કિંગ સાથે વેંચાણથી લેવા. ભાનુ પ્રોપર્ટીઝ - 9967346036, 9820612111. (૪૧૯-એ)**

**પ્રીમીયમ ફ્લેટો**
**ઘાટકોપર (ઈસ્ટ)**
**૬૦' રોડ/ વલ્લભબાગ લેન, નવું બિલ્ડિંગ, ૧/૨/૩/૪ બેડરૂમ રીસેલ ફ્લેટો લેવા. માર્સ પ્રોપર્ટીઝ - 7208215105. (૪૧૯-બી)**

**3 બેડ**
લીઝ મલબાર હિલ, દેરાસર સામે, 1600' sqft સેમી ફર્નિશ્ડ, ભાડું 3.5 લાખ, ગાર્ડન વ્યુ. અશોક - 9821036552. (૪૨૧-બી)

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશન પાસે નવા બિલ્ડિંગમાં 2 બેડરૂમના ફ્લેટો પઝેશન ડિસેમ્બર 2025 વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૯૩૪)**

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશનની નજીક અમેનિટીઝવાળા ટાવરમાં હાયર ફ્લોરના 4 બેડરૂમના 1567' ફૂટ કારપેટના ફ્લેટો 32,500/- (બ્રોક્સ પ્રાઈઝથી) રેડીમાં વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૯૩૫)**

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશનની સામે અમેનિટીઝવાળા ટાવરમાં 3 બેડરૂમ 1305' ફૂટનો હાયર ફ્લોરનો ફ્લેટ વ્યાજબી ભાવે અર્જન્ટ વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૯૩૬)**

**DADAR EAST**
For Resale, Premium Tower, 3 BHK - 1850 sq.ft., 4 BHK - 2150 sq.ft., Ramp Parking, East - West Ventilated Layouts, Modern Amenities, Ready to Move in with OC. Oscar Realty - 9821478729 / 9324734989. (404-A)

**GHATKOPAR (EAST)**
Luxurious Residential & Commercial Underconstruction Projects also Resale Buy, Sell, Rent Flats and Offices. SJ Real Estate 9022279684. (412-C)

**KANDIVALI WEST**
Govardhan Nagar Complex, Opp Poinsur Gymkhana, 3 B H K 950 carpet 2.75 Cr. to 3.30 Cr. Furnished, 2 B H K 650 carpet to 750 carpet 2 Cr. to 2.40 Cr. 1 B H K 440 carpet 1.30 Cr. All Flat Vastu Door.- 9821061741. (JP/4528-C)

## ૧૭. જગ્યા આપવી છે

**MAHALAXMI**
Piramal Mahalaxmi 3 BHK 1450 SqFt Carpet 9 Cr - 9167723483. (401-B)

**ADRINA - LODHAPARK**
Next to Kamla Mill Lower Parel 2/2.5/3 BHK 944' / 967' / 1136'/ 1193'/ 1254'/ 1266'/ 1334'/ with Servant Quarter. No Brokerage. Call Shradha 9920655056 / 9870246552. (422-B)

**MARINE DRIVE**
Ground Floor 3 Bed 1 Parking Lease Near Mantralaya, Nariman Point. Ashok Shah 9821036552. (421-C)

**TANNA HEIGHTS**
**Parekh Gally, Kandivali (West) Higher Floor, 2 Bedroom, 725' Carpet, Sale. 2 Car Parking, O.C Received Owner 9821049249. (418-A)**

## ૧૮. જગ્યા જોઈએ છે

**REQUIRED URGENTLY ON Leave License / Outright 1-4 Bedrooms at Dadar, Matunga (East / West) Prabhadevi, Shivaji Park, Mahim. "Divine Housing" 9820126355 / 9322155751. (414-A)**

**REQUIRED 4-BED**
For Industrialist on Lease, only in World View or Indiabulls Blue, Lower Parel Fully Furnished prefer Ready Possession, Budget 5 to 7 Lacs. Call Shradha 9920655056. (421-A)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**ભિવંડીમાં ઈન્વેસ્ટરોને**
**હાયવે ટચ, પ્રાઈમ લોકેશનમાં, જમ્બો વેરહાઉસ, 7.25%, ROI, ભાડે લાગેલા, વેચાણથી. ઓનર- 9321690977. (૩૯૭-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**કાંદિવલીમાં**
કોમર્શિયલ ઓફિસ, ફેક્ટરી માટે 800' કાર્પેટ, 2.5 Cr. નેગોશીએબલ. મનોજ પટાણી - 9820574739. (બી-૧૬૬૬૭)

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડે થી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

**કાલબાદેવી હનુમાન ગલીમાં**
ભાડે લાગેલી દુકાન વેચાણથી, 160' કાર્પેટ + 160' મેઝનાઈન, માત્ર દોઢ કરોડમાં. મુકેશભાઈ 9082825482. (૧૫૩૯૬/એ)

■ મસ્જીદ બંદરમાં ઓફિસ / ગોડાઉન લેવા/ વેચવા/ભાડેથી. સચીન 9224498222- 8355995001. (બી-૧૬૬૭૯)

**AVAILABLE FOR RENT / SALE**
LOTUS GRANDEUR SIGNATURE
EXCLUSIVE FURNISHED OFFICE TRIPLEX -
17500 SQ.FT
Lokhandwala - Oshiwara - Andheri West
Dinesh Haswani
86930 33369
Rera Number - A51800004556
(B-16678)

**દુકાન ભાડેથી**
350 સ્કવેર ફૂટની દુકાન ડબલ હાઈટ અંધેરી વેસ્ટ મેટ્રો સ્ટેશન પાસે. સંપર્ક- 9769683987 / 6909069191. (જેપી/ ૪૫૨૮-એ)

**વિલેપાર્લે વેસ્ટ**
૧૦૦' ગ્રાઉન્ડ ફ્લોર, ફુલ્લી ફર્નીશ્ડ ઓફિસ, AC, પાણી. એજન્ટઃ 9757235535. (એસડીબી-૨૯૩૧)

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઈસન્સથી ઓફિસ એમ.એલ સ્પેસીસ- ડી જે રોડ, 1148' આપવી છે. એજન્ટઃ અશ્વિન મરચન્ટ - 9819874515. (૪૦૫-બી)**

**પારલા ઈસ્ટ - ઓફિસ**
**બિસ્કિટ ફેક્ટરીની સામે, નવા OC કોમર્શિયલ બિલ્ડિંગમાં, અનટચ ઓફિસ 245 Carpet પાર્કિંગ સાથે વેચાણથી, 1.45 CR નિગોશિયેબલ, સ્ટેશન નજીક ''શ્રીધામ'' 9167344558, 9821369413. (બી-૧૬૬૮૫)**

(જુઓ પાનું ૧૫) ▶▶

# બૅન્ક શેરોની વેચવાલી પાછળ સેન્સેક્સમાં ૪૬૬ પોઈન્ટનું ગાબડું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિશ્વબજારના નબળા સંકેત વચ્ચે ખાસ કરીને ખાનગી બૅન્કોની આગેવાનીએ વેચવાલીનું દબાણ વધતા સેન્સેક્સ સતત બીજા દિવસની પીછેહઠમાં ૪૬૫.૭૫ પોઇન્ટ અથવા તો ૦.૫૫ ટકાના ઘટાડા સાથે ૮૩,૯૩૮.૭૧ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો અને નિફ્ટી ૧૫૫.૭૫ પોઇન્ટ અથવા તો ૦.૬૦ ટકાના ઘટાડા સાથે ૨૫,૭૨૨.૧૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

વિદેશી ફંડો ફરી શરૂ કરેલી વેચવાલી, કોર્પોરેટ સેકટરના મિશ્ર પરિણામ તેમ જ ફેડરલ રિઝર્વના રેટ કટ માટેના આગામી અભિગમ અંગેની અનિશ્ચિતતાને કારણે બજારનું સેન્ટિમેન્ટ ખરડાયેલું રહ્યું હતું. સેન્સેક્સની કંપનીઓમાં ઇટર્નલ, એનટીપીસી, કોટક મહિન્દ્રા બેન્ક, આઇસીઆઇસીઆઇ બેન્ક, બજાજ ફિનસર્વ, પાવર ગ્રીડ, ટ્રેન્ટ અને એચડીએફસી બેન્કનો ટોપ લુઝર્સમાં સમાવેશ હતો. જ્યારે ભારત ઇલેક્ટ્રોનિક્સ, લાર્સન એન્ડ ટૂબ્રો, ટાટા કન્સ્લ્ટન્સી સર્વિસિસ, આઇટીસી અને સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા ટોપ ગેઇનર્સ રહ્યા હતા.

પ્રાઇમરી માર્કેટમાં શ્રીજી ગ્લોબલ એફએમસીજી લિમિટેડનો આઈપીઓ રૂ. ૮૫ કરોડનો બુક બિલ્ડ આઈપીઓ ચોથી નવેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને સાતમી નવેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૦ નવેમ્બરના રોજ અને એનએસઈ એસએમઈ પર લિસ્ટિંગ બારમી નવેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૨૦થી રૂ. ૧૨૫ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૧,૦૦૦ શેરની છે. સ્ટડ એસેસરિઝનો આઇપીઓ ગુરુવારે અને લેન્સકાર્ટનો આઇપીઓ આજે શુક્રવારે ખૂલ્યો હતો.

આઇફોન મેકર એપલે ભારતમાં વિક્રમી રેવેન્યૂ હાંસલ કરી છે. એમ્ફસીસે બીજા ક્વાર્ટરમાં ૧૦.૮ ટકાના વધારા સાથે રૂ. ૪૯૬ કરોડનો નફો નોંધાવ્યો છે. નવા જનરેશનના એન્જિનના ઉત્પાદન માટે ફોર્ડ ચેન્નઇમાં રૂ. ૩૨૫૦ કરોડનું રોકાણ કરશે. એસીસીએ બીજા ક્વાર્ટરમાં પાંચગણા વધારા સાથે રૂ. ૧૧૧૯.૨૬ કરોડનો ચોખ્ખો નપો નોંધાવ્યો છે.

કોટેડ સ્ટીલની અગ્રણી ઉત્પાદક અને નિકાસકાર માનક્સિઆ કોટેડ મેટલ્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૨૬.૬૬ ટકાના વધારા સાથે રૂ. ૨૨૩.૬૮ કરોડની કુલ આવક, વાર્ષિક ધોરણે ૧૧૨.૯૫ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૨૯.૪૫ કરોડનો એબિટા અને વાર્ષિક ધોરણે ૪૯૦.૬૮ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૩.૯૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

વેદાંતા લિમિટેડે બીજા ત્રિમાસિક ગાળામાં ૩૮ આઇટીસી લિમિટેડે ગુરુવારે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં રૂ. ૫,૧૮૬.૫૫ કરોડનો એકીકૃત ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. આઇટીસી હોટલે બીજા ક્વાર્ટરમાં ૭૪ ટકાના વધારા સાથે રૂ. ૧૩૩ કરોડનો નફો નોંધાવ્યો છે. ઓનલાઇન ક્રેડિટ પ્લેટફોર્મ ક્રેડિટબીએ મહારાષ્ટ્રમાં દિવાલી કેમ્પેઇનમાં રૂ. ૧૧,૦૦૦ કરોડનું વિતરણ કર્યું છે. કંપની પર્સનલથી બિઝનેસ લોન પૂરી પાડે છે.

અગ્રણી ફૂડ પ્રોસેસિંગ કંપની, જલપાક ફૂડ્સ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડે જાણીતા ઇન્વેસ્ટર્સ આદિત્ય કુમાર હલવાસિયાની આગેવાની હેઠળના તેના નવીનતમ ભંડોળ રાઉન્ડના સફળ સમાપનની જાહેરાત કરી છે, જેમણે કંપનીમાં ચાર ટકા ઇક્વિટી હિસ્સો ખરીદ્યો છે, સાથે જ ઇક્વિટી વોરંટ પણ મેળવ્યા છે જે નવ મહિનાથી વધુ સમય માટે ઉપયોગમાં લઈ શકાય છે જેથી કવાયત પછી તેમનો હિસ્સો ૯.૯ ટકા સુધી વધારી શકાય.

ડાયમંડ અને ગોલ્ડના આભૂષણોના અગ્રણી ઉત્પાદકોમાંના એક, ઉત્સવ સીઝેડ ગોલ્ડ જ્વેલ્સ લિમિટેડે નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનાના પરિણામમાં વાર્ષિક ધોરણે ૬૭.૧૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ ૪૭૬.૪૬ કરોડની કુલ આવક, ૧૯૭.૯૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૯.૪૨ કરોડનો ચોખ્ખો નફો અને ૧૮૩.૬૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪૫.૦૩ કરોડનો એબિટા નોંધાવ્યો છે.

આદિત્ય બિરલા સનલાઇફ એએમસીનો નફો ઘટીને રૂ. ૨૪૧.૩૦ કરોડ રહ્યો છે. એસબીઆઇ લાઇફનો બીજી ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૬.૬૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૪૯૪ કરોડ નોંધાયો હતો. એલએન્ડટીને હિન્દાલ્કો પાસેથી ઓડિશામાં એલ્યુમિનિયમ સેલ્ટર સેટ અપ કરવા અને ટાટા સ્ટીલ પાસેથી કોક ઓવન બેટરી બનાવવા માટે ઓર્ડર મળ્યા છે. પ્રીમીઅર એનર્જીએ કેસલોરે હસ્તગત કરી છે. હીરો મોટો કોર્પે યુકે માર્કેટમાં પ્રવેશ કર્યો છે. મુંબઇ સ્થિત રિઅલ એસ્ટેટ ડેવલપર અશ્વિન શેઠ ગ્રુપે ચિત્રકૂટ મેદાન માટે વિકાસ અધિકાર મેળવ્યા છે, જે રૂ. ૮૦૦૦ કરોડ મૂલ્યના મિશ્રિત ઉપયોગનો પ્રોજેક્ટ માટે ઉપયુક્ત છે.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં બીઈએલ ૩.૯૫ ટકા, લાર્સન ૧.૦૯ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૦.૭૩ ટકા, આઈટીસી ૦.૩૭ ટકા અને સ્ટેટ બેન્ક ૦.૩૧ ટકા વધ્યા હતા, જ્યારે મુખયત્વે ઈટર્નલ ૩.૫૨ ટકા, એનટીપીસી ૨.૩૯ ટકા, કોટક બેન્ક ૧.૫૭ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૨૮ ટકા, બજાજ ફિનસર્વ ૧.૨૫ ટકા, પાવર ગ્રીડ ૧.૧૭ ટકા, ટ્રેન્ટ ૧.૦૬ ટકા, એચડીએફસી બેન્ક ૧.૦૫ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૯૧ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૮૯ ટકા, સન ફાર્મા ૦.૮૧ તાતા સ્ટીલ ૦.૭૮ ટકા, ઈન્ફોસિસ ૦.૭૪ ટકા અને એશિયન પેઈન્ટ ૦.૫૫ ટકા ઘટ્યા હતા.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી અને જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયો હતો, જ્યારે શાંઘાઈનો એસએસઆઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ નીચા સ્તરે બંધ થયો હતો. યુરોપના બજારો લાલ નિશાનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. ગુરુવારે અમેરિકન બજારો નકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા.

સ્ટોક એક્સચેન્જ ડેટા અનુસાર, પાછલા સત્રમાં ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ૩,૦૭૭.૫૯ કરોડ રૂપિયાના ઇક્વિટી શેર વેચ્યા હતા. જોકે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ) પાછલા સત્રમાં ૨,૪૬૯.૩૪ કરોડ રૂપિયાના ઇક્વિટી શેર ખરીદીને નેટ બાયર્સ રહ્યા હતા.

આંતરરાષ્ટ્રીય બજારમાં ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૩૧ ટકા ઘટીને ૬૪.૮૦ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. પાછલા સત્રમાં ગુરુવારે, સેન્સેક્સ ૫૯૨.૬૭ પોઈન્ટ અથવા ૦.૭૦ ટકા ઘટીને ૮૪,૪૦૪.૪૬ પર સ્થિર થયો હતો. નિફ્ટી ૧૭૬.૦૫ પોઈન્ટ અથવા ૦.૬૮ ટકા ઘટીને ૨૫,૮૭૭.૮૫ પર બંધ રહ્યો હતો.

# ડૉલર ઈન્ડેક્સ મજબૂત રહેતાં વૈશ્વિક સોના-ચાંદીમાં વધ્યા મથાળેથી પીછેહઠ

## સ્થાનિક સોનામાં ₹ ૧૧૫૧નો અને ચાંદીમાં ₹ ૨૩૪૨નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તે અંગે અનિશ્ચિતતા પ્રવર્તી રહી હોવાથી આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં લંડન ખાતે સોના-ચાંદીમાં સત્રના આરંભે વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી હતી. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૪૬થી ૧૧૫૧નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૩૪૨નો ચમકારો જોવા મળ્યો હતો.

બજાર વર્તુળોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં જ્વેલરી ઉત્પાદકો તથા સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૩૪૨ વધીને રૂ. ૧,૪૯,૧૨૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી, જ્યારે રોકાણકારોની લેવાલી પણ છૂટીછવાઈ હોવા છતાં ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલે વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૪૬ વધીને રૂ. ૧,૨૦,૨૮૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૧૫૧ વધીને રૂ. ૧,૨૦,૭૭૦ના મથાળે રહ્યા હતા.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ વધીને ત્રણ મહિનાની ઊંચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી લંડન ખાતે હાજરમાં સોનાના ભાવ વધ્યા મથાળેથી ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૪૦૦૪.૩૭ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૪૦૧૬.૩૦ ડૉલર આસપાસ ટકેલા રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૪૮.૮૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી ફેડરલના અધ્યક્ષ જૅરોમ પૉવૅલ આક્રમક નાણાનીતિના સંકેતો સાથે આગામી ડિસેમ્બરમાં રેટ કટની શક્યતા પાતળી હોવાનું જણાવ્યું હોવાથી ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં સોના અને ચાંદીના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું એક્ટિવ ટ્રેડર્સના વિશ્લેષક રિકાર્ડો ઈવાન્જેલિસ્ટાએ જણાવ્યું હતું. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત બુધવારે બજારની અપેક્ષાનુસાર વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂક્યો હતો. જોકે, ફેડરલના અધ્યક્ષના આક્રમક નાણાનીતિના સંકેતો છતાં હાલમાં સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૬૭ ટકા શક્યતા બજાર વર્તુળો જોઈ રહ્યા છે.

વધુમાં તાજેતરમાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને ચીનના પ્રમુખ શિ જિનપિંગ વચ્ચે થયેલી વેપાર વાટાઘાટોમાં બન્ને પક્ષે અમુક મુદ્દાઓ પર સહમતી થઈ હોવાથી સોનામાં સલામતી માટેની માગમાં ઘટાડો જોવા મળ્યો છે. તેમ છતાં યુક્રેન અને મધ્યપૂર્વના દેશોમાં હજુ ભૂરાજકીય તણાવ હોવાથી અમુક અંશે સોનામાં સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં ધીમો સુધારો

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૭૭૦થી ૩૮૦૦માં થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતા સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠનો સુધારો આવ્યો હતો. આ સિવાય નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ અને રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.

જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૫૨થી ૪૦૧૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠના સુધારા સાથે રૂ. ૩૯૭૨થી ૪૦૯૦માં થયા હતા.

# એક્સચેન્જના માર્કેટ કેપિટલમાં ₹ ૨.૧૦ લાખ કરોડનો ઘટાડો નોંધાયો

મુંબઇ: શેરબજારમાં એકંદર નિરસ હવામાનમાં યુટિલિટીઝ, મેટલ અને પાવર સેકટરના શેર સર્વાધિક ઘટ્યા હતા અને કેપિટલ ગુડ્સ અને ઈન્ડસ્ટ્રિયલ્સ સેકટરના શેર સૌથી અધિક વધ્યા હતા. એક્સચેન્જના માર્કેટ કેપિટલમાં રૂ. ૨.૧૦ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. પાંચ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૨૫ સ્ક્રિપ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૫૫ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૪૦ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૪૧ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૦૪ ટકા વધ્યો હતો.

શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ગુરુવારના ૮૪,૪૦૪.૪૬ના બંધથી ૪૬૫.૭૫ પોઈન્ટ્સ (૦.૫૫ ટકા) ઘટ્યો હતો.


## ક્લાસિફાઈડ

### ૨૦. ધંધાદારી જગ્યા

**''શોરૂમ કિંગ''**

દુકાનો ગ્રાન્ટરોડ ઈસ્ટ ઈલેક્ટ્રોનિક માર્કેટમાં 350' - 850', ચર્નીરોડ 225' વેચાણથી (ભાડેથી લેવાલ તૈયાર). બ્રીચકેન્ડી, નેપયન્સી, નાનાચૌક, લોઅર પરેલ વેસ્ટ 300' - 1000', અંધેરી ઈસ્ટ 500', સાન્તાક્રુઝ વેસ્ટ 1500' પ્રિન્સેસ સ્ટ્રીટ બીજે માળે 500', ધોબીતળાવ (મેટ્રો પાસે) ઓનરશીપ ઓફિસ 250' ગ્રાઉન્ડ ફ્લોર વેચાણથી. બ્રાન્ડને/ બેન્કને ભાડેથી આપેલી પ્રિલીસ્ડ પ્રોપર્ટીઓ મળશે/ જોઈએ. બિલ્ડિંગ દાદર વેસ્ટ, લિંકિંગ રોડ, બીકેસીમાં વેચાણથી મળશે. કોઈપણ જાતના કોર્ટ કેસ સોલ્વ કરી આપીશું. બેન્ક ઓકશનની પ્રોપર્ટીઓ વેચાણથી મળશે. અશોક સાવલા 9819550709/ 8169584913. (૪૨૧-ડી)

**ભાડેથી**

**બોરીવલી (વેસ્ટ), સ્ટેશન પાસે, 140' મોકાની દુકાન લેવાઃ 9869485733. (૪૧૭-એ)**

**KURLA (WEST)**

**Station Road, Outright Sale / Lease, Ownership Shop 370' Carpet. Contact: "9322998138". (393-A)**

**JUHU/ VILEPARLE/ ANDHERI**

Exclusive Commercial, High End Glass Facade Bldg. with Ramp and Terrace Garden Choice of Over 10 RERA Registered Projects Offices 500 to 8000 sqft, Retail Showroom 5000 to 20000 sqft Mihir 7021919015. (407-H)

### ૨૩. મનોરંજન

**બજેટથી પ્રાર્થનાસભા**

લગ્નગીત, સાંજી, સંગીત સંધ્યા, ભજન, ડાયરો ANNIVERSARY. મનસુખભાઈ 9326801860. (૩૯૨-એ)

**''બજેટ મુજબ''**

''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'' ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'': - 9820889938. (૪૦૦-એ)

**''વિનોદ શાહ...''**

ભક્તિસભર ગીતોથી દિવંગત સ્વજનને શાંતિ પહોંચાડો... માતૃપિતૃ વંદના - પ્રાર્થનાસભા, દરેક ભાવયાત્રા (પ્રોજેક્ટ સ્ક્રીન સાથે) કરાવવા - 9821540500. (બી-૧૬૬૫૧)

### ૩૧. નાણાંકીય

■ **''(બેંકની-નોટિસનાં)'' રીપ્લાય સેટલમેન્ટ/ઈન્સ્ટોલમેન્ટ સ્મોલ બજેટમાં (વકીલ મારફત). 9137725086. (બી-૧૬૬૪૩)**

**FUNDING**

For NPA, OTS, Real Est. Proj. Difficult Cases, Unsecured, Structured, Order, Import Finance. 25 yrs exp. financenetwork.in / 9819878744. (365-E)

### ૩૨. જમીન-મિલકત

**''ડેવલપર્સ માટે''**

''વિરાર JV માં 2 લાખ ફુટ (70:30) RATIO'':- 9764001879. (૪૦૯-એ)

### ૩૩. ધંધાદારી

**ગાદીવાળા ચપ્પલ**

પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ/ સ્લીપર જેન્ટ્સ, લેડીસો માટે બોરીવલી વેસ્ટ- 9869669633. (એસડીબી-૨૯૨૨)

**લગ્ન ગીફ્ટ**

શુભ પ્રસંગો નિમિત્તે આપવા ગિફ્ટ આઈટમો હોલસેલ ભાવે. - 9930310057. (બી-૧૬૬૯૭)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (જૈન જ્યોતિષ)**

(સર્વ જૈન ભાઈઓ/ બહેનો/ માતાઓ જૈન વિધિથી કાર્ય કરવામાં આવશે.) જન્માક્ષર જોનાર બનાવનાર, લગ્ન સગાઈમાં રૂકાવટ, ઘરકંકાશ, બીમારી, ધંધામાં રૂકાવટ, પ્રેમલગ્ન, લવ પ્રોબ્લેમ, છૂટાછેડા, સાસ/ સૌતન/ બહુનાત્રાસ, શત્રુનાશ, કોર્ટ-કચેરીમાં વિજય, નોકરી, પ્રમોશન, દારૂ છોડાવો, સંતાનથી દુઃખી, પતિ પત્ની અનબનાવ, શંકા- કુશંકા થયેલા, જૂની ઉઘરાણી, દેવાથી મુક્તી, જમીન મકાનમાં ફસાયેલા, માતાઓ/ બહેનો પણ મળી શકો. (પત્તા- ગોકુલ બંગલો, ટીપીએસ, સિંપોલી, બોરીવલી (વેસ્ટ). 9023762736. (બી-૧૬૬૬૫)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)


# ડૉલર સામે રૂપિયો બેતરફી વધઘટે અથડાઈને સાધારણ એક પૈસો નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ઑક્ટોબર મહિનાના અંતિમ સત્રમાં આયાતકારોની ડૉલરમાં જળવાઈ રહેલી લેવાલી ઉપરાંત ઈક્વિટી માર્કેટમાં નરમાઈ તેમ જ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ અને વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો બેતરફી વધઘટે અથડાઈને અંતે સાધારણ એક પૈસાના ઘટાડા સાથે ૮૮.૭૦ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયામાં મોટો ઘટાડો અટક્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૬૯ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૮.૬૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૭૮ અને ઉપરમાં ૮૮.૫૯ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે એક પૈસાના ઘટાડા સાથે ૮૮.૭૦ના મથાળે બંધ રહ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવૅલે ફુગાવો લક્ષ્યાંકિત કરતા ઊંચી સપાટીએ રહેવાની અને શ્રમ બજારમાં અનિશ્ચિતતા જળવાઈ રહેવાની શક્યતાને ધ્યાનમાં લેતા આગામી ડિસેમ્બર મહિનાની બેઠકમાં વ્યાજદરમાં કાપ સામે શક્યતા પાતળી હોવાનું જણાવતા ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૪૭ પૈસાનો કડાકો બોલાઈ ગયો હતો.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૪ ટકા વધીને ૯૯.૩૯ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૬૫.૭૫ પૉઈન્ટનો અને ૧૫૫.૭૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો.

# ધાતુમાં પાંખાં કામકાજે આગળ ધપતો ભાવઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપરના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાના નિર્દેશ છતાં સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સ્ટોકિસ્ટોની ખાસ કરીને કોપરની વેરાઈટીઓ, બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં વેચવાલી તેમ જ માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૦નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે એકમાત્ર નિકલમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ટીન અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ જળવાઈ રહેવા ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં મુખ્યત્વે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને અનુક્રમે રૂ. ૮૬૦ અને રૂ. ૧૦૪૩, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. આઠ ઘટીને રૂ. ૯૫૦, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૯૨૦, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૯૩૮ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ.પાંચ ઘટીને રૂ. ૬૫૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૫૯૮ અને રૂ. ૩૦૮ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૭૬ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, લીડ ઈન્ગોટ્સ અને ટીનમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૧૮, રૂ. ૧૮૫ અને રૂ. ૩૨૭૮ના મથાળે ટકેલા રહ્યા હતા.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**AIR બ્રેક જાળવણી કામ**

ચીફ વર્કશોપ મેનેજર, કેરેજ રિપેર વર્કશોપ, પશ્ચિમ રેલવે, N.M. જોષી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૧૩, ટેન્ડર નોટિસ નં.: WR-PL-ME-EST-૬૩૦૭૭૬ તા. ૨૭.૧૦.૨૦૨૫ મંગાવે છે. કામનું નામ તેનું સ્થળ: ''કામના સ્કોપ મૂજબ FIAT બોગીના એર બ્રેક જાળવણી શોપ શેડ્યૂલ SS-I/SS-II.'' કામની અંદાજિત કિંમત: ₹ ૮૦,૮૦,૧૬૬.૩૦. બારડી: ₹ ૧,૬૧,૬૦૦/-. ઈ-બીડસની ઓનલાઈન સુપ્રતિ માટે છેલ્લી તારીખ & સમય: ૧૭.૧૧.૨૦૨૫, ૧૨.૦૦ ક. સુધી & ઈ-ટેન્ડરો ખૂલશે ૧૭.૧૧.૨૦૨૫ના ૧૨.૩૦ ક. બીડ ફોર્મસ અને અન્ય વિગતો જેમ કે સુધારા વેબસાઈટ www.ireps.gov.in પરથી મેળવી શકાય છે. 0739

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

નં.: Dy.Ch.E/O&M/eT-૩૩/SWD તા. ૩૧.૧૦.૨૦૨૫

| ઈ-ટેન્ડર નોટીસ | |
|---|---|
| વિભાગ | ચીફ એન્જિનિયર (SWD) |
| પેટા વિભાગ | ડેપ્યુટી ચીફ એન્જિનિયર (O&M) SWD |
| વિષય | ત્રણ વર્ષ માટે O&M અને મુંબઈ શહેર અને પરાં વિસ્તારમાં મહત્ત્વપૂર્ણ ફ્લૂડ સ્થળ, સબવે અને હોલ્ડિંગ પોન્ડસ ખાતે રેનફોલ મેઝરમેન્ટ અને રિપોર્ટિંગ સિસ્ટમ સાથે રિઅલ ટાઈમ લિડર ટાઈપ રેન વોટર લોગિંગ ધોરણે IoTની સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. ટેન્ડર I.D. : ૨૦૨૫_MCGM_૧૨૩૭૨૦૨_૧ |
| ઈ-ટેન્ડર વેચાણ | તારીખ ૦૧.૧૧.૨૦૨૫ સમય: ૧૧.૦૦ ક.થી |
| પાકતી તારીખ | તારીખ ૧૨.૧૧.૨૦૨૫ સમય: ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | http://mahatender.gov.in |

સહી/-
એક્ષિ. એન્જિ. (O&M) મિકે. SWD

PRO/2077/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# આયાતી તેલમાં નરમાઈ, સરસવ તેલમાં ₹ ૧૦નો સુધારો

## ઈન્ડોનેશિયાએ નવેમ્બર મહિના માટે ક્રૂડ પામતેલના રેફરન્સ રેટમાં સાધારણ વધારો કર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૫૧ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પણ પંચાવન રિંગિટ ઘટી આવ્યા હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત સ્થાનિક સ્તરે ભાવઘટાડાના માહોલમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર ખપપૂરતા રહેતાં આયાતી તેલમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં અનુક્રમે રૂ. ૧૦ અને રૂ. પાંચ ઘટી આવ્યા હતા. જોકે, આજે દેશી તેલમાં એકમાત્ર સરસવમાં મથકો પરના પ્રોત્સાહક અહેવાલે ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા.

આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ઑક્ટોબર મહિનામાં મલયેશિયાની પામતેલની નિકાસ આગલા સપ્ટેમ્બર મહિનાના ૧૫,૫૮,૨૪૭ ટન સામે ૫.૧૯ ટકા વધીને ૧૬,૩૯,૦૮૯ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું. વધુમાં ઈન્ડોનેશિયાએ આગામી નવેમ્બર મહિનાની નિકાસ માટે ક્રૂડ પામતેલના રેફરન્સ રેટ વર્તમાન ઑક્ટોબર મહિનાના ટનદીઠ ૯૩.૬૧ ડૉલર સામે સાધારણ વધારીને ૯૬૩.૭૫ ડૉલર નિર્ધારિત કર્યા હોવાના અહેવાલ હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૫, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૫, પતંજલિ ફૂડ્સના પાતાળગંગાથી ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૩ અને જી-વનના આરબીડી પામોલિન તથા સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૫૫ અને રૂ. ૧૨૪૫ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, વેપારો છૂટાછવાયા રહ્યા હતા.


**MUMBAI SLUM IMPROVEMENT BOARD**
A REGIONAL UNIT OF
**(MAHARASHTRA HOUSING AND AREA DEVELOPMENT AUTHORITY)**
**Tel no. 022-66405432, E-mail -eewest.msib@mhada.gov.in**

म्हाडा MHADA

Ref no. EE/West/MSIB/e-Tender / 182 / 2025-26

**e-TENDER NOTICE No. 182**

Executive Engineer (West) Division, Mumbai Slum Improvement Board, (Unit of MHADA) Room No. 537, 4th floor, Griha Nirman Bhavan, Bandra (East), Mumbai 400 051 Phone Number (022) 66405432 is calling e-Tender for the 3 number of work in the form of B1 (Percentage rate) from Labour Co.op. Societies registered with DDR-III, West Suburb, Mumbai, vai online e-tendering system. Tender Documents shall be available & can be downloaded from Government of Maharashtra portal **https://mahatenders.gov.in**, Bidding documents can be loaded on the website. The tender schedule as follows.

| Sr. No. | Stage Dese. | Date of time period | Sr. No. | Stage Dese. | Date of time period |
|---|---|---|---|---|---|
| 1 | Documents sale start | 06/11/2025 10.30 am. | 2 | Documents sale end | 13/11/2025 3.00 pm. |
| 3 | Technical bid opening | 14/11/2025 3.05 pm. onward | 4 | Price bid opening | 17/11/2025 10.30 am. onward |

The Competent Authority reserves the right to reject any or all the tenders without assigning any reason thereof Conditional offers will not be accepted.
**Note.1** Please refer detailed tender notice on website.
**Note.2** Corrigendum / Amendments if any could be published only on the website.

Sd/-
**Executive Engineer (W),**
**M. S I B Board, Mumbai**

**CPRO/A/861**
**MHADA-Leading Housing Authority in the Nation**
Follow us: mhadaofficial



"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

અનમોલ દૃષ્ટિ

દૃષ્ટિ સંબંધિત વિવિધ પ્રકારની ક્ષતિઓ અંગે કારણથી લઈને મારણ સુધી માહિતી પ્રદાન કરતી લેખમાળા

લેખક : પ્રકાશ શાહ

# કેટાલિસ વર્ઝન-૨ અને ટેલિઓન લેન્સ કરે કેટરેક્ટનો ઝડપથી સફાયો



## કેટરેક્ટનું સચોટ, સરળતાથી, ઝડપથી, અત્યાધુનિક મશીન, લેટેસ્ટ લેન્સ તથા નિપુણ-કાબેલ તબીબ દ્વારા સમાધાનઃ વિઝન વિસ્ટા આઇ ક્લિનિક

સુરતનિવાસી પ્રતિમાબહેન નાનપણથી નિયમિતપણે યોગા-મેડિટેશન વગેરે કરતા હોવાને કારણે તેમની કાયા સપ્રમાણ હતી. બે ડિલિવરી થયા પછી પણ ચરબીના થર જામ્યા નહોતા. હકીકતમાં તેમને જોઇને અપરિચિત વ્યક્તિને સહેજે અણસાર ન આવે કે બે સંતાનની માતા હોવા સાથે ૪૬ વર્ષ વટાવી ચૂક્યા છે. સુડોળ કાયા ધરાવનાર પ્રતિમાબહેનને વાંચનનો તથા ગાર્ડનિંગનો ખૂબ શોખ હતો. બાલ્કનીમાં વિવિધ પ્રકારના ફૂલ-છોડ રોપીને નાનું ગાર્ડન બનાવ્યું હતું. વાંચનની પૂર્તિ માટે ઘરમાં લાઇબ્રેરી પણ બનાવી હતી. જેમાં પ્રખ્યાત ગુજરાતી લેખકોની નવલકથા, કાવ્યસંગ્રહ, નવલિકાઓ તથા ચિંતનમાળા વગેરેનો સમાવેશ થતો હતો. નવરાશના સમયે મનપસંદ ગુજરાતી લેખકનું પુસ્તક વાંચીને સમય પસાર કરતા. થોડા સમયથી પુસ્તક વાંચનમાં તકલીફ થવા સાથે ફૂલના રંગ પારખવામાં તથા અન્ય કામકાજમાં પણ ધૂંધળાશની પ્રતીતિ થતી હતી.

પ્રાથમિક તબક્કામાં સમસ્યાને અવગણી, પરંતુ તે યથાવત રહી ત્યારે ઓફથેલ્મોલોજિસ્ટનો સંપર્ક સાધ્યો. આવશ્યક પરીક્ષણ બાદ બંને આંખમાં હાર્ડ-કેટરેક્ટ હોવાનું નિદાન કર્યું ત્યારે પ્રતિમાબહેનની મતિ મારી ગઇ. તેઓ કેટરેક્ટની શસ્ત્રક્રિયા બાદ ચશ્માં પહેરવા તૈયાર ન હોવા સાથે શસ્ત્રક્રિયા ઠેલવી શકે એમ નહોતા. કારણ કે વધારે મુલતવી ઠેલવે તો દૃષ્ટિહીન થવાની સંભાવના હતી. શારીરિક ક્ષતિને કારણે માનસિક રીતે મુંઝાયેલા પ્રતિમાબહેને એ તબક્કામાં મુંબઇમાં રહેતી નાની બહેનને હકીકત જણાવી. જેને ધ્યાનમાં રાખીને બહેને સમસ્યાનું સમાધાન સાધવા માટેનું આદર્શ સરનામું સૂચવ્યું. જે મુજબ પ્રતિમાબહેને બનતી ત્વરાએ કોલાબાસ્થિત ધ ઇન્ટરનેશનલ આઇ સેંટર અર્થાત્ વિઝન વિસ્ટા આઇ ક્લિનિકના ડિરેક્ટર ડો. સાયરસ મહેતાનો સંપર્ક સાધ્યો. કાબેલ, અનુભવી અને નિપુણ તબીબ ડો. સાયરસ મહેતા સાથેની તેમની મુલાકાત લાભદાયક સાબિત થઇ....આજે પ્રતિમાબહેનના હાર્ડ-કેટરેક્ટનું સમાધાન સાધવામાં આવ્યું છે. જેને પરિણામે પ્રતિમાબહેનને હવે નજીક કે દૂર અથવા તો મધ્યમ અંતરે રહેલી ચીજ-વસ્તુ વગેરે જોવા-વાંચવા કે પારખવા માટે ચશ્માં પહેરવા પડતા નથી. સૌથી વિશેષ કેટરેક્ટ સર્જરી બાદ પણ તેઓ અગાઉ જેટલા જ સુંદર દેખાય છે. ગઇ કાલે પ્રતિમાબહેને અત્યાધુનિક ટેક્નિક અને લેટેસ્ટ લેન્સ દ્વારા દૃષ્ટિદાન આપવા બદલ વોટ્સઅપ પર ડો. સાયરસ મહેતાનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

મહારાષ્ટ્રના ગવર્નરના હસ્તે ભારતના શ્રેષ્ઠ આઇ-સર્જનનો એવૉર્ડ પ્રાપ્ત કરનાર ડૉ. સાયરસ મહેતા જણાવે છે કે આ સમસ્યા એકમાત્ર પ્રતિમાબહેન પૂરતી મર્યાદિત નથી. હાલને તબક્કે અનેક



આબાલવૃદ્ધ કેટરેક્ટનો ભોગ બને છે. પ્રતિમાબહેનના કેટરેક્ટનું સમાધાન અત્યાધુનિક કેટાલિસ વર્ઝન-૨ મશીન દ્વારા સાધીને લેટેસ્ટ TELEON (ટેલિઓન) લેન્સ ઇમ્પ્લાન્ટ કર્યાં હતા. જેને પરિણામે પ્રતિમાબહેનને ઝડપથી રાહત પ્રદાન થઇને પાંપણના પલકારામાં સતેજ દૃષ્ટિ કેળવી શક્યા હતા. સમગ્ર મહારાષ્ટ્રમાં કેટરેક્ટનું સમાધાન સાધવા માટે કેટાલિસ વર્ઝન-૨ ઉપરાંત એક્ટિવ સેન્ટ્રી, ટોમી સ્પેક્યુલર માઇક્રોસ્કોપ ૪૦૦૦ મશીન વસાવનાર તથા TELEON લેન્સને ઇમ્પ્લાન્ટ કરનાર વિઝન વિસ્ટા આઇ ક્લિનિક સૌપ્રથમ આઇ-સેંટર બન્યું છે. જેને પરિણામે મુંબઇ ઉપરાંત અન્ય રાજ્ય અને વિદેશના કેટરેક્ટગ્રસ્તને ક્ષતિનું સમાધાન સાધવા તથા અત્યાધુનિક લેન્સના ઇમ્પ્લાન્ટેશન માટે સાહજિકપણે ડો. સાયરસ મહેતાનું નામ સ્મરી આવે છે.

પેશન્ટના હિતને લક્ષમાં રાખવાનો ઉદ્દેશ ધરાવનાર ડો. સાયરસ મહેતાના જણાવ્યા મુજબ ભારતીયજનને દૃષ્ટિહીન કરનાર પરિબળમાં પ્રથમ ક્રમાંકે કેટરેક્ટનું નામ આવે છે. હાઇ-બ્લડપ્રેશરયુક્ત, હાર્ટ-પેશન્ટ, ડાયાબિટીસગ્રસ્ત તથા હાર્ડ-બ્રાઉન કેટરેક્ટ દૂર કરવા માટે કેટાલિસ વર્ઝન-૨ સર્વોત્કૃષ્ટ છે. અત્યાધુનિક મશીનને કારણે અન્ય ટેક્નિકની સરખામણીમાં કેટરેક્ટ બમણી ગતિએ પીગળે છે અને રાહત પણ ખૂબ ઝડપથી પ્રદાન થાય છે. મોટા ભાગના કિસ્સામાં કેટરેક્ટની સર્જરી દરમિયાન અસ્ટીગમેટિઝમ જેવી ક્ષતિનું પણ સમાધાન સાધવામાં આવે છે. જેને પરિણામે સર્જરી પછી ઉછીની આંખ અર્થાત્ ચશ્માં પહેરવાની આવશ્યક્તા રહેતી નથી.

'ધ સાઇટ ગાઇડ' તથા 'સાયરસઃ એજ્યુકેશન ઓફ એન ઓફથેલ્મોલોજિસ્ટ' નામે પુસ્તકના લેખક ડો. સાયરસ મહેતાના જણાવ્યાનુસાર પ્રતિમાબહેનની આંખમાં લેટેસ્ટ TELEON (ટેલિઓન) લેન્સનું પ્રત્યાર્પણ કરવામાં આવ્યું હતું. TELEON જેવા અત્યાધુનિક લેન્સના પ્રત્યાપેણ પછી સહેલાઇથી, સરળતાથી અને સાતત્યતાપૂર્વક નજીક, મધ્યમ કે દૂરના અંતરે રહેલી ચીજ-વસ્તુ જોઇ-પારખી અને વાંચી શકે છે. રાત્રે પણ દૃષ્ટિમાં ધૂંધળાશની પ્રતીતિ થતી નથી. આ લેન્સના ઇમ્પ્લાન્ટેશન બાદ કોઇ પણ પ્રકારની આડઅસર સર્જાતી નથી. જોકે આ પ્રકારના લેન્સના ઇમ્પ્લાન્ટેશન માટે લેસરની આવશ્યક્તા રહે છે. જેને પરિણામે સમગ્ર ભારતમાં ફક્ત જૂજ આઇ-હોસ્પિટલ ખાતે TELEON લેન્સનું ઇમ્પ્લાન્ટેશન કરવામાં આવે છે. મુંબઇમાં સૌપ્રથમ વાર આ પ્રકારના લેન્સના ઇમ્પ્લાન્ટેશન કરવાનું શ્રેય ડો. સાયરસ મહેતાને ફાળે જાય છે. છેલ્લાં ત્રણ મહિના દરમિયાન ડૉ. સાયરસ મહેતા દ્વારા ૨૦૦થી વધારે કેટરેક્ટગ્રસ્તની આંખમાં ટેલિઓન લેન્સ ઇમ્પ્લાન્ટ કરવામાં આવ્યા છે. હાલપર્યંત સમગ્ર ભારતના વિવિધ શહેર ઉપરાંત જર્મની, ઇંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, મિડલ ઇસ્ટ, આફ્રિકા તથા યુએસએ સહિત અનેક વિદેશીઓની દૃષ્ટિ સંબંધિત વિવિધ પ્રકારની ક્ષતિનું ઇન્ટરનેશનલ આઇ સેંટર વિઝન વિસ્ટા આઇ ક્લિનિકસ્થિત ડૉ. સાયરસ મહેતા દ્વારા સફળતાપૂર્વક સમાધાન સાધવામાં આવ્યું છે. લેન્સના મેઝરમેન્ટ માટે વિઝન વિસ્ટા આઇ ક્લિનિક ખાતે IOL માસ્ટર વિથ TOPO મશીન છે. મુંબઇમાં સૌપ્રથમ વાર આ મશીન આણવાનું શ્રેય ડો. સાયરસ મહેતાના ક્લિનિકને ફાળે જાય છે.

બ્લેડ-ફ્રી મશીન દ્વારા કેટરેક્ટ દૂર કરીને અત્યાધુનિક લેન્સના ઇમ્પ્લાન્ટેશન માટેનું આદર્શ સરનામું :

**વિઝન વિસ્ટા આઈ ક્લિનિક.**

### કેટાલિસ વર્ઝન-૨ + TELEON લેન્સની વિશિષ્ટતા

- બ્લેડ દ્વારા નહીં, પરંતુ લેસર દ્વારા આંખમાં પ્રવેશવામાં આવે છે
- બમણી ગતિએ કેટરેક્ટ પીગળે છે
- હૃદયરોગી, હાઇ-બ્લડપ્રેશર તથા ડાયાબિટીસના રોગી માટે લાભદાયક
- કોર્નિયા માટે સલામત
- સરળ, ઝડપી અને પીડારહિત
- અન્ય શસ્ત્રક્રિયાની સરખામણીમાં બમણી ગતિએ રાહત પ્રદાન થાય છે
- હાર્ડ-બ્રાઉન કેટરેક્ટને પણ સહેલાઇથી અને સરળતાપૂર્વક કાઢી શકે
- લેસર દ્વારા કેટરેકટને ઓગાળવામાં આવે છે
- લેન્સ ઇમ્પ્લાન્ટ કરવામાં આવે છે તે સ્થાનનું પણ લેસર દ્વારા નિર્માણ
- લેશમાત્ર પણ હિટ ઉત્પન્ન થતી નથી
- નજીક, દૂર અને મધ્યમ અંતરે રહેલી ચીજ-વસ્તુ સહેલાઇથી, સરળતાથી અને સાતત્યતાપૂર્વક જોઇ-પારખી અને વાંચી શકવા માટે TELEON લેન્સ સર્વોત્કૃષ્ટ છે
- TELEON લેન્સના ઇમ્પ્લાન્ટેશન બાદ રાતના સમયે ઝળહળાટની પ્રતીતિ થતી નથી
- કોઇ પણ ઉંમરની વ્યક્તિની વાંચવાના ચશ્માંની નિર્ભરતા દૂર કરે છે
- આર્કિટેક્ટ, મેનેજમેન્ટના કાર્યકરો, ડ્રાઇવર, પેપર વર્ક કરનારા, એડ પોટેન્શિયલ, લાઇબ્રેરિયન, કમ્પ્યુટર પર કામ કરનારા, સર્જન, વકીલ, ડેન્ટિસ્ટ, દુકાનમાં કે જ્વેલર્સને ત્યાં સેલ્સમેન-સેલ્સગર્લ વગેરેને માટે TELEON લેન્સ આશીર્વાદરૂપ
- ડ્રાઇવિંગ દરમિયાન સ્પીડોમીટર જોવા, વિડીયોગેમ રમવા સાથે મોબાઇલ કે ટેબ દ્વારા SMS કે વોટ્સઅપ કરવા, રસોઇ કે ભરતગૂંથણ કરવા, ટીવી પર મનપસંદ સિરિયલ કે ફિલ્મ જોવા, પુસ્તક વાચન વગેરે માટે TELEON લેન્સ ખૂબ ઉપયોગી સાબિત થાય છે




નામઃ ડૉ. સાયરસ મહેતા

માનદ્ પદવીઃ પ્રખ્યાત ઓફથેલ્મોલોજિસ્ટ

એડ્રેસઃ વિઝન વિસ્ટા આઇ ક્લિનિક
ધ ઇન્ટરનેશનલ આઇ કેર સેંટર
રામનિમી બિલ્ડિંગ, બીજે માળે, તાજમહાલ
હોટેલની પાછળ, કોલાબા પોલીસ સ્ટેશનની સામે.
કોન્ટેક્ટ નંબરઃ 99674 39039 - 81049 59459
81049 76013 - 98198 50971
Email: cyresmehta@yahoo.com

# ફ્લેટ માલિકોને વ્યક્તિગત પ્રોપર્ટી કાર્ડ!!!

## સરકાર દ્વારા વર્ટિકલ પ્રોપર્ટી નિયમો ઘડવા માટે પેનલની રચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રભરના હજારો ફ્લેટ માલિકોને રાહત આપી શકે તેવાં પગલામાં રાજ્ય સરકારે બહુમાળી ઇમારતોમાં રહેતા અને એપાર્ટમેન્ટના માલિકો માટે વ્યક્તિગત પ્રોપર્ટી કાર્ડ આપવા માટેના પગલાં શરૂ કર્યાં છે. સરકારે વર્ટિકલ પ્રોપર્ટી નિયમો ઘડવા માટે આઠ સભ્યોની સમિતિની રચના કરી છે જે ૭/૧૨ ના ઉતારા અને પ્રોપર્ટી કાર્ડમાં ફ્લેટ માલિકોના નામનો સમાવેશ કરી શકશે. આ એક એવો રેકોર્ડ જે હાલમાં ફક્ત જમીન માલિકની વિગતો દર્શાવે છે.

**સરકારે વર્ટિકલ પ્રોપર્ટી નિયમો ઘડવા માટે આઠ સભ્યોની સમિતિની રચના કરી છે જે ૭/૧૨ના ઉતારા અને પ્રોપર્ટી કાર્ડમાં ફ્લેટ માલિકોના નામનો સમાવેશ કરી શકશે**

એડિશનલ ચીફ સેક્રેટરી (મહેસૂલ) વિકાસ ખર્ગેના નેતૃત્વ હેઠળની આ સમિતિમાં સહકાર, નગર વિકાસ, કાયદો અને ન્યાયતંત્ર અને ગ્રામ્ય વિકાસ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ, સેટલમેન્ટ કમિશનર, લેન્ડ રેકોર્ડ્સ ડિરેક્ટર અને રજિસ્ટ્રેશન અને સ્ટેમ્પ્સના અધિકારીનો સમાવેશ થાય છે. રેવન્યુ વિભાગમાં લેન્ડ સર્વેના જોઈન્ટ સેક્રેટરી સભ્ય-સચિવ તરીકે સેવા આપશે. પેનલ અન્ય રાજ્યોમાં સમાન કાયદાઓનો અભ્યાસ કરશે અને એક મહિનાની

(જુઓ પાનું ૪) ▶▶

# આજથી બેસ્ટની બસના રૂટમાં ફેરફાર

## અનેક રૂટની સેવાનું વિસ્તારીકરણ, અમુક રૂટની સેવા ખંડિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બેસ્ટ ઉપક્રમ દ્વારા આજે પહેલી નવેમ્બરથી બેસ્ટ બસના રૂટમાં મોટા પ્રમાણમાં ફેરફાર કર્યા છે, જેમાંથી અમુક રૂટ પર બેસની સર્વિસને વિસ્તારમાં આવી છે. તો અમુક બસ રૂટને બંધ કરી દેવામાં આવ્યા છે. તેમ જ અમુક રૂટની બસને એસી સેવામાં રૂપાંતર કરવામાં આવ્યું છે.

બસ નંબર ૭ લિમિટેડનું રૂપાંતર હવે એસી એ-૭માં કરી દેવામાં આવ્યું હોઈ તે હવે ટાટા વીજ કેન્દ્રથી કોલાબા ડેપોને બદલે બૅકવે ડેપો સુધી દોડશે. વિક્રોલી ડેપોથી મુંબઈ સેન્ટ્રલ ડેપો વચ્ચે દોડનારી એ-૩૦ હવે પંડિત પલુસ્કર ચોક સુધી દોડશે. બૅક વે ડેપોથી છૂટનારી એ-૪૫ અને મુંબઈ સેન્ટ્રલ ડેપોથી છૂટનારી એ-૪૯ આ બંને રૂટ હવે એમએમઆરડીએ કોલોની માહુલને બદલે માહુલ વિલેજ સુધી દોડશે. ડૉ. શ્યામપ્રસાદ મુખરજી ચોકથી શિવડી બસ સ્ટોપ સુધી દોડનારી ૬૯ નંબરની બસ હવે વડાલા ડેપો સુધી વધારવામાં આવી છે. વૈશાલી નગર મુંલુંડથી મરોલ ડેપો સુધી દોડનારી ૩૦૭ હવે એ-૩૦૭ નંબરની થઈ ગઈ છે અને હવે તે હોલી સ્પિરિટ હૉસ્પિટલ માર્ગે મજાસ ડેપો

(જુઓ પાનું ૪) ▶▶

# ગોરેગામ-મુલુંડ લિંક રોડ ડિસેમ્બર ૨૦૨૮ સુધીમાં પૂર્ણ થશે

## ટનલનું ખોદકામ ઑગસ્ટ, ૨૦૨૬માં શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટ હેઠળ ગોરેગામમાં દાદાસાહેબ ફાળકે ફિલ્મ સિટીમાં ટ્રિપલ-લેન ટ્વીન ટનલના લોંચિંગ શાફ્ટ માટે ખોદકામ ઝડપથી આગળ વધી રહ્યું છે. લોન્ચિંગ શાફ્ટ માટે ૨૦૦ મીટર લંબાઈ, ૫૦ મીટર પહોળાઈ અને ૩૦ મીટર ઊંડાઈમાં ખોદવામાં આવવાનું છે, તેમાંથી અત્યાર સુધી ૧૦૦ બાય ૫૦ મીટરના વિસ્તારને આવરી લેતા અને ૧૦ મીટરની ઊંડાઈ સુધી ખોદકામ થઈ ગયું છે. ખોદકામ નીચે ચાલી રહ્યું હોઈ આજુબાજુની ભિંત તૂટી ના પડે તે માટે 'રૉક ઍકરિંગ' કરવામાં આવી રહ્યું છે. યુદ્ધના ધોરણે અઠવાડિયાના સાતેય દિવસ કાર્યરત આ પ્રોજેક્ટ ડિસેમ્બર, ૨૦૨૮માં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.

ટનલ બોરિંગ મશીન (ટીબીએમ)ને જમીનને અંદર

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# વડીલો માટે એક આદર્શ અને નમૂનેદાર ધરતી પરના સ્વર્ગ સમાન ભાવનગર નું વૃદ્ધાશ્રમ



વૃધ્ધાશ્રમ એ આજના યુગની અનિવાર્ય જરૂરીયાત બની ગઈ છે. ઘરના વાતાવરણથી અસંતુષ્ટ કે એકલા રહેતા વયોવૃધ્ધ માટે કોઈ સારૂ વૃધ્ધાશ્રમ એ હંમેશા સ્વર્ગ સમાન સાબિત થાય છે. અહી તેમને તેમની ઉંમરનાઓનો સંગાથ, પ્રેમ અને હુંફ મળી રહે છે. જે પાછલી ઉંમરમાં ખૂબ જ જરૂરી હોય છે.

ભાવનગરનું વૃધ્ધાશ્રમ એક આવુ જ આદર્શ વૃધ્ધાશ્રમ છે. જયાં વડીલોનું સન્માન જળવાય છે. વડીલોની શારીરિક, માનસિક, બૌધ્ધિક, આધ્યાત્મિક જરૂરિયાતો પુરી પાડી તેમનું બાકીનું જીવન આનંદમય જીવવાની પ્રેરણા આપવી એવી ભાવના આ વૃધ્ધાશ્રમનું મુખ્ય ધ્યેય છે. સંસ્થાના તમામ ટ્રસ્ટીશ્રીઓ તેમજ સંસ્થાના સ્ટાફ ભાઈઓ-બહેનો વડીલોની સાર-સંભાળ લેવા કટીબધ્ધ છે. અહીં વડીલોની પ્રાથમિક જરૂરિયાતો, સાંસ્કૃતિક અને મનોરંજનના કાર્યક્રમો, રમત-ગમતની પ્રવૃત્તિઓ, પોષણયુક્ત શુધ્ધ સાત્વિક આહાર, તથા સ્વાસ્થ્યની કાળજી માટે એલોપેથીક, આયુર્વેદિક, હોમીયોપેથીક ડૉક્ટરોની ટીમ ઉપલબ્ધ છે. એક્યુપ્રેશરની સુવિધા પણ અહીં ઉપલબ્ધ છે. વડીલોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે રોજ સવારે યોગા-ટીચર વડીલોને પ્રાણાયામ અને હળવા યોગાસન કરાવે છે.

અહીં દરેક પ્રકારની રસોઈ ઉપલબ્ધ છે રેગ્યુલર, મરચા વિનાની મોળી તેમજ જૈન રસોઈ ઉચ્ચ ક્વોલીટીની સામગ્રીમાંથી જ બનાવવામાં આવે છે. પ્યોર સીંગતેલ, અમુલ ઘી જેવી સારી બ્રાન્ડ દ્વારા જ રસોઈ બને છે. અહીંના રસોઈના સ્ટાફ બહેનો વડીલોને આદર અને સન્માન સાથે પ્રેમથી પીરસીને જમાડે છે. સવારે ચા-નાસ્તો, બંને ટાઈમ ભોજન, બપોરે ચા તથા રોજ રાત્રે અમુલનું દૂધ વડીલોને આપવામાં આવે છે. એકદમ સ્વચ્છતાવાળા ભોજનાલયમાં આરોગ્યપ્રદ વાતાવરણમાં પૌષ્ટિક, તાજુ અને ગરમાગરમ રસોઈ પીરસવામાં આવે છે.

વૃધ્ધાશ્રમમાં ખૂબ જ મોટુ પ્રાંગણ આવેલું છે. જયાં બગીચો છે, હીચકા છે, મંદિર છે. બગીચામાં બેસી વૃધ્ધો શુધ્ધ-તાજી હવા મેળવવાની સાથે સમુહમાં એક-બીજા સાથે ગોષ્ઠી કરી શકે છે. અહીં બહેનો સાથે મળી ભજન-કીર્તન કરતા હોય છે. તો ભાઈઓ કેરમ, ચેસ વિગેરે જેવી રમતો રમતા હોય છે.

વૃધ્ધાશ્રમમાં સુંદર મજાનો વિશાળ પ્રાર્થનાખંડ આવેલો છે. જયાં વડીલો સવાર-સાંજ બંને સમય સાથે મળીને પ્રાર્થના કરે છે. ભજન-કિર્તન કરે છે. અહીં વડીલોને રહેવાના રૂમો તમામ પ્રકારની સુવિધાવાળા હવા-ઉજાસવાળા છે. વર્ષ દરમિયાન આવતા તમામ તહેવારો જેવા કે જન્માષ્ટમી, ધુળેટી, નવરાત્રી, દિવાળી વિગેરે ધામધુમથી ઉજવવામાં આવે છે. ભાવનગર વધ્ધાશ્રમને તેની શ્રેષ્ઠ કામગીરી માટેનો એવોર્ડ ૨૦૦૬ ની સાલમાં તે સમયના વડાપ્રધાન આઈ.કે. ગુજરાલના વરદ્ હસ્તે મળ્યો છે.

ઘણા લોકોને મા-બાપના સ્વર્ગવાસ થયા પછી વસવસો રહ્યો હોય છે. કે તેઓ માતા-પિતાને સ્વમાનથી સાચવી શક્યા નથી તેઓ આવા વડીલો માટેના વૃધ્ધાશ્રમમાં આર્થિક મદદરૂપ બની શકે છે. ભાવનગર વૃધ્ધાશ્રમમાં સ્વર્ગસ્થ વડીલોની તીથી માટે ૧ સમયના ભોજનના રૂા. ૫૦૦૦ છે. ૧૦ વર્ષ માટે તીથી ભોજન લખાવવું હોય તો રૂા. ૩૦૦૦૦ છે. આપ તીથીભોજન, જન્મદિન નિમિત્તે, મૅરેજ એનીવર્સરી નીમીત્તે, લગ્ન પ્રસંગે કે કોઈપણ શુભ પ્રસંગે વડીલોને ભોજન કરાવવા માગતા હો તો આ માટે સંસ્થાના મોબાઈલ નં ૯૪૦૯૦ ૮૧૪૮૦ નંબર પર સંપર્ક કરી શકો છો વૃધ્ધાશ્રમને આર્થિક યોગદાન આપવા માગતા હો તો નીચેમાથી કોઈપણ ટ્રસ્ટીશ્રીનો સંપર્ક કરી શકો છો. શ્રી હર્ષદરાય બાલકુષ્ણ શેઠ (પાયોનીયર ટ્રસ્ટીશ્રી) (મો.) ૯૪૨૮૦૫૨૩૨૯, ડો. શ્રીમતી નિલાબેન ભરતભાઈ ઓઝા (પ્રમુખશ્રી) (મો.) ૯૪૨૭૭૫૯૪૮૧, શ્રી સુનીલભાઈ ગુણવંતભાઈ વડોદરીયા (ઉપપ્રમુખશ્રી) (મો.) ૯૪૨૬૯૧૬૯૨૯, શ્રી જયંતભાઈ નાનાલાલ વનાણી (માનદ મંત્રીશ્રી) (મો.) ૯૮૨૫૨૦૫૬૨૭, શ્રી દેવેનભાઈ રસીકલાલ શેઠ (સહમંત્રીશ્રી) (મો.) ૯૮૭૯૫ ૧૧૩૫૦, શ્રી અચ્યુતભાઈ જગમોહનદાસ મહેતા (ખજાનચીશ્રી) (મો.) ૯૮૨૫૨૦૫૭૬૩, ૯૩૭૫૩૧૦૦૧૨, સુ.શ્રી લતાબેન રમણીકલાલ શાહ (ટ્રસ્ટીશ્રી) (મો.) ૯૪૨૮૬૪૧૭૩૦, શ્રી કીર્તિભાઈ પ્રાણલાલ સખપરા (ટ્રસ્ટીશ્રી) (મો.) ૯૮૨૫૨૦૭૨૭૨, શ્રી સંજયભાઈ મનસુખલાલ શાહ (ટ્રસ્ટીશ્રી) (મો.) ૯૮૨૫૨૦૫૦૪૮, શ્રી ભરતભાઈ પ્રતાપભાઈ શાહ (ટ્રસ્ટીશ્રી) (મો.) ૯૮૨૪૨૪૫૦૫૦.

**સૌજન્ય : દેવેન શેઠ (ગ્રીનસીટી - શેઠબ્રધર્સ)**